Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Mandlik, Satishchandra B., 2007, "પ્રાથમિક શિક્ષણ પર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની અસરકારકતા", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/668

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# પ્રાથમિક શિક્ષણ પર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની અસરકારકતા

## EFFECTIVENESS OF DISTRICT INSTITUTES OF EDUCATION AND TRAINING ON PRIMARY EDUCATION

✦

✦

✦

✦ સંશોધક ✦

**સતિષચંદ્ર બી. માંડલિક**

✦

✦

✦

✦ માર્ગદર્શક ✦

**ડૉ. ભદ્રાયુ વછરાજાની**

✦✦✦

ડૉક્ટર ઑફ ફિલોસોફી (શિક્ષણ)ની

*ઉપાધિ માટેના નિયમો અન્વયે રજૂ કરવામાં આવેલ*

***મહાનિબંધ***

**શ્રીમતી સી. આર. ગાર્ડી એકેડેમિક સ્ટાફ કૉલેજ**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**

**રાજકોટ**

જુલાઈ – ૨૦૦૭

## STATEMENT UNDER UNIVERSITY Ph.D. RULES ORDINANCE Ph.D. 7

I here by declare that,

(a) the research work embodied in this thesis on ***"EFFECTIVENESS OF DISTRICT INSTITUTES OF EDUCATION AND TRAINING ON PRIMARY EDUCATION"*** submitted for Ph.D. degree has not been submitted for any other degree of this or any other University on any previous occasion.

(b) to the best of my knowledge no work of this type has been reported on the above subject, since I have discovered new relation of facts, this work can be considered to be contributory to the advancement of knowledge on Psychology and Education; and

(c) all the work presented in the thesis is original and wherever references have been made to the work of others it has been clearly indicated as such and the sources of information included in the bibliography.

**Counter Signed by**
**The Guiding Teacher**

Date :

**Signature of the**
**Research Student**

Date

# Certificate

This is to certify that work embodied in this thesis entitled "EFFECTIVENESS OF DISTRICT INSTITUTES OF EDUCATION AND TRAINING ON PRIMARY EDUCATION" has been carried out by SATISHCHANDRA B. MANDLIK under my direct guidance and supervision. I also declare that the work done and presented in this Thesis is original and independent.

***Dr. Bhadrayu Vachhrajani***
***Professor - Director***
***Smt. C. R. Gardi Academic Staff College***
***Saurashtra University***
***Rajkot***

# ઋણ સ્વીકાર

સંશોધનની સફળતા એ સહિયારા સહકારનો સ્નેહસભર સરવાળો છે. પ્રસ્તુત અભ્યાસનાં સહયોગીઓનો અત્રે ઋણ સ્વીકાર કરતાં સંશોધક આનંદ તથા હર્ષની લાગણી અનુભવે છે.

ઋણ સ્વીકારની શરૂઆત પ્રેરણાદાયી વ્યક્તિથી કરવાનું ઉચિત જણાય છે, તેથી જ આ અભ્યાસ માટે પ્રેરિત કરી સતત માર્ગદર્શન અને પ્રેરણા આપનાર મારા માર્ગદર્શકશ્રી ડૉ. ભદ્રાયુ વછરાજાની પ્રત્યે આભારની લાગણી વ્યકત કરું છું. તેઓના માર્ગદર્શન થકી મારા સંશોધનકાર્યને યોગ્ય વેગ મળ્યો છે તે બદલ તેઓનો હું હંમેશા ઋણી રહીશ.

આ સંશોધનમાં છેક સુધી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રોત્સાહન પુરું પાડનાર તથા જરૂરી તબકકે સાથ–સહકાર આપનાર તમામ મિત્રો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરું છું.

આ સંશોધન કાર્ય જેમના થકી સફળતાપૂર્વક પૂર્ણ થઈ શકયું છે તેવા મારા સ્નેહાળ મિત્રો કે જેઓએ મારા આ સંશોધનનાં દીપકને સતત પ્રજ્જવલિત રાખી હકારાત્મક અભિગમ દાખવી સ્નેહપૂર્ણ માર્ગદર્શન અને જરૂરી મદદ પૂરી પાડી મને સતત પ્રોત્સાહિત કરેલ છે તેમનું આ ઋણ આજીવન રહેશે.

અને અંતે, આ સંશોધન કાર્ય દરમ્યાન જયારે જયારે માનસિક – સાંવેગિક પીઠબળની – પ્રેરણાની – હૂંફની જરૂર ઊભી થઈ હતી ત્યારે–ત્યારે હંમેશા મારા માટે તત્ત્વચિંતકની ભૂમિકા ભજવનાર મારા પરમ પૂજય પિતાશ્રી તથા માતાશ્રી તેમજ મારાં ધર્મપત્ની અને પરિવારના સર્વે સદસ્યોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

અભ્યાસમાં સમાવિષ્ટ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના સમગ્ર સદસ્યોના સાથ–સહકાર વગર પ્રસ્તુત સંશોધન કાર્ય કયારેય પૂર્ણ થઈ શકયું ન હોત. તેમના સહકારની નોંધ લઈ તેમના પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરું છું.

*– સતીશચંદ્ર બી. માંડલિક*

# અનુક્રમણિકા

પૃષ્ઠ ક્રમાંક

**૧ : સંશોધન : સમસ્યા અને તેનો પરિચય** **૧-૧૬**
૧.૦ પ્રાસ્તાવિક ૧
૨.૦ સમસ્યા કથન ૧૦
૩.૦ સંશોધનના હેતુઓ ૧૦
૪.૦ સંશોધનના પ્રશ્નો ૧૧
૫.૦ સંશોધનની અગત્ય ૧૩
૬.૦ સંશોધનનું સીમાંકન ૧૩
૭.૦ સંશોધનનું ક્ષેત્ર ૧૪
૮.૦ સંશોધન પ્રકાર ૧૫
૯.૦ હવે પછીના પ્રકરણોનું આયોજન ૧૫

**૨ : સંશોધન કાર્યયોજના** **૧૭-૨૨**
૧.૦ પ્રાસ્તાવિક ૧૭
૨.૦ સંશોધન પદ્ધતિ ૧૭
૩.૦ વ્યાપવિશ્વ અને નમૂનો ૧૮
૪.૦ માહિતી સ્રોત ૨૦
૫.૦ ઉપકરણ ૨૧
૬.૦ માહિતીનું એકત્રિકરણ ૨૧
૭.૦ પ્રાપ્ત માહિતીની સ્પષ્ટતા અને રજૂઆત ૨૨

| | | |
|---|---|---|
| **૩ : માહિતીની રજૂઆત :** | | **૨૩-૯૫** |
| **સંસ્થાનો વિકાસાત્મક પરિચય** | | |
| ૧.૦ | પ્રાસ્તાવિક | ૨૩ |
| ૨.૦ | સંશોધન હેતુ ૩.૧ ના સંદર્ભમાં માહિતીની રજૂઆત | ૨૩ |
| **૪ : માહિતીની રજુઆત :** | | **૯૬-૨૨૫** |
| **સંસ્થાની સેવાઓ અને તેનું પ્રદાન** | | |
| ૧.૦ | પ્રાસ્તાવિક | ૯૬ |
| ૨.૦ | સંશોધન હેતુ | ૯૬ |
| ૩.૦ | સંશોધન હેતુ ૩.૩ ના સંદર્ભમાં માહિતીની રજૂઆત | ૧૬૯ |
| ૪.૦ | સંશોધન હેતુ ૩.૪ ના સંદર્ભમાં માહિતીની રજુઆત | ૨૦૨ |
| ૫.૦ | વિહંગાવલોકન | ૨૨૪ |
| **૫ : માહિતીની રજુઆત :** | | **૨૨૬-૨૪૫** |
| **સંસ્થાની વિશેષતાઓ** | | |
| ૧.૦ | પ્રાસ્તાવિક | ૨૨૬ |
| ૨.૦ | સંશોધન હેતુ ૩.૫, ૩.૬ અને ૩.૭ના સંદર્ભમાં માહિતીની રજૂઆત | ૨૨૭ |
| ૩.૦ | વિહંગાવલોકન | ૨૪૫ |
| **૬.** | **તારણો અને ભલામણો** | **૨૪૬-૨૫૯** |
| ૧.૦ | પ્રાસ્તાવિક | ૨૪૬ |
| ૨.૦ | અભ્યાસ સાર | ૨૪૬ |
| ૩.૦ | અભ્યાસનાં તારણો | ૨૪૮ |
| ૪.૦ | અભ્યાસની ભલામણો | ૨૫૫ |
| ૫.૦ | વિહંગાવલોકન | ૨૫૮ |
| ❀ | **પરિશિષ્ટ** | **૨૬૦-૨૭૩** |
| ❀ | **સંદર્ભ ગ્રંથ સૂચિ** | **૨૭૪-૨૮૧** |


❀❀❀

# સારણી સૂચિ


| સારણી ક્રમ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૩.૧ | મહેસાણા/પાટણ જિલ્લાનો સાક્ષરતા આંક દર્શાવતી સારણી | ૨૫ |
| ૩.૨ | મહેસાણા/પાટણ જિલ્લાની શાળાઓની સંખ્યા દર્શાવતી સારણી | ૨૬ |
| ૩.૩ | મહેસાણા/પાટણ જિલ્લાના વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતી સારણી | ૨૭ |
| ૩.૪ | મહેસાણા/પાટણ જિલ્લાના શિક્ષકોની સંખ્યા દર્શાવતી સારણી | ૨૭ |
| ૩.૫ | મહેસાણા/પાટણ જિલ્લાના B.R.C.ની સંખ્યા દર્શાવતી સારણી | ૨૮ |
| ૩.૬ | મહેસાણા/પાટણ જિલ્લાના C.R.C.ની સંખ્યા દર્શાવતી સારણી | ૨૮ |
| ૩.૭ | મહેસાણા/પાટણ જિલ્લાના તાલુકાઓ દર્શાવતી સારણી | ૨૮ |
| ૩.૮ | બનાસકાંઠા જિલ્લાનો સાક્ષરતા આંક દર્શાવતી સારણી | ૩૦ |
| *૩.૯* | *બનાસકાંઠા જિલ્લાની કુલ પ્રાથમિક શળાઓની સંખ્યા દર્શાવતી સારણી* | *૩૦* |
| *૩.૧૦* | *બનાસકાંઠા જિલ્લાના વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતી સારણી* | *૩૧* |
| ૩.૧૧ | બનાસકાંઠા જિલ્લાના શિક્ષકોની સંખ્યા દર્શાવતી સારણી | ૩૧ |
| ૩.૧૨ | બનાસકાંઠા જિલ્લાની B.R.C. સંખ્યા દર્શાવતી સારણી | ૩૧ |
| ૩.૧૩ | બનાસકાંઠા જિલ્લાની C.R.C. સંખ્યા દર્શાવતી સારણી | ૩૨ |
| *૩.૧૪* | *બનાસકાંઠા જિલ્લાની તાલુકાની સંખ્યા દર્શાવતી સારણી* | *૩૨* |
| ૩.૧૫ | વડોદરા જિલ્લાના જાતિ પ્રમાણે સાક્ષરતા આંકની યાદી | ૪૫ |
| ૩.૧૬ | શાળાની સંખ્યા દર્શાવતી યાદી | ૪૬ |
| ૩.૧૭ | શિક્ષકોની સંખ્યા દર્શાવતી યાદી | ૪૬ |
| ૩.૧૮ | જિલ્લાની શાળાઓમાં જાતિ પ્રમાણે વર્ગીકરણ | ૪૭ |

| સારણી ક્રમ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૩.૧૯ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં ગાઈડ લાઈન મુજબ જોઈતી ભૌતિક સુવિધાની યાદી | ૫૮ |
| ૩.૨૦ | ગ્રંથાલય સલાહકાર સમિતિની યાદી | ૬૨ |
| ૩.૨૧ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની ગાઈડ લાઈન મુજબ સ્ટાફની યાદી | ૬૬ |
| ૩.૨૨ | માર્ગદર્શક સૂચનાઓ મુજબ હોવા જોઈતા કર્મચારીઓની યાદી | ૬૭ |
| ૩.૨૩ | પૂર્વ સેવા શિક્ષક પ્રશિક્ષણ શાખા (પી.એસ.ટી.ઈ.) | ૬૯ |
| ૩.૨૪ | કાર્યાનુભવ શાખા (W.E.) | ૭૧ |
| ૩.૨૫ | જિલ્લા સંશોધન એકમ (ડી.આર.યુ.) | ૭૪ |
| ૩.૨૬ | સેવા અંતર્ગત કાર્યક્રમો, ક્ષેત્રીય આંતરક્રિયા અને નાવીન્ય સંકલન શાખા (આઈ.એફ.આઈ.સી.) | ૭૬ |
| ૩.૨૭ | પાઠસામગ્રી વિકાસ અને મૂલ્યાંકન શાખા (સી.એમ.ડી.ઈ.) | ૭૮ |
| ૩.૨૮ | શૈક્ષણિક પ્રાદ્યોગિકી શાખા (ઈ.ટી.) | ૮૦ |
| ૩.૨૯ | આયોજન અને વ્યવસ્થાપન શાખા (પી.એન્ડ એમ.) | ૮૩ |
| ૩.૩૦ | વર્ષ ૧૯૯૭–૯૮ માં મળેલું અનુદાન અને તેનો ઉપયોગ | ૮૬ |
| ૩.૩૧ | વર્ષ ૧૯૯૮–૯૯ માં મળેલું અનુદાન અને તેનો ઉપયોગ | ૮૭ |
| ૩.૩૨ | વર્ષ ૧૯૯૯–૨૦૦૦ માં મળેલું અનુદાન અને તેનો ઉપયોગ | ૮૮ |
| ૩.૩૩ | વર્ષ ૨૦૦૦–૨૦૦૧ માં મળેલું અનુદાન અને તેનો ઉપયોગ | ૮૯ |
| ૩.૩૪ | વર્ષ ૨૦૦૧–૨૦૦૨ માં મળેલું અનુદાન અને તેનો ઉપયોગ | ૯૦ |
| ૩.૩૫ | વર્ષ ૨૦૦૨–૨૦૦૩માં મળેલું અનુદાન અને તેનો ઉપયોગ | ૯૧ |
| ૩.૩૬ | સહયોગી સંસ્થાઓ | ૯૨ |
| ૪.૧ | વર્ષવાર P.S.T.E. માટે ઈનટેક દર્શાવતી સારણી | ૯૭ |
| ૪.૨ | વર્ષવાર પરિણામ દર્શાવતી સારણી | ૯૮ |
| ૪.૩ | પાલનપુર ડાયેટના વર્ષવાર વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતું પત્રક | ૯૯ |
| ૪.૪ | વર્ષવાર પરિણામ દર્શાવતી સારણી | ૯૯ |

| સારણી ક્રમ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૪.૫ | સુરત ડાયેટના વર્ષવાર વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતું પત્રક | ૧૦૦ |
| ૪.૬ | વર્ષવાર પ્રશિક્ષણાર્થીઓની સંખ્યા | ૧૦૧ |
| ૪.૭ | વર્ષવાર પી.ટી.સી. પરિણામ | ૧૦૨ |
| ૪.૮ | પ્રવેશની સંખ્યા અને તાલીમાર્થીઓએ મેળવેલા ક્રમાંક | ૧૦૩ |
| ૪.૯ | તાલીમાર્થીઓના પ્રવેશની કુલ સંખ્યા અને મેળવેલી સિદ્ધિ | ૧૦૪ |
| ૪.૧૦ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાના પ્રશિક્ષણાર્થીઓની સંખ્યા | ૧૦૫ |
| ૪.૧૧ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાના પી.ટી.સી. પરીક્ષાના પરિણામ | ૧૦૬ |
| ૪.૧૨ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરના પી.ટી.સી.ની સંખ્યા તથા પરિણામ | ૧૦૭ |
| ૪.૧૩ | પ્રવેશ મેળવનાર પ્રશિક્ષાર્ણીઓની સંખ્યા | ૧૦૮ |
| ૪.૧૪ | પી.ટી.સી. પરીક્ષાનાં પરિણામ | ૧૦૯ |
| ૪.૧૫ | પી.એસ.ટી.ઈ. શાખાના વિશિષ્ટ કાર્યક્રમો અને સિદ્ધિ | ૧૧૦ |
| ૪.૧૬ | માર્ચ–૧૯૯૪ થી માર્ચ–૨૦૦૨ દરમ્યાન થયેલ કાર્યક્રમોની વિગત દર્શાવતી સારણી | ૧૧૮ |
| ૪.૧૬(એ) | પાલનપુર ડાયેટના દ્વારા આવેલ સેવાકાલીન તાલીમ કાર્યક્રમની વિગત દર્શાવતું પત્રક | ૧૧૮ |
| ૪.૧૭ | વર્ષ પ્રમાણે તાલીમનો પ્રકાર, વર્ગની સંખ્યા અને લક્ષ્ય જૂથ | ૧૨૧ |
| ૪.૧૮ | તાલીમી કાર્યક્રમો અનુસાર તજ્જ્ઞોની સહાય | ૧૨૫ |
| ૪.૧૯ | તાલીમી કાર્યક્રમોમાં પ્રયોજાતી વિવિધ પદ્ધતિઓ–પ્રયુક્તિઓ | ૧૨૬ |
| ૪.૨૦ | વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૨ દરમિયાન યોજેલ સેવાકાલીન તાલીમ કાર્યક્રમો | ૧૨૭ |
| ૪.૨૧ | વર્ષવાર આયોજિત વિવિધ પ્રકારના તાલીમ વર્ગોની માહિતી | ૧૩૦ |
| ૪.૨૨ | સેવાકાલીન વિશિષ્ટ કાર્યક્રમો | ૧૩૧ |
| ૪.૨૩ | તજ્જ્ઞોની સંસ્થા અને તેની સંખ્યા | ૧૩૩ |
| ૪.૨૪ | વર્ષવાર આયોજિત વિવિધ પ્રકારના તાલીમ વર્ગોની માહિતી | ૧૩૫ |

| સારણી ક્રમ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૪.૨૫ | તજ્જ્ઞો અને તેની સંખ્યા | ૧૩૮ |
| ૪.૨૬ | વર્ષ : ૧૯૯૭–૯૮ થી વર્ષ ૨૦૦૧–૦૨ દરમિયાન મળેલ અનુદાન, યોજવામાં આવેલા વર્ગોની સંખ્યા અને થયેલ ખર્ચ દર્શાવતી યદીઈ | ૧૪૩ |
| ૪.૨૭ | વર્ષ ૧૯૯૭–૯૮ થી વર્ષ ૨૦૦૦–૦૧ દરમિયાન યોજવામાં આવેલા વિવિધ સેવાકાલીન શિક્ષક–પ્રશિક્ષણ કાર્યક્રમોની યદીઈ | ૧૪૪ |
| ૪.૨૮ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણનું પાંચ વર્ષનું ચિત્ર | ૧૫૦ |
| ૪.૨૯ | તાલીમ દરમિયાન ઉપયોગમાં લેવાતી વિશિષ્ટ પ્રયુક્તિઓ અને પદ્ધતિઓ | ૧૬૭ |
| ૪.૩૦ | સંશોધન તાલીમોની વિગત દર્શાવતી સારણી | ૧૭૦ |
| ૪.૩૧ | વિષયવાર સંશોધનની સંખ્યા દર્શાવતી સારણી | ૧૭૨ |
| ૪.૩૨ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત દ્વારા થયેલાં સંશોધનો | ૧૭૩ |
| ૪.૩૩ | ક્રિયાત્મક સંશોધનોની સંખ્યા | ૧૭૭ |
| ૪.૩૪ | અધ્યાપકો દ્વારા હાથ ધરાયેલાં ક્રિયાત્મક સંશોધનો | ૧૭૮ |
| ૪.૩૫ | વર્ષવાર હાથ ધરાયેલા સંશોધન પ્રોજેક્ટ | ૧૮૪ |
| ૪.૩૬ | હાથ ધરાયેલ સંશોધન તાલીમ કાર્યક્રમ | ૧૮૫ |
| ૪.૩૭ | વર્ષવાર હાથ ધરાયેલા સંશોધન પ્રોજેક્ટ | ૧૮૬ |
| ૪.૩૮ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાના વર્ષવાર સંશોધનોની સંખ્યા | ૧૮૬ |
| ૪.૩૯ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાના અધ્યાપકો દ્વારા હાથ ધરાયેલ સંશોધનોની સંખ્યા | ૧૮૭ |
| ૪.૪૦ | અધ્યાપકોએ હાથ ધરેલાં સંશોધનનાં ક્ષેત્રો | ૧૮ |
| ૪.૪૧ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાના અધ્યાપકોએ કરેલ સંશોધનનું શિક્ષણના સ્તર અનુસાર વર્ગીકરણ | ૧૮૯ |
| ૪.૪૨ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર વર્ષવાર સંશોધનોની સંખ્યા | ૧૯૦ |

| સારણી ક્રમ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૪.૪૩ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરના અધ્યાપકો દ્વારા હાથ ધરાયેલ સંશોધનોની સંખ્યા | ૧૯૧ |
| ૪.૪૪ | અધ્યાપકોએ હાથ ધરેલાં સંશોધનનાં ક્ષેત્રો | ૧૯૧ |
| ૪.૪૫ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરના અધ્યાપકોએ કરેલ સંશોધનનું શિક્ષણના સ્તર અનુસાર વર્ગીકરણ | ૧૯૨ |
| ૪.૪૬ | જિલ્લા શિક્ષણ અન તાલીમ ભવન, સુરેન્દ્રનગર વર્ષવાર સંશોધનો | ૧૯૩ |
| ૪.૪૭ | અધ્યાપકો દ્વારા હાથ ધરાયેલા સંશોધનોની સંખ્યા | ૧૯૪ |
| ૪.૪૮ | અધ્યાપકો દ્વારા હાથ ધરાયેલા સંશોધનોની સંખ્યા | ૧૯૫ |
| ૪.૪૯ | શિક્ષણના સ્તર અનુસર સંશોધનનું વર્ગીકરણ | ૧૯૬ |
| ૪.૫૦ | અધ્યયન – અધ્યાપન માટે બનાવેલ સાધનો અને મોડેલ્સ | ૨૧૦ |


❀❀❀

# ૧ : સંશોધન : સમસ્યા અને તેનો પરિચય

## ૧.૦ પ્રાસ્તાવિક :

કોઈપણ રાષ્ટ્રની પ્રગતિનો આધાર તેની શિક્ષણ વ્યવસ્થા પર રહેલો છે. વૈજ્ઞાનિક અને તકનિકી વિકાસે દેશ દેશ વચ્ચેનું અંતર ઘટાડી દીધું છે, પણ માનવી–માનવી વચ્ચેનું અંતર વધારી દીધું છે ત્યારે પ્રત્યેક દેશની નજર શિક્ષણ પર સ્થિર થવા લાગી છે. શિક્ષણ જ વ્યક્તિનો, સમાજનો, રાષ્ટ્રનો ઉદ્ધાર કરી શકે છે તે નિઃશંક બાબત છે. રાષ્ટ્રીય ચેતનાને જીવંત રાખવાનું કામ શિક્ષણ જ કરે છે, શિક્ષણની ગુણવત્તા શિક્ષકની ગુણવત્તા અને નીતિમત્તા પર આધાર રાખે છે.

"શિક્ષણ વિના નહીં સંસ્કૃતિ, સંસ્કૃતિ વિના નહીં જ્ઞાન, જ્ઞાન વિહીન માનવી કેવળ પશુસમાન" આજે જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરી રહી છે ત્યારે રાષ્ટ્ર બાળકના સર્વાંગી વિકાસ માટે જેટલું વધુ લક્ષ આપશે એટલો દેશ ઉન્નત અને સમૃદ્ધ બનશે.

કેળવણી એ રાષ્ટ્ર નિર્માણની પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે અને તેના દ્વારા રાષ્ટ્રના ચારિત્ર્યનું નિર્માણ થાય છે. ભારત જેવા લોકશાહી દેશમાં લોકશાહી ટકાવી રાખવા માટે રાષ્ટ્રમાં સભાન, સુસંસ્કૃત અને સક્રિય નાગરિકોના નિર્માણ માટે પ્રાથમિક શિક્ષણ એ તેનો પાયો છે. શિક્ષણ દ્વારા જ લોકોમાં રાષ્ટ્રીય એકતાના બીજ રોપાય છે. સમાજ પણ ઈચ્છે છે કે શિક્ષણ દ્વારા રાષ્ટ્રીય કાર્યક્ષમતા વધે, લોકશાહી મૂલ્યોનો વિકાસ થાય અને સમાજ વધુ વૈજ્ઞાનિક વલણવાળો બને. આવી રાષ્ટ્રીય અને સામાજિક અપેક્ષાઓ પરિપૂર્ણ કરવા માટે ગુણવત્તાવાળું શિક્ષણ પ્રાપ્ત થાય એ જરૂરી છે.

શિક્ષણ એ વર્તમાનકાળ અને ભવિષ્યકાળનું એક અનુપમ વિશિષ્ટ રોકાણ છે. શિક્ષણ પર સમગ્ર રાષ્ટ્રનો આધાર છે, તેથી તેની ગુણવત્તા નીચી જાય એ ચલાવી ન લેવાય. આઝાદી પછી આ અંગેના પ્રયત્નો થયા છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (૧૯૮૬) એ તેના ભાગ–૫ માં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારલક્ષી ઉપાયો જેવા કે શિક્ષણ માટેની

સમાન તકો, અભ્યાસક્રમનું રાષ્ટ્રીય માળખું, અધ્યેતાકેન્દ્રી શિક્ષણ, મૂલ્યલક્ષી શિક્ષણ, મૂલ્યાંકન પદ્ધતિઓ અને પરીક્ષા સુધારણા, લોકસહકાર તથા શિક્ષક પ્રશિક્ષણને આવરી લેવામાં આવ્યા છે. આથી સ્વયં સ્પષ્ટ છે કે સમાજ અને સંસ્કૃતિમાં એકમાત્ર શિક્ષકનો જ દરજ્જો પ્રતિબિંબિત થાય છે. એવું કહેવાય છે કે કોઈપણ દેશના લોકોની યોગ્યતાનું સ્તર તેઓના શિક્ષકોની યોગ્યતાના સ્તર કરતાં વધી શકતું નથી, માટે સરકારે અને સમાજે એવા પ્રયત્નો કરવા જોઈએ કે જેથી શિક્ષકોને હંમેશા રચનાત્મક અને કલ્યાણકારી રાહે આગળ વધવાની પ્રેરણા મળે. આ શિક્ષકોમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ, સ્વઅધ્યયન, પ્રવૃત્તિલક્ષી શિક્ષણ, જૂથકાર્ય, આત્મવિશ્વાસ, પ્રમાણિકતાનો સ્વાદ બેસાડવાનો છે. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા અને શિક્ષકની યોગ્યતા કાયમ જળવાય રહે એ માટે જરૂર છે સારા ગુણવત્તાયુક્ત સુસજ્જ શિક્ષકની.

ભારત દેશ આઝાદ થયો ત્યારથી આજસુધી શિક્ષક પ્રશિક્ષણનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. આ મહત્ત્વને ધ્યાનમાં રાખીને 'માણસમાં રોકાણ કરો, નહીં કે આયોજનમાં', એવું સર્વસ્વીકૃત બનવા લાગ્યું છે. આ બાબત સ્વીકારીને સ્વતંત્ર ભારતના શિક્ષણના ઈતિહાસમાં સુખદ અને અવિસ્મરણીય એવી કોઈ ઘટના હોય તો તે છે ૧૯૮૬ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ. પ્રાથમિક શિક્ષણમાં આમૂલ પરિવર્તન લાવવાની ભાવના સાથે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬માં અમલમાં આવી. આ શિક્ષણ નીતિમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણના પાયાના હેતુઓ પ્રાપ્ત કરવા માટે શિક્ષક અને પ્રશિક્ષણ અને તાલીમની અગત્ય તથા ગુણવત્તા સુધારણાના સંદર્ભમાં શિક્ષણના વિકેન્દ્રીકરણનો ખ્યાલ મુકવામાં આવેલ. શિક્ષણની યોજનાઓનો અમલ જિલ્લા કક્ષાએ તેમજ જિલ્લામાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં આવેલી તમામ શાળાઓને તાલીમબદ્ધ અને વ્યાવસાયિક રીતે સુસજ્જ શિક્ષકો પૂરા પાડવાની જરૂરિયાતને પહોંચી વળવા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઊા કરવાની ભલામણ કરવામાં આવી. આ નવું માળખું શિક્ષણના વિકેન્દ્રીકરણના વિચાર ઉપર આધારિત શિક્ષણ વ્યવસ્થાની દિશામાં એક નવું સીમાચિહ્ન છે.

આમ, શિક્ષક શૈક્ષણિક તેમજ વ્યાવસાયિક રીતે સુસજ્જ હશે તો ૧૯૮૬ની રાષ્ટ્રીય શિક્ષણનીતિને સફળતા પ્રાપ્ત થશે, એ નિર્વિવાદ બન્યું. આના કારણે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૧૯૮૬એ પ્રાથમિક શિક્ષકોના શૈક્ષણિક અને વ્યાવસાયિક વિકાસ માટે આવશ્યક સમર્થન પૂરા પાડવા જિલ્લા સ્તરે, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તરીકે ઓળખાતી સંસ્થા સ્થાપવા ભલામણ કરી હતી.

## *૧.૧ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NPE-86) :*

શિક્ષણને સામાજિક અને આર્થિક પરિવર્તનના પાયાનું તથા ક્રિયાશીલ સાધન બનાવવાના ઉદેશ્યથી સ્વ. રાજીવ ગાંધીએ ભારતના વડાપ્રધાન બન્યા પછી શિક્ષણમાં જરૂરી પરિવર્તનો લાવવા જરૂરી ગણ્યા. આ સંબંધે ભારત સરકારે 'શિક્ષણનો પડકાર–નીતિ પરિપ્રેક્ષ્ય' નામની પુસ્તિકા પ્રગટ કરી. આ પુસ્તિકામાં તે સમયના ભારતીય શિક્ષણનાં વિવિધ પાસાંઓની રજૂઆત કરવામાં આવી. ૨૧મી સદીને અનુરૂપ શિક્ષણની નીતિ માટે ચિંતન કરવા સાંસદો, શિક્ષણશાસ્ત્રીઓ, ઉદ્યોગપતિઓ, બુદ્ધિજીવીઓ અને પ્રજાના સામાન્ય વર્ગને આવાહ્‌ન કરવામાં આવ્યું. આ મથામણોના પરિપાકરૂપે ઈ.સ. ૧૯૮૬માં લોકસભાએ જે નીતિને બહાલી આપી તેને 'શિક્ષણની રાષ્ટ્રીય નીતિ (NPE-86)' તરીકે ઓળખવામાં આવી. આ નીતિ અનુસાર લાંબાગાળાનો અમલીકરણ કાર્યક્રમ (POA) ઘડી કાઢવામાં આવ્યો. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણાના હેતુથી પ્રત્યેક જિલ્લામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) સ્થાપવાનું સૂચવવામાં આવ્યું. રાષ્ટ્ર કક્ષાએ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (NCERT), રાષ્ટ્રીય શિક્ષણ આયોજન અને વહીવટની સંસ્થા (NIEPA) જ્યારે રાજ્યકક્ષાએ રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (SCERT) જેવી સંસ્થાઓ રાષ્ટ્ર અને રાજ્ય કક્ષાએ શૈક્ષણિક રીતે મદદરૂપ થતી હતી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સૂચવાયેલ પ્રાથમિક શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણ સુધારણા કાર્યક્રમને અસરકારક

બનાવવા જિલ્લા કક્ષાનું ત્રીજું સ્તર ઉમેરવાની જરૂર હતી. જે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપના થતાં પૂર્ણ થયેલ.

પ્રાથમિક શિક્ષણમાં આમૂલ પરિવર્તન લાવવાની ભાવના સાથે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬ અમલમાં આવી. ૧૯૯૨–૯૩માં તેમાં થોડા સુધારા–વધારા થયા. તેમાં રાષ્ટ્રીય રીતે ગુણવત્તા સુધારણા માટે પંદર વર્ષની સમયમર્યાદાનું ત્રણ તબક્કામાં લાંબાગાળાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં નિર્દેશાયેલ બાબતોના અમલીકરણમાટે 'એકશન પ્લાન' ઘડી કાઢવામાં આવ્યો.

પ્રવર્તમાન શિક્ષણ પ્રણાલીમાં શિક્ષક સેવાકાલીન અને પૂર્વ સેવા તાલીમ માટે ઉપેક્ષિત લાગણી અનુભવાતી હતી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અપનાવાઈ ત્યાં સુધીમાં પ્રારંભિક અને પ્રૌઢ શિક્ષણનાં કાર્યો એટલાં વિસ્તૃત થઈ ગયાં હતાં કે માત્ર રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાની એજન્સીઓ એમને સહાય કરવા માટે પૂરતી ન હતી. શિક્ષણના સાર્વત્રિકરણની સાથે વિદ્યાર્થીઓનું સ્થાયીકરણ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પણ જરૂરી બન્યું. શિક્ષણમાં આવતા નૂતન પ્રવાહો, પદ્ધતિઓ તથા શૈક્ષણિક સાહિત્ય સાધન સામગ્રીથી શિક્ષકો સજ્જ થાય તે પણ જરૂરી હતું. આવી સજ્જતા પ્રાપ્ત થાય એ માટે શિક્ષકોને તાલીમ આપવાનું પણ જરૂરી બન્યું. અત્યાર સુધી શિક્ષણ સુધારણાના પ્રયત્નો કરીએ ત્યારે શાલેય શિક્ષણ ઉપર વધુ ભાર મુકવામાં આવે છે છતાં પણ શાળા બહાર જે વિદ્યાર્થીઓ રહી જાય છે તેનો વિચાર પણ એટલો જ જરૂરી છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬નો વાસ્તવિક અમલ શિક્ષકો દ્વારા જ થનારો છે. આથી જ શિક્ષકની સજ્જતાને પ્રાધાન્ય અપાઈ રહ્યું છે. સ્વતંત્રતા બાદ ભારતમાં પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ અને પ્રૌઢશિક્ષણ નિરક્ષરતા નિવારણ એ બે અત્યંત મહત્ત્વના અને પાયાના ઉદ્દેશો રહ્યા છે. આપણા સંવિધાન ભાગ–૪ માં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કરવામાં આવેલા છે. આ ભાગની કલમ–૪૧ દર્શાવે છે કે, "રાજ્ય તેની આર્થિક ક્ષમતા અને વિકાસની મર્યાદામાં રહીને શિક્ષણ અંગેના હક્કો સુનિશ્ચિત કરવા માટે અસરકારક જોગવાઈ કરશે". એજ ભાગની કલમ–૪૫ દર્શાવે છે કે "સંવિધાનના

આરંભથી દશ વર્ષની મુદતની અંદર તમામ બાળકોને તેમની ચૌદ વર્ષની વય પૂરી થાય ત્યાં સુધી મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની જોગવાઈ કરવાનો રાજ્ય પ્રયત્ન કરશે".

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (૧૯૮૬) માં રાષ્ટ્રીય શિક્ષણ પદ્ધતિ વિશે પણ વિચારણા કરવામાં આવી છે. જેના બે વિશિષ્ટ લક્ષણો આ પ્રમાણે છે.

(૧) એ સમાન હાર્દ અને પરિવર્તનક્ષમ અન્ય ઘટકોના બનેલા અભ્યાસક્રમના રાષ્ટ્રીય માળખા પર આધારિત રહેશે. સમાન હાર્દનો ઉદેશ રાષ્ટ્રીય ઐકય અને વૈજ્ઞાનિક વલણ, સમાનતાવાદ, લોકશાહી, સમાજવાદ, ધર્મ નિરપેક્ષતા, પર્યાવરણ રક્ષણ, નાના કુટુંબનું ધોરણ વગેરે જેવાં અન્ય આવશ્યક મૂલ્યોની વૃદ્ધિ કરવાનો રહેશે.

(૨) શિક્ષણના દરેક તબક્કે શિક્ષણની લઘુત્તમ કક્ષા મુકરર કરવી.

પ્રારંભિક શિક્ષણ અને પ્રૌઢ અક્ષરજ્ઞાનના સાર્વત્રિકરણ ધ્યેયના બે પાસાં નીચે મુજબ છે.

(૧) પ્રારંભિક શાળા–પ્રૌઢ શિક્ષણ પદ્ધતિમાં સંબંધિત વયજૂથના બાળકોનો સાર્વત્રિક પ્રવેશ, સ્થાયીકરણ તેમજ નિયમિત હાજરી.

(૨) આવશ્યક મૂલ્યોનો વિકાસ, સંખ્યાત્મક પાસું એ સાર્વત્રિકરણના ધ્યેયપ્રાપ્તિનું સાધન છે, જયારે ગુણાત્મક પાસું એ અંતિમ ધ્યેય છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં જણાવ્યા પ્રમાણે પ્રારંભિક શિક્ષણનો નવો ઝોક સાર્વત્રિક પ્રવેશ અને શાળામાં ચાલુ રહેવું ઉપરાંત શિક્ષણની ગુણવત્તામાં નોંધપાત્ર પ્રમાણમાં સુધારણા પર વિશેષ છે. આ સિદ્ધ કરવા માટે પ્રારંભિક શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણની પદ્ધતિઓ માટે કેટલીક સામગ્રીઓની જરૂર રહેશે જેવી કે નાણાં અને ભૌતિક સાધન, સમાજનો સંપૂર્ણ સહયોગ, આયોજન અને વ્યવસ્થા, યોગ્ય અભ્યાસક્રમ, પાઠયપુસ્તકો અને શિક્ષણશાસ્ત્ર વિષયક સામગ્રી, સમાન શૈક્ષણિક તકો આપવા માટે યોગ્ય વ્યૂહરચના

કરવી. સમર્પિત અને કાર્યક્ષમ શિક્ષકો અને પ્રશિક્ષકોને તેમને યોગ્ય સહાય પૂરી પાડવી જેમ કે......

❖ તાલીમ, માર્ગદર્શન અને સલાહ

❖ સ્થાનિક રીતે સુસંગત શૈક્ષણિક સાધનસામગ્રી અને શૈક્ષણિક સાધનોનો વિકાસ

❖ મૂલ્યાંકન

❖ ધ્યેય સિદ્ધ કરવામાં નડતી ચોક્કસ સ્થાનિક સમસ્યાઓ હલ કરવા માટે ક્ષેત્ર અભ્યાસ કાર્ય, સંશોધન અને પ્રયોગ પદ્ધતિ.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) કામગીરી અંગેનો કાર્યક્રમ (POA) અને રાષ્ટ્રીય સાક્ષરતા અભિયાન (NLM) માં સર્વગ્રાહી વ્યૂહરચના ઘડવાનું વિચારાયું છે. આમ છતાં શિક્ષક શૈક્ષણિક સાંકળની અગત્યની કડી સમાન રહેલ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિની સફળતાનો આધાર વર્ગશિક્ષણમાં તેનો અમલ શિક્ષકો દ્વારા કેવી રીતે થાય છે તેના પર છે. વર્ગ શિક્ષણની ગુણવત્તાનો આધાર શિક્ષકોની ગુણવત્તા, કાર્યક્ષમતા અને તૈયારી પર રહેલ છે. આના કારણે શિક્ષક પ્રશિક્ષણ એ કોઈપણ શૈક્ષણિક યોજનાના મહત્ત્વના પાસાંઓમાંનું એક અગત્યનું પાસું બની રહે છે. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા શિક્ષક પ્રશિક્ષણનું કાર્ય રાષ્ટ્રકક્ષાએ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (NCERT) તેમજ શિક્ષક પ્રશિક્ષણ માટેની રાષ્ટ્રીય પરિષદ (NCTE) અને રાજ્ય કક્ષાએ રાજ્યની શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (SCERT) કાર્ય કરે છે. જિલ્લા કક્ષાએ શિક્ષક પ્રશિક્ષણનું કાર્ય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) તથા સેવા વિસ્તરણ કેન્દ્રો કરે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિએ પ્રાથમિક શિક્ષકોના વિકાસ માટે આવશ્યક સમર્થન પૂરા પાડવા જિલ્લા સ્તરે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) શરૂ કરવાની ભલામણ કરી હતી. ગુણવત્તાનો આધાર શિક્ષક જે પ્રશિક્ષણ મેળવે છે તેના પ્રકાર અને અધ્યાપન ઉપર રહે છે. શિક્ષકનું અધ્યાપન ત્રણ તબક્કામાં વિભાજિત થયેલું છે.

(૧) **પૂર્વ સેવા શિક્ષણ :** વ્યક્તિ શાળામાં પ્રવેશ મેળવે તે પહેલાં કોઈપણ શિક્ષકને પ્રશિક્ષણ કોલેજમાં વિવિધ વિષયો દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવે છે. આ પ્રશિક્ષણ પાયાની દૃષ્ટિ વિકસાવવામાં મદદરૂપ થાય છે. જે સંભવિત શિક્ષકોમાં શીખવા અને શીખવવાની પ્રક્રિયા માટે જરૂરી એવા વ્યાવસાયિક અને ચાવીરૂપ કૌશલ્યો માટેની બુનિયાદી દૃષ્ટિ વિકસાવે છે.

(૨) **પ્રવેશ તાલીમ :** શિક્ષક શાળામાં દાખલ થાય ત્યારે તેમને પ્રવેશ તાલીમ આપવામાં આવે છે જે તેને વાસ્તવિક વર્ગની પરિસ્થિતિમાં તેના નવા વ્યવસાય સાથે ગોઠવવામાં મદદરૂપ થાય છે.

(૩) **સેવા અંતર્ગત શિક્ષણ :** શિક્ષક પ્રશિક્ષણનો આ ત્રીજો અને સૌથી લાંબો તેમજ સૌથી અગત્યનો તબક્કો છે. સેવા અંતર્ગત તાલીમ (INSET) એટલે 'શિક્ષકો અને અન્ય સંબંધિત અધિકારીઓ શિક્ષણ સંસ્થામાં જોડાયા બાદ સંબંધિત વિદ્યાશાખાઓ અંગેના તેમના જ્ઞાન અને સમજને વધુ વિકસાવવા માટેનું શિક્ષણ', જે તેમની વિભિન્ન ભૂમિકાઓ અસરકારક રીતે ભજવવા માટે અને તેમની બદલાતી જરૂરિયાતો અને આકાંક્ષાઓ તેમજ વ્યવસાયની માંગણીને પહોંચી વળવા માટે સક્ષમ બનાવે છે. આનાથી શિક્ષકોમાં જ્ઞાન–ગુણવત્તામાં હકારાત્મક સુધારો થાય છે.

શિક્ષકે શિક્ષણમાં સર્વોતમ અને છેલ્લામાં છેલ્લી માહિતીથી સજ્જ રહેવું હોય તો તેના વ્યાવસાયિક જીવન દરમિયાન શીખતા રહેવું જોઈએ.

પ્રત્યેક જિલ્લામાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં આવેલી તમામ શાળાઓને તાલીમબદ્ધ અને વ્યાવસાયિક શિક્ષકો પૂરા પાડવાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનને DIET ને નામે ઓળખાતી જિલ્લા સ્તરની શિક્ષક પ્રશિક્ષણ સંસ્થા સ્થાપવાની ભલામણ કરી હતી. આ ભવન પ્રાથમિક શાળાના શિક્ષકો માટે તેમજ અવૈધિક અને પ્રૌઢ શિક્ષણમાં કામ કરતા કર્મચારીઓ માટે પૂર્વસેવા અને સેવા

અંતર્ગત અભ્યાસક્રમો આયોજિત કરવાની ક્ષમતા સાથે ઊભા કરવામાં આવશે તેમજ શિક્ષકોની ગુણવત્તા સુધાર કાર્યક્રમમાં, પ્રૌઢશિક્ષણ, અવૈધિક શિક્ષણ અને સાક્ષરતા અભિયાનને સફળ બનાવવા સહભાગી બનશે. આમ, સહભાગી બનવાના પ્રયાસ સાથે ગુજરાત સરકારે આ યોજનાનો સ્વીકાર કર્યો છે. સને ૧૯૮૯ થી ગુજરાતમાં તબક્કાવાર આ ભવનો સ્થાપવાનું શરૂ કરવામાં આવ્યું. પ્રથમ તબક્કામાં સાત, બીજા તબક્કામાં છ, ત્રીજા તબક્કામાં ચાર અને ચોથા તબક્કામાં બે જિલ્લા શિક્ષણ તાલીમ ભવનો સ્થપાયાં છે. આ ભવનો પાસે પ્રાથમિક શિક્ષણનું નવું માળખું છે. તેની પાસે નવા કાર્યોની અપેક્ષા છે. આ ભવન નક્કી કરેલી માર્ગદર્શક રૂપરેખા મુજબ કાર્ય કરે છે કે નહીં તે અંગે સંશોધન કરવું આ તબક્કે જરૂરી જણાયેલ છે. આ અભ્યાસ ઈચ્છિત ધ્યેયો હાંસલ કરવા, તેની અસરકારકતામાં સુધારા કરવા માટે સંસ્થાને મદદરૂપ થવામાં વિશેષ ઉપયોગી બની રહેશે, તેવું અપેક્ષિત છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની સ્થાપના પછી પંદર વર્ષથી વધુનો સમયગાળો પસાર થયો છે. ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં (જૂના જિલ્લાઓ મુજબ) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો તેની સાત જેટલી શાખાઓ દ્વારા પૂર્વ સેવા – સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ, પ્રૌઢ શિક્ષણ અને સમાજ શિક્ષણ, વિકલાંગો માટે વિશિષ્ટ શિક્ષણ, સંકલિત શિક્ષણ, શૈક્ષણિક સંશોધન, શૈક્ષણિક સાધનસામગ્રી અને સાહિત્યના નિર્માણ, પરીક્ષણ અને મૂલ્યાંકન, શૈક્ષણિક તકનિકી અને શિક્ષણમાં નવીન પયોગોના ક્ષેત્રોમાં વિવિધ પ્રકારની કામગીરી કરી રહ્યાં છે. આ કામગીરી કેટલા અંશે અસરકારક નીવડી છે ? કયા ક્ષેત્રે અસરકારક કામગીરી થઈ શકી છે ? આવા પ્રશ્નોના ઉત્તરો મેળવવાના ઉદેશ્યથી જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના વ્યક્તિગત અભ્યાસો પણ હાથ ધરવામાં આવેલ છે. પ્રસ્તુત સંશોધનમાં આ વ્યક્તિ અભ્યાસોના નિષ્કર્ષોને પણ સ્થાન આપવામાં આવેલ છે અને ગુજરાતના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોનો સંકલિત અભ્યાસ વિશાળ ફલક પર રજૂ કરવાનો પ્રયાસ થયેલ છે.

## ૧.૨ પ્રસ્તાવનાનો સાર :

શિક્ષણ દ્વારા બાળકની શારીરિક, માનસિક, સામાજિક અને આધ્યાત્મિક શક્તિઓને ઓળખી તેનો યોગ્ય રીતે આવિષ્કાર થાય છે. શિક્ષણ દ્વારા બાળકની શક્તિઓનું સંવર્ધન થાય છે. શિક્ષણ માનવપ્રતિભાના સર્વદેશીય વિકાસની પ્રક્રિયા છે. આથી જ શિક્ષણને માનવ વિકાસનું એક પરિબળ ગણવામાં આવે છે. કોઈપણ દેશના વિકાસની યોજનાઓમાં શિક્ષણને ઉત્તરોત્તર મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. આઝાદી પછી ભારતમાં લોકજાગૃતિની સાથે શિક્ષણના વિકાસને સૌ પ્રથમ પ્રાધાન્ય અપાયું. દેશના દરેક નાગરિક સુધી પાયાનું શિક્ષણ પહોંચે તે બાબતને અગ્રિમતા આપવામાં આવી. નિરક્ષરતા નિવારણ માટે સરકારે પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ પર ભાર મુકયો. શિક્ષણનું મહત્ત્વ ક્રમશઃ સૌને સમજાવા લાગ્યું. ૧૯૮૬માં અમલમાં મુકાયેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એ સ્વતંત્ર ભારતનાં શૈક્ષણિક ઈતિહાસમાં એક નોંધપાત્ર પગલું છે. આ નીતિમાં બે બાબતો પરત્વે વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું. (૧) ઓપરેશન બ્લેકબોર્ડ (૨) શિક્ષક–પ્રશિક્ષણ.

પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સગવડો ઊભી કરવા અને શિક્ષણની ગુણવત્તા લાવવા તેમજ શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા વધારવા તેના શૈક્ષણિક પર્યાવરણમાં માળખાગત સવલતો ઊભી કરવા માટે શિક્ષણ નીતિમાં ઓપરેશન બ્લેકબોર્ડ યોજનાનો ખ્યાલ ઊભો થયો. અધ્યયન–અધ્યાપન માટેનાં જરૂરી શૈક્ષણિક ઉપકરણો અને ભૌતિક સુવિધાઓ પૂરી પાડવાના સંદર્ભે આ યોજના ૧૯૮૭માં અમલમાં આવી.

શિક્ષક – પ્રશિક્ષણનો ૧૯૮૬ની શિક્ષણ નીતિમાં સ્પષ્ટ ઉલ્લેખ થયો. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણાના સંદર્ભે લઘુત્તમ અધ્યયન કક્ષા અભિગમ અંતર્ગત સુધારાયેલા પાઠયક્રમની સાથોસાથ શિક્ષકોની ગુણવત્તા વધારે અને તેની વ્યાવસાયિક સજ્જતા વધે તે માટે સેવાકાલીન શિક્ષક–પ્રશિક્ષણ ઉપર પણ એટલો જ ભાર મુકવામાં આવ્યો.

ગુજરાતમાં એપ્રિલ ૧૯૬૪માં સ્થપાયેલ રાજ્ય શિક્ષણ ભવનને ૧૯૮૬માં 'ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ' (GCERT)નું નામાભિધાન કરવામાં આવ્યું. રાજ્ય કક્ષાએ આ પરિષદ હેઠળ દરેક જિલ્લામાં કાર્યરત પી.ટી.સી. – અધ્યાપન મંદિરોની કક્ષા ઊંચે લઈ જઈ 'જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન' (DIET) ઊભા કરાયા અને શિક્ષક–પ્રશિક્ષણની તમામ જવાબદારી તેમને સોંપવામાં આવી. આ રીતે GCERT હેઠળ ગુજરાતના તમામ ૨૫ જિલ્લાઓમાં હાલ ૨૬ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો કાર્યરત છે.

## ૨.૦ સમસ્યા કથન :

૧૯૮૬થી કાર્યરત GCERT હેઠળ ગુજરાતના બધા જ ૨૫ જિલ્લાઓના કુલ ૨૬ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોનાં કાર્યની પ્રાથમિક શિક્ષણ પર અસરકારકતા જાણવા માટે સંશોધકે નીચેનું સંશોધન શીર્ષક પસંદ કરેલ છે :

*'પ્રાથમિક શિક્ષણ પર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની અસરકારકતા.'*

## ૩.૦ સંશોધનના હેતુઓ :

પ્રસ્તુત સંશોધનના નિર્ધારિત હેતુઓ આ પ્રમાણે છે :

૩.૧ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો સ્થાપના કાળથી વિકાસાત્મક અભ્યાસ કરવો.

૩.૨ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની પૂર્વસેવા અને સેવાકાલીન શિક્ષક–પ્રશિક્ષણ કાર્યોનો અભ્યાસ કરવો.

૩.૩ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અંતર્ગત થયેલાં સંશોધન કાર્યોનો અભ્યાસ કરવો.

૩.૪ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા થયેલાં પ્રકાશન અને સાધન નિર્માણ અંગેનો અભ્યાસ કરવો.

૩.૫ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રવર્તમાન શૈક્ષણિક અને સંસ્થાકીય પર્યાવરણનો અભ્યાસ કરવો.

૩.૬ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના દેખરેખ અને મૂલ્યાંકન વ્યવસ્થાઓનો અભ્યાસ કરવો.

૩.૭ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં આગવાં લક્ષણો અને તેની અસરકારકતાનો અભ્યાસ કરવો.

## ૪.૦ સંશોધનના પ્રશ્નો :

પ્રસ્તુત વ્યક્તિ અભ્યાસ વધુ અને સ્પષ્ટ દિશાસૂચક બને તે માટે નીચેના પ્રશ્નો તપાસવાનું નક્કી થયેલ છે :

➢ **પ્રથમ હેતુ ૩.૧ સંબંધિત પ્રશ્નો :**

૪.૧ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપના કઈ રીતે થઈ ? તે સમયે ભૌતિક તથા માનવસંપદાની સ્થિતિ શી હતી ?

૪.૨ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની ભૌતિક સુવિધાઓના સંદર્ભમાં ક્રમશઃ વિકાસ કઈ રીતે થયો ?

૪.૩ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની કઈ કઈ શાખાઓ હતી ? તેનાં કાર્યો શા હતાં ?

૪.૪ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપના સમયથી મળેલ વિવિધ ગ્રાન્ટ કોની પાસેથી, કેટલી, કયા ઉપયોગ માટે મળેલ ?

➢ **બીજા હેતુ ૩.૨ સંબંધિત પ્રશ્નો :**

૪.૫ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં પૂર્વસેવા અને સેવાકાલીન પ્રશિક્ષણાર્થીઓની સંખ્યા તથા તેનાં પરિણામ/અસરકારકતા કેટલી ?

૪.૬ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં પૂર્વસેવા અને સેવાકાલીન પ્રશિક્ષણાર્થીઓની રહેણાંકની સુવિધાઓ કેવી છે ?

૪.૭ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં પૂર્વસેવા અને સેવાકાલીન પ્રશિક્ષણાર્થીઓના વિશિષ્ટ કાર્યક્રમો તથા અન્ય કાર્યક્રમોની સિદ્ધિ શી હતી ?

૪.૮ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં પૂર્વસેવા અને સેવાકાલીન પ્રશિક્ષણાર્થીઓને અન્ય શૈક્ષણિક તથા ઈત્તર સંસ્થાઓના સહયોગની સ્થિતિ શી હતી ?

➢ **ત્રીજા હેતુ ૩.૩ સંબંધિત પ્રશ્નો :**

૪.૯ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના વ્યાખ્યાતાઓ તથા પ્રાથમિક શિક્ષકો દ્વારા કેટલાં અને કેવાં પ્રકારનાં સંશોધનો હાથ ધરાયેલ છે ?

૪.૧૦ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા સંશોધનના સંદર્ભમાં કેવા કાર્યક્રમો હાથ ધરાયેલ છે ?

➢ **ચોથા હેતુ ૩.૪ સંબંધિત પ્રશ્નો :**

૪.૧૧ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા કેવા પ્રકારનું સાહિત્ય–પ્રકાશન થયેલ છે ?

૪.૧૨ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા કેવા પ્રકારની અધ્યયન–અધ્યાપન સામગ્રીનું નિર્માણ થયેલ છે ? તેના સંદર્ભમાં કેવા કાર્યક્રમો યોજાયેલ છે ?

➢ **પાંચમા હેતુ ૩.૫ સંબંધિત પ્રશ્નો :**

૪.૧૩ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું પ્રવર્તમાન શૈક્ષણિક પર્યાવરણ કેવું છે ? તેનાં હકારાત્મક પાસાં અને તેની અસરકારતા કેટલી છે ?

૪.૧૪ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું પ્રવર્તમાન સંસ્થાકીય પર્યાવરણ કેવું છે ? તેનાં હકારાત્મક પાસાં અને તેની અસરકારતા કેટલી છે ?

➢ **છઠ્ઠા હેતુ ૩.૬ સંબંધિત પ્રશ્નો :**

૪.૧૫ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના કાર્યોના દેખરેખ તથા મૂલ્યાંકન વ્યવસ્થાઓના સંદર્ભમાં શી વ્યવસ્થા છે ? તેની અસરકારકતા કેટલી છે ?

➢ **સાતમા હેતુ ૩.૭ સંબંધિત પ્રશ્નો :**

૪.૧૬ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની કઈ કઈ વિશેષતાઓ છે ?

૪.૧૭ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની વિશેષતાઓ પાછળનાં કારણો શાં છે ?

૪.૧૮ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની વિશેષતાઓની અસરકારકતા કેટલી છે ?

## ૫.૦ સંશોધનની અગત્ય :

પ્રસ્તુત સંસ્થા–અભ્યાસની અગત્ય આ પ્રમાણે હતી :

૫.૧ પ્રસ્તુત સંસ્થા–અભ્યાસને કારણે સંસ્થાના સ્થાપના કાળથી અત્યાર સુધીની માહિતી પ્રાપ્ત થશે.

૫.૨ પ્રસ્તુત સંસ્થા–અભ્યાસથી સંસ્થાની વિશેષતાઓ જાણવા મળશે અને તે અન્ય સંસ્થા માટે ઉપયોગી બનશે.

૫.૩ પ્રસ્તુત અભ્યાસ ભવિષ્યમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં પુનઃસંવર્ધન માટે ઉપયોગી થશે.

## ૬.૦ સંશોધનનું સીમાંકન :

પ્રસ્તુત સંશોધન વ્યક્તિ અભ્યાસની પદ્ધતિથી થયેલ સંસ્થા–અભ્યાસ છે. આથી વ્યક્તિ અભ્યાસની મર્યાદાઓ પ્રસ્તુત સંશોધનની મર્યાદા બની રહેલ છે.

૬.૧ સંશોધન હેઠળની ઘટના સાથે ઐતિહાસિક કે પ્રવર્તમાન પરિબળો પૈકી કયાં પ્રકારનાં પરિબળો સંબંધિત છે, તે નક્કી કરવું મુશ્કેલ છે. સંશોધનનાં પ્રાપ્ત પરિણામોની સામાન્યકૃતતા ઓછી બનવા સંભવ છે.

૬.૨ પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત માહિતીની વિશ્વસનીયતા અને પ્રમાણભૂતતા તપાસવી મુશ્કેલ હતી, કારણ કે ચકાસણી વખતે સંશોધન હેઠળનો એકમ સજાગ થતાં વ્યક્તિગત માહિતી ઓછી વૈજ્ઞાનિક અને અચોક્કસ પ્રાપ્ત થવાનો ભય હતો.

૬.૩ પ્રસ્તુત સંશોધનમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના સામાન્યતઃ ૧૯૯૬ થી ૨૦૦૨ સુધીના સમયગાળાને જ ધ્યાનમાં લેવામાં આવેલ છે.

૬.૪ પ્રસ્તુત સંસ્થા–અભ્યાસને ત્રણ પાસાંઓમાં કેન્દ્રિત કરવામાં આવેલ છે. (૧) સંસ્થાનો વિકાસાત્મક પરિચય (૨) સંસ્થાની સેવાઓ તથા પ્રદાન અને (૩) સંસ્થાની વિશેષતાઓ.

૬.૫ ઉંડાણપૂર્વકની વ્યક્તિગત મુલાકાત દ્વારા માહિતી પ્રાપ્ત કરી શકાય ન હતી.

## ૭.૦ સંશોધનનું ક્ષેત્ર :

સંશોધન ઘણાં ક્ષેત્રોમાં થઈ રહ્યાં છે. પ્રસ્તુત અભ્યાસ શૈક્ષણિક સંશોધન ક્ષેત્ર સંબંધિત છે. શૈક્ષણિક સંશોધન ક્ષેત્રની સીમાઓ પણ વિસ્તરતી જાય છે. Third Survey of Research in Education પ્રમાણે શિક્ષણમાં સંશોધન સત્તર જેટલા ક્ષેત્રમાં થતાં હતાં. Fifth Survey of Research in Educationમાં આડત્રીસ સંશોધન ક્ષેત્રો દર્શાવેલ છે.

પ્રસ્તુત સંશોધન એક કરતાં વધુ ક્ષેત્રોને સ્પર્શે છે. પ્રસ્તુત અભ્યાસ શિક્ષક–પ્રશિક્ષણ સાથે સંકળાયેલી સંસ્થા સંબંધિત છે. આથી, શિક્ષક–પ્રશિક્ષણઃ પૂર્વસેવા અને સેવાકાલીન ક્ષેત્રને સ્પર્શે છે. પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ જિલ્લા શિક્ષણ અને

તાલીમ ભવનોની વિશિષ્ટતા જાણવાનો છે. વિશિષ્ટતા જાણી તેની પાછળનાં પરિબળો જાણી સંવર્ધન અંગે માર્ગદર્શન આપવાનો હેતુ પણ સમાવિષ્ટ ગણી શકાય. આથી પ્રસ્તુત સંશોધન 'માર્ગદર્શન અને સલાહદર્શન' ક્ષેત્રને પણ સ્પર્શે છે. રાષ્ટ્રકક્ષાએ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની પુનઃરચના તથા પુનઃસંવર્ધનની ચર્ચા પણ સંશોધનની પ્રેરણા હતી. આ દૃષ્ટિએ, "શૈક્ષણિક આયોજન અને નીતિ" વિષયક સંશોધન ક્ષેત્ર પણ અભ્યાસને સ્પર્શે છે તેમ કહી શકાય.

## ૮.૦ સંશોધન પ્રકાર :

સંશોધનનાં મુખ્ય બે પ્રકાર છે : સંખ્યાત્મક અને ગુણાત્મક.

સંશોધનનાં અન્ય રીતે ત્રણ પ્રકાર છે : મૂલગત સંશોધન, વ્યાવહારિક સંશોધન અને ક્રિયાત્મક સંશોધન.

પ્રસ્તુત સંસ્થા—અભ્યાસને વ્યાવહારિક સંશોધન કહી શકાય. કારણ કે પ્રાપ્ત પરિણામોનો ઉપયોગ પરિચય, સુધારણા અને વિકાસ માટે થવાનો છે. આમ, વ્યાવહારિક ઉપયોગ કેન્દ્રસ્થાને રહેલ છે.

પ્રસ્તુત સંશોધનમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોનાં માનવીય, ભૌતિક, આર્થિક વગેરે પાસાંઓનો આંતરિક અને બાહ્ય બન્ને રીતે અભ્યાસ કરવામાં આવેલ છે. ગુણાત્મક અને સંખ્યાત્મક બન્ને માહિતીઓનું એકત્રિકરણ, પૃથક્કરણ તથા અર્થઘટન કરવામાં આવેલ છે. આમ, અભ્યાસ ગુણાત્મક તેમજ સંખ્યાત્મક બન્ને પ્રકારના સંશોધનોનો સમન્વય કહી શકાય.

## ૯.૦ હવે પછીના પ્રકરણોનું આયોજન :

પ્રસ્તુત સંશોધન વ્યક્તિ અભ્યાસ પદ્ધતિથી હાથ ધરાયેલ ગુણાત્મક તેમ જ સંખ્યાત્મક સંશોધનોના સમન્વય પ્રકારનું છે. તેથી સંશોધન અહેવાલની રચના પણ વિશિષ્ટ છે. હવે પછીનાં પ્રકરણોનું આયોજન નીચે મુજબ છે :

| | | |
|---|---|---|
| પ્રકરણ–૨ | : | સંશોધનની કાર્યયોજના. |
| પ્રકરણ–૩ | : | માહિતીની રજૂઆત : સંસ્થાનો વિકાસાત્મક પરિચય. |
| પ્રકરણ–૪ | : | માહિતીની રજૂઆત : સંસ્થાની સેવાઓ અને તેનું પ્રદાન. |
| પ્રકરણ–૫ | : | માહિતીની રજૂઆત : સંસ્થાની વિશેષતાઓ. |
| પ્રકરણ–૬ | : | તારણો અને ભલામણો. |

❀❀❀

# ૨ : સંશોધન કાર્યયોજના

## ૧.૦ પ્રાસ્તાવિક

સંશોધક વૈજ્ઞાનિક અભિગમ તથા વિશ્વસનીય માહિતી પ્રાપ્તિ માટે પોતાના કાર્યની યોજના તૈયાર કરે છે. પોતાના કાર્યની રૂપરેખા તૈયાર કરે છે. જેમાં સંશોધન પદ્ધતિ, અભ્યાસ હેઠળ કેવાં અને કયાં એકમો સમાવવાં તેનો નિર્ણય કરે છે. પ્રમાણભૂત માહિતી માટે ઉચિત ઉપકરણની રચના અથવા પસંદગી કરે છે. માહિતી એકત્રિકરણની યોજના બનાવે છે. પ્રાપ્ત માહિતીની રજૂઆતની રૂપરેખા તૈયાર કરે છે. માહિતીના પૃથક્કરણ માટે ઉચિત આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિની પસંદગી કરે છે.

પ્રસ્તુત પ્રકરણમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના વ્યક્તિ અભ્યાસ અંગેની કાર્યપદ્ધતિ આપેલી છે. જેમાં સંશોધન પદ્ધતિ, વ્યાપવિશ્વ અને નમૂનો, ઉપકરણો, માહિતી પ્રાપ્તિની પ્રયુક્તિઓ, માહિતી પૃથક્કરણની પ્રયુક્તિઓ વગેરે આપવામાં આવેલ છે.

## ૨.૦ સંશોધન પદ્ધતિ :

પ્રયોજક અભ્યાસના હેતુઓને અનુરૂપ પ્રાપ્તિના સંદર્ભમાં વિશિષ્ટ કાર્ય કરે છે. જેને સંશોધન પદ્ધતિ કહે છે. સંશોધન પદ્ધતિઓના મુખ્ય ત્રણ પ્રકારો છે.

- ઐતિહાસિક સંશોધન પદ્ધતિ
- વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ
- પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસનો હેતુ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના વ્યક્તિ અભ્યાસ સાથે સંબંધિત હતો. આમ, અભ્યાસ વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ સાથે સંબંધિત હતો. વર્ણનાત્મક સંશોધન પદ્ધતિઓમાં એકથી વધુ સંશોધન પદ્ધતિઓ છે. જે આ પ્રમાણે છે.




પ્રસ્તુત અભ્યાસ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના ભૂતકાળના તેમજ પ્રવર્તમાન બધાજ પાસાઓને આવરીને અભ્યાસના હેતુઓને અનુરૂપ સઘન તપાસ સંદર્ભે હતો. આમ પ્રસ્તુત અભ્યાસ વ્યક્તિ અભ્યાસ તથા દસ્તાવેજી સર્વેક્ષણ પદ્ધતિની મદદ વડે હાથ ધરવામાં આવેલ.

## ૩.૦ વ્યાપવિશ્વ અને નમૂનો

અભ્યાસ સાથે સંબંધિત એકમો કે એકમ સંબંધિત લક્ષણોના માપનો સમૂહ અભ્યાસ માટે વ્યાપવિશ્વ રચે છે. પ્રયોજક પોતાના અભ્યાસના સંદર્ભમાં વ્યાપવિશ્વની સાચી વ્યાખ્યા કરે છે. આ વ્યાખ્યાને આધારે અભ્યાસમાં કયાં, કેવાં, અને કેટલાં પાત્રો પસંદ કરવાં તે નક્કી કરે છે. વ્યાપવિશ્વની વ્યાખ્યા તેના ગુણધર્મો આપીને કરવામાં આવે છે.

પ્રસ્તુત અભ્યાસની લાક્ષણિકતાઓ આ પ્રમાણે હતી.

૩.૧ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનને વ્યક્તિ અભ્યાસના એકમ તરીકે પસંદ કરેલ છે.

૩.૨ વર્ષ ૧૯૯૬થી ૨૦૦૨ સમય ગાળાના સંદર્ભમાં અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે.

૩.૩ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો વિકાસાત્મક પરિચય, તેની સેવાઓ તથા પ્રદાન તથા તેની વિશેષતાઓ એમ ત્રણ મુખ્ય વિભાગને ધ્યાનમાં લેવામાં આવેલ છે.

૩.૪ પ્રસ્તુત અભ્યાસમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની ઐતિહાસિક ભૂમિકા, તેનો વિકાસ, તેના કાર્યમાં અન્ય સંસ્થાનો સહયોગ, પૂર્વ સેવાશિક્ષણનાં કાર્યો, સેવાકાલીન તાલીમ કાર્યક્રમો, સંશોધનકાર્ય, પ્રકાશન, સંસ્થાકીય પર્યાવરણ, દેખરેખ અને મૂલ્યાંકન તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની વિશેષતાઓ એમ વિવિધ પાસાંઓ ધ્યાનમાં રાખવામાં આવેલ છે.

એકમ અભ્યાસમાં અભ્યાસ હેઠળના એકમનો સમગ્ર અભ્યાસ કરવામાં આવે છે. પસંદ કરેલા અભ્યાસ ઘટકની શરૂઆતથી માંડીને વર્તમાન સ્વરૂપ સુધીની પ્રક્રિયાનાં શક્ય બધાં પાસાં તપાસવાનો પ્રયત્ન થાય છે. વ્યાખ્યાયિત થયેલાં વિશ્લેષણ એકમો સંપૂર્ણ રીતે પ્રાપ્ત થઈ શકે અને પરિણામો વધુ પ્રમાણભૂત બને તે માટે સમગ્ર વ્યાપવિશ્વને નમૂના તરીકે લેવું જોઈએ. પરંતુ પ્રાથમિક અભ્યાસ દરમ્યાન જણાયું કે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં લગભગ લગભગ સમાન કાર્યો અને કાર્યશૈલી જોવા મળે છે. આથી માહિતીની પુનરોક્તિ ટાળવી યોગ્ય ગણાય. આથી પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ ગુજરાત રાજ્યના બધા જ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો છે. ૨૦૦૪ સુધીમાં કુલ ૨૩ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો પ્રવર્તમાન હતાં, તેથી આ સંશોધનનું વ્યાપવિશ્વ બને છે. પરંતુ પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજ્યને પાંચ સ્તરમાં વર્ગીકૃત કરવામાં

આવેલ છે. (૧) ઉત્તર ગુજરાત (૨) દક્ષિણ ગુજરાત (૩) પશ્ચિમ ગુજરાત (૪) પૂર્વ ગુજરાત અને (૫) મધ્ય ગુજરાત, આ પાંચેય સ્તરમાં રહેલાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાંથી યાદચ્છિક નમૂના પસંદગી પદ્ધતિની મદદથી સ્તર દીઠ બે–બે એમ કુલ દસ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોને નમૂના તરીકે સમાવિષ્ટ કરેલ છે. આમ Stratified Random Sampling Technique ની મદદથી કુલ દસ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના નમૂના પર પ્રસ્તુત સંશોધન હાથ ધરાયેલ છે, જેની વિગત નીચે મુજબ છે.

| *સ્તર* | *યાદચ્છિક રીતે નમૂનામાં પસંદ પામેલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન* |
|---|---|
| ઉત્તર ગુજરાત | (૧) પાટણ, (૨) પાલનપુર |
| દક્ષિણ ગુજરાત | (૧) સૂરત, (૨) અમરેલી |
| પશ્ચિમ ગુજરાત | (૧) રાજકોટ, (૨) જૂનાગઢ |
| પૂર્વ ગુજરાત | (૧) વડોદરા, (૨) સંતરામપુર |
| મધ્ય ગુજરાત | (૧) સુરેન્દ્રનગર, (૨) ગાંધીનગર |

## ૪.૦ માહિતી સ્રોત :

પ્રસ્તુત અભ્યાસનાં કાર્યો દિશાસૂચક બને તે માટે હેતુઓ નક્કી કરવામાં આવેલ અને આ હેતુઓના સંદર્ભમાં નીચે દર્શાવેલ સ્રોત દ્વારા માહિતી એકત્ર કરવામાં આવેલ :

(૧) ગુજરાત રાજ્ય માહિતી નિયામકની કચેરી, ૨૦૦૧નો વસ્તી રીપોર્ટ.

(૨) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના વાર્ષિક કામગીરી રીપોર્ટ, સંસ્થાની વહીવટી બ્રાંચમાંથી.

(૩) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની શાખાના વડાની મુલાકાત દ્વારા.

(૪) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા પ્રકાશિત તમામ સાહિત્ય દ્વારા.

(૫) પ્રશ્નાવલી, અવલોકન તથા મુલાકાત દ્વારા.

## ૫.૦ ઉપકરણ :

સર્વેક્ષણ પદ્ધતિમાં વ્યક્તિ અભ્યાસ સમયે માહિતી વિવિધ સ્રોતોમાંથી ઊંડાણપૂર્વક મેળવાય છે. આ માટે આત્મકથા, અવલોકનો, મુલાકાતો વગેરે પૈકી ઉચિત ઉપકરણોનો ઉપયોગ કરીને આવશ્યક માહિતી એકઠી કરવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનમાં પ્રયોજકે અવલોકન, પ્રશ્નાવલી, મુલાકાત જેવાં ઉપકરણો દ્વારા માહિતી એકત્ર કરેલ છે. ગુણાત્મક માહિતી માટે અવલોકનનો; અભ્યાસકીય માહિતી માટે પ્રશ્નાવલીનો અને માહિતીની પૂર્ણતા તથા માહિતીની વિશ્વસનીયતા માટે મુલાકાતનો ઉપયોગ સંશોધકે કરેલ છે.

## ૬.૦ માહિતીનું એકત્રિકરણ

પ્રસ્તુત અભ્યાસનાં કેટલાક હેતુઓના સંદર્ભમાં માહિતીનું એકત્રિકરણ કરવામાં આવેલ. માહિતી બે પ્રકારની – (૧) સંખ્યાત્મક અને (૨) ગુણાત્મક પ્રાપ્ત કરવાની હતી. માહિતી પ્રાપ્તિ માટે અવલોકન, વિવિધ રજિસ્ટર્સ, મિટીંગ જેવી પ્રવિધિનો ઉપયોગ કરવામાં આવેલ છે.

વિભાગ–૧ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોનો વિકાસાત્મક પરિચય

- ➢ સ્થાપના તથા તે સમયની સ્થિતિ, ભૌતિક સુવિધાઓ, શાખાઓ અને તેનાં કાર્યો, વિવિધ ગ્રાન્ટની પરિસ્થિતિ વગેરે.

વિભાગ – ૨ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની સેવાઓ તથા પ્રદાન

- ➢ પૂર્વ સેવા અને સેવાકાલીન શિક્ષક–પ્રશિક્ષણ કાર્યો
- ➢ થયેલાં સંશોધન કાર્યો
- ➢ પ્રકાશન તથા સાધન નિર્માણ

વિભાગ – ૩ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની વિશેષતાઓ

- ➢ પ્રવર્તમાન શૈક્ષણિક અને સંસ્થાકીય પર્યાવરણ
- ➢ પ્રવર્તમાન દેખરેખ તથા મૂલ્યાંકન વ્યવસ્થાઓ
- ➢ આગવાં લક્ષણો અને તેની અસરકારકતા.

# ૭.૦ પ્રાપ્ત માહિતીની સ્પષ્ટતા અને રજૂઆત

માહિતીને સ્પષ્ટ અને અર્થસભર બનાવવા વિવિધ સ્વરૂપે રજૂ કરવામાં આવે છે. આ અભ્યાસમાં સંખ્યાત્મક તેમજ ગુણાત્મક એમ બન્ને પ્રકારની માહિતી પ્રાપ્ત થઈ હતી. જેને અભ્યાસના હેતુ અનુસાર આ પ્રમાણે રજૂ કરવામાં આવેલ.

પ્રથમ હેતુના સંદર્ભમાં સંખ્યાત્મક તથા ગુણાત્મક માહિતી પ્રાપ્ત થઈ હતી. જેમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપના, જે તે જિલ્લાના પ્રવર્તમાન દર્શનની માહિતી અને વિભાગવાર શાખાના કાર્યની માહિતી વર્ણનાત્મક હતી. જયારે ભૌતિક સુવિધા, કર્મચારીની વિગત, સહયોગી સંસ્થા, ક્રમશઃ સંસ્થાની ભૌતિક સુવિધાઓ અને કર્મચારીઓના થયેલાં ફેરફારની માહિતી સંખ્યાત્મક હતી.

બીજા હેતુના સંદર્ભમાં સંખ્યાત્મક માહિતી પ્રાપ્ત થઈ હતી. જેમાં પૂર્વ સેવા અને સેવાકાલીન શિક્ષક– પ્રશિક્ષણનાં વિશિષ્ટ કાર્યોની વર્ષવાર માહિતી વર્ણનાત્મક સ્વરૂપે રજૂ કરી હતી. ત્રીજા હેતુના સંદર્ભમાં પ્રાપ્ત માહિતી સંખ્યાત્મક હતી. જેમાં યોજાયેલ સંશાધન કાર્યોની યાદી રજૂ કરવામાં આવેલ. ચોથા હેતુના સંદર્ભમાં સંસ્થા દ્વારા પ્રકાશિત થયેલાં પ્રકાશનો તથા નિર્માણ પામેલ શૈક્ષણિક સામગ્રીની વિગતો સંખ્યાત્મક સ્વરૂપે રજૂ થયેલ. પાંચમાં હેતુના સંદર્ભમાં અવલોકન અને મુલાકાત દ્વારા ગુણાત્મક માહિતી પ્રાપ્ત થઈ હતી. માહિતીની રજૂઆત વર્ણનાત્મક રીતે કરવામાં આવેલ. છઠ્ઠા અને સાતમા હેતુની માહિતી અવલોકન દ્વારા પ્રાપ્ત કરી હતી. મળેલ ગુણાત્મક માહિતીને વર્ણન દ્વારા રજૂ કરેલ હતી.

❀❀❀

# ૩ : માહિતીની રજૂઆત : સંસ્થાનો વિકાસાત્મક પરિચય

## ૧.૦ પ્રાસ્તાવિક

માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન એ સંશોધનમાં માહિતી એકત્રિકરણ પછીનું પગથિયું છે. અભ્યાસના હેતુઓ અને પ્રશ્નોના સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું સંપાદન, વર્ગીકરણ, સારણી કે આલેખ દ્વારા રજૂઆત, સાંકેતીકરણ તથા આંકડાકીય પૃથક્કરણ તેનાં આનુસંગિક પગલાંઓ છે. આમ પ્રાપ્ત માહિતીની માવજત દ્વારા રચેલા હેતુઓ તથા આનુસાંગિક પ્રશ્નોના જવાબો મેળવી તેના અર્થ આપવાનો પ્રયાસ કરવામાં આવે છે. પ્રસ્તુત પ્રકરણમાં માહિતીની રજૂઆતનો પ્રથમ તબક્કો નિર્દિષ્ટ છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના વિકાસાત્મક પરિચયની રૂપરેખા મેળવવાનો અહીં પ્રયાસ થયેલ છે.

## ૨.૦ સંશોધન હેતુ ૩.૧ ના સંદર્ભમાં માહિતીની રજૂઆત

પ્રસ્તુત સંશોધનના નિર્ધારિત હેતુઓમાંથી હેતુ ૩.૧ આ પ્રમાણે છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો સ્થાપના કાળથી વિકાસાત્મક અભ્યાસ કરવો.

આ ૩.૧ હેતુનાં સંદર્ભમાં ઉપલબ્ધ મહત્તમ વિગતો અહીં દર્શાવવામાં આવેલ છે.

### ૨.૧ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો ઉદ્‌ભવ*

પ્રાથમિક શિક્ષણમાં આમૂલ પરિવર્તન લાવવાની ભાવના સાથે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬ અમલમાં આવી. જેમાં ગુણવત્તા પર ખૂબ ભાર મુકવામાં આવ્યો. શિક્ષણની વિવિધ યોજનાઓ માત્ર રાષ્ટ્ર અને રાજ્ય કક્ષા સુધી રાખવાના બદલે જિલ્લા કક્ષા સુધી પહોંચાડવાના ઉદેશથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૧૯૮૬ અમલમાં આવી તે પહેલાં N.C.E.R.T., N.I.E.P.A., S.C.E.R.T. જેવી સંસ્થાઓ દ્વારા રાજ્યકક્ષા અને

રાષ્ટ્રકક્ષાએ આયોજન, વિવિધ તાલીમો, વહીવટ, શૈક્ષણિક સંશોધનોનું માર્ગદર્શન આપવામાં આવતું હતું. રાજ્ય કક્ષાએથી આગળ પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષણની કેળવણી આપતી સંસ્થાઓ હતી, પરંતુ તેનું કાર્ય કેવળ પૂર્વ સેવા શિક્ષણ–પ્રશિક્ષણ સુધી સીમિત હતું. તેવી જ રીતે પ્રૌઢ શિક્ષણ ક્ષેત્રમાં કેન્દ્રીય પ્રૌઢ નિયામકની કચેરી દ્વારા કેવળ રાજ્યકક્ષાએ આ સેવાઓ ઉપલબ્ધ બનતી હતી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૧૯૮૬ અમલમાં આવી ત્યાં સુધીમાં પ્રાથમિક શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણનાં કાર્યો એટલાં વિકસી ચૂકયાં હતાં કે હવે માત્ર રાજ્ય કે રાષ્ટ્રકક્ષાની સંસ્થાઓ એમને સહાય કરવા માટે પૂરતી ન હતી.

શિક્ષણના સાર્વત્રિકીકરણની સાથે વિદ્યાર્થીઓનું સ્થાયીકરણ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પણ જરૂરી બન્યું હતું. શિક્ષણમાં નવીન પ્રવાહો, પદ્ધતિઓ, પ્રવિધિઓ તથા શૈક્ષણિક સાધન સામગ્રીથી શિક્ષકો સજ્જ થાય તે પણ ખૂબ જરૂરી હતું. આવી સજ્જતા પ્રાપ્ત થાય તે માટે સેવારત શિક્ષકોની તાલીમ આપવાનું જરૂરી બન્યું. અત્યાર સુધી શિક્ષણ સુધારણામાં માત્ર શાલેય શિક્ષણ ઉપર વધુ ભાર મૂકવામાં આવતો હતો, પણ શાળા બહાર જે વિદ્યાર્થીઓ રહી જાય છે, તેનો વિચાર કરવો ખૂબ જરૂરી હતો.

શિક્ષણનું સાર્વત્રિકીકરણ અને સ્થાયીકરણ થાય તેમજ ગુણવત્તા સભર શિક્ષણ પ્રાપ્ત થાય તેવા મહાન ઉદેશો માત્ર શિક્ષણ વિભાગ, શિક્ષકો કે અન્યો દ્વારા સિદ્ધ થઈ શકે નહીં. પરંતુ તેમાં સમાજના વિવિધ વર્ગો જેવા કે બિનસરકારી સંગઠનો, પંચાયતો તેમજ લોકોનો સહયોગ અને ભાગીદારી મેળવવી જોઈએ. આ બધાં પાસાઓને ધ્યાને લેતા રાષ્ટ્રકક્ષાએ અને રાજ્યકક્ષાએ વિસ્તરણ અને અમલીકરણ પૂરતું ન હતું. તેનું જિલ્લા કક્ષાએ વિસ્તરણ અને અમલીકરણ થાય તેની જરૂર જણાવા લાગી અને તેમાંથી ઉદ્‌ભવ થયો 'જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન', નો.

## ૨.૨ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપના*

ગુજરાતમાં પૂર્વસેવાકાલીન અધ્યાપન મંદિરોની સ્થાપના આશરે સવાસો વર્ષ પહેલાંથી થયેલી છે. પ્રસ્તુત સંશોધનના નમૂનામાં સમાવિષ્ટ કુલ દસ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપનાની ગુણાત્મક તથા સંખ્યાત્મક માહિતી અહીં રજૂ કરેલ છે.

### ૨.૨.૧ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ*

**(૧) પ્રસ્તાવના :**

તલીમ ભવનોની શરૂઆતથી જ પાટણ ખાતે અધ્યાયન મંદિરને અપગ્રેડ કરી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન શરૂ કરાયું. જિલ્લાઓનું વિભાજન થયું ન હતું, એટલે હાલના જિલ્લાઓમાં પાટણ અને મહેસાણા મળી એકજ મહેસાણા જિલ્લો હતો. જિલ્લાઓનું નવસર્જન થતાં મહેસાણામાંથી પાંચ તાલુકા પાટણ, ચાણસ્મા, સિદ્ધપુર, સમી અને હારીજ અલગ થઈ પાટણ જિલ્લો બન્યો, જેની સાથે બનાસકાંઠા જિલ્લાના રાધનપુર અને સાંતલપુર તાલુકાને જોડી દેવામાં આવ્યા. આમ કુલ સાત તાલુકાઓનો પાટણ જિલ્લો બન્યો.

જિલ્લા વિશેની માહિતી માટે આ પ્રકરણમાં બન્ને જિલ્લાની અલગ અલગ માહિતી સંશોધકે રજૂ કરેલ છે. જેથી બન્ને જિલ્લાનો સાક્ષરતા આંક, શાળાઓ, વિદ્યાર્થીઓ–શિક્ષકોની સંખ્યા વગેરે સ્પષ્ટ જાણી શકાય.

**(૨) સાક્ષરતા આંક :**

**સારણી–૩.૧**
**મહેસાણા/પાટણ જિલ્લાનો સાક્ષરતા આંક દર્શાવતી સારણી**

| *ક્રમાંક* | *જિલ્લો* | *પુરુષોનો સાક્ષરતા આંક* | *સ્ત્રીઓનો સાક્ષરતા આંક* | *કુલ સરેરાશ સાક્ષરતા આંક* |
|---|---|---|---|---|
| ૧. | મહેસાણા | ૬૭.૧૪ | ૪૫.૭૮ | ૫૬.૪૬% |
| ૨. | પાટણ | ૫૩.૭૫ | ૨૯.૮૦ | ૪૧.૭૭% |

(ઉપર્યુકત સાક્ષરતા આંકની માહિતી ભારતની વસ્તી ગણતરી–૨૦૦૧નાં આંકડાઓના આધારે લીધેલ છે.)

સારણી – ૩.૧ માં મહેસાણા જિલ્લામાં સાક્ષરતાનો આંક ૫૬.૪૬% છે. જયારે પાટણ જિલ્લામાં ૪૧.૭૭% જ સાક્ષરતા છે. બંને જિલ્લામાં સ્ત્રી સાક્ષતાનો આંક ઘણો નીચો છે.

**(૩) શાળાઓની સંખ્યા :**

૨૦૦૧–૦૨ મુજબ ખાનગી સહિત જિલ્લા શિક્ષણ સમિતિની શાળાઓ સાથે કુલ શાળાઓ આ મુજબ છે.

**સારણી – ૩.૨**

**મહેસાણા/પાટણ જિલ્લાની શાળાઓની સંખ્યા દર્શાવતી સારણી**

| *પ્રાથમિક શાળાનો પ્રકાર* | *શાળાઓની સંખ્યા* | | *કુલ* |
|---|---|---|---|
| | *મહેસાણા* | *પાટણ* | |
| જિલ્લા પંચાયત સંચાલિત | ૯૩૭ | ૭૭૩ | ૧૬૭૦ |
| આશ્રમ શાળાઓ | ૧૭ | ૧૩ | ૩૦ |
| નગરપાલિકા સંચાલિત | ૧૨ | ૨૬ | ૩૮ |
| ખાનગી ગ્રાન્ટેડ | ૭૨ | ૩૧ | ૧૦૩ |
| ખાનગી નોન–ગ્રાન્ટેડ | ૩૫ | ૩૨ | ૬૭ |
| પૂર્વ પ્રાથમિક | ૩૦૧ | ૭૧ | ૩૭૨ |
| કુલ | ૧૩૪૪ | ૯૦૬ | ૨૨૫૦ |

(ડાયેટ રિપોર્ટ–૨૦૦૧/૨૦૦૨ ના આધારે)

સારણી – ૩.૨ જોતાં મહેસાણામાં ૧૩૪૪ શાળાઓ છે. જયારે પાટણ જિલ્લામાં ૯૦૬ જિલ્લા પંચાયતની પ્રાથમિક શાળાઓ છે.

## (૪) વિદ્યાર્થીઓની સંખ્યા :

**સારણી – ૩.૩**

**મહેસાણા/પાટણ જિલ્લાના વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતી સારણી**

| *ક્રમાંક* | *જિલ્લા* | *કુલ સંખ્યા* |
|---|---|---|
| ૧. | મહેસાણા | ૨,૩૮,૪૮૦ |
| ૨. | પાટણ | ૧,૭૦,૬૬૭ |
| | કુલ | ૪,૦૯,૧૪૭ |

(ડાયેટ રિપોર્ટ – ૨૦૦૦–૦૧ મુજબ)

સારણી – ૩.૩ જોતાં મહેસાણામાં પ્રાથમિક વિદ્યાર્થીઓની સંખ્યા ૨,૩૮,૪૮૦ છે, જયારે પાટણ જિલ્લામાં ૧,૭૦,૬૬૭ વિદ્યાર્થી સંખ્યા છે.

## (૫) શિક્ષકોની સંખ્યા :

**સારણી – ૩.૪**

**મહેસાણા/પાટણ જિલ્લાના શિક્ષકોની સંખ્યા દર્શાવતી સારણી**

| *પ્રાથમિક શાળાનો પ્રકાર* | *શાળાઓની સંખ્યા* | | *કુલ* |
|---|---|---|---|
| | *મહેસાણા* | *પાટણ* | |
| જિલ્લા પંચાયત સંચાલિત | ૬૭૩૨ | ૪૪૮૬ | ૧૧૨૧૮ |
| આશ્રમ શાળાઓ | ૬૩ | ૫૨ | ૧૧૫ |
| નગરપાલિકા સંચાલિત | ૧૧૯ | ૨૬૨ | ૩૮૧ |
| ખાનગી ગ્રાન્ટેડ | ૨૧૬ | ૧૫૫ | ૩૭૧ |
| ખાનગી નોન–ગ્રાન્ટેડ | ૨૪૩ | ૧૮૯ | ૪૩૨ |
| પૂર્વ પ્રાથમિક | ૩૬૩ | ૮૦ | ૪૪૩ |
| કુલ | ૭૭૩૬ | ૫૨૨૪ | ૧૨૯૬૦ |

(ડાયેટ રિપોર્ટ – ૨૦૦૧–૦૨ મુજબ)

સારણી – ૩.૪ માં જોતાં મહેસાણા જિલ્લામાં કુલ શિક્ષકોની સંખ્યા ૭૭૩૬ છે, જયારે પાટણ જિલ્લામાં ૫૨૨૪ છે.

## (૬) **B.R.C.** ની સંખ્યા :

### સારણી – ૩.૫

### મહેસાણા/પાટણ જિલ્લાના **B.R.C.**ની સંખ્યા દર્શાવતી સારણી

| ક્રમાંક | ***B.R.C.*****ની સંખ્યા** | |
|---|---|---|
| | મહેસાણા | પાટણ |
| ૧. | ૯ | ૭ |

સારણી – ૩.૫ મુજબ બન્ને જિલ્લામાં B.R.C. કાર્યરત છે, તેમાં કોઓર્ડીનેટરની નિમણૂંક અપાયેલી છે.

## (૭) **C.R.C.** ની સંખ્યા :

### સારણી – ૩.૬

### મહેસાણા/પાટણ જિલ્લાના **C.R.C.**ની સંખ્યા દર્શાવતી સારણી

| ક્રમાંક | ***C.R.C.*****ની સંખ્યા** | |
|---|---|---|
| | મહેસાણા | પાટણ |
| ૧. | ૧૦૪ | ૬૮ |

સારણી – ૩.૬ મુજબ બંને જિલ્લામાં C.R.C. કાર્યરત છે, તેમાં કોઓર્ડીનેટરની નિમણૂંક થયેલ છે.

## (૮) તાલુકાની સંખ્યા :

### સારણી – ૩.૭

### મહેસાણા/પાટણ જિલ્લાના તાલુકાઓ દર્શાવતી સારણી

| ક્રમાંક | જિલ્લા | તાલુકા | સંખ્યા |
|---|---|---|---|
| ૧. | મહેસાણા | મહેસાણા, વિજાપુર, વિસનગર, કડી, ઉંઝા, વડનગર, ખેરાલુ, સતલાસણા, બેચરાજી | ૯ |
| ૨. | પાટણ | પાટણ, સમી, હારીજ, ચાણસ્મા, સિદ્ધપુર, રાધનપુર, સાંતલપુર | ૭ |
| | કુલ | | ૧૬ |

સારણી – ૩.૭ મુજબ મહેસાણા જિલ્લામાં ૯ તાલુકાઓ તેમજ પાટણ જિલ્લામાં ૭ તાલુકાઓ સમાવિષ્ટ છે. પાટણ જિલ્લામાં રાધનપુર અને સાંતલપુર તાલુકા બનાસકાંઠા જિલ્લામાંથી વિભાજીત કરી જોડવામાં આવેલ છે.

મહેસાણા જિલ્લામાં ઉંઝા, વડનગર, ખેરાલુ, સતલાસણા, વિસનગર, વિજાપુર, મહેસાણા, બેચરાજી અને કડી એમ કુલ નવ તાલુકા છે. જયારે પાટણ જિલ્લામાં રાધનપુર, સાંતલપુર, સમી, હારીજ, ચાણસ્મા, પાટણ અને સિદ્ધપુર એમ કુલ સાત તાલુકા છે.

**(૯) ઉદ્ભવ અને વિકાસ :**

હાલ ડાયેટ પૂર્વસેવા તાલીમ આપતી સંસ્થા માત્ર નથી, પરંતુ દશેક વર્ષ અગાઉ એટલે કે ૧૯૯૨માં સરકારી પી.ટી.સી. કોલેજનું જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં અપગ્રેડેશન કરવામાં આવ્યું. પૂર્વ સેવાની સાથે સેલાકાલીન તાલીમનું માળખું પણ સંલગ્ન હતું. ઉત્તરોત્તર નાણાંકીય, માનવશક્તિ અને ભૌતિક સુવિધાના સંદર્ભમાં ડાયેટ વધુ મજબુત સ્થિતિમાં આવ્યાં. પાટણ ડાયેટની સ્થાપના ફેબ્રુઆરી–૧૯૯૪ થી થયેલ છે.

પાટણ ડાયેટની સ્થાપના બાદ વ્યાખ્યાતાઓની નિમણૂંક જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા કરવામાં આવી. આવા સંજોગોમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે, આ વિસ્તારમાં, પાટણ ડાયેટે 'પ્રાથમિક શિક્ષણ મહાવિદ્યાલય' તરીકેની કામગીરી કરવાનું શરૂ કર્યું.

## ૨.૨.૨ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાલનપુર*

**(૧) પ્રસ્તાવના :**

તાલીમ ભવનોની શરૂઆતથી જ પાલનપુર ખાતે પુરુષ અધ્યાપન મંદિરને અપગ્રેડ કરી જિલ્લા શિક્ષણ અને તાલમ ભવન શરૂ કરાયું. જિલ્લાઓનું વિભાજન થયું ન હતું ત્યારે બનાસકાંઠામાં ૧૧ તાલુકા હતા. જેમાંથી રાધનપુર, સાંતલપુર પાટણ

જિલ્લામાં ગયા. તેમજ ભાભર, દાંતીવાડ અને અમીરગઢ નવા તાલુકા બનતા ૧૨ તાલુકાનો જિલ્લો બન્યો.

જિલ્લા વિશેની માહિતી માટે આ પ્રકરણમાં જિલ્લાની માહિતી વિગતવાર સંશોધકે રજૂ કરેલ છે. જેથી જિલ્લાનો સાક્ષરતા આંક, શાળાઓ, વિદ્યાર્થીઓ – શિક્ષકોની સંખ્યા સ્પષ્ટપણે જાણી શકાય.

**(૨) સાક્ષરતા આંક :**

**સારણી – ૩.૮**

**બનાસકાંઠા જિલ્લાનો સાક્ષરતા આંક દર્શાવતી સારણી**

| *ક્રમાંક* | *પુરુષોનો સાક્ષરતા આંક* | *સ્ત્રીઓનો સાક્ષરતા આંક* | *કુલ સરેરાશ સાક્ષરતા આંક* |
|---|---|---|---|
| ૧. | ૫૫.૧૭% | ૨૨.૭૧% | ૩૯.૫૦% |

(ઉપર્યુકત સાક્ષરતા આંકની માહિતી ભારતની વસ્તી ગણતરી–૨૦૦૧નાં આંકડાઓના આધારે લીધેલ છે.)

સારણી – ૩.૮માં પુરુષ, સ્ત્રી અને કુલ સાક્ષરતા આંક દર્શાવેલ છે. જેમાં સ્ત્રીઓનો આંક ઘણો નીચો છે.

**(૩) શાળાઓની સંખ્યા :**

**સારણી – ૩.૯**

**બનાસકાંઠા જિલ્લાની કુલ પ્રાથમિક શળાઓની સંખ્યા દર્શાવતી સારણી**

| | |
|---|---|
| **કુલ પ્રાથમિક શાળાઓ** | **૨૨૭૧** |

(ડાયેટ રિપોર્ટ – ૨૦૦૧–૦૨ ના આધારે)

હાલમાં કુલ ૨૨૭૧ ઉપરાંત નવી શાળાઓ શરૂ કરાયેલ છે.

(૪) **વિદ્યાર્થીઓની સંખ્યા :**

સારણી – ૩.૧૦

બનાસકાંઠા જિલ્લાના વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતી સારણી

| *ક્રમાંક* | *વિદ્યાર્થીઓ* | *વિદ્યાર્થિનીઓ* | *કુલ* |
|---|---|---|---|
| ૧ | ૨,૫૧,૭૨૨ | ૧,૬૩,૨૪૧ | ૪,૧૪,૯૬૩ |

(ડાયેટ રિપોર્ટ – ૨૦૦૧–૦૨ મુજબ)

સારણી – ૩.૧૦ જોતાં બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીઓની સામે વિદ્યાર્થિનીઓની સંખ્યા નહિવત પ્રમાણમાં જોવા મળે છે. કુલ ૪,૧૪,૯૬૩ વિદ્યાર્થીઓની સામે કુલ ૧,૬૩,૨૪૧ વિદ્યાર્થિનીઓની સંખ્યા છે, જે નહિવત જણાય છે.

(૫) **શિક્ષકોની સંખ્યા :**

સારણી – ૩.૧૧

બનાસકાંઠા જિલ્લાના શિક્ષકોની સંખ્યા દર્શાવતી સારણી

| *ક્રમાંક* | *સ્ત્રી શિક્ષકો* | *પુરુષ શિક્ષકો* | *કુલ* |
|---|---|---|---|
| ૧ | ૩૦૯૭ | ૭૧૫૫ | ૧૦૨૫૨ |

(ડાયેટ રિપોર્ટ – ૨૦૦૧–૦૨ મુજબ)

સારણી – ૩.૧૧ જોતાં સ્ત્રી શિક્ષકોના પ્રમાણમાં પુરુષ શિક્ષકોનું પ્રમાણ વધારે જણાય છે. કુલ શિક્ષકો ૧૦૨૫૨ છે, જેની સામે પુરુષ શિક્ષકો ૭૧૫૫ છે અને સ્ત્રી શિક્ષકો ૩૦૯૭ છે જેનું પ્રમાણ ઓછું જણાય છે.

(૬) **B.R.C.ની સંખ્યા :**

સારણી – ૩.૧૨

બનાસકાંઠા જિલ્લાની **B.R.C.** સંખ્યા દર્શાવતી સારણી

| | |
|---|---|
| **B.R.C. સંખ્યા** | ૧૨ |

બનાસકાંઠા જિલ્લામાં તમામ B.R.C. કાર્યરત છે. તેમાં કોઓર્ડીનેટરની નિમણૂંક થયેલ છે.

## (૭) C.R.C.ની સંખ્યા :

સારણી – ૩.૧૩

બનાસકાંઠા જિલ્લાની C.R.C. સંખ્યા દર્શાવતી સારણી

| | |
|---|---|
| **C.R.C. સંખ્યા** | ૨૦૦ |

બનાસકાંઠા જિલ્લામાં તમામ C.R.C. કાર્યરત છે. તમામમાં C.R.C.L. કોઓર્ડીનેટરની નિમણૂંક થયેલ છે.

## (૮) તાલુકાની સંખ્યા :

સારણી – ૩.૧૪

બનાસકાંઠા જિલ્લાની તાલુકાની સંખ્યા દર્શાવતી સારણી

| | |
|---|---|
| **તાલુકાની સંખ્યા** | **૧૨** |

પહેલા બનાસકાંઠા જિલ્લામાં કુલ ૧૧ તાલુકા હતા. પરંતુ નવી રચના પછી હાલ૧૨ તાલુકા બનેલ છે. જે આ પ્રમાણે છે : પાલનપુર, ડીસા, દાંતા, વડગામ, અમીરગઢ, દાંતીવાડ, ધાનેરા, કાંકરેજ, દિયોદર, ભાભર, વાવ અને થરાદ.

## (૯) ઉદ્‌ભવ અને વિકાસ :

હાલ, ડાયેટ માત્ર પૂર્વ સેવા તાલીમ આપતી સંસ્થા માત્ર નથી. પરંતુ દસેક વર્ષ અગાઉ સરકારી પી.ટી.સી. કોલેજનું ડાયેટમાં અપગ્રેડેશન કરવામાં આવ્યું. પૂર્વ સેવાની સાથે સેવાકાલીન તાલીમનું માળખું પણ સંલગ્ન હતું. ઉત્તરોત્તર નાણાંકીય, માનવ–શક્તિ અને ભૌતિક સુવિધાનાં સંદર્ભમાં ડાયેટ વધુ મજબૂત સ્થિતિમાં આવ્યા. પાલનપુર ડાયેટની સ્થાપના ૬ જૂન ૧૯૯૧ ના રોજ થઈ.

પાલનપુર ડાયેટની સ્થાપના બાદ વ્યાખ્યાતાઓની નિમણૂંક જી.સી.ઈ.આર.ટી. દ્વારા કરવામાં આવી. આવા સંજોગોમાં પ્રાથમિક શિક્ષણક્ષેત્રે આ વિસ્તારમાં પાલનપુર ડાયેટે પ્રાથમિક શિક્ષણના મહાવિદ્યાલય તરીકેની કામગીરી કરવાનું શરૂ કર્યું.

## ૨.૨.૩ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત*

### (૧) પ્રસ્તાવના :

સુરત ડાયેટ સુરત શહેરના મધ્યભાગમાં આવેલું છે. આ ભવનની સ્થાપના ઈ.સ. ૧૮૭૨માં જાન્યુઆરીની આઠમી તારીખે અંગ્રેજી હાઈસ્કૂલ સ્વરૂપે થઈ હતી. આ હાઈસ્કૂલમાં સોરાબજી જે. જે. ટ્રેનિંગ કોલેજ સ્વરૂપે અસ્તિત્વમાં આવી. જે ઈ.સ. ૧૯૯૧માં ડાયેટ સ્વરૂપે અસ્તિત્વમાં આવી. તાપી નદી કિનારે આવેલ એક છાત્રાલયમાં તાલીમાર્થીઓ રહેતા હતા, પરંતુ ઈ.સ. ૧૯૮૯માં રેલમાં આ છાત્રાલય અસ્તિત્વમાં ન રહ્યું. હવે તાલીમાર્થીઓ ભવનમાં રહી શકે છે.

### (૨) જિલ્લાની માહિતી :

સુરત જિલ્લાની મુખ્ય માહિતીની તવારીખ અત્રે પ્રસ્તુત છે.

| | | |
|---|---|---|
| વિસ્તાર | : | ૭૬૫૭ ચો. કિ. મી. |
| વસ્તી | : | ૩૩,૯૭,૯૦૦, તાલુકા – ૧૪, મહાનગરપાલિકા – ૧ |
| સ્થાન | : | ૨૧.૧ થી ૨૧.૨૩ ઉત્તર અક્ષાંશ |
| | | ૭૨.૩૮ થી ૭૪.૨૩ પૂર્વ રેખાંશ |
| કુલ ગામો | : | ૧૨૭૮ |
| નદીઓ | : | તાપી, કીમ, મીંઢોળા, પૂર્ણા, અંબિકા |
| બંધો | : | ઉકાઈ અને કાકરાપાર |
| નહેરો | : | ૧૯૮૧ કિ.મી. |
| મુખ્ય પાકો | : | જુવાર, ડાંગર, શેરડી, કપાસ, ઘઉ |

### (૩) સુરત જિલ્લા વિશેની માહિતી :

પહેલી મે, ૧૯૬૦ના રોજ મુંબઈ રાજ્યને ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બે અલગ રાજ્યોમાં વહેંચી દેવામાં આવ્યું તે તારીખથી સુરત જિલ્લો ગુજરાત રાજ્યનો એક ભાગ બન્યો.

પહેલી જુન, ૧૯૬૪ના રોજ વહીવટના હેતુ માટે સુરત જિલ્લાના પારડી, વલસાડ, નવસારી, ગણદેવી, ચીખલી, વાંસદા અને ધરમપુર જેવા આઠ તાલુકાઓને તબદીલ કરીને સુરત જિલ્લામાંથી અલગ જિલ્લા તરીકે વલસાડ જિલ્લાની રચના કરવામાં આવી.

ઓકટોબર, ૧૯૯૭થી ગુજરાત રાજ્યનાં ૨૫ જિલ્લાઓ અસ્તિત્વમાં આવ્યા. આમ, સુરત જિલ્લો ૨૫ જિલ્લાઓ પૈકી દક્ષિણ ગુજરાત રાજ્યનો મહત્ત્વપૂર્ણ જિલ્લો છે. જેનું મુખ્ય વહીવટી મથક સુરત શહેર છે.

**(૪) સુરત જિલ્લાની વસતી વિષયક તથા શૈક્ષણિક સંદર્ભમાં જિલ્લાની વિશિષ્ટતાઓ આ મુજબ છે.**

૧. સુરત જિલ્લાની કુલ વસતિ :

| | |
|---|---|
| પુરુષો | ૨૭,૨૨,૬૭૫ |
| સ્ત્રીઓ | ૨૨,૭૩,૭૧૬ |
| કુલ | ૪૯,૯૬,૩૯૧ |

૨. સાક્ષરતા આંક :

| | |
|---|---|
| પુરુષો | ૧૯,૩૭,૦૩૮ (૮૧.૮૭) |
| સ્ત્રીઓ | ૧૩,૦૯,૩૯૮ (૬૦.૭૧) |
| કુલ | ૩૨,૪૬,૪૩૬ (૭૫.૦૦) |

૩. શાળાઓની સંખ્યા :

| | | |
|---|---|---|
| (અ) | સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત | ૧,૭૮૬ |
| (બ) | સુરત મહાનગરપાલિકા શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત | ૦,૨૬૪ |
| (ક) | સમાજ કલ્યાણ ખાતા દ્વારા સંચાલિત આશ્રમ શાળાઓ | ૦,૧૨૧ |
| (ડ) | ખાનગી પ્રાથમિક શાળાઓ | ૦,૬૫૦ |

૪. શિક્ષકોની સંખ્યા :

| | |
|---|---|
| પુરુષો | ૮,૨૦૬ |
| સ્ત્રીઓ | ૩,૫૩૫ |
| કુલ | ૧૧,૭૪૧ |

૫. વિદ્યાર્થીઓની સંખ્યા :

| | |
|---|---|
| કુમાર | ૧,૩૬,૫૦૯ |
| કન્યા | ૧,૩૧,૮૧૮ |
| કુલ | ૨,૬૮,૩૨૭ |

| | | |
|---|---|---|
| ૬. | કેળવણી નિરીક્ષકોની સંખ્યા | ૦૪૩ |
| ૭. | સી.આર.સી.ની સંખ્યા | ૨૩૬ |
| ૮. | બી.આર.સી. સંખ્યા | ૦૧૭ |
| ૯. | તાલુકાની સંખ્યા | ૧૪ – સુરત મહાનગરપાલિકા–૧ |

**(૫) ઉદ્‌ભવ અને વિકાસ :**

તારીખ ૦૬–૦૨–૮૯ થી સોરાબજી જે. જે. ટ્રેનિંગ કોલેજ અધ્યાપન, સુરતને અપગ્રેડ કરીને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરતમાં રૂપાંતર કરવામાં આવ્યું. છેલ્લાં ઘણાં વર્ષોથી જિલ્લા કક્ષાએ પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધરે તે માટે ડાયેટ દ્વારા યોજવામાં આવતા તાલીમી કાર્યક્રમોમાં જિલ્લાની શિક્ષણ સમિતિઓ, શૈક્ષણિક સંસથાઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘના હોદેદારો, પ્રાથમિક શાળાઓના આચાર્યો અને પ્રાથમિક શાળાઓના શિક્ષકો તેમજ જૂથ સંસાધન કેન્દ્રોનો સહયોગ સુંદર રહેવા પામ્યો છે.

વિવિધ પ્રકારની સંસ્થાઓ તરફથી સમયાંતરે આર્થિક સહાય પ્રાપ્ત થાય છે. ભવનના સર્વ કર્મચારીઓના વ્યાવસાયિક વિકાસ અર્થે સેવાકાલીન તાલીમ એ સંસ્થાઓ દ્વારા પ્રાપ્ત થતી રહે છે. ભવનની વિવિધ સાત શાખાઓનાં કાર્યોને વધુ ફળદાયી

બનાવવા અર્થે સમયાનુસાર સહયોગ પ્રાપ્ત થતો રહે છે. ક્રમબદ્ધ સર્વાંગી વિકાસની પ્રક્રિયામાં સુરત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સૌની સાથે કદમ મિલાવી રહેલ છે.

### ૨.૨.૪ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી*

**(૧) પ્રસ્તાવના :**

ગુજરાતમાં એપ્રિલ ૧૯૬૪ માં સ્થપાયેલ રાજ્ય શિક્ષણ ભવનની કક્ષા ઉંચે લઈ જવામાં આવી અને તેને ૧૯૮૬ માં ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદનું નામાભિધાન કરવામાં આવ્યું. રાજ્ય કક્ષાએ જી.સી.ઈ.આર.ટી. દ્વારા દરેક જિલ્લામાં કાર્યરત પી.ટી.સી. અધ્યાપન મંદિરની કક્ષા ઉંચે લઈ જઈ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઊા કરાયા અને શિક્ષક પ્રશિક્ષણની તમામ જવાબદારીઓ તેમને સોંપવામાં આવી. આ રીતે જી.સી.ઈ.આર.ટી. હેઠળ ડિસેમ્બર ૧૯૯૫ સુધી ગુજરાતનાં ત્રણ જિલ્લા (ગાંધીનગર, ડાંગ, અને વલસાડ) સિવાય ૧૬ જિલ્લાઓમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો કાર્યરત થઈ ચૂકયા હતા. અત્યારે હાલ (૨૦૦૩) માં દરેક જિલ્લામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન કાર્યરત છે.

**(૨) અમરેલી જિલ્લાનું વિહંગાવલોકન અને વિશેષતા :**

અમરેલી જિલ્લો અનેક દૃષ્ટિએ વિશિષ્ટ જિલ્લો છે. તેની વિશેષતા અને ભૌગોલિક પરિસ્થિતિનું વિહંગાવલોકન અત્રે પ્રસ્તુત છેઃ

| | |
|---|---|
| વિસ્તાર | : ૬૭૭૦ ચો.કિ.મી. |
| કુલ વસ્તી | : ૧૪,૮૪,૯૧૯ |
| | (સ્ત્રીઓઃ ૭,૩૧,૪૬૦; પુરુષોઃ ૭,૫૩,૪૫૯) |
| જાતિવાર પ્રમાણ | : દર ૧૦૦૦ પુરુષે ૯૮૨ સ્ત્રીઓ |
| સ્થાન | : ૨૦.૪૫ થી ૨૨.૧૫ અંશ ઉત્તર અક્ષાંશ |
| | ૭૦.૩૧ થી ૭૧.૪૫ અંશ પૂર્વ રેખાંશ |
| કુલ ગામડાઓ | : ૬૯૨; શહેરો–૧૨, તાલુકા–૧૧ |

| | |
|---|---|
| અક્ષર જ્ઞાનનો દર | : કુલ – ૬૦.૬% (સ્ત્રીઓઃ ૪૮.૭૭%, પુરુષોઃ ૭૧.૨૫%) |
| શાળાઓની સંખ્યા | : ૭૬૪ |
| શિક્ષકોની કુલ સંખ્યા | : ૪૯૮૦ (સ્ત્રી–૨૧૩૨, પુરુષ–૨૮૫૮) |
| વિદ્યાર્થીઓની કુલ સંખ્યા | : ૧,૯૭,૯૩૭ (કન્યા–૯૨,૦૮૨, કુમાર–૧,૦૫,૮૫૫) |
| કેળવણી નિરીક્ષકોની સંખ્યા | : ૨૨ |
| તાલુકાની સંખ્યા | : ૧૧ |
| C.R.C.ની સંખ્યા | : ૧૧૮ |
| B.R.C.ની સંખ્યા | : ૧૧ |

### (૩) અમરેલી ડાયેટનો ઉદ્ભવ અને સ્થાપના :

અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના વડિયા મુકામે ૧૯૬૦માં પુરુષ અધ્યાપન મંદિરની સ્થાપના થઈ હતી. તે જૂના સરકારી મકાનમાં અને ખૂબ જ ઓછી ભૌતિક સુવિધા સાથે શરૂ કરવામાં આવેલ હતું.

વડિયા અધ્યાપન મંદિરને અપગ્રેડ કરી તા. ૪–૨–૧૯૯૪થી તેને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં ફેરવવામાં આવ્યું. તે સમયે જરૂરિયાત કરતાં ઘણી ઓછી સગવડતાઓ સાથે પણ તે સમયના પ્રાચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની કામગીરીની શરૂઆત કરવામાં આવી. ડાયેટની સ્થાપના થતાં જ મહેકમ મુજબ સ્ટાફની ભરતી થઈ, અલગ–અલગ કુલ ૭ બ્રાન્ચની રચના કરવામાં આવી અને વિભાગવાર કાર્યક્રમોની વહેંચણી કરવામાં આવી. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપના થતાં જ ......

- ❖ સમગ્ર જિલ્લામાં પે સેન્ટર વાર કલસ્ટર રિસોર્સ સેન્ટર્સ (સી.આર.સી.)ની સ્થાપના કરવામાં આવી.
- ❖ દરેક તાલુકામાં જુદા–જુદા વિષયોની તાલીમો વિષય શિક્ષકોને આપવાની શરૂઆત થઈ.

- ❖ ધોરણવાર તાલીમ કાર્યક્રમો ક્રમિક શરૂ કરવામાં આવ્યા.
- ❖ જિલ્લાભરના શિક્ષકોમાં શિક્ષણના પ્રચાર પ્રસારનો નવો સંચાર ચાલુ થયો. ઉતેજના આવી.
- ❖ તાલીમાર્થીઓ વિષયવાર સજ્જતા પ્રાપ્ત કરવા લાગ્યા.
- ❖ સ્ટેટ રિસોર્સ ગ્રુપ અને કલસ્ટર રિસોર્સ ગ્રુપની રચના કરવામાં આવી.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની કામગીરી વધુ સઘન કરવાના હેતુથી તેને જિલ્લાના મુખ્ય મથકે ફેરવવું જરૂરી બન્યું. તેથી તા. ૨૧–૬–૯૬ના રોજ વડિયાથી અમરેલી ખાતે ભાડાના મકાનમાં ફેરવવામાં આવ્યુ. આ સંસ્થાને શહેરથી દૂર શાંત વાતાવરણમાં લઈ જવા માટે ફરીથી ભાડાના અન્ય મકાનમાં તેને જૂન–૯૭માં ફેરવવામાં આવ્યું. જયાં આ સંસ્થાના શિક્ષણના ગુણાત્મક સુધારણાના કાર્યની શરૂઆત થઈ અને તેના ગુણાત્મક સુધારણાના અનેક કાર્યો આ સ્થળેથી થયા. શરૂઆતમાં પ્રશિક્ષણાર્થીઓ વૃક્ષ નીચે બેસીને પણ પ્રશિક્ષણ મેળવતા હતા. તેમ છતાં પ્રાચાર્ય અને અન્ય સ્ટાફના સારા ટીમવર્કને લીધે આ ડાયેટ પ્રસંશનીય કાર્ય કરી શકયું. ઓગસ્ટ ૨૦૦૨થી આ ડાયેટને પોતાની માલિકીનું અલાયદુ બિલ્ડીંગ મળ્યું. જેમાં હાલ ઘણી નવી ટેકનોલોજીનો ઉમેરો થતાં આ કાર્યનો વ્યાપ ઘણો જ વિસ્તરી રહ્યો છે, અને ભવનના કર્મચારીઓ પોતાની પૂરી લગનથી આ ભવનના વધુ અને વધુ વિકાસની અપેક્ષાએ પોતાનું કાર્ય કર્યે જાય છે.

### (૪) ભૌતિક સુવિધાઓ :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની માર્ગદર્શક સૂચનાઓમાં જણાવવામાં આવ્યું છે તે પ્રમાણે ભવન પાસે અંદાજે ૧૦ એકર જેટલો પૂરતો વિસ્તાર ધરાવતું મેદાન, ૧૭૦૦૦ ચો. ફુટના ભોંયતળીયાના ક્ષેત્રફળ સાથેનું ભવનનું મકાન, તાલીમાર્થીઓ માટે ૧૫૦ થી ૨૦૦ બેઠકના સમાવેશ વાળું અલગ છાત્રાલય, સ્ટાફ નિવાસ આચાર્ય સહિત પાંચ વ્યક્તિઓ માટે, ગ્રંથાલય, વાંચનાલય, પ્રયોગશાળા, બગીચો, કમ્પ્યૂટરખંડ તેમજ અન્ય સુવિધાઓ છે.

## ૨.૨.૫ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ*

### (૧) પ્રસ્તાવના

રાજકોટ નગર આજી નદીના કાંઠે ૧૬૧૦ની સાલમાં વસ્યું હતું. એ સમયના ઠાકોર વિભાજીએ રાજકોટ શહેરની સ્થાપના કરી. રાજકોટ ૨૮૨ ચો.માઈલ અને ૬૪ ગામો ધરાવતું રાજ્ય હતું.

૧૭૨૦ની સાલમાં સોરઠ પ્રાંતના નાયબ ફોજદાર માસૂમખાને ઠાકોર મેરામણજી બીજાને લડાઈમાં હરાવ્યા અને રાજકોટ સર કર્યું, અને રાજકોટનું નામ બદલીને માસૂમાબાદ રાખવામાં આવ્યું. ફરી પાછું ૧૭૩૨માં ઠાકોર મેરામણજીના પાટવી કુંવર રણમલજીએ પિતાનું વેર લેવા માસુમખાનને રાજકોટમાં ઠાર કર્યો અને રાજકોટ જીતી લીધું. આ વિજયની સાથે આ નગરનું નામ ફરીથી રાજકોટ રખાયું.

મોગલ સામ્રાજયની ભાગલા પાડવાની નીતિની અસરમાં આવી ગયેલા, રાજકોટની ગાદી માટેના વારસદારો વચ્ચે પ્રવર્તતી સો વર્ષની ઈર્ષ્યા અને સંઘર્ષોનો ઈ.સ. ૧૮૦૭–૦૮માં કોલોનલ વોકરની સમજૂતીથી અંત આવ્યો. તેના પરિણામે રાજકોટ જિલ્લાની હાલની સ્થિતિ અસ્તિત્વમાં આવી. ઈ.સ. ૧૮૨૨માં રાજકોટમાં બ્રિટીશરોએ પોતાની એજન્સીની સ્થાપના કરી, રાજકોટને કાઠીયાવાડ દ્વીપકલ્પના મુખ્ય મથકનો તાજ પહેરાવવામાં આવ્યો, જેને કારણે રાજકોટનો વિકાસ એક એવી વસાહત તરીકે થયો, જેમાં રાજકોટમાં બ્રિટીશરો પોતાના દેશમાં ભોગવતા હતા. તેવા બધા લાભ ઉપલબ્ધ હોય, તેનો લાભ રાજકોટને મળ્યો. જેમકે રાજકુમાર કોલેજ અને આલ્ફ્રેડ હાઈસ્કૂલની સ્થાપના કે જેમાં મહાત્મા ગાંધી ભણ્યા, તેને ગણાવી શકાય. રાજકોટ પ્રથમ એવું શહેર બન્યું કે જેમાં યુરોપિયન પદ્ધતિની સારવારની સુવિધાઓ ઈ.સ. ૧૯૩૬માં રાજકોટ સિવિલ હોસ્પિટલની સ્થાપનાથી ઉપલબ્ધ બની.

૧૯૩૭માં દીવાન વીરાવાળાના જુલમી તંત્ર સામે બેચરવાલા વાઢેરે તહોમતામું પોકાર્યું અને ૧૯૩૮માં રાજકોટ સત્યાગ્રહ શરૂ થયો, જેનું સરદાર વલ્લભભાઈ પટેલે આવીને સમાધાન કરાવ્યું. પાછળથી તેનો ભંગ થતાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ

રાષ્ટ્રીયશાળામાં ઉપવાસ શરૂ કર્યા. ૧૯૪૨ની હિન્દ છોડો ચળવળ સમયે રાજકોટ ભૂગર્ભ લડત પ્રવૃત્તિઓનું મહત્ત્વનું કેન્દ્ર બની રહ્યું.

સ્વતંત્ર સંગ્રામની ગતિની સાથે રાજકોટ શહેરે પણ પોતાનું યોગદાન આપ્યું હતું. ઈ.સ. ૧૯૨૨માં રાજકોટના રાજ્યકર્તા ઠાકોરસાહેબ લાખાજીરાજ દ્વારા પ્રતિનિધિસભાની સ્થાપના અને તેના દ્વારા ઊઠાવેલ સંલગ્ન મુદ્દાઓએ રાજકોટને મહાત્મા ગાંધીની અહિંસાના પ્રયોગ માટેની "પ્રયોગશાળા" તરીકે ઉપલબ્ધ બનાવ્યું હતું.

આઝાદી બાદ ૧૯૪૮માં એપ્રિલની ૧૫મી તારીખે દેશી રજવાડાઓનું અસ્તિત્વ ભૂંસાયું અને તેનું વિલીનીકરણ થતાં સૌરાષ્ટ્ર રાજ્ય અમલમાં આવ્યું. આમ, રાજકોટ સૌરાષ્ટ્ર રાજ્યનું પાટનગર બન્યું. સાથોસાથ તારીખ ૧લી ઓકટોબર ૧૯૪૯ના રોજ રાજકોટ શહેરની પ્રજાએ ચૂંટેલી સુધરાઈ અસ્તિત્વમાં આવી.

## (૨) રાજકોટ જિલ્લાનું વિહંગાવલોકન અને વિશેષતા :

રાજકોટ જિલ્લાની ભૌગોલિક અને શૈક્ષણિક માહિતી પ્રાપ્ત થાય તે માટે રાજકોટ જિલ્લાની સંપૂર્ણ માહિતી ટૂંકમાં નીચે મુજબ આપવામાં આવી છે :

| | |
|---|---|
| જિલ્લાનું મુખ્ય મથક | : રાજકોટ |
| ક્ષેત્રફળ | : ૧૧,૨૦૩ ચો.કિ.મી. |
| અક્ષાંશ | : ૨૦°૫૮' ઉત્તર અક્ષાંશથી ૨૩°૧૮' ઉત્તર અક્ષાંશ |
| રેખાંશ | : ૭૦°૨૦' પૂર્વ રેખાંશથી ૭૧°૪૦' પૂર્વ રેખાંશ |
| કુલ વસ્તી | : ૨૫,૭૧,૯૩૧ (સ્ત્રી–૧૨,૩૯,૩૮૬ અને પુરુષ–૧૩,૩૨,૫૪૫) |
| જાતિવાર પ્રમાણ | : દર ૧૦૦૦ પુરુષે ૯૩૦ સ્ત્રીઓ |
| ગામડાઓ | : ૮૫૬ |
| તાલુકાઓ | : ૧૪ |
| મહાનગરપાલિકા | : ૧ (રાજકોટ) |

| | | |
|---|---|---|
| તાલુકા પંચાયતો | : | ૧૪ |
| સાક્ષરતા આંક | : | ૭૫.૮૮% (સ્ત્રી–૬૭.૬૪%, પુરુષ–૮૩.૬૬%) |
| સરેરાશ વરસાદ | : | ૫૦૦ થી ૬૦૦ મીલીમીટર |
| રેલવે | : | ૩૬૬.૫૭ કિ.મી. |
| સાગરકાંઠો | : | ૩૫ કિ.મી. |
| મુખ્ય પાકો | : | મગફળી, કપાસ, ઘઉં, બાજરી |
| પ્રાથમિક શાળાઓ | : | ૧૨૦૩ |
| C.R.C.ની સંખ્યા | : | ૧૬૫ |
| B.R.C.ની સંખ્યા | : | ૧૪ |
| માધ્યમિક શાળાઓ | : | ૩૬૧ |
| ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | : | ૧૧૦ |
| કોલેજો | : | ૧૦૫ |
| યુનિવર્સિટી | : | ૧ |

**(૩) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટનો ઉદ્ભવ અને વિકાસ :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટની સ્થાપના તા. ૬–૨–૧૯૯૦માં કરવામાં આવી, તે પહેલાં આ સંસ્થા 'બાર્ટન ટ્રેનિંગ કોલેજ ફોર વિમેન' તરીકે અસ્તિત્વ ધરાવતી હતી. બાર્ટન ટ્રેનિંગ કોલેજની સ્થાપના તા. ૩૦–૧૨–૧૮૮૫ના રોજ બાર્ટન ફીચરના પ્રયાસોથી સફળ બની. આમ જોઈએ તો જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ એ એકસો વર્ષ જૂની કેળવણીની સંસ્થા છે. બાર્ટન ટ્રેનિંગ કૉલેજના પ્રથમ સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે મીસ ગટ્રુઝ સ્પેન્સરે સેવા આપેલ. આ કૉલેજમાં તારાબેન મોડક, મંજુલાબેન મહેતા,મંદાકિનીબેન મહેતા જેવા લબ્ધપ્રતિષ્ઠિત શિક્ષણ પ્રેમીઓએ પોતાની સેવાઓ આપી હતી. વર્ષ ૧૯૯૧માં રાજ્યના જિલ્લા મથકે આવેલી પી.ટી.સી. કોલેજને અપગ્રેડ કરીને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની સ્થાપના કરવામાં આવી. આમ

બાર્ટન ટ્રેનિંગ કોલેજ પણ અપગ્રેડ થઈને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ બની. બાર્ટન ટ્રેનિંગ કોલેજ માત્ર પૂર્વ સેવા શિક્ષક–પ્રશિક્ષણનું કાર્ય કરતી હતી, પરંતુ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપના સાથે સેવા અંતર્ગત શિક્ષક–પ્રશિક્ષણનું કાર્ય પણ હાથ ધરવામાં આવ્યું.

ત્રિકોણબાગ, રાજકોટ પાસે બાર્ટન ટ્રેનિંગ કોલેજના જુના બાંધકામને તોડીને કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ નવું મકાન બાંધવાની કાર્યવાહી વર્ષ ૧૯૯૮માં હાથ ધરવામાં આવી અને આશરે ૬૦૦૦ ચો.મી. જગ્યામાં એક કરોડના ખર્ચે સોળ રૂમનું એકેડેમિક બિલ્ડીંગ, એકસો તાલીમાર્થીઓને માટે સુવિધાપૂર્ણ હોસ્ટેલ, પ્રાચાર્ય નિવાસ, રેકટર નિવાસ બનાવવામાં આવેલ છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટના ભવનમાં જુદા જુદા તેર ખંડો છે તથા ગ્રંથાલયની અલગ વ્યવસ્થા પણ છે. ગુજરાત રાજ્ય શિક્ષણ અને તાલીમ પરિષદ, ગાંધીનગર દ્વારા અહીં વ્યાખ્યાતાઓની નિમણૂંક કરવામાં આવેલ છે. અહીં વિવિધ સાત શાખાઓમાં આયોજનપૂર્વક કાર્ય થતું રહે છે.

### ૨.૨.૬ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ*

**(૧) પ્રસ્તાવના :**

પુરાણ કાળથી 'રેવતાચળ' નામે પ્રસિદ્ધ છે તેવા સમુદ્રની સપાટીથી ૩,૬૬૬ ફુટની ઊંચાઈ ધરાવતા પ્રસિદ્ધ ગિરનાર પર્વતની તળેટીમાં આવેલું જૂનાગઢ શહેર પુરાતત્ત્વ, ઈતિહાસ, ભૌગોલિક રીતે અતિ અગત્યનું અને સૌરાષ્ટ્ર પ્રદેશના નાક સમાન શહેર છે. જૂનાગઢ પુરાતન કાળથી માંડીને આજ સુધી અનેક નામોથી પ્રસિદ્ધ થયેલ છે. જેમ કે મણીપુર, ચંદ્રકેતુપુર, રૈવતંગર, પુરાતનનગર, ગિરિનગર, જીર્ણદુર્ગ, મુસ્તફાબાદ અને છેલ્લે જૂનાગઢ.

જૂનાગઢમાં ઈ.સ. ૧૭૪૭માં જૂનાગઢનો વહિવટ કરવા નિમાયેલા શેરખાન બાબી નામના સરદારે દિલ્હી સલ્તનતની રાજકીય અંધાધૂંધીનો લાભ લઈ જૂનાગઢમાં નવાબી રાજ્યની સ્થાપના કરી હતી. જૂનાગઢના રાજાને 'નવાબ સાહેબ' કહેવામાં આવતા. આ

નવાબી શાસનના છેલ્લા રાજકર્તા શ્રી મહોબતખાનજીએ ઈ.સ. ૧૯૪૭ માં ભારતની આઝાદી પછી પાકિસ્તાનમાં જોડાવાનો નિર્ણય કરતાં જૂનાગઢ જિલ્લાની પ્રજાએ આ નિર્ણય સામે બંડ પોકાર્યો અને કુતિયાણાના વતની તથા પૂજ્ય મહાત્મા ગાંધીજીના ભત્રીજા અને 'વંદેમાતરમ્' સામયિકના તંત્રીશ્રી શામળદાસભાઈ ગાંધીની આગેવાની હેઠળ 'આરઝી હકુમત' ની રચના થઈ. આ લોકનેતાએ તારીખ ૦૯–૧૧–૧૯૪૭ના રોજ જૂનાગઢનો કબ્જો લીધો. રાજ્ય કરતા નવાબશ્રી મહોબતખાનજી કુટુંબ સહિત પાકિસ્તાન ચાલ્યા જતાં, અઢીસો વર્ષની નવાબીનો અંત આવ્યો.

ત્યારબાદ હિંદસંઘની દેખરેખ નીચે એડમીનીસ્ટ્રેટરની નિમણૂંક થઈ. તારીખ ૨૦–૦૨–૧૯૪૮ના રોજ હિંદસંઘમાં રહેવું કે પાકિસ્તાનમાં ? તે નક્કી કરવા જૂનાગઢની પ્રજા માટે ગુપ્ત મતદાન યોજવામાં આવ્યું. તારીખ ૦૧–૦૩–૧૯૪૮ના રોજ પરિણામ જાહેર થતાં ૧,૯૦,૭૯૯ મત ભારતમાં જોડાવા અને ૯૧ મત પાકિસ્તાનમાં જોડાવા માટે જાહેર થતાં જૂનાગઢ સૌરાષ્ટ્ર રાજ્ય સાથે જોડાઈ ગયું. ૧૯૬૦માં ગુજરાત રાજ્ય થતાં આજે જૂનાગઢ શહેર ગુજરાત રાજ્યના જિલ્લાનું મથક છે.

**(૨) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢનું વિહંગાવલોકન અને વિશેષતા :**

| | |
|---|---|
| સમુદ્રની સપાટીથી ઊંચાઈ | : ૨૭૧૮૯ ફૂટ |
| વિસ્તાર | : ૧૦,૫૭૭ ચો.કિ.મી. |
| સ્થાન | : ૨૦.૪૪ થી ૨૧.૪૦ ઉત્તર અક્ષાંશ<br>૬૯.૪૦ થી ૭૧.૫૦ પૂર્વ રેખાંશ |
| ક્ષેત્રફળ | : ૩,૭૭૦ એકર અને ૩૨ ગુંઠા |
| કુલ વસ્તી | : ૨૪,૪૮,૪૨૭ (સ્ત્રી–૧૧,૯૫,૯૬૯ અને<br>પુરુષ–૧૨,૫૨,૪૫૮) |
| સાક્ષરતા આંક | : ૬૮.૬૫% (સ્ત્રી–૫૬.૯૨%, પુરુષ–૭૯.૩૯%) |

| | | |
|---|---|---|
| જાતિવાર પ્રમાણ | : | દર ૧૦૦૦ પુરુષે ૯૯૫ સ્ત્રીઓ |
| ગામડાઓ | : | ૧૦૨૪ |
| તાલુકાઓ | : | ૧૪ |
| મહાનગરપાલિકા | : | ૧ (હાલ અસ્તિત્વમાં આવેલ છે) |
| પ્રાથમિક શાળાઓ | : | ૧૨૪૮ |
| માધ્યમિક શાળાઓ | : | ૪૩૪ |
| ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | : | ૯૯ |
| કોલેજો | : | ૩૮ |
| C.R.C.ની સંખ્યા | : | ૧૬૫ |
| B.R.C.ની સંખ્યા | : | ૧૪ |

**(૩) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢનો ઉદ્‌ભવ અને વિકાસ :**

ગુજરાતમાં પૂર્વસેવાકાલીન અધ્યાપન મંદિરોની સ્થાપના આશરે સવાસો વર્ષ પહેલાંથી થયેલી છે. મહિલા અધ્યાપન મંદિર, જૂનાગઢની સ્થાપના તા. ૧૪–૭–૧૯૪૯થી થયેલી છે. જૂનાગઢ શહેરમાં બિલખા રોડ પર ગિરનારની ગોદમાં ભોપાલ બેગમના બંગલાના નામે પ્રસિદ્ધ ઐતિહાસિક કલાકૃતિઓથી શોભતું જૂનું અડીખમ ભવ્ય બાંધણીવાળું ભવન એ જ અધ્યાપન મંદિર કે જેનો કુલ વિસ્તાર સાત એકર છે. તેને તા. ૧૮–૧–૧૯૯૧થી અપગ્રેડ કરીને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપના કરવામાં આવી. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપના સાથે સેવા અંતર્ગત શિક્ષક–પ્રશિક્ષણનું કાર્ય પણ હાથ ધરવામાં આવ્યું. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના મકાનમાં પૂર્ણ સુવિધાઓ ઉપલબ્ધ છે. વિવિધ ખંડો, સાયન્સ કોર્નર, પ્રયોગશાળા, કોન્ફરન્સ હોલ વગેરે ભવનની ભૌતિક સુવિધાને પરિપૂર્ણ કરે છે. પૂરતા પ્રમાણમાં કર્મચારીઓની તથા અઢાર જેટલા અધ્યાપકોની નિમણૂંક થયેલ છે.

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગરનાં માર્ગદર્શન અને દેખરેખ હેઠળ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ક્રમશઃ વિકાસ સાધી રહેલ છે.

### ૨.૨.૭ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરા*

**(૧) પ્રસ્તાવના :**

ભારતને ૧૯૪૭માં સ્વતંત્રતા મળ્યા પછી દેશી રાજ્યોનું એકીકરણ થયું. ઈ.સ. ૧૯૪૯ના મે માસમાં વડોદરા જિલ્લો અસ્તિત્વમાં આવ્યો. વડોદરા જિલ્લાની ઉત્તરે પંચમહાલ જિલ્લો, દક્ષિણે ભરૂચ જિલ્લો, પશ્ચિમ દિશામાં આણંદ જિલ્લો અને પૂર્વ દિશામાં મધ્ય ભારત આવેલ છે. વડોદરા જિલ્લાની દક્ષિણે નર્મદા તો ઉત્તરે વિશ્વામિત્રી નદી વહે છે. જિલ્લાનો વિસ્તાર ૭૫૪૯ ચો.કિ.મી. છે, તેમાં ૧૨ તાલુકાઓ અને ૧૫૪૩ ગામડાઓ છે. જિલ્લાની કુલ વસ્તી ૩,૬૩,૯૭૫ છે.

જિલ્લા વિશેની શૈક્ષણિક માહિતી માટે આ પ્રકરણમાં જિલ્લાનો સાક્ષરતા આંક, શાળાઓ–વિદ્યાર્થીઓ–શિક્ષકોની સંખ્યા વગેરે વિગતો સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવેલ છે.

**(૨) સાક્ષરતા આંક :**

**સારણી – ૩.૧૫**

**વડોદરા જિલ્લાના જાતિ પ્રમાણે સાક્ષરતા આંકની યાદી**

| *ક્રમ* | *વિગત* | *ટકાવારી* |
|---|---|---|
| ૧. | પુરુષ | ૭૨.૦૯ |
| ૨. | સ્ત્રી | ૪૮.૦૯ |
| | કુલ.. | ૬૩.૭૨ |

સારણી–૩.૧૫માં દર્શાવ્યા પ્રમાણે જિલ્લાનો સાક્ષરતા આંક ૬૩.૭૨% છે. પુરુષોની સરખામણીએ સ્ત્રીઓનો સાક્ષરતા આંક ઘણો નીચો છે.

## (૩) શાળાઓની સંખ્યા :

**સારણી – ૩.૧૬**

**શાળાની સંખ્યા દર્શાવતી યાદી**

| *ક્રમ* | *વિગત* | *શાળાની સંખ્યા* |
|---|---|---|
| ૧. | જિલ્લા | ૨૨૦૫ |
| ૨. | વડોદરા કોર્પોરેશન | ૧૨૫ |
| ૩. | ડભોઈ કોર્પોરેશન | ૧૩ |
| | કુલ સંખ્યા | ૨૩૪૩ |

આમ, આ જિલ્લામાં કુલ ૨૩૪૩ શાળાઓ આવેલ છે. જેમાં વડોદરા કોર્પોરેશન અને ડભોઈ કોર્પોરેશન હેઠળ અનુક્રમે ૧૨૫ અને ૧૩ શાળાઓ આવેલી છે. એ સિવાય વડોદરા જિલ્લાની બીજી ૨૨૦૫ શાળાઓ આવેલી છે.

## (૪) શિક્ષકોની કુલ સંખ્યા

**સારણી – ૩.૧૭**

**શિક્ષકોની સંખ્યા દર્શાવતી યાદી**

| *ક્રમ* | *વિગત* | *શિક્ષકની સંખ્યા* |
|---|---|---|
| ૧. | જિલ્લાના | ૭૯૦૫ |
| ૨. | વડોદરા કોર્પોરેશન | ૧૩૬૭ |
| ૩. | કુલ.. | ૯૨૭૨ |

વડોદરા જિલ્લામાં કુલ ૯૨૭૨ શિક્ષકો છે, જેમાંથી ૭૯૦૫ શિક્ષકો વડોદરા જિલ્લા સ્થિત છે.

## (૫) વિદ્યાર્થીની સંખ્યા

**સારણી – ૩.૧૮**

**જિલ્લાની શાળાઓમાં જાતિ પ્રમાણે વર્ગીકરણ**

| *ક્રમ* | *વિગત* | *જિલ્લા* | *કોર્પોરેશન* | *કુલ* |
|---|---|---|---|---|
| ૧ | કુમાર | ૧,૫૮,૯૩૦ | ૨૪,૫૬૧ | ૧,૮૩,૪૯૧ |
| ૨. | કન્યા | ૧,૩૫,૭૩૬ | ૨૬,૧૩૯ | ૧,૬૧,૯૭૫ |
| | કુલ.. | ૨,૯૪,૮૬૬ | ૫૦,૭૦૦ | ૩,૪૫,૪૬૬ |

વડોદરા જિલ્લા તથા કોર્પોરેશનની મળીને વિદ્યાર્થી સંખ્યા ૩,૪૫,૪૬૬ થવા જાય છે. જેમાં ૧,૮૩,૪૯૧ કુમારો છે અને ૧,૬૧,૯૭૫ કન્યાઓ છે.

## (૬) B.R.C. અને C.R.C. ની સંખ્યા :

વડોદરા જિલ્લામાં જિલ્લા કક્ષાએ ૧૨ B.R.C. કાર્યરત છે. જયારે વડોદરા કોર્પોરેશન સ્તરે ૦૨ B.R.C. કાર્યરત છે, આમ કુલ B.R.C. ની સંખ્યા ૧૪ની છે, જયારે વડોદરા જિલ્લામાં કુલ ૨૧૭ C.R.C. પ્રવૃત્તિમય છે.

## (૭) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાનો ઉદ્ભવ અને વિકાસ :

વડોદરાના શ્રીમંત મહારાજા ગાયકવાડે ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કરેલ તે સમયમાં તાલીમી શિક્ષકનું મહત્ત્વ શિક્ષણમાં ઘણું જ હતું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ભાગરૂપે જી.સી.ઈ.આર.ટી. નાં નિયંત્રણ હેઠળ ૧૯૮૮માં સ્થપાયેલી ઓગણીસ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો પૈકીનું એક તે વડોદરાનું જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન. વડોદરા જિલ્લામાં ચાર અધ્યાપન મંદિરો પૈકી સ્ત્રી અધ્યાપન મંદિર, સુરસાગર અને પુરુષ અધ્યાપન મંદિર, કારેલીબાગ વડોદરામાં તેમ જ બીજા બે અધ્યાપન મંદિરો પાદરા તાલુકાના ડબકા ગામે તથા છોટાઉદેપુરમાં આવેલાં છે.

શરૂઆતમાં જૂના અધ્યાપન મંદિરમાં જ નવી ગાઈડ લાઈન મુજબ સાધનો, પુસ્તકો વસાવી આ ભવન ચાલુ કરવામાં આવેલ. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬માં

શિક્ષણની ગુણવત્તા પર ખૂબ ભાર મૂકાયો. જિલ્લા ભવનો દ્વારા સેવાકાલીન તથા પૂર્વસેવા તાલીમની વ્યવસ્થાથી છેવટના ગામમાં શિક્ષણ આપતા શિક્ષકોને આવરી લેવાનો પ્રયાસ થાય છે. સાથેજ શાળામાં આવતાં બાળકો અને શાળા બહાર રહી જતા ૬ થી ૧૪ વર્ષની વયના બાળકોને શિક્ષણની સુવિધાઓ આપવાનું નક્કી કરવામાં આવ્યું, જે કાર્ય આ ભવને ઉપાડી લીધું છે.

ભવનને પોતાનું આધુનિક સગવડના સાથેનું મકાન છે, જે અંદાજે દસ એકર જમીનમાં દસ હજાર ચો.ફુટ બાંધકામ ધરાવે છે. કન્યા તથા કુમારો માટે બે અલગ–અલગ છાત્રાલયો છે. સ્ટાફ નિવાસ, પ્રાચાર્ય નિવાસ તથા રેકટર નિવાસની પણ સુવિધા ઉપલબ્ધ છે. જી.સી.ઈ.આર.ટી. દ્વારા જરૂરી અધ્યાપકોની નિમણૂંક થયેલ છે.

### ૨.૨.૮ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર*

(૧) પ્રસ્તાવના :

પંચમહાલ જિલ્લાની ઉત્તરે સાબરકાંઠા જિલ્લો, દક્ષિણે વડોદરા જિલ્લો, પશ્ચિમે ખેડા જિલ્લો અને પૂર્વમાં દાહોદ જિલ્લો આવેલ છે. પંચમહાલની ઉત્તર દિશામાં રાજસ્થાન રાજ્યની સરહદ પણ આવેલી છે, આ જિલ્લો સામાજિક અને આર્થિક દૃષ્ટિએ પછાત જિલ્લો છે. અલબત, પંચમહાલ જિલ્લાને પોતાની આગવી વિશેષતાઓ પણ છે.

આ જિલ્લાનું નામ પંચમહાલ કેમ પડયું, તે જાણવું રસપ્રદ બની રહેશે. આ વિસ્તારમાં રાજા મહારાજાઓએ પાંચ મહેલો બનાવેલ હતા, અને તે બધાને એક જિલ્લામાં રાખવામાં આવ્યા. આમ, પાંચ મહેલોનો વિસ્તાર જિલ્લો બની ગયો. સમય જતાં પાંચ મહેલમાંથી પંચમહાલ તરીકે જિલ્લાનું અસ્તિત્વ થયું. આમ આ જિલ્લામાં પાંચ જુદી જુદી જગ્યાએ આવેલ મહેલો જેવા કે સંતરામપુર, દેવગઢ બારીયા, સંજેલી, લુણાવાડા અને પાવાગઢ જોવા લાયક સ્થળો છે. આ જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં છુટાછવાયા ડુંગરાળ વિસ્તારોમાં આદિવાસી લોકો વસવાટ કરે છે. આ જિલ્લાનું લોકનૃત્ય તેની આગવી ઓળખ છે.

## (૨) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરનું વિહંગાવલોકન :

| | | |
|---|---|---|
| ક્ષેત્રફળ | : | ૫૦૮૩.૧૪ ચો કિ.મી. |
| કુલ વસ્તી | : | ૨૦,૨૪,૮૮૩ (સ્ત્રી–૯૮૦૬૭૩, અને પુરુષ–૧૦૪૪૨૧૦) |
| સાક્ષરતા આંક | : | ૫૧.૫૨% |
| તાલુકા | : | ૧૧ |
| મહાનગરપાલિકા | : | – |
| પ્રાથમિક શાળાઓ | : | ૨૧૮૧ |
| માધ્યમિક શાળાઓ | : | ૨૯૭ |
| ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | : | ૧૧૯ |
| કોલેજો | : | ૧૪ + ૭ |
| CRC ની સંખ્યા | : | ૨૦૦+ |
| BRC ની સંખ્યા | : | ૧૧ |

## (૩) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો ઉદ્‌ભવ અને વિકાસ :

પંચમહાલ જિલ્લાની દક્ષિણ દિશામાં આવેલ વડોદરા જિલ્લાના શ્રીમંત મહારાજા ગાયકવાડે ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કરેલ, તે સમયમાં તાલીમી શિક્ષકનું મહત્ત્વ શિક્ષણમાં ઘણું સ્વીકારવામાં આવેલ હતું.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૧૯૮૬માં શિક્ષકો માટે શૈક્ષણિક અને સાધનિક સહાયને કેન્દ્રવર્તી સ્થાન આપતા પ્રોગ્રામ ઓફ એકશનના પ્રકરણ–૨૩ માં Teachers and their trainingમાં પ્રાથમિક શિક્ષકોની સેવાકાલીન તથા પૂર્વ સેવા તાલીમને મહત્ત્વ આપવા કેટલીક પસંદગીની સંસ્થાઓને DIET તરીકે સ્થાપવાનું નક્કી કર્યું, તે અન્વયે સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ અને ગુણવત્તા સુધારવા માટે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના નિયંત્રણ હેઠળ કુલ ૧૯ ભવનો સ્થપાયા.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર પણ તે પૈકીનું સ્થપાયેલ એક ભવન છે. પંચમહાલ જિલ્લાના શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપના ૧૯૯૦માં સંતરામપુરમાં કરવામાં આવી. પંચમહાલ જિલ્લામાં પ્રશિક્ષણની માતબર સંસ્થા તરીકે અને જિલ્લાની 'એક લઘુ યુનિવર્સિટી' સમાન પ્રાથમિક શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર એપ્રિલ ૧૯૯૦ થી ઉમદા કાર્ય કરી રહેલ છે. હવે આ ભવન તેની કાર્યપ્રણાલીની ક્ષિતિજોને આંબી પૂર્વ સેવા શિક્ષણ–પ્રશિક્ષણની તાલીમ અને સેવાકાલીન તાલીમના ક્ષેત્રે હરણફાળ ભરી પંચમહાલ જિલ્લામાં ગુણવત્તાના સર્વવ્યાપીકરણ માટેના યશસ્વી પ્રયત્નો કરતી રહી છે.

ભવનનું આધુનિક મકાન આશરે દસ એકર જમીનમાં દસ હજાર ચોરસ ફુટ બાંધકામ સાથેનું નિર્માણ પામ્યું છે. કુમાર અને કન્યા માટે અલાયદાં છાત્રાલયો, સ્ટાફ નિવાસ, આચાર્ય નિવાસ, વોર્ડન નિવાસ તથા અન્ય સુવિધાઓ અહીં ઉપલબ્ધ છે.

હાલ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર ગોધરારોડ, કોલેજરોડ પર સંતરામપુર મુકામે આવેલ છે, અને આ સંતરામપુર એ પંચમહાલ જિલ્લાનો એક તાલુકો છે.

### ૨.૨.૯ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર*

**(૧) પ્રસ્તાવના અને વિહંગાવલોકન :**

સૌરાષ્ટ્રના ઝાલાવાડ પ્રદેશ તરીકે જાણીતો સુરેન્દ્રનગર જિલ્લો લીંબડી, ચૂડા, સાયલા, ચોટીલા, મૂળી, વઢવાણ, લખતર, પાટડી, ધ્રાંગધ્રા, અને હળવદ તાલુકાઓ ધરાવે છે. આશરે ૧૫ લાખ લોકોની વસ્તી ધરાવતા આ જિલ્લાનો સાક્ષરતા આંક ૫૪.૬૫ ટકા છે. પુરુષોની સાક્ષરતા ૬૭.૮૩ ટકા જયારે સ્ત્રીઓની સાક્ષરતા ૪૦.૬૫ ટકા છે. જિલ્લામાં ૬ પી.ટી.સી. કોલેજો, ૧૬૪ માધ્યમિક શાળાઓ, ૩૯ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ૨૩ ઉત્તર બુનિયાદ શાળાઓ અને ૭ આશ્રમ શાળાઓ છે. સુરેન્દ્રનગરમાં ઉચ્ચ શિક્ષણ માટે આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ કોલેજ, પોલીટેક્નિક ઉપરાંત ઈજનેરી અને મેડિકલ કોલેજોની સુવિધા ઉપલબ્ધ બની છે.

આ જિલ્લામાં જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત ૮૮૨ પ્રાથમિક શાળાઓ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૩૭ પ્રાથમિક શાળાઓ છે. પ્રાથમિક શાળાઓમાં ૧,૧૮,૬૫૫ છોકરાઓ અને ૯૬,૭૪૯ છોકરીઓ અભ્યાસ કરે છે. જિલ્લામાં ૧૩૫ સી.આર. સી. અને ૧૦ બી.આર.સી. આવેલા છે. જિલ્લાનાં કુલ ૧૯૨૪ વિકલાંગ બાળકો માટે ૫૫ પ્રવાસી શિક્ષકો (Special Teachers) છે. જિલ્લાનો ભૌગોલિક વિસ્તાર ૧૦,૪૮૯ ચો.કિ.મી. છે.

જિલ્લામાં તાલીમ પામેલ પ્રાથમિક શિક્ષકોની જરૂરિયાત પૂર્ણ કરવા લીંબડીના રાજમહેલમાં ઈ.સ. ૧૯૫૬ માં અધ્યાપન મંદિરનો આરંભ થયો હતો. આ અધ્યાપન મંદિર દ્વારા ઈ.સ. ૧૯૫૬ થી ૧૯૯૦ સુધી ભાઈઓને પી.ટી.સી.ની. તાલીમ આપવાનું કાર્ય સુંદર રીતે કરવામાં આવ્યું.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬ ની કાર્યયોજનામાં સૂચવ્યા મુજબ દેશના પ્રત્યેક જિલ્લામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપનાનું ધ્યેય હતું આ યોજના અન્વયે સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શિક્ષકો માટેની પૂર્વસેવા અને સેવાકાલીન તાલીમ માટે, સમાજ શિક્ષણ–પ્રૌઢ શિક્ષણ, અશાલય શિક્ષણ, શિક્ષણની ગુણવત્તા સુધારણા, વિકલાંગો માટેનું શિક્ષણ વગેરે બાબતો ધ્યાનમાં રાખીને તા. ૨૩–૫–૯૦ના સરકારી પુરુષ અધ્યાપન મંદિર, લીંબડીને અપગ્રેડ કરી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, લીંબડીમાં રૂપાતર કરવામાં આવ્યું. ઈ.સ. ૧૯૯૦ થી ૧૯૯૯ સુધી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું કાર્ય લીંબડીમાં ચાલ્યું. પુરુષ અધ્યાપન મંદિર, લીંબડી રાજમહેલના મકાનમાં ચાલતું હોવાથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનને આવશ્યક ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાથી સુરેન્દ્રનગર ખાતે એમ.પી શાહ આર્ટ્સ કોલેજની પાસે અને સ્વામિનારાયણ ગુરુકૂળની સામે સરકારી જમીન સંપાદિત કરી તેમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું નવું મકાન અને છાત્રાલય બાંધવામાં આવ્યાં. પ્રારંભનાં નવ વર્ષ લીંબડીમાં કાર્ય કર્યા પછી વર્ષોથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર તેના નવા મકાનમાં કામગીરી કરી રહ્યું છે.

### (૨) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગરનો વિકાસ :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો આરંભ લીંબડીમાં થયો હતો. લીંબડીના રાજમહેલમાં ઈ.સ. ૧૯૯૦ થી ઈ.સ. ૧૯૯૯ સુધી આ સંસ્થા કાર્યરત રહી. રાજમહેલનું મકાન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન માટે પર્યાપ્ત ન જણાતાં જિલ્લાના મુખ્ય મથક સુરેન્દ્રનગરમાં એસ.ટી. બસ સ્ટેન્ડની નજીક એમ. પી. શાહ આર્ટ્સ કોલેજના પાછળના ભાગમાં અને સ્વામિનારાયણ ગુરુકૂળની સામે ૮૫.૭૦×૬૩.૭૦ ચો.મી જમીન સંપાદિત કરી તેમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું અને છાત્રાલયનું નવું મકાન બાંધવામાં આવ્યું. આ ઉપરાંત આચાર્ય નિવાસસ્થાન અને સ્ટાફ કવાટર્સ પણ બાંધવામાં આવ્યાં.

ભવનનાં નવા મકાનમાં કુલ ૧૩ ઓરડાઓ છે. ભવનનાં મકાન ઉપરાંત કેમ્પસમાં છાત્રાલય, આચાર્ય નિવાસ અને સ્ટાફ કવાર્ટસ બનાવવામાં આવેલ છે. છાત્રાલયમાં અઢાર ખંડો છે અને પ્રત્યેક ખંડમાં પાંચ થી છ પ્રશિક્ષણાર્થીઓ રહે છે. પ્રત્યેક ખંડ પૂર્ણ સુવિધાયુકત છે. રમતના મેદાનની સુવિધા ઉત્તમ પ્રકારની છે, અને મેદાનમાં ફૂલ ઝાડનો ઉછેર વ્યવસ્થિત રીતે થયેલ છે.

જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા માનવ સંસાધનોની નિમણૂંક કરવામાં આવેલ છે. આ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઉત્તરોત્તર પ્રગતિ સાધી રહેલ છે.

## *૨.૨.૧૦ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર.*

### (૧) પ્રસ્તાવના અને વિહંગાવલોકન :

ગાંધીનગર ગુજરાત રાજ્યનું પાટનગર છે. વિશ્વના સૌથી સુંદર અને હરીયાળાં શહેર તરીકેની ગણના પામેલા આ જિલ્લાનો ભૌગોલિક વિસ્તાર સીમિત હોઈ જિલ્લાના પ્રાથમિક શિક્ષણનો વહીવટ ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા અલગ રીતે થતો હોવા છતાં પ્રાથમિક શિક્ષકોના સેવાકાલીન તાલીમ કાર્યક્રમોનું આયોજન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ દ્વારા હાથ ધરાતું હતું. પરંતુ રાજ્યસ્તરે એવું નક્કી કરવામાં આવ્યું કે જિલ્લાના તાલીમ ભવનો અલગ રીતે કામ કરતાં થાય તો જિલ્લાના પ્રાથમિક શિક્ષકોને

વખતોવખત જરૂરી બાબતોમાં માર્ગદર્શન પૂરૂં પાડી શકાય. આ દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને જાન્યુઆરી ૧૯૯૬માં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગરની સ્થાપના કરવામાં આવી.

ગાંધીનગર ડાયેટની શરૂઆત સેકટર–૧૨ના સરકારી માધ્યમિક શાળાના મકાનમાં થઈ. પરંતુ આ મકાનમાં અપૂરતી વીજ સુવિધા હોઈ સાધનોનો ઉપયોગ પૂરતા પ્રમાણેનો થઈ શકતો ન હતો. ડાયેટની સ્થાપના સમયે ૧૪ જગ્યાઓનો મહેકમ મંજૂર થયો હતો.

ડાયેટને સ્વતંત્ર મકાન અને પૂરતી સુવિધાઓવાળા મકાનની જરૂર હતી. આ માટે શિક્ષણ વિભાગના સચિવ અને જીસીઈઆરટીના અથાગ પ્રયત્નોને કારણે સેકટર–૧૯ ઈન્કવાયરી ઓફીસની પાસેના મકાનમાં કે જયાં પોલીટેકનિક બેસતી હતી તે મકાન ખાલી પડતાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગરને તે મકાન ફાળવવામાં આવ્યું. આજુબાજુની ખુલ્લી જગ્યા ઉપરાંત ખૂબ જ સુંદર વાતાવરણ અને પૂરતા ઓરડાવાળું મકાન ડાયેટને મળ્યું. ૧૯ ઓકટોબર ૧૯૯૮ના રોજ ડાયેટ નવા મકાનમાં ખસેડાયું તેમજ ડાયેટના મકાનમાં રંગરોગાન, પાણીની સુવિધા, ફર્નિચર તથા વીજળીની સુવિધા વ્યવસ્થિત કરાવવામાં આવી. વળી નવેમ્બર ૨૦૦૨માં સેકટર–૧૨ માં જીસીઈઆરટીના મકાનનું જયાં ખાતમૂર્હત થયું, ત્યાં ગાંધીનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પાયાનું પણ ખાતમૂર્હત થયું .

આમ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર તેના સ્થાપના કાળથી સતત વિકાસની પ્રક્રિયામાં હતું અને આજે પણ તેનો સતત વિકાસ થઈ રહ્યો છે. આ છ વર્ષની કામગીરીમાં જિલ્લો નાનો હોવા છતાં પોતાની વિશિષ્ટ કામગીરીને લીધે નાના સ્ટાફની સરખામણીમાં સફળતાના ઉચ્ચ શિખરો સર કરવામાં અવલ્લ નંબરે રહ્યું છે.

જાન્યુઆરી ૧૯૯૬માં સ્થપાયેલ ગાંધીનગર ડાયેટમાં રાજ્યના અન્ય ભવનોની જેમ અધ્યાપન મંદિરોને અપગ્રેડ કરીને ભવનો બનાવવામાં આવેલ તે પ્રકારની સંકલ્પના રહેલી નથી. પરંતુ આ ભવન મૂળથી જ નવું તૈયાર કરવાનું હોઈ ટાંચણીથી માંડી આંકડા

સુધી વસાવાની કામગીરી અને સાથે સાથે તેના ઉદેશ્યોને બર લાવવા તાલીમી કાર્યક્રમો દ્વારા સેવાકાલીન શિક્ષકોનું નવસંસ્કરણ કરવા તેમજ ભવનને ગુણાત્મક તાકાત ધરાવતું કરી કાર્યાન્વિત કરવું એ મોટો પડકાર હતો. આ પડકારને જીલીને પણ ગાંધીનગર ડાયેટ તેના ઉદેશ્યોને પાર પાડવા માટે હંમેશ તત્પર રહ્યું છે.

ગુજરાત રાજ્યનું પાટનગર ગાંધીનગર, ગાંધીનગર જિલ્લામાં માણસા, કલોલ, દહેગામ અને ગાંધીનગર એમ ચાર તાલુકા આવેલા છે. ગાંધીનગરમાં જગપ્રસિદ્ધ અક્ષરધામ, અડાલજમાં વાવ, કલોલમાં ઈફકો રીફાઈનરી વગેરે યાદગાર સ્થળો આવેલાં છે.

| | | |
|---|---|---|
| સ્થાન | : | ૨૩.૦૧ થી ૨૩.૫૬ ઉત્તર અક્ષાંશ અને ૭૨.૩૩ થી ૭૩.૭૭ પૂર્વ રેખાંશ |
| ક્ષેત્રફળ | : | ૨૧૩૭.૬૨ ચો.કિ.મી. |
| કુલ ગામ | : | ૨૮૭ |
| ગ્રામપંચાયત | : | ૨૯૬ |
| કુલ વસ્તી | : | ૧૩,૩૪,૭૩૧ જેમાં ગ્રામ વિસ્તાર : ૮૬૭૫૭૩ (સ્ત્રી : ૪૧૬૬૮૦) (પુરુષ : ૪૫૦૮૯૩) |
| શહેરી વિસ્તાર | : | ૪૬૭૧૫૮ (સ્ત્રી : ૨૧૯૬૯૧) (પુરુષ : ૨૪૭૪૬૭) |
| વસ્તીની ગીચતા | : | દર ચો.કિ.મી. દીઠ ૬૧૭ |
| જાતિ પ્રમાણ | : | ૧૦૦૦ પુરુષોએ ૯૧૧ સ્ત્રીઓ. |
| સાક્ષરતા પ્રમાણ | : | કુલ : ૭૬.૮૩% જેમાં સ્ત્રી – ૬૪.૮૫% અને પુરુષ – ૮૭.૯૨% |
| જિલ્લા પંચાયત સંચાલિત શાળા | : | પ્રાથમિક શાળા : ૫૫૦ + પે સેન્ટર : ૪૫ |
| ખાનગી પ્રાથમિક શાળા | : | ૩૨૩ |
| માધ્યમિક શાળા | : | ૧૪૬ |
| ઉચ્ચત્તર માધ્યમિક શાળા | : | ૮૪ |
| કોલેજ/ટેકનીકલ સંસ્થા | : | ૨૫ |
| આંગણવાડી | : | ૪૧૩૮ |

## ૨.૩ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સુવિધાઓ, શાખાઓ, કાર્યો વગેરે સંબંધી માહિતી*

પ્રસ્તુત સંશોધનના નિર્ધારિત હેતુઓમાંથી હેતુ ૩.૧ના સંબંધિત પ્રશ્નોને ચકાસતાં જણાય છે કે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના સ્થાપના સમયે તેની ભૌતિક સુવિધાઓ, તેની વિવિધ શાખાઓ અને આ શાખાઓનાં કાર્યો તથા ગ્રાંટ/આર્થિક સહયોગની માહિતીનો વિગતથી અભ્યાસ કરવો આવશ્યક બને છે. આ સંદર્ભમાં સંશોધનનાં નમૂનાનાં દસેય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના વ્યક્તિ અભ્યાસોને વિગતથી તપાસતાં જણાય છે કે..

(૧) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની સ્થાપના જે તે સમયે અસ્તિત્વ ધરાવતાં અધ્યાપન મંદિરોને અપગ્રેડ કરીને થયેલ છે અને સમયાંતરે ભવનોને પોતાનાં લગભગ લગભગ સમાન સુવિધાઓવાળાં નવાં મકાનોમાં ફેરવવામાં આવેલ છે. મૂળ ગાઈડલાઈન મુજબ પ્રત્યેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભવનમાં કેટલી સુવિધા હોવી જોઈએ. તેની વિગતો અત્રે ૨.૩.૧ માં દર્શાવેલ છે.

(૨) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોનાં કાર્યક્ષેત્રને વિવિધ સાત શાખાઓમાં પ્રારંભથી જ કે પછી કાળક્રમે વહેંચવામાં આવેલ છે. આ સાત શાખાઓ અને તેનાં કાર્યો બધાં જ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં સમાન જ જોવા મળે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિનાં ભાગરૂપે છેક જિલ્લા સ્તરે શિક્ષણની સુવિધાને વિકેન્દ્રિત કરવાનાં મૂળભૂત ઉદ્દેશ્યથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોનો વિકાસ થયેલ હોવાથી આ સમાનતા જોવા મળે તે સ્વાભાવિક છે. આ સાત શાખાઓ અને તેનાં કાર્યોનો વિસ્તૃત ચિતાર અત્રે ૨.૩.૨માં દર્શાવવામાં આવેલ છે. પરંતુ તે વિગતો જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનવાર દર્શાવેલ નથી, કારણ કે એક જ માહિતીની પુનરુક્તિનો દોષ ટાળવાનો ખ્યાલ અહીં ગર્ભિત છે.

(૩) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ભાગરૂપે વિકસાવવામાં આવેલ છે. એટલે ગ્રાંટની ફાળવણી, સાધન સંપત્તિની ખરીદી કે

અન્ય પ્રકલ્પવાર આર્થિક સહયોગ પણ બધાં જ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં લગભગ સમાન ધોરણે જ આપવામાં આવેલ છે. તેથી તેની વિગતો પણ સંશોધનનાં નમૂનાનાં ભવનો દીઠ આપવાનું અહીં ટાળવામાં આવેલ છે. આર્થિક પાસાંનો સમગ્રતયા ચિત્ર અત્રે ૨.૩.૩ માં દર્શાવવામાં આવેલ છે.

### ૨.૩.૧ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની સ્થાપનાના ઉદ્દેશો*

આવશ્યક ભૌતિક સુવિધા તથા અન્ય સુવિધાઓ, શરૂઆતમાં તેનાં મુખ્ય કાર્યો, તેનું તંત્ર વિષયક માળખું, તેમાં આવશ્યક માનવસંસાધન વગેરે વિગતો નીચે દર્શાવવામાં આવેલ છે.

#### ૨.૩.૧.૧ ભવનની સ્થાપનાનો ઉદ્દેશ :

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬માં શિક્ષણની ગુણવત્તા પર ખૂબ ભાર મૂકાયો. શિક્ષણની યોજનાઓનો અમલ રાષ્ટ્ર કક્ષાએ અને રાજ્ય કક્ષાએથી આગળ વધી જિલ્લા કક્ષા સુધી વિસ્તરે અને શિક્ષણનું કેન્દ્ર બિંદુ જિલ્લા કક્ષા સુધીનું હોય તે હેતુથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની રચના કરવામાં આવી છે. જિલ્લા ભવનો દ્વારા સેવાકાલીન અને પૂર્વસેવા તાલીમની વ્યવસ્થાથી છેવટના ગામડામાં શિક્ષણ સાથે સંકળાયેલ શિક્ષકોને આવરી લેવાનો પ્રયાસ થાય છે. સાથે જ શાળામાં આવતા બાળકો અને શાળા બહાર રહી જતા ૬ થી ૧૪ વર્ષની વયના બાળકોને શિક્ષણની સુવિધા આપવાનું નક્કી કરવામાં આવ્યું છે, જે કાર્ય આ તાલીમ ભવનોએ ઉપાડી લીધેલ છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની સ્થાપનાના મુખ્ય ઉદ્દેશો આ પ્રમાણે છે.

- પ્રાથમિક શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતા દૂર કરવા તથા ગુણાત્મક સુધાર લાવવા પ્રયોગાત્મક પ્રકલ્પો હાથ ધરવાં.
- પ્રાથમિક શિક્ષકો, આચાર્યોને શિક્ષણના નૂતન પ્રવાહોથી વાકેફ કરવા માટે તાલીમ વર્ગો યોજવાં.
- શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા વધારવા સઘન તાલીમ વર્ગો યોજવાં

- શૈક્ષણિક સામગ્રી નિર્માણ અને પ્રકાશન હાથ ધરવાં.
- બી.આર.સી. અને સી.આર.સી. ને શૈક્ષણિક માર્ગદર્શન, તાલીમ આયોજન માટે મદદરૂપ થવું.
- જિલ્લા શિક્ષણ સમિતિનાં કાર્યક્રમોને સહકાર અને પ્રતિપોષણ પૂરાં પાડવાં.
- નવસંસ્કરણ શૈક્ષણિક કાર્યક્રમ યોજવાં.

આ ઉદેશો સિદ્ધ કરવા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોએ મુખ્ય ત્રણ કામગીરી કરવાની રહેશે.

૧. તાલીમ (અનુમાન કક્ષા તેમજ નિરંતર પ્રકાર).

૨. સાધન સહાય (વિસ્તરણ/માર્ગદર્શન સાધનસામગ્રી, સહાય, મૂલ્યાંકનના ઉપકરણો વગેરેનો વિકાસ).

૩. ક્રિયાત્મક સંશોધન.

આમ, ડાયેટે શરૂઆતમાં પ્રારંભિક શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણને લક્ષ્ય બનાવી સાથો સાથ ગુણવત્તા સુધારણાને પણ લક્ષમાં રાખેલ.

### ૨.૩.૧.૨ ભૌતિક સુવિધા :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની ગાઈડ લાઈન મુજબ દરેક ભવનમાં નીચે મુજબ ભૌતિક સુવિધા હોવી જોઈએ અને ના હોય તો પૂરી કરવા પ્રયત્ન કરવો જોઈએ.

## સારણી–૩.૧૯
## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં ગાઈડ લાઈન મુજબ જોઈતી ભૌતિક સુવિધાની યાદી

| ક્રમ | સુવિધા | કેટલા જોઈએ |
|---|---|---|
| ૧. | વર્ગખંડ | ૪ |
| ૨. | પરિસંવાદ ખંડ | ૧ |
| ૩. | પ્રાચાર્યનો ખંડ | ૧ |
| ૪. | ઉપાચાર્યનો ખંડ | ૧ |
| ૫. | શૈક્ષણિક કર્મચારીઓ માટે કેબીનો | ૯ |
| ૬. | કચેરી અધિક્ષક, હિસાબનીશ અને સાત કારકુનને બેસવા માટે હોલ | ૧ |
| ૭ | ગ્રંથાલય | ૧ |
| ૮ | સભાગૃહ | ૧ |
| ૯ | કમ્પ્યૂટર ખંડ | ૧ |
| ૧૦ | પ્રયોગ ખંડ | ૧ |
| ૧૧ | વાંચનાલય ખંડ | ૧ |
| ૧૨ | રમત ખંડ | ૧ |
| ૧૩. | છોકરીઓ માટે ખંડ | ૧ |
| ૧૪. | કોઠાર રૂમ | ૧ |
| ૧૫. | શૌચાલયો (ભાઈઓ અને બહેનો માટે અલગ) | ૨ |
| ૧૬. | કેન્ટિન | ૧ |
| ૧૭. | છાત્રાલય | ૧ |
| ૧૮. | છાત્રાલયમાં ૫૦ વ્યકિતઓ માટે ખંડ | ૨ |
| ૧૯. | શૌચાલયો (સ્ટાફ માટે) | ૧ |
| ૨૦. | ભોજનાલય | ૧ |
| ૨૧. | સામાન્ય ખંડ | ૧ |
| ૨૨. | છાત્રાલય કચેરી સહ દવાખાનું | ૧ |
| ૨૩. | છાત્રાલય કોઠાર | ૧ |
| ૨૪. | કર્મચારી આવાસ પ્રાચાર્ય | ૧ |
| ૨૫. | કર્મચારી માટે આવાસ | ૨ |
| ૨૬. | ચોકીદાર વર્ગ–૪ માટે આવાસ | ૨ |

- ઘણું કરીને ૧૦ એકર જેટલો પૂરતો વિસ્તાર ધરાવતું ભવનનું મેદાન.
- મકાનોની આવશ્યકતા જોઈએ તો –
  - ➢ ભવનનું મકાન આશરે ૧૦,૦૦૦ ચોરસ ફુટના ભોંયતળ ક્ષેત્રફળ સાથેનું.
  - ➢ છાત્રાલય–પુરુષો અને મહિલાઓ માટે ૧૫૦ થી ૨૦૦ બેઠકોની સમાવેશવાળા અલગ–અલગ છાત્રાલયો.
  - ➢ સ્ટાફ નિવાસ–ઓછામાં ઓછા પાંચ કર્મચારીઓ એટલે કે આચાર્ય, વિદ્યાશાખાના બે સભ્યો જે પૈકી એક કે બંને છાત્રાલયના વોર્ડન તરીકે કામગીરી બજાવશે અને વર્ગ–૪ના બે કર્મચારી માટે.
- ભવનમાં અન્ય સુવિધાઓ નીચે પ્રમાણે હોવી જરૂરી છે, જેમ કે –
  - ➢ ગ્રંથાલય અને વાંચનાલયખંડ
  - ➢ ભૌતિક અને જીવવિજ્ઞાનોની પદ્ધતિઓ માટેની પ્રયોગશાળા.
  - ➢ મનોવિજ્ઞાનને લગતા પ્રયોગો, સમાજશાસ્ત્ર તથા ભાષાશિક્ષણ માટેની સાધન સામગ્રી
  - ➢ કાર્યાનુભવ પ્રવૃત્તિઓ માટે બેક વર્ક–રોડ તથા બગીચો
  - ➢ દૃશ્ય તથા રંગમંચલક્ષી કલાના શિક્ષણ માટેની સાધનસામગ્રી.
  - ➢ વ્યાયામ શિક્ષણ તથા રમત ગમત માટે રમતના મેદાનો તથા સાધનસામગ્રી
  - ➢ દૃશ્ય–શ્રાવ્ય સાધનો.
  - ➢ કમ્પ્યૂટર ખંડ
  - ➢ વિકલાંગોને શિક્ષણ આપવા માટેની સાધનસામગ્રી
  - ➢ પ્રૌઢ તથા અશાલેય શિક્ષણને લગતી ખાસ સામગ્રી અને સાધન સામગ્રી
- ગ્રંથાલય કર્મચારી વર્ગમાં ગ્રંથપાલ – ૧ અને કારકૂન–૧નો સમાવેશ કરવાનો રહે છે.

આચાર્યએ ગ્રંથાલયની કામગીરીમાં માર્ગદર્શન અને નિરીક્ષણ પુરું પાડવા માટે, પુસ્તકાલયના વિકાસ અને વ્યવસ્થામાં રસ ધરાવતા વિદ્યાશાખાના એક પ્રવર સભ્યને પુસ્તકાલયનો સંપૂર્ણ હવાલો સોંપવાનો રહે છે.

વહીવટી શાખા સમગ્ર ભવનને વહીવટી સહકાર પૂરો પાડશે, જેમાં નીચેનાનો સમાવેશ થશે.

કચેરી અધિક્ષક–૧, હિસાબનીશ–૧, કારકૂનો–૫ (છાત્રાલય માટેના ૧ કારકૂન સહિત), વર્ગ–૪ના કર્મચારી–૬.

ભવનના દવાખાના માટે એક ખંડ સમયના તબીબી અધિકારીની નિમણૂંક કરવામાં આવશે. આ દવાખાનામાં તાલીમાર્થીઓ તથા ભવનના કર્મચારીઓને સામાન્ય પ્રકારની માંદગીની તબીબી સારવાર મળશે તથા તે પ્રાથમિક ઉપચાર અને સામાન્ય દવાઓ પૂરી પાડશે.

પ્રત્યેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન માટે જરૂરી હોય તેવાં પુસ્તકોની ધોરણસરની યાદી તથા સાધનસામગ્રીની રૂપરેખા તૈયાર કરવી. આમ, રાષ્ટ્રીય શિક્ષણ સંશોધન અને તાલીમ પરિષદે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગ્રંથાલયના પુસ્તકો અને સામયિકોની સૂચિત યાદી ઓગસ્ટ–૧૯૮૮માં અને અન્ય સાધનસામગ્રીની યાદી ફેબ્રુઆરી–૧૯૮૯માં દર્શાવેલ માર્ગદર્શક સૂચનોને ધ્યાનમાં રાખી તૈયાર કરશે. આમ કરવા માટે તેને વિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર, ભાષાઓ, સમાજશાસ્ત્ર, કાર્યાનુભવ, કલા શિક્ષણ, આરોગ્ય અને વ્યાયામશિક્ષણ, પ્રૌઢ શિક્ષણ, અશાલેય શિક્ષણ, સી.એફ.ડી.ઈ. શિક્ષક પ્રશિક્ષણ, પ્રારંભિક શિક્ષણનું સાર્વત્રિકરણ, આયોજન અને વ્યવસ્થાપન, સંસાધન અને નવપ્રયોગ શૈક્ષણિક પ્રૌદ્યોગિકી સંગઠક વગેરે જેવાં વિવિધ ક્ષેત્રોના તજ્જ્ઞોના નાનાં જૂથો બનાવી તેમને કરેલ ભલામણોના આધારે પ્રવર નિષ્ણાતોની એક વ્યાપક સમીક્ષા કરી અને નાણાકીય ધોરણોને ધ્યાનમાં રાખીને રૂપરેખાઓને આખરીરૂપ આપવાનું રહેશે.

આ યાદીઓ તેયાર કર્યા બાદ રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સંસ્થા પાસે ઉપલબ્ધ ચીજવસ્તુ ધ્યાનમાં રાખીને સંસ્થાવાર પુસ્તકો અને સાધનસામગ્રીની

વિગતવાર જરૂરિયાત મુકરર કરવાની કાર્યવાહી કરશે. ત્યારબાદ તે આ પ્રારંભિક યાદીની ખરીદ કિંમતનો અંદાજ કાઢી તેમજ જરૂરી અગ્રતાક્રમ આપીને સાધનસામગ્રી માટે મંત્રાલયે મંજૂર કરેલ ખર્ચ–જોગવાઈ કરતાં વધી ન જાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. ચીજવસ્તુઓના ભાવપત્રકો મંગાવી તેની ચકાસણી ઉચ્ચ કક્ષાની ખરીદ સમિતિ દ્વારા થવી જોઈએ અને તેની ભલામણોના આધારે ચીજવસ્તુઓ પૂરી પાડવાનાં હુકમો આપવા જોઈએ. સંસ્થાઓને પૂરી પાડવામાં આવેલી ચીજવસ્તુઓની ગુણવત્તાની પૂરેપૂરી ચકાસણી કર્યા બાદ જ વેપારીઓના બિલોની આખરી ચૂકવણી કરવાની રહેશે.

ગ્રંથાલય અને છાત્રાલય આ ભવનના બે મહત્ત્વના એકમો છે અને તેનું કુશળતાપૂર્વક સંચાલન થાય તે જરૂરી છે.

*ગ્રંથાલય :*

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું ગ્રંથાલય મુકત પ્રવેશ પદ્ધતિથી ચલાવવું જોઈએ, એટલે કે તેના સભ્યો ગ્રંથાલયમાંથી બિના રોકટોક કામકાજના સમય દરમિયાન કોઈપણ સમયે તેમની પસંદગીનું કોઈપણ પુસ્તક જોઈને વાંચી શકે – મેળવી શકે.

સંસ્થાના રાબેતા મુજબના સમય કરતાં ગ્રંથાલય વધુ સમય ખુલ્લું રહેવું જોઈએ જેથી સભ્યો વધુ ઉપયોગ કરી શકે. ગ્રંથાલય રવિવાર તેમજ જાહેર રજાના દિવસોમાં ખુલ્લું રાખી શકાય તો તે ઈચ્છનીય ગણાશે. આના માટે ગ્રંથાલયના કર્મચારીને ખાસ ભથ્થું ચૂકવી શકાય અથવા ગ્રંથાલયમાં માણસ હાજર રાખવા, જરૂરિયાતવાળા પૂર્વ સેવા શિક્ષક પ્રશિક્ષણ મેળવી રહેલા તાલીમાર્થીઓને ચૂકવણીના ધોરણે રોકી શકાય. આ માટે રસ ધરાવતા અને જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરી તેમને ગ્રંથાલયની કામગીરી અંગે પાયાની તાલીમ આપી શકાય.

પુસ્તકોની પસંદગી માટે પ્રકાશકોએ વખતોવખત બહાર પાડેલ પુસ્તક સમીક્ષા, ગ્રંથસૂચિઓ, સૂચિપત્રો અને સૂચના પત્રોના આધારે પુસ્તકોની પસંદગી કરી શકાય. જરૂર જણાય ત્યાં પુસ્તકોની યોગ્યતા નક્કી કરતાં પહેલાં પ્રથમ તે પુસ્તકો નમુનાનાં પણ મેળવી શકાય.

આ ભવનોના ગ્રંથાલયોને રાજ્યસ્તરે તૈયાર કરેલ 'ધોરણસરની યાદી' ના આધારે શરૂઆતમાં પુસ્તકો પૂરાં પાડી શકાય પરંતુ પ્રત્યેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવને સારી પેઠે અને નિયમિત પરિપૂર્તિ કરવાની જરૂરી રહેશે. આ માટે, રાજ્યની માર્ગદર્શક સૂચનાઓને ધ્યાનમાં રાખીને ગ્રંથાલય સલાહકાર સમિતિ પુસ્તકો પસંદ કરશે.

પ્રત્યેક ભવન પૂરતી સંખ્યામાં સામાન્ય સામયિકપત્રો અને સમાચારપત્રો ઉપરાંત ઓછામાં ઓછા દસ વ્યાવસાયિક સામાયિકોનું લવાજમ ભરી શકે છે. પ્રત્યેક ભવને રાષ્ટ્રીય શિક્ષણ સંશોધન અને તાલીમ પરિષદ, શૈક્ષણિક આયોજન અને વહીવટની રાષ્ટ્રીય સંસ્થા, રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, રાજ્ય સંસાધન એકમ વગેરેએ પ્રકાશિત કરેલ સૂચનાપત્રો અને સામયિકો પણ નિયમિત રીતે મેળવવા. આ અને અન્ય સંસ્થાઓ પણ શૈક્ષણિક સંસ્થાઓને વિનામૂલ્યે વિપુલ સામગ્રી પૂરી પાડે છે. આ માટે પ્રત્યકે ભવને આવી તમામ સંસ્થાઓની કાયમી ટપાલ યાદીમાં પોતાનો સમાવેશ કરાવવો.

સંસ્થાના ગ્રંથાલયની પરિયોજનાના તબક્કે પ્રારંભિક ધોરણે સરળ અને કાર્યક્ષમ કામગીરી માટે નીચેની વ્યકિતઓની બનેલી એક ગ્રંથાલય સલાહકાર સમિતિ રચી શકાય.

**સારણી–૩.૨૦**

**ગ્રંથાલય સલાહકાર સમિતિની યાદી**

| *ક્રમ* | *નામ* | *જવાબદારી* |
|---|---|---|
| ૧. | આચાર્ય | અધ્યક્ષ |
| ૨. | ઉપાચાર્ય અને તમામ પ્રવર વ્યાખ્યાતાઓ | સભ્યો |
| ૩. | આચાર્ય નામ નિયુકત કરે તે બે વ્યાખ્યાતાઓ | સભ્યો |
| ૪. | આચાર્ય નામ નિયુકત કરે તે બે પૂર્વ સેવા શિક્ષણ પ્રશિક્ષણ લઈ રહેલા તાલીમાર્થીઓ | સભ્યો |
| ૫. | ગ્રંથાલય વિજ્ઞાન/પુસ્તકવૃદ્ધિ પ્રારંભિક શિક્ષણ/પ્રૌઢ શિક્ષણ/અશાલેય શિક્ષણના ક્ષેત્રમાંથી બે તજ્જ્ઞો | સભ્યો |
| ૬. | ગ્રંથપાલ | મંત્રી |

આ સમિતિ ગ્રંથાલયને લગતી તમામ બાબતો તેમજ નવાં પુસ્તકોની પસંદગી તેમજ ખરીદી માટેની કાર્ય પદ્ધતિ, લવાજમ ભરીને મંગાવવા જેવા સામયિકોની પસંદગી, ગ્રંથાલય માટેનું બજેટ અને સ્ત્રોતનો મહત્તમ ઉપયોગ વગેરે અંગે નિર્ણય લેશે.

*છાત્રાલય :*

છાત્રાલય માટે દરેક ભવનમાં પુરુષો અને મહિલાઓ માટે અલગ અલગ છાત્રાલય રહેશે. આની ક્ષમતા મુખ્યત્વે પુરુષો અને મહિલાઓના પ્રમાણને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવશે. આચાર્ય, સ્થાનિક રીતે યોગ્ય જણાય તે રીતે વિદ્યાશાખાના સભ્યોમાંથી બન્ને છાત્રાલયો માટે એકજ વોર્ડન અથવા અલગ અલગ વોર્ડન નીમશે. અલગ અલગ વોર્ડન રાખવામાં આવે તેવા કિસ્સામાં મહિલા છાત્રાલય માટે શકય હોય ત્યાં સુધી મહિલા વોર્ડન રાખવા.

છાત્રાલયના નિવાસના ભાગની ભોજન વ્યવસ્થાની કામગીરીની જવાબદારી સંસ્થાના કર્મચારીવર્ગની રહેશે અને ભોજનશાળાને લગતું તમામ આવર્તક ખર્ચ (રસોયા વગેરેના પગાર સહિત) તાલીમાર્થીઓએ ભોગવવાનું રહેશે. પૂર્વ સેવા શિક્ષણ પ્રશિક્ષણ લઈ રહેલા તાલીમાર્થીઓની બાબતમાં તેઓ જ આ ખર્ચ ભોગવશે, જયારે અન્ય તાલીમાર્થીઓ અંગેની ચૂકવણી માટેનાં નાણાં જે તે કાર્યક્રમો ચલાવવા આપવામાં આવેલ ફંડમાંથી આપવામાં આવશે. સંસ્થા ભોજનશાળાના ઉપયોગ માટેનું ફર્નિચર અને વાસણો જ પૂરાં પાડશે.

છાત્રાલયની ભોજનશાળા સ્થાનિક અનુકૂળતા પ્રમાણે વિદ્યાર્થીઓ સહકારી ધોરણે ચલાવશે કે કોન્ટ્રાકટ દ્વારા ચલાવશે.

### ૨.૩.૧.૩ શરૂઆતમાં ડાયેટના મુખ્ય કાર્યો :

શરૂઆતમાં દરેક ડાયેટે મુખ્ય ત્રણ કામગીરી કરવાની રહેશે.

૧. તાલીમ (અનુમાન કક્ષા તેમજ નિરંતર પ્રકાર)

૨. સાધન સહાય (વિસ્તરણ/માર્ગદર્શન સાધન સામગ્રી, સહાય, મૂલ્યાંકનના ઉપકરણો વગેરેનો વિકાસ) અને

૩. ક્રિયાત્મક સંશોધન

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોએ પ્રારંભિક અને પ્રૌઢ શિક્ષણના ધ્યેય ઉપરાંત પોતાના જિલ્લાને અનુરૂપ ધ્યેયો પણ નક્કી કરવા જોઈએ અને તેની તમામ પ્રવૃત્તિઓ આ ધ્યેયની દિશામાં ચાલવી જોઈએ.

પ્રોગ્રામ ઓફ એકશન (POA) ૧૯૮૬માં ભવનના નીચે પ્રમાણેના કાર્યો દર્શાવવામાં આવેલ છે.

**(અ) લક્ષ્યાંકિત જૂથોના તાલીમ અને સંસ્કરણનું કાર્ય :**

- પ્રારંભિક શાળાના શિક્ષકો (પૂર્વ સેવા અને સેવા અંતર્ગત) એમ બંને પ્રકારના શિક્ષકોને તાલીમ તથા સંસ્કરણ કાર્ય.
- મુખ્ય શિક્ષક, શાળા સંકુલોના વડાઓ અને શિક્ષણ વિભાગના ઘટક કક્ષા સુધીના અધિકારીઓ.
- અશાલેય અને પ્રૌઢ શિક્ષણના પ્રશિક્ષકો અને અન્વેક્ષકો.
- જિલ્લા શિક્ષણ બોર્ડ અને ગ્રામ શિક્ષણ સમિતિઓના સભ્યો, શૈક્ષણિક પ્રવૃત્તિ તરીકે કામ કરવા ઈચ્છતા સમુદાયના નેતાઓ, યુવાનો તથા અન્ય સ્વયંસેવકો.
- ભવન સિવાયના અન્ય કેન્દ્રો ખાતે તાલીમ આપી શકે તેવી વ્યકિતઓને તજ્જ્ઞોને તાલીમ અને સંસ્કરણ કાર્ય.

**(બ) જિલ્લામાં પ્રારંભિક અને પ્રૌઢ શિક્ષણમાં :**

- ક્ષેત્ર સાથે આદાન–પ્રદાન તથા સેવાઓની વિસ્તરણ પ્રવૃત્તિઓ હાથ ધરવી.
- શિક્ષકો અને પ્રશિક્ષકો માટે સાધનો અને શીખવવાના કેન્દ્રોની સેવાઓની જોગવાઈ કરવી.
- સ્થાનિક રીતે મળી શકે તે સામગ્રી, શૈક્ષણિક સાધનો, મૂલ્યાંકન સાધનોનો વિકાસ કરવો.

- પ્રારંભિક શાળાઓ અને અશાલેય પ્રૌઢ શિક્ષણના કાર્યક્રમો માટે મૂલ્યાંકન કેન્દ્રો તરીકે સેવાઓ આપવી તથા શૈક્ષણિક અને સાધનિક સેવાઓ પૂરી પાડવી.

(ક) **અન્ય કાર્યો :**

- ક્ષેત્રિય શૈક્ષણિક સર્વેક્ષણ કરી જરૂરિયાતોનો પરિચય મેળવવો.
- સૂક્ષ્મ (માઈક્રો) યોજના નિર્માણ.
- નિરીક્ષણમાં નવીનતાઓ શોધવી અને ક્ષેત્રોમાં વિસ્તારવી.
- તાલીમ ભવન પત્રિકા, સામયિકો છપાવવાં, તેના લેખો દ્વારા ક્ષેત્રોને માહિતી આપવી.
- આખા કાર્યનું સંકલન કરવું.
- રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદને સામગ્રી વિકાસ, પરીક્ષણ અને મોનીટરીંગમાં મદદ કરવી.

**૨.૩.૧.૪ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું તંત્ર વિષયક માળખું :**

આચાર્ય માટે નિયંત્રણોનો વ્યવસ્થાક્ષમ ગાળો રહી શકે એમ થાય તે માટે અને સામાન્યપણે વધુ સંચાલનલક્ષી અનુકૂળતા માટે શાખાવાર માળખું બનાવવું ઈચ્છનીય છે. ઓકટોબર–૧૯૮૭થી જે મુસદા માર્ગદર્શક સિદ્ધાંતો અન્વયે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની યોજનાનો અમલ કરવામાં આવ્યો હતો, તે વખતે સૂચિત કરાયેલ નમુનામાં નીચે મુજબની સાત શૈક્ષણિક શાખાઓનો સમાવેશ કરવામાં આવેલ.

૧. પૂર્વ સેવા શિક્ષણ પ્રશિક્ષણશાખા (PSTE) .

૨. કાર્યાનુભવ શાખા (WE)

૩. પ્રૌઢ શિક્ષણ અને અશાલેય શિક્ષણ માટે જિલ્લા સંસાધન એકમો (DRU)

૪. સેવા અંતર્ગત કાર્યક્રમો, ક્ષેત્રીય આંતરક્રિયા અને નાવીન્ય સંકલન શાખા. (IFIC)

૫. પાઠયક્રમ શૈક્ષણિક સામગ્રી વિકાસ અને મૂલ્યાંકન શાખા (CMDE)

૬. શૈક્ષણિક પ્રૌદ્યોગિકી શાખા (ET)

૭. આયોજન અને વ્યવસ્થા શાખા (P & M)

સામાન્ય તારણ તરીકે એ સ્પષ્ટતા તત્કાલ કરવી જરૂરી છે કે ડાયેટમાં મોટાભાગના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં એકથી વધુ શાખાઓ સમાવિષ્ટ થશે.

**સારણી–૩.૨૧**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની ગાઈડ લાઈન મુજબ સ્ટાફની યાદી**

| *ક્રમ* | *શાખાનું નામ* | *જગ્યાની કક્ષા* | *જગ્યાની સંખ્યા* | *વિશેષ નોંધ* |
|---|---|---|---|---|
| ૧. | શિક્ષણ | પ્રવર વ્યાખ્યાતા<br>વ્યાખ્યાતાઓ | ૧૧ | સામાન્ય પ્રકારના ડાયેટના પીએસટીઈ શાખામાં જે મુજબ છે તે પ્રમાણે આઠ અને આઈએફઆઈસી તથા સીએમડીઈ શાખાઓને અનુરૂપ પ્રત્યેક કામગીરી માટે એક |
| ૨. | શૈક્ષણિક પ્રૌદ્યોગિકી | વ્યાખ્યાતા | – | – |
| | આયોજન અને વહીવટ | '' | ૧ | – |
| ૩. | વહીવટ | અધિક્ષક | ૧ | |
| | | ગ્રંથપાલ | ૧ | |
| | | હિસાબનીશ | ૧ | |
| | | કારકુન | ૩ | |
| | | પ્રયોગશાળા મદદનીશ | ૧ | |
| | | પટાવાળા | ૪ | |

**૨.૩.૧.૫ આવશ્યક માનવસંસાધન :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં માર્ગદર્શક માળખામાં સૂચવ્યા મુજબ નીચે મુજબના કર્મચારીઓ હોવા જોઈએ.

**સારણી–૩.૨૨**

**માર્ગદર્શક સૂચનાઓ મુજબ હોવા જોઈતા કર્મચારીઓની યાદી**

| *ક્રમ* | *શાખાનું નામ* | *જવાબદારી* | *સંખ્યા* |
|---|---|---|---|
| ૧. | પૂર્વ સેવા શિક્ષક પ્રશિક્ષણ (PSTE) | પ્રવર વ્યાખ્યાતા | ૧ |
| | | વ્યાખ્યાતા | ૯ |
| ૨. | કાર્યાનુભવ શાખા (WE) | પ્રવર વ્યાખ્યાતા | ૧ |
| | | વ્યાખ્યાતા | ૧ |
| ૩. | જિલ્લા સંસાધન શાખા (DRU) | પ્રવર વ્યાખ્યાતા | ૨ |
| | | વ્યાખ્યાતા | ૧ |
| ૪. | સેવા અંતર્ગત શિક્ષણ કાર્યક્રમોની શાખા (IFIC) | પ્રવર વ્યાખ્યાતા | ૧ |
| | | વ્યાખ્યાતા | ૧ |
| ૫. | પાઠયક્રમ સામગ્રી વિકાસ અને મૂલ્યાંકન શાખા (CMDE) | પ્રવર વ્યાખ્યાતા | ૧ |
| | | વ્યાખ્યાતા | ૧ |
| ૬. | શૈક્ષણિક તકનિકી શાખા (ET) | પ્રવર વ્યાખ્યાતા | ૧ |
| | | વ્યાખ્યાતા | ૧ |
| ૭. | આયોજન અને વ્યવસ્થાપન શાખા (P&M) | પ્રવર વ્યાખ્યાતા | ૧ |
| | | વ્યાખ્યાતા | ૧ |

આ ઉપરાંત પ્રયોગશાળા મદદનીશ ટેકનિશિયન આંકડાશાસ્ત્રીની નિમણૂંકની અપેક્ષા રાખવામાં આવે છે. વહીવટી કર્મચારીઓમાં અધિક્ષક, ગ્રંથપાલ, હિસાબનીશ કારકુનો–૩ અને પટ્ટાવાળા–૪ની નિમણૂંક અપેક્ષિત છે.

### ૨.૩.૨ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોનું કાર્યક્ષેત્ર :*

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોનાં નામ પ્રમાણે તેનું કાર્યક્ષેત્ર જિલ્લા પૂરતું વિસ્તરિત છે. જિલ્લામાં આવેલી જિલ્લા પંચાયત સંચાલિત પ્રત્યેક શાળા અને તેમાં કામ કરતા શિક્ષકોને ભવનની પ્રવૃત્તિઓમાં આવરી લેવામાં આવેલ છે, ઉપરાંત જિલ્લાના કેળવણી નિરીક્ષકોને પણ આ ભવનોની પ્રવૃત્તિઓમાં સામેલ કરવામાં આવેલ છે. માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે યોજાતો વિજ્ઞાનમેળો, નેશનલ સાયન્સ સેમિનાર તેમજ ઈન્ટેલ ટેલેન્ટ ડિસ્કવરી સાયન્સ ફેર, વસતી શિક્ષણ સેમિનાર તેમજ સંશોધન ક્ષેત્રે પ્રેરક કામગીરી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો પાસેથી અપેક્ષિત છે.

ભવનો જિલ્લા કક્ષાએ શિક્ષણ પ્રેરક પ્રવૃત્તિઓ કરતું હોવાથી પ્રવૃત્તિઓનું સુઆયોજન અને સુવ્યવસ્થિત તથા કાર્યક્ષમ આયોજન થાય તે માટે ભવનનાં કાર્યક્ષેત્રનું વિભાગીકરણ કરવામાં આવેલ છે જેની વિગતો અહીં દર્શાવેલ છે.

#### ૨.૩.૨.૧ **પૂર્વ સેવા શિક્ષક પ્રશિક્ષણ શાખાના મુખ્ય કાર્યો :**

P.S.T.E. (Pre-Service Teacher Education) Branch

- કેન્દ્રવર્તી શાખા તરીકે સેવા આપવી.
- સંશોધન અને અભ્યાસક્રમ સામગ્રી તૈયાર કરવી.
- અધ્યાપન પ્રવૃત્તિ અને વિજ્ઞાનને લગતી બાબત.
- સેવા અંતર્ગત કાર્યક્રમો તથા અશાલેય કાર્યક્રમો.
- શિક્ષણ સામગ્રીની જાળવણી.
- ભવનની અન્ય શાખાઓની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપવો.
- સહ પાઠયક્રમ પ્રવૃત્તિઓ.

પ્રસ્તુત વિભાગમાં નિર્દિષ્ટ મુખ્ય કાર્યોને ધ્યાનમાં રાખી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે. પ્રસ્તુત સંશોધનના નમૂનામાં સમાવિષ્ટ દસેય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની આ પ્રવૃત્તિઓની વિગતોની તારીજ પરથી મુખ્ય મુખ્ય પ્રવૃત્તિઓ વર્ષવાર નીચેની સારણી–૩.૨૩માં દર્શાવવામાં આવેલ છે.

## સારણી – ૩.૨૩

## પૂર્વ સેવા શિક્ષક પ્રશિક્ષણ શાખા (પી.એસ.ટી.ઈ.)

| ૧૯૯૫-૯૯ | ૧૯૯૯-૨૦૦૦ | ૨૦૦૦-૦૧ | ૨૦૦૧-૨૦૦૨ |
|---|---|---|---|
| • પ્રાર્થના સંમેલન<br>• દર શનિવારે બાલસભા<br>• વૃક્ષારોપણ કાર્યક્રમ<br>• પ્રવાસ પર્યટન<br>• સતત શિક્ષણ કેમ્પ<br>• વિશિષ્ટ દિનની ઉજવણી<br>• પ્રયોગોનું નિદર્શન<br>• રાષ્ટ્રિય તહેવારોની ઉજવણી<br>• સાંસ્કૃતિક કાર્યક્રમો | • પ્રાર્થના સંમેલન<br>• દર શનિવારે બાલસભા<br>• વૃક્ષારોપણ કાર્યક્રમ<br>• પ્રવાસ પર્યટન<br>• સતત શિક્ષણ કેમ્પ<br>• વિશિષ્ટ દિનની ઉજવણી<br>• પ્રયોગોનું નિદર્શન<br>• રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી<br>• મેદાન સફાઈ<br>• NCC શિબિર<br>• TLM પ્રદર્શન<br>• વિજ્ઞાનમેળામાં ભાગ લેવો | • પ્રાર્થના સંમેલન<br>• દર શનિવારે બાલસભા<br>• વૃક્ષારોપણ કાર્યક્રમ<br>• પ્રવાસ પર્યટન<br>• સતત શિક્ષણ કેમ્પ<br>• વિશિષ્ટ દિનની ઉજવણી<br>• પ્રયોગોનું નિદર્શન<br>• નવરાત્રી પર્વની ઉજવણી<br>• સમુહ જીવન<br>• મેદાન સફાઈ<br>• NCC શિબિર<br>• અન્ય સંસ્થા તેમજ જાહેર બગીચાની સફાઈ<br>• પ્રવેશોત્સવ અને વેલકમ ડે ઉજવણી<br>• વસતી શિક્ષણ સપ્તાહ ઉજવણી<br>• વિજ્ઞાનમેળામાં ભાગ લેવો<br>• બ્લડગૃપીંગ કેમ્પનું આયોજન<br>• વાર્તાલાપો, વ્યાખ્યાન વગેરેનું આયોજન | • પ્રાર્થના સંમેલન<br>• સમુહ જીવન<br>• દર શનિવારે બાલ સભા<br>• મેદાન સફાઈ<br>• હોસ્ટેલમાં વ્યાયામ કવાયત<br>• વસતિ શિક્ષણ સપ્તાહની ઉજવણી<br>• વકતૃત્વ સ્પર્ધા<br>• લેખન ચિત્ર સ્પર્ધા<br>• પ્રદર્શન મુલાકાત અને વ્યાખ્યાનો<br>• વન મહોત્સવની ઉજવણી<br>• વૃક્ષારોપણ કાર્યક્રમ<br>• પ્રવાસ પર્યટન<br>• પ્રવેશોત્સવ કાર્યક્રમ<br>• ઓઝોન ડે ઉજવણી<br>• નવરાત્રી પર્વની ઉજવણી<br>• ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીની ઉજવણી<br>• ૧૪મી સપ્ટેમ્બરના રોજ હિન્દી દિનની ઉજવણી<br>• ચિત્રકલા વિષય શિક્ષણ માટે ચિત્ર સહઅભ્યાસક પ્રવૃત્તિ<br>• ધો. ૫ થી ૭ના વિજ્ઞાન વિષયના પ્રયોગોનું નિદર્શન |

| | | | |
|---|---|---|---|
| | | | • વિજ્ઞાનમેળામાં ભાગીદારી<br>• સતત શિક્ષણ કેમ્પ<br>• NSS શિબિર<br>• અન્ય સંસ્થામાં સફાઈકાર્ય<br>• બ્લડગૃપીંગ કેમ્પ અને મફત લોહીનું દાન<br>• TLM બનાવટનું પ્રદર્શન |

ઉપરોક્ત સારણી–૩.૨૩ નો અભ્યાસ કરતાં જણાય છે કે ૧૯૯૫–૯૯ સુધીમાં આ શાખામાં થતા કાર્યક્રમોની સંખ્યા ઓછી હતી. પરંતુ ત્યારબાદ કાર્યક્રમો સાથે ક્રમશ : કામગીરીમાં વધારો થયેલ છે. ૧૯૯૯માં એન.સી.સી. ની પ્રવૃત્તિ શરૂ કરી ૨૦૦૦–૧માં પ્રવેશોત્સવ અને વેલકમ ડેની ઉજવણી તેમજ બ્લડગ્રુપીંગ કેમ્પનું આયોજન થયું. ૨૦૦૨ માં બીજા વિવિધ કાર્યક્રમો જેવા કે ઓઝોન ડેની ઉજવણી, એન.એસ.એસ. શિબિર અને ટી.એલ.એમ.ની પ્રવૃત્તિ સમાવિષ્ટ કરવામાં આવેલ.

આમ આ વિભાગ દ્વારા પ્રશિક્ષણાર્થીના સર્વાંગી વિકાસ માટેના કાર્યક્રમો યોજવામાં આવે છે.

### ૨.૩.૨.૨ કાર્યાનુભવ શાખામાં મુખ્ય કાર્યો W.E. (Work Experience) Branch

- ક્ષેત્રોની પસંદગી તથા તેને અનુરૂપ કાર્યાનુભવ પ્રવૃત્તિઓ વિકસાવવી.
- દરેક વિભાગો સાથે આંતર સંબંધ સંસ્થાકીય કાર્યોની દેખભાળ.
- શાખામાં ઉપલબ્ધ થઈ શકે તેવી સાગમ્રી પર આધારિત ક્રિયાઓ.
- સ્થાનીય પર્યાવરણથી પ્રાપ્ત થતી સામગ્રી આધારિત પ્રવૃત્તિઓ.

પ્રસ્તુત શાખામાં નિર્દિષ્ટ મુખ્ય કાર્યોને ધ્યાનમાં રાખી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે. પ્રસ્તુત સંશોધનના નમૂનામાં સમાવિષ્ટ દસેય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની આ પ્રવૃત્તિઓની વિગતોની તારીજ પરથી મુખ્ય પ્રવૃત્તિઓ વર્ષવાર નીચેની સારણી – ૩.૨૪માં દર્શાવવામાં આવેલ છે.

## સારણી–૩.૨૪
## કાર્યાનુભવ શાખા (W.E.)

| ૧૯૯૫-૯૯ | ૧૯૯૯-૨૦૦૦ | ૨૦૦૦-૦૧ | ૨૦૦૧-૨૦૦૨ |
|---|---|---|---|
| • ભવન મહાસફાઈ<br>• ભવન રંગકામ<br>• પી.ટી.સી. તાલીમાર્થીઓ દ્વારા શૈ. સાધન નિર્માણ<br>• વૃક્ષારોપણ<br>• ક્ષમતાલક્ષી સ્વનિર્મિત શૈ. સાધન નિર્માણના ચાર તાલીમ વર્ગો ૧૪૫ કો–ઓર્ડિનેટર્સ, સહયોગી તજ્જ્ઞો, અધ્યાપકોના સહયોગથી દરેક વિષય ક્ષમતાને અનુરૂપ ધો. ૧ થી ૫ના ૧૨૦ સાધન નિર્માણ મેળામાં ગાંધીનગર મુકામે પ્રથમ સ્થાને | • ભવન મહાસફાઈ<br>• પી.એસ.ટી.ઈ તાલીમાર્થી દ્વારા વૃક્ષારોપણ<br>• તાલીમાર્થીઓ દ્વારા ટી.એલ.એમ. નિર્માણ તથા ટી.એલ.એમ. પ્રદર્શન<br>• પી.એસ.ટી.ઈ તાલીમાર્થી દ્વારા SUPW ને લગતી પ્રવૃત્તિઓ.<br>• SUPW ના કુલ ચાર તાલીમ વર્ગો દ્વારા અનેક વિધ પ્રવૃત્તિ દ્વારા ભવન સુશોભન<br>• ધો. ૧ થી ૭ ની SUPW પ્રવૃત્તિઓમાં ૧૫૦૦ જેટલી પ્રવૃત્તિ આવરી લઈને વાર્ષિક આયોજન આપવામાં આવ્યું તે અંતર્ગત કાગળકામ, માટીકામ, પુંઠાકામ, કોલાજ વર્ક, વેસ્ટમાંથી બેસ્ટ પ્રવૃત્તિ<br>• સાધન નિર્માણ કાર્યશિબિર | • ભવન મહાસફાઈ<br>• પી.એસ.ટી.ઈ. તાલીમાર્થી દ્વારા વૃક્ષારોપણ<br>• પી.એસ.ટી.ઈ તાલીમાર્થી દ્વારા ટી.એલ.એમ. નિર્માણ તથા ટી.એલ.એમ. પ્રદર્શન.<br>• પી.એસ.ટી.ઈ તાલીમાર્થી દ્વારા ઊ ઝાડું નિર્માણ<br>• જિલ્લાના CRG દ્વારા શૈ. સાધન નિર્માણ.<br>• તાલીમી સાહિત્ય નિર્માણ કાર્યશિબિર.<br>• કોઓર્ડિનેટર વર્ગમાં બાલ મેળા અંગે માહિતી કાગળકામ માટીકામ, મહોરા, પપેટ, જાદુઈ નગરી, કચરાની કમાલ, છાપકામ બાલ રમત જેવા વિભાગોનું ડેમોસ્ટ્રેશન તેમજ ટી.એલ.એમ. પ્રદર્શન | • કોઓર્ડીનેટર વર્ગમાં બાલમેળા અંગે માહિતી કાગળ કામ માટીકામ, મ્હોરા, પપેટ, જાદુનગરી, કચરાની કમાલ, છાપકામ, બાલ રમત જેવા વિભાગોનું ડેમોસ્ટ્રેશન તેમજ ટી.એલ.એમ. પ્રદર્શન.<br>• પી.એસ.ટી.ઈ પ્રથમ/દ્વિતીય વર્ષના તાલીમાર્થી દ્વારા ટી.એલ.એમ. નિર્માણ તેમજ ટી.એલ.એમ. પ્રદર્શન.<br>• પી.એસ.ટી.ઈ. તાલીમાર્થી દ્વારા એસ.યુ.પી. ડબલ્યુ ને લગતી વસ્તુઓનું નિર્માણ જેમાં કાગળકામ, માટીકામ, મ્હોરા પપેટ, પોસ્ટ, પોસ્ટર્સ, પગલુછણીયા, સાવરણા વગેરે.<br>• એસ.યુ.પી.ડબલ્યુના સી.આર.જી. ને તાલીમ આપવાના ખાસ બે વર્ગો જિલ્લા કક્ષાએ યોજાયા.<br>• સી.સી.આર.ટી. દ્વારા ઉદેપુર મુકામે યોજાયેલ એસ.યુ.પી.ડબલ્યુ. તાલીમનું પી.એસ.ટી.ઈ. ના તાલીમાર્થી પર અમલીકરણ<br>• અઠવાડીયે એક વખત પી.એસ.ટી.ઈ. ના |

| | | | |
|---|---|---|---|
| | • સરળ અને સાહજિક શૈ. સાધનોનું નિર્માણ<br>• ધો. ૬ સ્વનિર્મિત સાધન નિર્માણ | | તાલીમાર્થી દ્વારા ટી.એલ.એમ. નિર્માણ વર્કશોપ<br>• તાલીમાર્થીઓના પાઠને અનુરૂપ ટી.એલ.એમ. બનાવવાનો ખાસ વર્કશોપ<br>• વિવિધ શાળાઓની મુલાકાત ટી.એલ.એમ. બનાવવા અંગેની પ્રવૃત્તિ<br>• પી.એસ.ટી.ઈના તાલીમાર્થી દ્વારા મહાસફાઈ.<br>• અમરેલી જિલ્લાના અધ્યાપન મંદિરના અધ્યાપકોને ટી.એલ.એમ. માર્ગદર્શન, ટી.એલ.એમ સાહિત્ય.<br>• પી.એસ.ટી.ઈ. તાલીમાર્થી દ્વારા વૃક્ષારોપણ.<br>• પીએસટીઈ ના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓનું પ્રવેશોત્સવ સમયે ફલાવર ટોપી બનાવટ દ્વારા સ્વાગત.<br>• પી.એસ.ટી.ઈ ના તાલીમાર્થી દ્વારા દિવાસ્વપ્ન તથા તોતોચાન ના પ્રસંગોને અનુરૂપ ચિત્રો.<br>• વિશિષ્ટ દિનને અનુરૂપ ચિત્ર નિર્માણ |

ઉપરોકત સારણી – ૩.૨૪નો અભ્યાસ કરતાં જણાય છે કે ૧૯૯૫–૯૬ માં આ શાખામાં સામાન્ય કામગીરી થઈ હતી. પરંતુ ત્યાર બાદ વર્ષ ૧૯૯૮–૯૯ થી પ્રવૃત્તિઓ પર વિશેષ ભાર મુકાતાં ક્રમશઃ કામગીરીમાં વધારો થયેલ છે. SUPW દ્વારા ૧૫૦૦ જેટલી પ્રવૃત્તિઓને લઈને વાર્ષિક આયોજન કરવું અને પ્રવૃત્તિઓ કરાવવી તે દાદ માગી લે તેવી કામગીરી આ શાખા દ્વારા થઈ છે. ૨૦૦૦ના વર્ષમાં બાલમેળાના સંદર્ભે વિવિધ

પ્રવૃત્તિઓ કરવામાં આવી છે. ૨૦૦૧–૦૨માં બીજી અનેક પ્રવૃત્તિઓ દ્વારા કામગીરીમાં અનેક ગણો વધારો જોઈ શકાય છે.

### ૨.૩.૨.૩ પ્રૌઢ શિક્ષણ/અશાલેય શિક્ષણ માટે જિલ્લા સંશોધન એકમ

**D.R.U. (District Resource Unit) for (AE/NFE) Adult/Non Formal Education Branch.**

- અશાલેય શિક્ષણ તથા પ્રૌઢ શિક્ષણના કર્મચારીઓ માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન અને સંકલન.
- કેન્દ્રવર્તી શાખા તરીકેનું કાર્ય.
- સંસ્કરણ કાર્યક્રમ.
- સાધન, સાહિત્ય પદ્ધતિ તથા મૂલ્યાંકન.
- અન્ય શાખાઓ સાથે સંબંધ.

પ્રસ્તુત શાખામાં નિર્દિષ્ટ મુખ્ય કાર્યોને ધ્યાનમાં રાખી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે. પ્રસ્તુત સંશોધનના નમૂનામાં સમાવિષ્ટ દસેય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની આ પ્રવૃત્તિઓની તારીજ પરથી મુખ્ય પ્રવૃત્તિઓ વર્ષવાર નીચેની સારણી–૩.૨૫માં દર્શાવેલ છે.

## સારણી–૩.૨૫
## જિલ્લા સંશોધન એકમ (ડી.આર.યુ.)

| ૧૯૯૫-૯૯ | ૧૯૯૯-૨૦૦૦ | ૨૦૦૦-૦૧ | ૨૦૦૧-૨૦૦૨ |
|---|---|---|---|
| • વિશ્વવસ્તી દિન તથા વિશ્વ વસતિ સપ્તાહની ઉજવણી જિલ્લાની પસંદિત શાળાને ગ્રાંટ ફાળવીને ઉજવણી દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ અને લોક જાગૃતિના કાર્યક્રમો.<br>• જાગૃતિ માટે રેલી સુત્રો જેવા કાર્યક્રમો.<br>• વિશ્વ સાક્ષરતા દિનની ઉજવણી શહરેની શૈ. સંસ્થાઓને જોડીને રેલી, સૂત્રોચ્ચાર જાગૃતિના કાર્યક્રમો.<br>• વિશ્વ એઈડ્ઝ દિનની ઉજવણી જેમાં જિલ્લાની પસંદિત શાળાઓને ગ્રાન્ટ ફાળવીને એઈડ્ઝ પ્રતિ લોકજાગૃતિના કાર્યક્રમો.<br>• પોસ્ટર સ્પર્ધા માટે માર્ગદર્શન પ્રચાર પ્રસાર | • વિશ્વ વસતિ દિન તથા વિશ્વ વસતિ સપ્તાહની ઉજવણી જિલ્લાની પસંદિત શાળાને ગ્રાન્ટ ફાળવીને ઉજવણી દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ અને લોક જાગૃતિના કાર્યક્રમો.<br>• લાંબા અંતરની દોડ માન. કલેકટરની અધ્યક્ષતામાં શહેરમાં રેલી શહેરની શૈક્ષ. સંસ્થાઓને સાંકળી ૭૦૦ જેટલા વિદ્યાર્થી દ્વારા દોડ, સ્પર્ધાનું આયોજન અને જાગૃતિના કાર્યક્રમો.<br>• વિશ્વસાક્ષરતા દિનની ઉજવણી.<br>• સાહિત્યનિર્માણમાં પુસ્તક રચના (નાટક, વાર્તા) વિશ્વ એઈડ્ઝ દિનની ઉજવણી જેમાં જિલ્લાની પસંદિત શાળાઓને ગ્રાંટ ફાળવીને એઈડ્ઝ પ્રતિ લોકજાગૃતિના કાર્યક્રમો.<br>• નિરંતર શિક્ષણ પ્રેરકોના તાલીમ વર્ગનું આયોજન<br>• વી.ઈ.સી. તાલીમ વર્ગ | • વિશ્વ વસતિ દિન તથા વિશ્વ વસતિ સપ્તાહની ઉજવણી જિલ્લાની પસંદિત શાળાને ગ્રાન્ટ ફાળવીને ઉજવણી દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ અને લોક જાગૃતિના કાર્યક્રમો.<br>• નિરંતર શિક્ષણ કેન્દ્ર મુલાકાત તથા માર્ગદર્શન.<br>• વિશ્વસાક્ષરતા દિનની ઉજવણી શહેરની શૈ. સંસ્થાઓને જોડીને રેલી તથા વિવિધ કાર્યક્રમો.<br>• વિશ્વ મહિલા દિનની ઉજવણી.<br>• વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી વિવિધ કાર્યક્રમો.<br>• વિશ્વ એઈડ્ઝ દિનની ઉજવણી જેમાં જિલ્લાની પસંદિત શાળાઓને ગ્રાંટ ફાળવીને એઈડઝ પ્રતિ લોકજાગૃતિના કાર્યક્રમો.<br>• નિરંતર પ્રેરક તાલીમ વર્ગમાં તાલીમનું આયોજન પ્રત્યક્ષ તાલીમ. | • વિશ્વ વસતિ દિન તથા વિશ્વ વસતિ સપ્તાહની ઉજવણી જિલ્લાની પસંદિત શાળાને ગ્રાન્ટ ફાળવીને ઉજવણી દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ અને લોકજાગૃતિના કાર્યક્રમો.<br>• વિશ્વ સાક્ષરતા દિન નિમિતે રેલી આયોજન.<br>• વિશ્વ એઈડઝ દિન નિમિતે જિલ્લાની અન્ય ૩૦ સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા શહેરમાં રેલી સુત્રોચાર દ્વારા જાગૃતિના કાર્યક્રમો.<br>• વિશ્વ એઈડઝ દિનની ઉજવણી જેમાં જિલ્લાની પસંદિત શાળાઓને ગ્રાન્ટ ફાળવીને એઈડઝ પ્રતિ લોક જાગૃતિના કાર્યક્રમો.<br>• અવૈધિક અશાલેય તાલીમ વર્ગ |

ઉપરોક્ત સારણી – ૩.૨૫નો અભ્યાસ કરતાં જણાય છે કે વર્ષ ૧૯૯૫–૯૬ અને ૧૯૯૬–૯૭માં આ શાખાની ખાસ કામગીરી ન હતી. પરંતુ ત્યાર બાદ ક્રમશ : કામગીરીમાં વધારો થયેલ છે.

વર્ષ ૧૯૯૮–૯૯ થી સક્રિય થઈને ખાસ કરીને વસ્તી શિક્ષણ અને સાક્ષરતા માટેની અનેક કામગીરી આ શાખાએ બજાવેલ છે. ઉપરાંત એઈડ્ઝ અંગે લોકોમાં જાગૃતિ માટે અનેક કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. આમ ડી.આર.યુ. શાખા દ્વારા વસતિ શિક્ષણ, એઈડ્ઝ શિક્ષણ, નિરંતર શિક્ષણ, સાક્ષરતા, અનુ સાક્ષરતા અને અવૈધિક શિક્ષણના કાર્યક્રમો દ્વારા લોક શિક્ષણ અને સમાજ જાગૃતિનું કાર્ય અસરકારક રીતે થાય છે.

### ૨.૩.૨.૪ સેવા અંતર્ગત કાર્યક્રમો ક્ષેત્રીય આંતરક્રિયા અને નાવીન્ય સંકલન શાખાનાં કાર્યો

**I.F.I.C. (In-Service Programmes, Filed Interaction and Innovation Co-ordination) Branch**

- આયોજન અને સંકલનનું કાર્ય
- વાર્ષિક કેલેન્ડર તૈયાર કરવું.
- કેન્દ્રવર્તી શાખા તરીકે સંચાલન સેવા આપવી.
- કાર્યક્રમોની ગુણવત્તા, ક્ષમતા તથા અસરનું સતત અવલોકન તથા મૂલ્યાંકન.
- સંદર્ભ સાહિત્ય તથા સહાય કેન્દ્ર તરીકેની સેવાઓ આપવી.
- ક્રિયાત્મક સંશોધન તથા ક્ષેત્રીય આંતરક્રિયાની કાર્યવાહી.

પ્રસ્તુત શાખામાં નિર્દિષ્ટ મુખ્ય કાર્યોને ધ્યાનમાં રાખી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનના નમૂનામાં સમાવિષ્ટ દસેય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની આ પ્રવૃત્તિઓની તારીજ પરથી મુખ્ય પ્રવૃત્તિઓ વર્ષવાર નીચેની સારણી–૩.૨૬માં દર્શાવેલ છે.

## સારણી–૩.૨૬
## સેવા અંતર્ગત કાર્યક્રમો, ક્ષેત્રીય આંતરક્રિયા અને નાવીન્ય સંકલન શાખા (આઈ.એફ.આઈ.સી.)

| ૧૯૯૫-૯૯ | ૧૯૯૯-૨૦૦૦ | ૨૦૦૦-૦૧ | ૨૦૦૧-૨૦૦૨ |
|---|---|---|---|
| • ધોરણ ૧–૬ નવા અભ્યાસક્રમની તાલીમ કુલ ૨૧ વર્ગોમાં આપી.<br>• ધોરણ ૩–૪–૫ રીકરન્ટ તાલીમ વર્ગનો શિક્ષકોને ૫૬ વર્ગો દ્વારા આપી.<br>• ૨૦૦ બાલગુરુ/વિદ્યા સહાયકોને તાલીમ આપી.<br>• ગુજરાતી ભાષા શુદ્ધિના ત્રણ વર્ગોમાં ૧૨૯ શિક્ષકોને તાલીમ આપી.<br>• ટી.એલ.એમ. ટેલીકોન્ફરન્સ.<br>• ધોરણ ૫ વિજ્ઞાન તેમજ સી.આર.સી. બી.આર.સી. કામગીરી અંતર્ગત ચાર વર્ગોનું આયોજન કરી, કુલ ૧૧૦ શિક્ષકોને નવા અભિગમથી માહિતગાર કર્યા.<br>• ધોરણ–૬ શા.શિ. કસોટી રચના.<br>• પી.ટી.સી. તાલીમાર્થી દ્વારા ધોરણ–૬ના તમામ વિષયો સાંકળીને ૨૩૦ જેટલા શૈક્ષણિક સાધનોની સ્ક્રીપ્ટ તૈયાર કરી, નમુનાના સાધનો બનાવ્યા.<br>• આચાર્ય નવસંસ્કરણ તાલીમના ૬૦ વર્ગો યોજયા.<br>• ધોરણ–૬ અંગ્રેજીના કુલ ચાર વર્ગોનું આયોજન.<br>• યોગ, શા.શિ., કે.નિ., સ.ઉ.ઉ.કા. વગેરેના વર્ગો. | • બાલમિત્ર વર્ગ તથા ટી.એલ.એમ. સંબંધ તાલીમ વર્ગ.<br>• શાળા પ્રવેશોત્સવ અને તરંગ ઉલ્લાસમય સંબંધમાં તાલીમ વર્ગ.<br>• એસ.ઓ.પી.ટી. અંતર્ગત વિદ્યા સહાયકોને તાલીમ વર્ગ.<br>• FDN અંતર્ગત વિવિધ વિષયો અને સ્વનિર્મિત સાધન નિર્માણના નિવાસી વર્ગો.<br>• નાટય, સંગીત, ચિત્ર જેવા વિશિષ્ટ વર્ગો કર્યા.<br>• ગુજરાતી ભાષા વ્યાકરણ તાલીમ વર્ગ.<br>• પી.ટી.સી. અભ્યાસક્રમ અંતર્ગત મોડયુલ નિર્માણના વર્ગો. | • ગુજરાતી, ગણિત, સમાજવિદ્યા વિજ્ઞાનના SOPT અંતર્ગત કુલ ૧૬ વર્ગો દ્વારા તાલીમ આપી.<br>• વિવિધ વિષય સશક્તિકરણ સંબંધી કુલ ૭૩ સેવાકાલીન વર્ગો થયા.<br>• વિવિધ વિષય સંબંધી કુલ ૨૫ નિવાસી વર્ગો થયા. | • વાર્ષિક આયોજન પ્રમાણે તમામ વિષયોના સી.આર.જી. ની તાલીમ આપવામાં આવી.<br>• ધોરણ–૨ના નવા પા.પુ. અંતર્ગત વર્ગશિક્ષકોને તાલીમ આપી.<br>• ધોરણ–૫ના વર્ગ શિક્ષકોને અંગ્રેજી વિષયની તાલીમ.<br>• તાલુકા કક્ષાના બાળમેળા આઈ.એફ.આઈ.સી. શાખાના નેતૃત્વ હેઠળ યોજવામાં આવ્યા.<br>• વર્ષ દરમ્યાન સી.આર.સી. સંકલન અને માર્ગદર્શન માટે સી.આર.સી.કો.ઓ. ની ચાર બેઠક.<br>• ધો. ૧ અને ૨ના નવા પા. પુ. તાલીમથી વંચીત વર્ગ શિક્ષકશ્રીઓને તાલીમ આપવામાં આવી.<br>• ધો. ૬ સંસ્કૃત વિષયના પા.પુ. ની તાલીમ વર્ગશિક્ષકોને આપવામાં આવી.<br>• વર્ષની શરૂઆતમાં સી.આર.જી. નો વર્ગ યોજી શાળા પ્રવેશોત્સવ લોકભાગીદારી, લોક સહયોગ જેવા મુદાઓ વણી લેવામાં આવ્યા. જેના સારા પરિણામો પ્રવેશોત્સવમાં જોવા મળ્યાં. |

ઉપરોક્ત સારણી–૩.૨૬નો અભ્યાસ કરતાં જણાય છે કે ૧૯૯૫–૯૬માં આ શાખાની કામગીરી ઓછી હતી. પરંતુ ત્યાર બાદ ક્રમશ : ગ્રાન્ટમાં વધારો થતાં કામગીરીમાં વધારો થયેલ છે. દર વર્ષે આ શાખા દ્વારા સેવાકાલીન કાર્યક્રમો અને ક્ષેત્રીય આંતરક્રિયાના કાર્યક્રમોમાં વધારો થયો છે એવું જણાય છે.

વર્ષ દરમિયાન ખાસ કરીને ઈન સર્વિસ તાલીમોમાં નાવિન્યતાપૂર્ણ કાર્યક્રમો આપવા આ શાખા પ્રયત્ન કરે છે.

### ૨.૩.૨.૫ પાઠયક્રમ સામગ્રી વિકાસ અને મૂલ્યાંકન શાખા

**C.M.D.E. (Curriculum, Material Development and Evaluation) Branch**

- નવા શિક્ષણ એકમોનું નિર્માણ કરવું.
- સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન માટે તકનિકી સહાય અને માર્ગદર્શન.
- મૂલ્યાંકન માટે સાધન સામગ્રી, સાહિત્ય, મોડયૂલ, પ્રશ્નબેંક અને પ્રાપ્તિ પરીક્ષણ યોજના તૈયાર કરવી.
- પાઠયક્રમ સામગ્રી વિકાસ, સુધાર અને પરિવર્તન આણવું.

પ્રસ્તુત શાખામાં નિર્દિષ્ટ મુખ્ય કાર્યોને ધ્યાનમાં રાખી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનમાં સમાવિષ્ટ દસેય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની આ પ્રવૃત્તિઓની તારીજ પરથી મુખ્ય પ્રવૃત્તિઓ વર્ષવાર નીચેની સારણી–૩.૨૭માં દર્શાવેલ છે.

## સારણી–૩.૨૭

## પાઠસામગ્રી વિકાસ અને મૂલ્યાંકન શાખા (સી.એમ.ડી.ઈ.)

| ૧૯૯૫–૯૬ | ૧૯૯૬–૯૭ | ૧૯૯૭–૯૮ |
|---|---|---|
| • આ વર્ષમાં આ શાખા ખાસ કાર્યરત થયેલ ન હતી. | • PTC તાલીમાર્થીઓનું મૂલ્યાંકન<br>• પ્રાર્થના સભા મોડયુલ | • ધો. ૧ થી ૩ના અભ્યાસક્રમનું મૂલ્યાંકન.<br>• ધો. ૧ થી ૩ ના બાળકોનો સિદ્ધિ સર્વે.<br>• ક્રિયાત્મક સંશોધન.<br>• પી.ટી.સી. ના બાળકો માટે વર્કશોપ. |

| ૧૯૯૫-૯૯ | ૧૯૯૯-૨૦૦૦ | ૨૦૦૦-૦૧ | ૨૦૦૧-૨૦૦૨ |
|---|---|---|---|
| • ધો. ૧ થી ૫ના તમામ વિષયોના વાર્ષિક આયોજનની પાંચ પુસ્તિકા.<br>• સી.આર.સી. નું વાર્ષિક આયોજન.<br>• ધો–૬ના નવા અભ્યાસક્રમની શિક્ષક નિદર્શની.<br>• શૈ. સાધન નિર્માણ મોડયુલ.<br>• ધો.–૬ અંગ્રેજી મોડયુલ.<br>• કાર્યાનુભવની માહિતી પુસ્તિકા.<br>• યોગ અને શા.શિ. મોડયુલ.<br>• ક્રિયાત્મક કસોટીનું મોડયુલ.<br>• ધો.૧ની સ્વાધ્યાય પોથી.<br>• ધો.૬ સ્વાસ્થ્ય અને શા. શિ.ની સિદ્ધિ કસોટી રચના અને પ્રમાણિકરણ. | • પી.ટી.સી. દ્વિતીય વર્ષ માટે મોડયુલ.<br>• ધો.–૬ સ્વનિર્મિત શૈ. સાધનો માટે સ્ક્રીપ્ટ લેખન.<br>• ૧૧ ક્રિયાત્મક સંશોધન.<br>• અમરેલી જિલ્લાનું સિદ્ધિ સર્વે<br>• મૂલ્યાંકન માટે નવું માળખું.<br>• શૈ. સાધન નિર્માણ.<br>• ધો ૧ થી ૬ના પ્રશ્નપત્રો ૩ સેટ.<br>• આગામી વર્ષ માટે તાલીમ સાહિત્ય નિર્માણ. | • ક્રિયાત્મક સંશોધન મોડયુલ નિર્માણ.<br>• ક્ષમતાલક્ષી પાઠનોંધનો નમુનો તૈયાર કર્યો.<br>• મૂલ્યાંકનના નૂતન માળખાનું અમલીકરણ.<br>• પ્રથમ, દ્વિતીય વર્ષ પી.ટી.સી. પ્રશ્નપત્ર નિર્માણ.<br>• ધો ૧ થી ૭ના પ્રશ્નપત્રો તૈયાર કર્યા.<br>• પી.ટી.સી. પ્રથમ વર્ષ ક્ષેત્ર–૧ નું મોડયુલ તૈયાર કર્યુ.<br>• ધો. ૭ શા.શિ. વિષયની સિદ્ધિ કસોટીની રચના અને તેનું પ્રમાણિકરણ. | • સિદ્ધિ સર્વે ૨૦૦૧ નમુનારૂપ કામગીરી.<br>• રાજ્યમાં નમુનારૂપ યોગ વર્ગ.<br>• પાંચ જિલ્લામાં યોગની તાલીમ.<br>• અધ્યાપકો દ્વારા ૧૪ શૈ. સંશોધનો.<br>• પ્રા. શિક્ષકો દ્વારા ૩૭ શૈ. સંશોધનો.<br>• ધો. ૬ સંસ્કૃતની સઘન તાલીમ.<br>• વાર્ષિક પરીક્ષા માટે ધો. ૧ થી ૭ના પ્રશ્નપત્ર તૈયાર કર્યા.<br>• સંશોધન સજ્જતા માટે ખાસ વર્ગ.<br>• પી.ટી.સી. તાલીમાર્થીઓની વિવિધ કસોટીઓ દ્વારા મૂલ્યાંકન. |

ઉપરોક્ત સારણી–૩.૨૭નો અભ્યાસ કરતા જણાય છે કે ૧૯૯૫–૯૬માં આ શાખાની ખાસ કામગીરી ન હતી. પરંતુ ત્યાર બાદ ક્રમશ : કામગીરીમાં વધારો થયેલ છે.

વર્ષ ૧૯૯૮–૯૯ અને ૨૦૦૧–૦૨ દરમિયાન મહત્તમ કામગીરી આ શાખાએ બજાવેલ છે.

**૨.૩.૨.૬ શૈક્ષણિક પ્રાદ્યોગિકી શાખા.**

**I.C.T. (Information Communication Technology) Branch**

- પાઠયક્રમને મદદરૂપ બને તેવા સાહિત્યનું નિર્માણ તથા વિકાસ.
- સાધનોની જાળવણી કરવી.
- સાધનો ઉછીના લેવા અને આપવાની વ્યવસ્થા.
- શૈક્ષણિક પ્રસારણની વ્યવસ્થા.
- સેવા અંતર્ગત કાર્યક્રમોનું સંચાલન.
- શૈક્ષણિક સાધનોને લગતી માહિતી પૂરી પાડવી.

પ્રસ્તુત શાખામાં નિર્દિષ્ટ મુખ્ય કાર્યોને ધ્યાનમાં રાખી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનમાં સમાવિષ્ટ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની આ પ્રવૃત્તિઓની તારીજ પરથી મુખ્ય પ્રવૃત્તિઓ વર્ષવાર નીચેની સારણી–૩.૨૮માં દર્શાવેલ છે.

## સારણી–૩.૨૮

## શૈક્ષણિક પ્રાદ્યોગિકી શાખા (ઈ.ટી.)

| ૧૯૯૭–૯૮ | ૧૯૯૮–૯૯ | ૧૯૯૯–૨૦૦૦ |
|---|---|---|
| • બાલવાર્તા, બાલગીત ઓડિયો કેસેટ નિર્માણ તથા વિતરણ.<br>• વિવિધ કાર્યક્રમોનું સંચાલન તથા તજ્જ્ઞ તરીકે હિસ્સેદારી | • ધો ૫ પ્રવૃત્તિ અને આનંદમય વિજ્ઞાન શિક્ષણ ટેલી કોન્ફરન્સ<br>• પ્રા. શિક્ષણમાં ગુણવત્તા સુધારણા ટેલીકોન્ફરન્સ.<br>• કમ્પ્યૂટરાઈઝ ડેટાબેંક તૈયાર કરી.<br>• દરેક શાખાના સંશોધન અહેવાલનું ડોકયુમેન્ટસ.<br>• વિવિધ તાલીમ કાર્યક્રમોનું સંચાલન તથા તજ્જ્ઞ તરીકે હિસ્સેદારી.<br>• ભૌતિક સુવિધા મોડેમ, પ્રિન્ટર, સ્કેનર વગેરેથી શાખાને સુસજ્જ કરી. | • રોજ નિશાળે જઈએ ટેલીકોન્ફરન્સ.<br>• પ્રાથમિક શિક્ષણમાં સી.આર.સી.ની ભૂમિકા ટેલીકોન્ફરન્સ.<br>• પ્રવૃત્તિની પાંખે ટેલીકોન્ફરન્સ.<br>• વી.ઈ.સી., એમ.ટી.એ. પી.ટી.એની ભૂમિકા ટેલીકોન્ફરન્સ.<br>• દૃશ્ય–શ્રાવ્ય સાધનોનો તાલીમવર્ગમાં ઉપયોગ.<br>• પી.એસ.ટી.ઈ.માં દૃશ્ય–શ્રાવ્ય સાધનોનો ઉપયોગ.<br>• સી.સી.આર.ટી સ્લાઈડ શો.<br>• સિદ્ધિ કસોટીમાં CMDE શાખાને કમ્પ્યૂટરાઈઝડ પદ્ધતિથી HARD POINT શોધવામાં મદદરૂપ તેમજ Data analysis & Interpretation સંશોધન અહેવાલ તથા ડોકયુમેન્ટેશન. |

| ૨૦૦૦-૦૧ | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|
| • વિજ્ઞાન સી.આર.જી. તાલીમ.<br>• કમ્પ્યૂટર લેબોરેટરી નિર્માણ.<br>• વિવિધ તાલીમ વર્ગોમાં કમ્પ્યૂટર, એજયુકેશનલ ગેમ્સ, પ્રશ્નબેંક, વગેરેની પ્રવૃત્તિઓ.<br>• પી.ટી.સી. પ્રથમ અને દ્વિતીય વર્ષ કમ્પ્યૂટર અભ્યાસક્રમ રચનામાં હિસ્સેદારી.<br>• CRC મોનીટરીંગ,માર્ગદર્શન વિવિધ તાલીમ વર્ગમાં સંચાલક તથા તજ્જ્ઞ તરીકે કામગીરી.<br>• તાલુકા કક્ષાના વિજ્ઞાનમેળા, બાલ–મેળાનું આયોજન. | • ડાયેટ સશક્તિકરણ ટેલીકોન્ફરન્સ પી.એસ.ટી. ઈ સશક્તિકરણ ટેલી કોન્ફરન્સ.<br>• ધો. ૬ પ્રવૃત્તિમય વિજ્ઞાન શિક્ષણ ટેલીકોન્ફરન્સ.<br>• માધ્ય. શાળાના શિક્ષકો માટે અંગ્રેજી વિષયવસ્તુની ટેલીકોન્ફરન્સ.<br>• કઠિનબિન્દુ આધારિત ગણિત શિક્ષણ સુધારણા તાલીમ.<br>• ગણિત–વિજ્ઞાન મંડળ સશક્તિકરણ તાલીમ.<br>• ગણિત વિજ્ઞાન મંડળ સશક્તિકરણ મોડયુલ નિર્માણ.<br>• PTC પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓને કમ્પ્યૂટર શિક્ષણ.<br>• ડાયેટ અધ્યાપકોને કમ્પ્યૂટર તાલીમ<br>• વિજ્ઞાન કઠિન બિન્દુ આધારિત તાલીમ વર્ગ.<br>• રાજ્યકક્ષાની કમ્પ્યૂટર વિષયક  તાલીમમાં તજ્જ્ઞ તરીકે કામગીરી.<br>• પી.એસ.ટી.ઈ ના તાલીમાર્થી દેશભક્તિ ફિલ્મ નિદર્શન, સાંસ્કૃતિક સ્લાઈડ શો.<br>• CRC મોનીટરીંગ, માર્ગદર્શન વિવિધ તાલીમ વર્ગોમાં સંચાલક તથા તજ્જ્ઞ તરીકે કામગીરી. | • ધો. ૭ પ્રવૃત્તિમય વિજ્ઞાન શિક્ષણ ટેલીકોન્ફરન્સ તારુણ્ય શિક્ષણ ટેલીકોન્ફરન્સ, BRC,CRC ની ફરજો ટેલીકોન્ફરન્સ, વિડીયો પ્રોગ્રામ દ્વારા TLM નિદર્શન ટેલીકોન્ફરન્સ, શિક્ષક ગ્રાન્ટ, શાળા ગ્રાન્ટનો શાળામાં ઉપયોગ (SSA) ટેલીકોન્ફરન્સ, બીઆરસી કો–ઓ. વિડીયો પ્રોગ્રામ યુઝર ગાઈડ સાથે અસરકારક ઉપયોગ ટેલીકોન્ફરન્સ.<br>• નિરંતર શિક્ષણ નોડલ પ્રેરક માટે ટેલીકોન્ફરન્સ, આનંદદાયી સંસ્કૃત શિક્ષણ ટેલીકોન્ફરન્સ, શિક્ષણમાં ગુણવત્તા સુધારણા–વિડીયો કોન્ફરન્સ.<br>• PTC પ્રથમ, દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓને કમ્પ્યૂટર શિક્ષણ.<br>• ડાયેટ અધ્યાપકોને કમ્પ્યૂટર તાલીમ.<br>• પી.ટી.સી. પ્રથમ અને દ્વિતીય વર્ષ પેપર–૮ પાઠયપુસ્તક રચનામાં લેખક અને પરામર્શક તરીકે હિસ્સેદારી.<br>• રાજ્યકક્ષાએ કમ્પ્યૂટર વિષયક તાલીમમાં તજ્જ્ઞ તરીકે કામગીરી.<br>• સીઆરસીમાં વિડીયો કેસેટ નિદર્શન તથા દ્રશ્ય શ્રાવ્ય સાધનોનો ઉપયોગ.<br>• પી.એસ.ટી. ઈના તાલીમાર્થીઓને ગાંધી, સરદાર જેવી ફિલ્મોનું નિદર્શન તથા દ્રશ્ય શ્રાવ્ય સાધનોનો ઉપયોગ.<br>• પીટીસી તાલીમાર્થીઓને સાંસ્કૃતિક સ્લાઈડ શોનું નિદર્શન. |

| | | |
|---|---|---|
| | • તાલુકા કક્ષાના વિજ્ઞાન મેળા, બાલમેળાનું આયોજન.<br>• SSA ડ્રાફટ પ્લાન નિર્માણમાં સક્રિય હિસ્સેદારી.<br>• સિદ્ધિ કસોટી, ડેટા એનાલીસીસ, ઈન્ટરપ્રીટેશન, અહેવાલ લેખનમાં મહત્ત્વની હિસ્સેદારી.<br>• સિદ્ધિ કસોટી અહેવાલ લેખનમાં રાજ્ય કક્ષાએ માર્ગદર્શક ભૂમિકા.<br>• QB-2001 પ્રશ્નબેંક સોફટવેર નિર્માણ.<br>• ઈન્ટરનેટ ઈ–મેઈલ સુવિધાથી શાખાને સુસજ્જ. | • સી.આર.સી. મોનીટરીંગ તથા માર્ગદર્શન.<br>• વિવિધ તાલીમ વર્ગોમાં સંચાલક તથા તજ્જ્ઞ તરીકે કામગીરી.<br>• વિવિધ વિષયના કમ્પ્યૂટર સ્લાઈડ–શોનું નિર્માણ.<br>• સીઆરસી તાલુકા કક્ષાએ બાલમેળાનું આયોજન, બાલ રમતોત્સવનું આયોજન.<br>• ગણિત વિજ્ઞાન મંડળ સશક્તિકરણ તાલીમ.<br>• કર્ણાટક રાજ્યની એજયુકેશન ટુર<br>• IRB સોફટવેર નિર્માણ.<br>• કમ્પ્યૂટરાઈઝડ ડેટા તૈયાર કરવા.<br>• સી.ડી. રોમ લાઈબ્રેરી નિર્માણ.<br>• પી.ટી.સી. કમ્પ્યૂટરાઈઝડ એડમીશન પદ્ધતિનું આયોજન અને કામગીરી.<br>• ઈ–મેઈલ દ્વારા પત્ર વ્યવહાર. |

ઉપરોકત સારણી–૩.૨૮નો અભ્યાસ કરતાં જણાય છે કે ૧૯૯૫ થી ૧૯૯૭ના વર્ષ સુધી આ શાખામાં કોઈ કર્મચારીની નિમણૂંક નહીં હોવાથી આ વર્ષોમાં કોઈ ખાસ કામગીરી થઈ ન હતી. પરંતુ ત્યારબાદ ક્રમશ : કામગીરીમાં વધારો થયેલ છે. વર્ષ ૨૦૦૧–૦૨ અને ૨૦૦૨–૦૩ દરમિયાન મહત્તમ કામગીરી આ શાખાએ બજાવેલ છે.

### ૨.૩.૨.૭ આયોજન અને વ્યવસ્થાપન શાખા

**P & M (Planning & Management) Branch**

- આયોજન અને વ્યવસ્થાપન સંબંધી કાર્યો.
- જિલ્લા ભવનોનું વાર્ષિક આયોજન.
- પ્રગતિ દેખરેખ તથા માહિતી આધારોની જાળવણી.
- મહત્ત્વના ક્ષેત્રોને નીતિ વિષયક સલાહ.

પ્રસ્તુત શાખામાં નિર્દિષ્ટ મુખ્ય કાર્યોને ધ્યાનમાં રાખી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનમાં સમાવિષ્ટ દસેય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની આ પ્રવૃત્તિઓની તારીજ પરથી મુખ્ય પ્રવૃત્તિઓ વર્ષવાર નીચેની સારણી–૩.૨૯માં દર્શાવેલે છે.

**સારણી –૩.૨૯**

**આયોજન અને વ્યવસ્થાપન શાખા (પી.એન્ડ એમ.)**

| ૧૯૯૫–૯૬ | ૧૯૯૬–૯૭ | ૧૯૯૭–૯૮ |
|---|---|---|
| • ૯૬–૯૭ના વર્ષનું આયોજન<br>• સ્ટાફ મીટીંગ<br>• સંકલન બેઠક<br>• સલાહકાર સમિતિની બેઠક<br>• પાંચ S.O.P.T. તાલીમ વર્ગોનું આયોજન<br>• ૩૮ સેવાકાલીન વર્ગોનું આયોજન | • ૯૭–૯૮ના વર્ષનું આયોજન.<br>• સ્ટાફમીટીંગ<br>• સંકલન બેઠક<br>• સલાહકાર સમિતિની બેઠક.<br>• ૬ S.O.P.T. તાલીમવર્ગોનું આયોજન.<br>• ૪૪ સેવાકાલીન તાલીમ વર્ગોનું આયોજન.<br>• ૧૫ EDN યોજના અંતર્ગત તાલીમ વર્ગોનું આયોજન | • ૯૮–૯૯ના વર્ષનું આયોજન<br>• સ્ટાફ મીટીંગનું આયોજન<br>• સંકલન બેઠકનું આયોજન.<br>• સલાહકાર સમિતિની બેઠકનું આયોજન.<br>• ૬ S.O.P.T. તાલીમવર્ગોનું આયોજન.<br>• ૨૬ સેવાકાલીન વર્ગોનું આયોજન |

| ૧૯૯૫-૯૯ | ૧૯૯૯-૨૦૦૦ | ૨૦૦૦-૦૧ | ૨૦૦૧-૨૦૦૨ |
|---|---|---|---|
| • ૧૯૦ તાલીમવર્ગોનું આયોજન.<br>• ૨૬ નિવાસી વર્ગો.<br>• ૧૬૪ બિનનિવાસી વર્ગો.<br>• શિક્ષકો, આચાર્યો, કો–ઓર્ડિનેટરો, કે.નિ., મ.શિ.નિ., અધ્યાપકો, વહીવટીકર્મચારીઓને તાલીમ આપી.<br>• ધોરણ ૧ થી ૬ના વાર્ષિક આયોજન તૈયાર કરવામાં આવ્યા.<br>• ૯૯–૨૦૦૦ના વર્ષનું વાર્ષિક આયોજન તૈયાર થયું.<br>• આચાર્ય નવસંસ્કરણ તાલીમના ૬૫ વર્ગોનું આયોજન | • ૭૧ બિનનિવાસી વર્ગોનું આયોજન.<br>• ૫૬ સેવાકાલીન યોજનાના વર્ગોનું આયોજન.<br>• ૩૦ EDN વર્ગોનું આયોજન.<br>• કુલ ૮૯ તાલીમ વર્ગોનું આયોજન.<br>• P & M શાખા મારફત વિવિધ ક્ષેત્રે શિક્ષકોને તાલીમ માટે મોકલવાની કામગીરી.<br>• ૨૦૦૦–૦૧નું વાર્ષિક આયોજન તૈયાર કરવામાં આવ્યું. | • ૭૩ સેવાકાલીન વર્ગોનું આયોજન.<br>• ૨૫ EDN વર્ગોનું આયોજન.<br>• ૯૯–૨૦૦૦ નો વાર્ષિક અહેવાલ.<br>• ૨૦૦૧–૦૨નું વાર્ષિક આયોજન.<br>• દર માસે સંકલન બેઠક.<br>• વર્ષ દરમ્યાન બે સલાહકાર સમિતિની બેઠક.<br>• ૧૬ S.O.P.T. તાલીમ વર્ગોનું આયોજન. | • દર માસે સંકલન બેઠકનું આયોજન.<br>• વર્ષ દરમ્યાન બે વાર સલાહકાર સમિતિની બેઠક.<br>• ૨૦૦૨–૦૩નું વાર્ષિક આયોજન.<br>• ૪૭ સેવાકાલીન વર્ગોનું આયોજન.<br>• ૯ EDN વર્ગોનું આયોજન.<br>• S.O.P.T. તાલીમ અંતર્ગત ૩૮ તાલીમ વર્ગો. |

ઉપરોક્ત સારણી–૩.૨૯નો અભ્યાસ કરતાં જણાય છે કે ૧૯૯૫–૯૬માં શાખાની ખાસ કામગીરી ન હતી. પરંતુ ત્યાર બાદ ક્રમશ : કામગીરીમાં વધારો થયેલ છે. સેવાકાલીન તાલીમ, ઈ.ડી.એન. ના વર્ગોની તાલીમ તેમજ એસ.ઓ.પી.ટી. ની તાલીમમાં ઉત્તરોત્તર વધારો થયેલ જણાય છે.

ટૂંકમાં તમામ પ્રકારના  ઈન સર્વિસ કાર્યક્રમોનું આયોજન આ શાખા કરે છે.

## ૨.૩.૩ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોને સહયોગ :*

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની પ્રવૃત્તિઓ માટે રાષ્ટ્રીય, રાજ્ય, જિલ્લા અને સ્થાનિક કક્ષાની સંસ્થાઓએ આર્થિક તેમજ અન્ય સ્ત્રોત દ્વારા માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન પૂરું પાડેલ છે. જેની વિગતોની ચકાસણી કરતાં જણાયેલ છે કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ભાગરૂપે વિકસાવવામાં આવેલ આ બધાં જ ભવનોમાં ગ્રાંટની ફાળવણી, સાધન સંપત્તિની ખરીદી કે અન્ય પ્રકલ્પવાર આર્થિક સહયોગ લગભગ સમાન ધોરણે જ આપવામાં આવે છે.

### ૨.૩.૩.૧ આર્થિક પાસું :

ભવનોની વડી કચેરી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર મારફત વિવિધ બજેટ હેઠળ વિવિધ યોજનાઓ માટે વર્ષવાર અનુદાનની ફાળવણી કરવામાં આવે છે. પ્રત્યેક ભવનને વર્ષવાર મળેલ કુલ ગ્રાન્ટ અને થયેલ કુલ ખર્ચના આંકડાઓમાં સાહજિક વધઘટ જોવા મળે છે.  પરંતુ પ્રસ્તુત સંશોધનમાં સમાવિષ્ટ દસ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં બજેટ હેડ તથા યોજનાનું નામ સમાન રહેવા પામેલ છે. તેથી દસેય ભવનોની વર્ષવાર સારણી રજૂ કરવાને બદલે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢની અનુદાન અને તેના ઉપયોગની વર્ષવાર વિગતોની સારણી અહીં એક નમૂના તરીકે રજૂ કરવામાં આવેલ છે.

## સારણી–૩.૩૦

### વર્ષ ૧૯૯૭–૯૮ માં મળેલું અનુદાન અને તેનો ઉપયોગ

| ક્રમ | બજેટ હેડ | યોજનાનું નામ | મળેલ કુલ ગ્રાન્ટ | થયેલ કુલ ખર્ચ | બચત |
|---|---|---|---|---|---|
| ૧ | મહેકમ | પગાર ભથ્થા | ૩૫,૭૩,૮૬૭ | ૩૫,૭૩,૬૮૭ | - |
| ૨ | સેવાકાલીન | સેવાકાલીન વર્ગ | ૫,૦૦,૦૦૦ | ૫,૦૦,૦૦૦ | - |
| ૩ | વિજ્ઞાન સલાહકાર | વિજ્ઞાન સુધારણા | ૧,૦૬,૧૬૪ | ૧,૦૬,૧૬૪ | - |
| ૪ | ઈડીએન–૮/એ | સૌરાષ્ટ્ર વિસ્તારના અધ્યાપકોના વર્ગ | ૧,૮૨,૭૫૦ | ૫૭,૨૨૪ | જમા |
| ૫ | ઈડીએન–૮/એ | કે.નિ. વર્ગ | ૩૬,૫૫૦ | ૧૭,૬૦૪ | જમા |
| ૬ | ઈડીએન–૮/બી | લાયબ્રેરી સશક્તિકરણ | ૨૫,૦૦૦ | ૨૫,૦૦૦ | - |
| ૭ | ઈડીએન–૮/સી | યોગ વ્યાયામ શિબિર | ૫૧,૦૦૦ | ૩૧,૩૫૪ | જમા |
| ૮ | ઈડીએન–૮/સી | શૈક્ષણિક ટેક્નોલોજી | ૪૨,૦૦૦ | ૨૨,૬૯૯ | જમા |
| ૯ | ઈડીએન–૮/ડી | શાળા સંકુલ | ૧,૦૪,૦૦૦ | ૧,૦૪,૦૦૦ | - |
| ૧૦ | ઈડીએન–૮/કે | શાળા સંશોધન | ૩૦,૦૦૦ | - | - |
| ૧૧ | ઈડીએન–૮/ઓ | વિજ્ઞાન મેળા | ૩૦,૦૦૦ | ૧૫,૦૦૦ | જમા |
| ૧૨ | એસ.ઓ.પી.ટી. | – | ૧,૪૯,૨૬૫ | ૧,૩૩,૭૦૬ | જમા |

વર્ષ ૧૯૯૭–૯૮માં કુલ ૧૨ બજેટ હેડ હેઠળ અનુદાનની ફાળવણી કરવામાં આવી હતી. જેમાં ઈડીએન–૮એ, ઈડીએન–૮સી અને ઈડીએન–૮ઓ અંગેના અનુદાનમાં બચત થઈ હતી. ઈડીએન–૮કે નું અનુદાન પરત કરવામાં આવેલું હતું.

વર્ષ ૧૯૯૮–૯૯માં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢને ફાળવાયેલ અનુદાન અને તેના ઉપયોગ અંગેની માહિતી સારણી – ૩.૩૧માં રજૂ કરવામાં આવેલી છે.

## સારણી–૩.૩૧

## વર્ષ ૧૯૯૮–૯૯ માં મળેલું અનુદાન અને તેનો ઉપયોગ

| ક્રમ | બજેટ હેડ | યોજનાનું નામ | મળેલ કુલ ગ્રાન્ટ | થયેલ કુલ ખર્ચ | બચત |
|---|---|---|---|---|---|
| ૧ | મહેકમ | પગાર ભથ્થા | ૪૦,૫૦,૭૬૬ | ૪૦,૫૦,૭૬૬ | - |
| ૨ | સેવાકાલીન | સેવાકાલીન વર્ગ | ૫,૦૦,૦૦૦ | ૫,૦૦,૦૦૦ | - |
| ૩ | વિજ્ઞાન સલાહકાર | વિજ્ઞાન સુધારણા | ૧,૨૧,૦૦૦ | ૧,૫૬,૨૯૮ | - |
| ૪ | ઈડીએન–૮/બી | | ૫૮,૫૦૦ | ૫૮,૫૦૦ | - |
| ૫ | ઈડીએન–૮/એલ | | ૬૨,૦૦૦ | ૫૯,૧૭૩ | જમા |
| ૬ | ઈડીએન–૮/ઓ | | ૧,૧૫,૦૦૦ | ૧,૧૫,૦૦ | - |
| ૭ | ઈડીએન–૮/એ | | ૫,૧૪,૦૦૦ | ૩,૦૦,૪૫૩ | જમા |
| ૮ | ઈડીએન–૮/સી | | ૧૦,૦૦૦ | ૧૦,૦૦૦ | - |

વર્ષ ૧૯૯૮–૯૯માં કુલ ૮ બજેટ હેડ હેઠળ અનુદાનની ફાળવણી કરવામાં આવી હતી. જેમાં વિજ્ઞાન સુધારણાના અનુદાનમાં ૩૫૨૯૮ની વધુ જરૂરિયાત ઉપસ્થિત થઈ હતી.

વર્ષ ૧૯૯૯–૨૦૦૦માં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢને ફાળવાયેલું અનુદાન અને તેના ઉપયોગ અંગેની માહિતી સારણી–૩.૩૨માં રજૂ કરવામાં આવેલી છે.

## સારણી–૩.૩૨

## વર્ષ ૧૯૯૯–૨૦૦૦ માં મળેલું અનુદાન અને તેનો ઉપયોગ

| ક્રમ | બજેટ હેડ | યોજનાનું નામ | મળેલ કુલ ગ્રાન્ટ | થયેલ કુલ ખર્ચ | બચત |
|---|---|---|---|---|---|
| ૧ | મહેકમ | પગાર ભથ્થા | ૪૭,૮૩,૧૧૨ | ૪૭,૮૩,૧૧૨ | - |
| ૨ | સેવાકાલીન | સેવાકાલીન વર્ગ | ૫,૮૧,૫૫૨ | ૫,૮૧,૫૫૨ | - |
| ૩ | વિજ્ઞાન સલાહકાર | વિજ્ઞાન સુધારણા | ૧,૫૬,૨૯૮ | ૧,૫૬,૨૯૮ | - |
| ૪ | ઈડીએન–૧૬ | વિજ્ઞાન મેળો | ૨,૪૦,૦૦૦ | ૨,૪૦,૦૦૦ | - |
| ૫ | ઈડીએન–૧૬ | તાલીમી સાહિત્ય નિર્માણ | ૫૨,૦૦૦ | ૫૨,૦૦૦ | – |
| ૬ | ઈડીએન–૧૬ | ટી.એલ.એમ. તેમજ ભૌતિક સુવિધા, રેફરન્સ બુક માટે | ૬૩,૦૦૦ | ૬૩,૦૦૦ | - |
| ૭ | ઈડીએન–૧૬ | અધ્યાયન મંદિર અધ્યાપકોની કાર્ય શિબિર | ૨૬,૨૦૦ | ૨૬,૨૦૦ | – |
| ૮ | ઈડીએન–૧૬ | ધોરણ–૧ તાલીમ | ૫૧,૭૫૦ | ૫૧,૭૫૦ | - |

વર્ષ ૧૯૯૯–૨૦૦૦માં કુલ ૪ બજેટ હેડ હેઠળ અનુદાનની ફાળવણી કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૦૦–૨૦૦૧માં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢને ફાળવાયેલ અનુદાન અને તેના ઉપયોગ અંગેની માહિતી સારણી–૩.૩૩માં રજૂ કરવામ આવેલી છે.

## સારણી–૩.૩૩

### વર્ષ ૨૦૦૦–૨૦૦૧ માં મળેલું અનુદાન અને તેનો ઉપયોગ

| ક્રમ | બજેટ હેડ | યોજનાનું નામ | મળેલ કુલ ગ્રાન્ટ | થયેલ કુલ ખર્ચ | બચત |
|---|---|---|---|---|---|
| ૧ | મહેકમ | પગાર ભથ્થા | ૩૯,૦૦,૦૦૦ | ૩૯,૦૦,૦૦૦ | - |
| ૨ | સેવાકાલીન | સેવાકાલીન વર્ગ | ૫,૦૩,૪૮૯ | ૫,૮૧,૫૫૨ | - |
| ૩ | વિજ્ઞાન સલાહકાર | વિજ્ઞાન સુધારણા | ૧,૬૦,૨૦૯ | ૧,૬૦,૨૦૯ | - |
| ૪ | ઈડીએન–૧૬ | સી.આર.સી. | ૫,૧૭,૫૦૦ | ૪,૯૪,૫૦૦ | જમા |
| ૫ | ઈડીએન–૧૬ | વિજ્ઞાન મેળો | ૨,૬૨,૦૦૦ | ૨,૬૨,૦૦૦ | – |
| ૬ | ઈડીએન–૧૬ | નેશનલ સાયન્સ ફેર | ૧૫,૦૦૦ | ૧૪,૯૭૬ | જમા |
| ૭ | ઈડીએન–૧૬ | વેસ્ટર્ન ઈન્ડીયા સાયન્સ ફેર | ૨,૦૦૦ | ૨,૦૦૦ | – |
| ૮ | ઈડીએન–૧૬ | ક્રિયાત્મક સંશોધન અને સિદ્ધિ કસોટી | ૩૩,૦૦૦ | ૩૩,૦૦૦ | - |
| ૯ | ઈડીએન–૧૬ | વર્તમાનપત્ર, સંદર્ભ ગ્રંથ | ૧૦,૦૦૦ | ૧૦,૦૦૦ | - |

વર્ષ ૨૦૦૦–૨૦૦૧માં કુલ ૪ બજેટ હેડ હેઠળ અનુદાનની ફાળવણી કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૦૧–૨૦૦૨માં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢને ફાળવાયેલ અનુદાન અને તેના ઉપયોગ અંગેની માહિતી સારણી–૩.૩૪માં રજૂ કરવામાં આવેલી છે.

## સારણી–૩.૩૪

### વર્ષ ૨૦૦૧–૨૦૦૨ માં મળેલું અનુદાન અને તેનો ઉપયોગ

| ક્રમ | બજેટ હેડ | યોજનાનું નામ | મળેલ કુલ ગ્રાન્ટ | થયેલ કુલ ખર્ચ | બચત |
|---|---|---|---|---|---|
| ૧ | મહેકમ | પગાર ભથ્થા | ૪૫,૬૦,૦૦૦ | ૪૫,૬૮,૬૬૪ | ઘટ |
| ૨ | સેવાકાલીન | સેવાકાલીન વર્ગ | ૯,૦૦,૦૦૦ | ૯,૦૦,૦૦૦ | - |
| ૩ | વિજ્ઞાન સલાહકાર | વિજ્ઞાન સુધારણા | ૧,૬૭,૦૦૦ | ૧,૬૫,૬૦૯ | જમા |
| ૪ | એસ.ઓ.પી.ટી. અંતર્ગત | ધો–૨ તાલીમ, વસ્તી શિક્ષણ, બાળમેળો વગેરે | ૬,૨૨,૬૯૨ | ૫,૨૮,૧૭૯ | જમા |
| ૫ | ઈડીએન–૧૬ | યોગ શિક્ષણ | ૧,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | – |
| ૬ | ઈડીએન–૧૬ | વસ્તી શિક્ષણ | ૪૫,૦૦૦ | ૪૩,૫૩૩ | જમા |
| ૭ | ઈડીએન–૧૬ | વિદ્યાસહાયક તાલીમ અને પરીક્ષણ મૂલ્યાંકન | ૧,૬૦,૦૦૦ | ૧,૫૦,૦૩૮ | જમા |
| ૮ | ઈડીએન–૧૬ | ક્રિયાત્મક સંશોધન અને સિદ્ધિ કસોટી | ૧૦,૦૦૦ | ૭,૬૫૭ | જમા |
| ૯ | ઈડીએન–૧૬ | સી.આર.સી. | ૭૫,૦૦૦ | ૮૪,૩૬૩ | ઘટ |
| ૧૦ | ઈડીએન–૧૬ | વિદ્યાસહાયક | ૮૫,૦૦૦ | ૫૬,૫૬૯ | જમા |
| ૧૧ | ઈડીએન–૧૬ | આયોજન અને વ્યવસ્થાપન | ૨૫,૦૦૦ | ૧૯,૯૪૭ | જમા |
| ૧૨ | ઈડીએન–૧૬ | ધો–૬ સંસ્કૃત | ૧,૭૦,૦૦૦ | ૧,૬૪,૫૫૬ | જમા |
| ૧૩ | ઈડીએન–૧૬ | યોગ શિક્ષણ | ૧,૦૦,૦૦૦ | ૮૩,૭૫૧ | જમા |
| ૧૪ | ઈડીએન–૧૬ | મૂલ્યાંકન | ૩૯,૦૦૦ | ૩૦,૫૧૫ | જમા |
| ૧૫ | ઈડીએન–૧૬ | તાલુકા કક્ષાના વિજ્ઞાન મેળા | ૮૭,૦૦૦ | ૮૭,૦૦૦ | – |
| ૧૬ | ઈડીએન–૧૬ | જિલ્લા કક્ષાનો વિજ્ઞાનમેળો | ૨,૯૫,૦૦૦ | ૨,૯૦,૭૬૭ | જમા |

વર્ષ ૨૦૦૧–૨૦૦૨માં કુલ ૫ બજેટ હેડ હેઠળ અનુદાનની ફાળવણી કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૦૧–૨૦૦૨માં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢને ફાળવાયેલ અનુદાન અને તેના ઉપયોગ અંગેની માહિતી સારણી–૩.૩૫માં રજૂ કરવામાં આવેલી છે.

## સારણી–૩.૩૫

## વર્ષ ૨૦૦૨–૨૦૦૩માં મળેલું અનુદાન અને તેનો ઉપયોગ

| ક્રમ | બજેટ હેડ | યોજનાનું નામ | મળેલ કુલ ગ્રાન્ટ | થયેલ કુલ ખર્ચ | બચત |
|---|---|---|---|---|---|
| ૧ | મહેકમ | પગાર ભથ્થા | ૪૪,૦૦,૬૦૭ | ૪૪,૦૦,૬૦૭ | - |
| ૨ | સેવાકાલીન | સેવાકાલીન વર્ગ | ૬,૦૦,૦૦૦ | ૬,૦૦,૦૦૦ | - |
| ૩ | વિજ્ઞાન સલાહકાર | વિજ્ઞાન સુધારણા | ૧,૬૭,૦૦૦ | ૧,૮૧,૨૦૦ | - |
| ૪ | ઈડીએન–૧૬ | ગણિત વિજ્ઞાન સશક્તિકરણ | ૬,૦૦૦ | ૬,૦૦૦ | – |
| ૫ | ઈડીએન–૧૬ | ઓડિયો–વિડીયો સ્ક્રિપ્ટ રાઈટીગ | ૨૫,૦૦૦ | ૨૫,૦૦૦ | – |
| ૬ | ઈડીએન–૧૬ | ક્રિયાત્મક સંશોધન, સંસ્કૃત ધો. ૭, નિડબેઝ, ટેલીકોન્ફરન્સ, કમ્પ્યૂટર | ૩,૫૫,૦૦૦ | ૩,૫૫,૦૦૦ | – |
| ૭ | ઈડીએન–૧૬ | યોગ શિક્ષણ | ૧,૫૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ | – |
| ૮ | ઈડીએન–૧૬ | રમત–ગમતના સાધનો | ૧૦,૦૦૦ | ૧૦,૦૦૦ | – |
| ૯ | ઈડીએન–૧૬ | વિજ્ઞાનમેળો અને ટી.એલ.એમ. | ૩,૨૮,૫૦૦ | ૩,૨૮,૫૦૦ | – |
| ૧૦ | ઈડીએન–૧૬ | બાળમેળો (સી.આર.સી.) | ૨,૯૫,૫૦૦ | ૨,૯૫,૫૦૦ | – |

વર્ષ ૨૦૦૨–૨૦૦૩માં કુલ ૪ બજેટ હેડ હેઠળ અનુદાનની ફાળવણી કરવામાં આવી હતી. તેમાં વિજ્ઞાન સુધારણા હેઠળ અનુદાનની જરૂરિયાત ઉપસ્થિત થઈ હતી.

## ૨.૩.૩.૨ સહયોગી સંસ્થાઓ :

પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણાનું કાર્ય અસરકારક રીતે હાથ ધરી શકાય એ હેતુથી ભવન અન્ય સંસ્થાઓ સાથે સંકલન, સહકાર તથા જોડાણ ધરાવે છે. જરૂરિયાત મુજબ અન્ય સંસ્થાઓનો સહયોગ મેળવે છે. અન્ય સંસ્થાઓ સાથે સુચારું રીતે આદાનપ્રદાનની પ્રક્રિયા કરી ધ્યેય તરફ નિશ્ચિત ગતિએ આગળ વધે છે. ભવનોને સહયોગ આપતી સંસ્થાઓની વિગત સારણી–૩.૩૬માં દર્શાવવામાં આવી છે.

**સારણી – ૩.૩૬**

**સહયોગી સંસ્થાઓ**

| *ક્રમ* | *સહયોગી સંસ્થાનું નામ* | *માનવ* | *ભૌતિક* | *આર્થિક* |
|---|---|---|---|---|
| | **રાષ્ટ્રીય કક્ષાએ સહયોગ આપતી સંસ્થાઓ** | | | |
| ૧ | રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ નવી દિલ્હી NCERT | | | √ |
| ૨ | રાષ્ટ્રીય આયોજન અને વ્યવસ્થાપન સંસ્થા, નવી દિલ્હી NIEPA | | | √ |
| ૩ | રાષ્ટ્રીય શિક્ષણની પરિષદ (પ્રાદેશિક સંસ્થા) ભોપાલ RIE | | | √ |
| ૪ | યુનિસેફ, ગાંધીનગર. | √ | √ | √ |
| ૫ | સી.સી.આર.ટી. નવી દિલ્હી | | | √ |
| | **રાજ્ય કક્ષાએ સહયોગ આપતી સંસ્થાઓ** | | | |
| ૬ | ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર GCERT | √ | √ | √ |
| ૭ | એચ.એમ.પટેલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈંગ્લીશ રીસર્ચ એન્ડ ટ્રેનીંગ સેન્ટર વલ્લભ વિદ્યાનગર. | √ | | |
| ૮ | રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર | √ | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | રાજ્ય પાઠક પુસ્તક મંડળ, ગાંધીનગર. | | √ | |
| ૧૦ | ગુજરાત રાજ્ય ટેકનોલોજી ભવન, અમદાવાદ | | √ | |
| ૧૧ | જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ (ડી.પી.ઈ.પી. કચેરી, ગાંધીનગર) | | | √ |
| ૧૨ | પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર. | √ | | |
| ૧૩ | ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી, ગાંધીનગર. | √ | | |
| ૧૪ | રાષ્ટ્રીય અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ. | √ | | |
| ૧૫ | શિક્ષણ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. | √ | | |
| ૧૬ | 'આકાશવાણી' રાજકોટ. | √ | | |
| ૧૭ | અન્ય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તમામ | √ | | |
| ૧૮ | ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ. | √ | | |
| ૧૯ | લોક વિજ્ઞાન કેન્દ્ર રાજકોટ | √ | √ | |
| **જિલ્લા કક્ષાએ સહયોગ આપતી સંસ્થાઓ** | | | | |
| ૨૦ | જિલ્લાના પ્રાથમિક, માધ્યમિક અને નિરંતર શિક્ષણાધિકારીશ્રીઓ | √ | | |
| ૨૧ | જિલ્લા શિક્ષણ સમિતિ | √ | | |
| ૨૨ | જિલ્લા પંચાયત | √ | | |
| ૨૩ | જિલ્લાના તાલુકા સંશોધન કેન્દ્ર તથા જૂથ સંશોધન કેન્દ્ર | √ | | |
| ૨૪ | રાષ્ટ્રીય અંધજન મંડળ | √ | | |
| ૨૫ | મંગલમૂર્તિ વિકલાંગ ટ્રસ્ટ જેવા NGO | √ | | |
| ૨૬ | નહેરૂ યુવક કેન્દ્ર | √ | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭. | જિલ્લા સરકારી તથા ખાનગી તમામ અધ્યાપન મંદિરો | √ | | |
| ૨૮ | કલેક્ટર તથા મામલતદાર કચેરી | √ | | |
| ૨૯ | જિલ્લાની તમામ સરકારી તથા ખાનગી માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક શાળાઓ. | √ | | |
| ૩૦ | જિલ્લાની તમામ સરકારી તથા ખાનગી પ્રાથમિક શાળાઓ. | √ | | |
| ૩૧ | કેળવણી નિરીક્ષક સંઘ | √ | | |
| ૩૨ | તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તથા તાલુકા પંચાયત કચેરી. | √ | | |
| ૩૩ | ગ્રાન્ટેડ બી.એડ્. કોલેજો | √ | | |
| ૩૪ | રાજ્ય તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘ | √ | | |
| ૩૫ | માહિતી નિયામકશ્રીની કચેરી | | √ | |
| ૩૬ | ચાપરડા આશ્રમ, વિસાવદર જેવી સેવાભાવી સંસ્થાઓ | √ | √ | |

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોને સરેરાશ કુલ ૩૬ સંસ્થાનો આર્થિક, માનવ તથા ભૌતિક સહયોગ પ્રાપ્ત થાય છે. તેમાં રાષ્ટ્રીય કક્ષાએ–૫, રાજ્ય કક્ષાએ–૧૪ તથા જિલ્લા કક્ષાએ–૧૭ સંસ્થાનો સહકાર મળે છે. રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓ દ્વારા આર્થિક સહયોગ પ્રાપ્ત થાય છે. રાજ્ય કક્ષાએ મોટા ભાગે સંસ્થા દ્વારા માનવ બળ પૂરું પાડવામાં આવે છે. જયારે અમુક સંસ્થા દ્વારા આર્થિક અને ભૌતિક સહયોગ પ્રાપ્ત થાય છે. જિલ્લા કક્ષાએ ભૌતિક અને માનવ સહયોગ વધુ પ્રાપ્ત થાય છે.

# ૩.૦ વિહંગાવલોકન :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના વિકાસાત્મક પરિચયની રૂપરેખા મેળવવાના પ્રયાસ રૂપે પ્રસ્તુત સંશોધન હેવાલના પ્રકરણ–૩માં સંશોધનના હેતુ ૩.૧ તથા તે સંબંધિત સંશોધનના પ્રશ્નો ૪.૧ થી ૪.૪ની વિગતો વિસ્તૃત રીતે દર્શાવવામાં આવેલ છે. આ વિગતો દ્વારા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના સ્થાપના કાળથી વિકાસાત્મક નકશાની સ્પષ્ટતા સંભવ બને તેવો પ્રયાસ કરવામાં આવેલ છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની સ્થાપના અને શાખાનાં કાર્યો, તેને મળતી ગ્રાંટ તથા અન્ય સહયોગી સંસ્થાઓની વિગતો સારણી દ્વારા રજૂ કરવામાં આવેલ છે.

❀❀❀

# ૪ : માહિતીની રજુઆત : સંસ્થાની સેવાઓ અને તેનું પ્રદાન

## ૧.૦ પ્રાસ્તાવિક :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોનું રાષ્ટ્રીય કાર્ય માળખું ઘણું જ વ્યવસ્થિત, વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય ઢબે કાર્ય કરતું રહે તે મુજબનું નિર્માણ પામેલ છે. વિવિધ સાત શાખાઓમાં વહેંચાયને પ્રત્યેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન આયોજનબદ્ધ કાર્યો હાથ ધરે છે. આ કાર્યોમાંથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની મૂળભૂત સેવાઓ અને તેનાં પ્રદાનને મૂલવવા માટે ત્રણ પાસાંઓને ધ્યાનમાં લેવાનું આવશ્યક બની રહે છે. આ ત્રણ પાસાંઓ છે :

(૧) પૂર્વસેવા અને સેવાકાલીન શિક્ષક–પ્રશિક્ષણ કાર્ય

(૨) હાથ ધરાતાં સંશોધનકાર્ય

(૩) પ્રકાશન અને સાધનનિર્માણનું કાર્ય

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધનનાં નમૂનામાં સમાવિષ્ટ દસેય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં આ ત્રણેય સેવાઓનું કેવા પ્રકારનું પ્રદાન રહેલ છે તેની વિસ્તૃત માહિતી દર્શાવવામાં આવેલ છે.

## ૨.૦ સંશોધન હેતુ :

પ્રસ્તુત સંશોધનના નિર્ધારિત હેતુઓમાંથી હેતુ ૩.૨ આ પ્રમાણે છે.

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની પૂર્વસેવા અને સેવાકાલીન શિક્ષક–પ્રશિક્ષણ કાર્યોનો અભ્યાસ કરવો.**

આ ૩.૨ હેતુના સંદર્ભમાં વિગતો અહીં દર્શાવેલ છે.

## ૨.૧ પૂર્વ સેવા શિક્ષણ :

પૂર્વ સેવા શિક્ષણ એટલે Pre Service Training and Education (P.S.T.E.), અહીં તાલીમાર્થીઓને પ્રાથમિક શિક્ષક બનવા માટેની તાલીમ અપાય છે. P.S.T.E. નો અભ્યાસક્રમ બે વર્ષનો છે. ડાયેટ ગાઈડ લાઈન મુજબ આ શાખામાં એક સિનિયર અને આઠ જુનિયર લેક્ચરર્સ નિમણૂંક પામે છે. સિનિયર લેક્ચર P.S.T.E. હેડ કહેવાય છે અને તેમનો અભ્યાસ Child Psychology માં અનુસ્નાતક તેમ જ શિક્ષણમાં અનુસ્નાતક સુધીનો હોય છે. સામાન્યત : બહેનોની સંસ્થામાં બહેન અને ભાઈઓની સંસ્થામાં ભાઈ સિનિયર લેક્ચરર તરીકે હોય છે.

પ્રસ્તુત સંશોધનના નમૂનામાં સમાવિષ્ટ દસ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાંથી પૂર્વ સેવા શિક્ષણ શાખામાં તાલીમ પામેલ પ્રશિક્ષાર્થીઓની અને તેને સંબંધિત અન્ય ઉપલબ્ધ માહિતી અત્રે ક્રમવાર દર્શાવેલ છે.

### ૨.૧.૧ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે P.S.T.E.માં વર્ષવાર સંખ્યા નીચે સારણી ૪.૧માં દર્શાવેલ છે.

સારણી–૪.૧

વર્ષવાર **P.S.T.E.** માટે ઈનટેક દર્શાવતી સારણી

| વર્ષ | પ્રથમ વર્ષ | બીજું વર્ષ |
|---|---|---|
| ૧૯૯૫-૯૬ | ૧૦૧ | ૫૧ |
| ૧૯૯૬-૯૭ | ૫૦ | ૧૦૧ |
| ૧૯૯૭-૯૮ | ૪૩ | ૫૦ |
| ૧૯૯૮-૯૯ | ૪૨ | ૪૩ |
| ૧૯૯૯-૦૦ | ૪૧ | ૪૪ |
| ૨૦૦૦-૦૧ | ૪૯ | ૪૪ |
| ૨૦૦૧-૦૨ | ૫૧ | ૪૮ |
| ૨૦૦૨-૦૩ | ૪૩ | ૪૮ |

➢ **વર્ષવાર પરિણામ :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણની P.S.T.E. શાખાનાં વર્ષવાર પરિણામોની વિગતો સારણી–૪.૨માં દર્શાવવામાં આવેલ છે.

**સારણી–૪.૨**

**વર્ષવાર પરિણામ દર્શાવતી સારણી**

| *વર્ષ* | *કુલ પરીક્ષાર્થી* | *ડીસ્ટીકશન* | *પ્રથમ વર્ગ* | *દ્વિતીય વર્ગ* | *નાપાસ* | *પરિણામ ટકામાં* |
|---|---|---|---|---|---|---|
| ૧૯૯૫-૯૬ | ૫૧ | ૦૭ | ૩૫ | ૦૯ | - | ૧૦૦% |
| ૧૯૯૬-૯૭ | ૧૦૧ | ૧૫ | ૮૦ | ૦૬ | - | ૧૦૦% |
| ૧૯૯૭-૯૮ | ૫૦ | ૪૨ | ૦૮ | - | - | ૧૦૦% |
| ૧૯૯૮-૯૯ | ૪૩ | ૧૫ | ૨૮ | - | - | ૧૦૦% |
| ૧૯૯૯-૦૦ | ૪૪ | ૨૯ | ૧૪ | - | ૦૧ | ૯૭.૭૩% |
| ૨૦૦૦-૦૧ | ૪૪ | ૩૦ | ૧૨ | - | ૦૨ | ૯૫.૪૬% |
| ૨૦૦૧-૦૨ | ૪૮ | ૩૩ | ૦૨ | ૧૧ | ૦૨ | ૯૫.૮૪% |
| ૨૦૦૨-૦૩ | ૪૩ | ૨૧ | ૧૧ | ૦૪ | ૦૭ | ૮૩.૭૨% |

### ૨.૧.૨ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાલનપુર :*

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાલનપુર ખાતે P.S.T.E. માં વર્ષવાર સંખ્યા નીચે સારણી–૪.૩માં દર્શાવેલ છે.

## સારણી – ૪.૩

### પાલનપુર ડાયેટના વર્ષવાર વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતું પત્રક

| વર્ષ | પ્રથમ વર્ષ | બીજું વર્ષ |
|---|---|---|
| ૧૯૯૫-૯૬ | ૧૦૧ | ૧૦૭ |
| ૧૯૯૬-૯૭ | ૫૦ | ૯૭ |
| ૧૯૯૭-૯૮ | ૪૬ | ૫૦ |
| ૧૯૯૮-૯૯ | ૪૭ | ૪૮ |
| ૧૯૯૯-૨૦૦૦ | ૪૬ | ૪૫ |
| ૨૦૦૦-૨૦૦૧ | ૪૯ | ૪૨ |
| ૨૦૦૧-૨૦૦૨ | ૫૧ | ૫૮ |
| ૨૦૦૨-૨૦૦૩ | ૫૩ | ૫૧ |

➢ **વર્ષવાર પરિણામ :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાલનપુરની P.S.T.E. શાખાનાં વર્ષવાર પરિણામોની વિગતો સારણી–૪.૪માં દર્શાવેલ છે.

## સારણી–૪.૪

### વર્ષવાર પરિણામ દર્શાવતી સારણી

| વર્ષ | કુલ પરીક્ષાર્થી | ડીસ્ટીકશન | પ્રથમ વર્ગ | દ્વિતિય વર્ગ | નાપાસ | પરિણામ ટકામાં |
|---|---|---|---|---|---|---|
| ૧૯૯૫-૯૬ | ૧૦૧ | ૪૩ | ૫૦ | ૦૭ | ૦૧ | ૯૯% |
| ૧૯૯૬-૯૭ | ૯૮ | ૧૧ | ૭૭ | ૦૭ | ૦૩ | ૯૬.૯% |
| ૧૯૯૭-૯૮ | ૫૩ | ૩૫ | ૧૬ | ૦૧ | ૦૧ | ૯૮.૧૦% |
| ૧૯૯૮-૯૯ | ૮૨ | ૬૧ | ૦૮ | ૦૩ | - | ૧૦૦% |
| ૧૯૯૯-૦૦ | ૮૨ | ૬૦ | ૦૯ | ૦૩ | - | ૧૦૦% |
| ૨૦૦૦-૦૧ | ૯૬ | ૫૯ | ૩૩ | ૦૪ | - | ૧૦૦% |
| ૨૦૦૧-૦૨ | ૧૦૨ | ૬૩ | ૨૮ | ૦૯ | ૦૨ | ૯૮% |
| ૨૦૦૨-૦૩ | ૧૦૨ | ૬૦ | ૩૧ | ૦૯ | ૦૨ | ૯૮% |

## ૨.૧.૩ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત :

**વર્ષવાર intake capacity :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત ખાતે P.S.T.E. માં વર્ષવાર સંખ્યા નીચે સારણી – ૪.૫માં દર્શાવેલ છે.

**સારણી–૪.૫**

**સુરત ડાયેટના વર્ષવાર વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતું પત્રક**

| વર્ષ | પ્રથમ વર્ષ | બીજું વર્ષ |
|---|---|---|
| ૧૯૯૫-૯૬ | ૯૮ | ૯૬ |
| ૧૯૯૬-૯૭ | ૮૦ | ૮૦ |
| ૧૯૯૭-૯૮ | પ્રવેશ બંધ | ૮૧ |
| ૧૯૯૮-૯૯ | ૪૧ | ૪૨ |
| ૧૯૯૯-૨૦૦૦ | ૩૮ | ૪૧ |
| ૨૦૦૦-૨૦૦૧ | ૪૬ | ૪૧ |
| ૨૦૦૧-૨૦૦૨ | ૫૩ | ૪૭ |
| ૨૦૦૨-૨૦૦૩ | ૪૯ | ૫૩ |

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરતના પરિણામની વર્ષવાર વિગતો પ્રાપ્ત થઈ શકેલ નથી. પૂર્વ સેવા શિક્ષણ તાલીમ શાખાની મહત્ત્વપૂર્ણ કામગીરીમાં નીચેની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

| | | |
|---|---|---|
| શાળા પ્રવેશોત્સવ | – | બાહ્ય પરીક્ષાઓ |
| પ્રાર્થના કાર્યક્રમ | – | સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ |
| જન્મદિનની ઉજવણી | – | વિવિધ સ્પર્ધાઓ |
| માઈકો પાઠ | – | બુનિયાદી સપ્તાહની ઉજવણી |
| ક્રિયાત્મક સંશોધન | – | સતત શિક્ષણ |
| મેળાઓ | – | અધ્યાપકો દ્વારા નિદર્શન પાઠ |
| રાષ્ટ્રીય પર્વોની ઉજવણી | – | તાલીમાર્થી દ્વારા પ્રાયોગિક પાઠ |

## ૨.૧.૪ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી*

**વર્ષવાર intake capacity :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી ખાતે P.S.T.E. માં વર્ષવાર સંખ્યા નીચે સારણી – ૪.૬માં દર્શાવવામાં આવેલ છે.

**સારણી–૪.૬**

**વર્ષવાર પ્રશિક્ષણાર્થીઓની સંખ્યા**

| *વર્ષ* | *પ્રશિક્ષણાર્થીઓની સંખ્યા* | |
|---|---|---|
| | *પ્રથમ વર્ષ* | *દ્વિતીય વર્ષ* |
| ૧૯૯૫-૯૬ | ૪૪ | - |
| ૧૯૯૬-૯૭ | ૩૯ | ૪૦ |
| ૧૯૯૭-૯૮ | ૩૭ | ૫૧ |
| ૧૯૯૮-૯૯ | ૪૯ | - |
| ૧૯૯૯-૨૦૦૦ | ૪૬ | ૪૧ |
| ૨૦૦૦-૦૧ | ૪૯ | ૪૬ |
| ૨૦૦૧-૦૨ | ૫૨ | ૪૬ |
| ૨૦૦૨-૦૩ | ૪૧ | ૫૧ |

➢ **વર્ષવાર પરિણામ :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલીની P.S.T.E. શાખાના વર્ષવાર પરિણામોની વિગતો સારણી–૪.૭માં દર્શાવેલ છે.

## સારણી–૪.૭

### વર્ષવાર પી.ટી.સી. પરિણામ

| વર્ષ | અભ્યાસનું વર્ષ | પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી | ઉતિર્ણ વિદ્યાર્થી | | | અનુતિર્ણ વિદ્યાર્થી | કુલ પરિણામ (ટકા) |
|---|---|---|---|---|---|---|---|
| | | | વિશેષ યોગ્યતા | પ્રથમ વર્ગ | દ્વિતીય વર્ગ | | |
| ૧૯૯૫-૯૬ | પ્રથમ વર્ષ | ૪૪ | ૦૯ | ૨૮ | ૦૭ | - | ૧૦૦ |
| | દ્વિતીય વર્ષ | - | - | - | - | - | - |
| ૧૯૯૬-૯૭ | પ્રથમ વર્ષ | ૩૯ | ૦૮ | ૨૪ | ૦૭ | - | ૧૦૦ |
| | દ્વિતીય વર્ષ | ૪૭ | ૦૭ | ૨૬ | ૧૧ | ૦૩ | ૯૭ |
| ૧૯૯૭-૯૮ | પ્રથમ વર્ષ | ૩૭ | - | ૨૦ | ૧૬ | ૦૧ | ૯૭ |
| | દ્વિતીય વર્ષ | ૫૧ | ૦૯ | ૩૭ | ૦૫ | - | ૧૦૦ |
| ૧૯૯૮-૯૯ | પ્રથમ વર્ષ | ૪૯ | ૧૧ | ૩૩ | ૦૫ | - | ૧૦૦ |
| | દ્વિતીય વર્ષ | - | - | - | - | - | - |
| ૧૯૯૯-૨૦૦૦ | પ્રથમ વર્ષ | ૪૬ | ૧૯ | ૨૨ | ૦૫ | - | ૧૦૦ |
| | દ્વિતીય વર્ષ | ૪૧ | ૧૭ | ૨૨ | ૦૧ | ૦૧ | ૯૮ |

### ૨.૧.૫ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ.*

**વર્ષવાર પ્રવેશ અને પરિણામની વિગતો :**

સારણી–૪.૮માં વર્ષ ૧૯૯૫ થી વર્ષ ૨૦૦૨ સુધીના સમયગાળામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટમાં પ્રથમ અને દ્વિતીય વર્ષમાં પ્રવેશ પામનાર તાલીમાર્થીઓની સંખ્યા અને તેઓએ મેળવેલા ક્રમાંક અંગેની માહિતી સંખ્યાત્મક રીતે સારણી – ૪.૮માં રજૂ કરવામાં આવેલ છે.

## સારણી–૪.૮

### પ્રવેશની સંખ્યા અને તાલીમાર્થીઓએ મેળવેલા ક્રમાંક

| ક્રમ | વર્ષ | પ્રથમ વર્ષ/દ્વિતીય વર્ષ | વિશેષ યોગ્યતા | પ્રથમ વર્ગ | દ્વિતીય વર્ગ | તૃતીય વર્ગ | નાપાસ | પરિણામની ટકાવારી | પ્રવેશ ક્ષમતા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૯૫ | પ્રથમ | ૫ | ૪૩ | ૩ | ૦૦ | ૦૦ | ૧૦૦% | ૪૦ | ૫૧ |
| ૨ | ૧૯૯૫ | દ્વિતીય | ૫ | ૩૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૦૦% | ૪૦ | ૫૧ |
| ૩ | ૧૯૯૬ | પ્રથમ | ૧૧ | ૩૪ | ૧ | ૦૦ | ૦૦ | ૧૦૦% | ૪૦ | ૪૬ |
| ૪ | ૧૯૯૬ | દ્વિતીય | ૩૧ | ૧૫ | ૧ | ૦૦ | ૧ | ૯૭.૯૨% | ૪૦ | ૪૮ |
| ૫ | ૧૯૯૭ | પ્રથમ | ૦૦ | ૪૮ | ૧ | ૦૦ | ૦૦ | ૧૦૦% | ૫૦ | ૪૯ |
| ૬ | ૧૯૯૭ | દ્વિતીય | ૧૪ | ૨૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૦૦% | ૫૦ | ૪૦ |
| ૭ | ૧૯૯૮ | પ્રથમ | સરકારશ્રી તરફથી પ્રવેશ આપવામાં આવેલ નથી | | | | | | | |
| ૮ | ૧૯૯૮ | દ્વિતીય | ૪૫ | ૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૦૦% | ૫૦ | ૪૮ |
| ૯ | ૧૯૯૯ | પ્રથમ | ૨૧ | ૧૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૦૦% | ૫૦ | ૪૮ |
| ૧૦ | ૧૯૯૯ | દ્વિતીય | સરકારશ્રી તરફથી પ્રવેશ આપવામાં આવેલ નથી | | | | | | | |
| ૧૧ | ૨૦૦૦ | પ્રથમ | ૩૨ | ૪ | ૦૦ | ૦૦ | ૧ | ૯૭.૩૦% | ૫૦ | ૩૭ |
| ૧૨ | ૨૦૦૦ | દ્વિતીય | ૨૬ | ૧૨ | ૦૦ | ૦૦ | ૧ | ૯૭.૪૪% | ૫૦ | ૩૯ |
| ૧૩ | ૨૦૦૧ | પ્રથમ | ૨૯ | ૧૩ | ૨ | ૦૦ | ૨ | ૯૫.૬૫% | ૫૦ | ૪૬ |
| ૧૪ | ૨૦૦૧ | દ્વિતીય | ૩૧ | ૭ | ૨ | ૧ | ૦૦ | ૧૦૦% | ૫૦ | ૪૧ |
| ૧૫ | ૨૦૦૨ | પ્રથમ | ૩૮ | ૬ | ૩ | ૦૦ | ૦૦ | ૧૦૦% | ૫૦ | ૪૭ |
| ૧૬ | ૨૦૦૨ | દ્વિતીય | ૩૩ | ૬ | ૩ | ૦૦ | ૧ | ૯૭.૬૭% | ૫૦ | ૪૩ |
| | | કુલ | ૩૨૧ | ૨૭૦ | ૧૬ | ૧ | ૬ | ૯૯.૦૨% | | ૬૧૪ |

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન–રાજકોટમાં વર્ષ ૧૯૯૫ થી વર્ષ ૨૦૦૨ સુધીમાં કુલ ૬૧૪ તાલીમાર્થીઓને પ્રવેશ મળ્યો હતો. જેમાં સૌથી વધારે વિશેષ યોગ્યતા સાથે ૩૨૧ તાલીમાર્થીઓ ઉત્તિર્ણ થઈ હતી. તૃતીય વર્ગ મેળવનાર તાલીમાર્થીની સંખ્યા માત્ર એક જ હતી.

## *૨.૧.૬ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જુનાગઢ*

### વર્ષવાર પ્રવેશ અને પરિણામની વિગતો :

સારણી–૪.૯માં વર્ષ ૧૯૯૫થી વર્ષ ૨૦૦૨ સુધીના સમયગાળામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢમાં પ્રથમ અને દ્વિતીય વર્ષમાં પ્રવેશ પામનાર તાલીમાર્થીઓની સંખ્યા અને તેઓએ મેળવેલા ક્રમાંક અંગેની માહિતી સંખ્યાત્મક રીતે રજૂ કરવામાં આવેલ છે.

**સારણી–૪.૯**

**તાલીમાર્થીઓના પ્રવેશની કુલ સંખ્યા અને મેળવેલી સિદ્ધિ**

| ક્રમ | વર્ષ | પાસ | ટકા | વિશેષ યોગ્યતા | પ્રથમ વર્ગ | દ્વિતીય વર્ગ | તૃતીય વર્ગ | નાપાસ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૯૫–૯૬ | | | | | | | | |
| | પ્રથમ વર્ષ | ૧૦૧ | ૧૦૦ | ૫૪ | ૪૨ | ૦૪ | ૦૧ | - | ૧૦૧ |
| | દ્વિતીય વર્ષ | ૪૯ | ૧૦૦ | ૨૭ | ૨૦ | ૦૨ | - | - | ૪૯ |
| ૨ | ૧૯૯૬–૯૭ | | | | | | | | |
| | પ્રથમ વર્ષ | ૪૬ | ૧૦૦ | -- | ૪૧ | ૦૫ | -- | -- | ૪૬ |
| | દ્વિતીય વર્ષ | ૧૦૨ | ૧૦૦ | ૨૬ | ૬૧ | ૦૮ | -- | -- | ૧૦૨ |
| ૩ | ૧૯૯૭–૯૮ | | | | | | | | |
| | પ્રથમ વર્ષ | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| | દ્વિતીય વર્ષ | ૫૧ | ૧૦૦ | ૪૭ | ૦૪ | -- | -- | -- | ૫૧ |
| ૪ | ૧૯૯૮–૯૯ | | | | | | | | |
| | પ્રથમ વર્ષ | ૪૦ | ૯૭.૫૬ | ૧૯ | ૨૦ | -- | -- | ૧ | ૪૧ |
| | દ્વિતીય વર્ષ | ૫૧ | ૧૦૦.૦૦ | ૪૪ | ૦૬ | ૦૧ | -- | -- | ૫૧ |
| ૫ | ૧૯૯૯–૨૦૦૦ | | | | | | | | |
| | પ્રથમ વર્ષ | ૩૯ | ૧૦૦ | ૩૪ | ૦૫ | -- | -- | -- | ૩૯ |
| | દ્વિતીય વર્ષ | ૩૮ | ૧૦૦ | ૨૧ | ૧૬ | ૦૧ | -- | -- | ૩૮ |
| ૬ | ૨૦૦૦–૨૦૦૧ | | | | | | | | |
| | પ્રથમ વર્ષ | ૪૨ | ૯૩.૩૩ | ૨૮ | ૧૪ | -- | -- | ૦૩ | ૪૫ |
| | દ્વિતીય વર્ષ | ૪૩ | ૯૭.૭૩ | ૩૦ | ૧૦ | ૦૩ | -- | ૦૧ | ૪૪ |
| ૭ | ૨૦૦૧–૦૨ | | | | | | | | |
| | પ્રથમ વર્ષ | ૪૮ | ૯૭.૯૬ | ૩૫ | ૧૩ | -- | -- | ૦૧ | ૪૯ |
| | દ્વિતીય વર્ષ | ૪૨ | ૯૬.૯૭ | ૩૫ | ૦૫ | ૦૨ | -- | ૦૧ | ૪૩ |

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢમાં વર્ષ ૧૯૯૫ થી વર્ષ ૨૦૦૨ સુધીમાં કુલ ૬૯૯ તાલીમાર્થીઓને પ્રવેશ મળ્યો હતો. સૌથી વધારે વિશેષ યોગ્યતા સાથે ૪૦૦ તાલીમાર્થીઓ ઉતિર્ણ થઈ હતી, પ્રથમ વર્ગ મેળવનાર ૨૫૭ તાલીમાર્થીઓ હતી, દ્વિતીય વર્ગ મેળવનાર માત્ર ૨૬ તાલીમાર્થીઓ હતી, જયારે તૃતીય વર્ગ મેળવનાર તાલીમાર્થી માત્ર–૧ હતી.

### ૨.૧.૭ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરા :*

**વર્ષવાર intake capacity :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરા ખાતે P.S.T.E. માં વર્ષવાર સંખ્યા નીચે સારણી–૪.૧૦માં દર્શાવેલ છે.

સારણી–૪.૧૦

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાના પ્રશિક્ષણાર્થીઓની સંખ્યા**

| *ક્રમ* | *વર્ષ* | *પ્રથમ વર્ષ પ્રશિક્ષણાર્થી સંખ્યા* | *દ્વિતીય વર્ગ પ્રશિક્ષણાર્થી સંખ્યા* | *કુલ પ્રશિક્ષણાર્થી સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | ૧૯૯૪-૯૫ | ૯૮ | ૮૭ | ૧૮૫ |
| ૨. | ૧૯૯૫-૯૬ | ૧૦૧ | ૯૬ | ૧૯૭ |
| ૩. | ૧૯૯૬-૯૭ | ૧૦૦ | ૧૦૫ | ૨૦૫ |
| ૪. | ૧૯૯૭-૯૮ | - | ૯૮ | ૯૮ |
| ૫. | ૧૯૯૮-૯૯ | ૮૮ | - | ૮૮ |
| ૬. | ૧૯૯૯-૦૦ | ૭૮ | ૭૯ | ૧૫૭ |
| ૭. | ૨૦૦૦-૦૧ | ૫૨ | ૮૬ | ૧૩૮ |
| ૮. | ૨૦૦૧-૦૨ | ૫૧ | ૫૩ | ૧૦૪ |
| ૯. | ૨૦૦૨-૦૩ | ૫૦ | ૫૧ | ૧૦૧ |

**વર્ષવાર પરિણામ :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાની P.S.T.E. શાખામાં વર્ષવાર પરિણામોની વિગતો સારણી–૪.૧૧માં દર્શાવેલ છે.

**સારણી–૪.૧૧**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાના પી.ટી.સી. પરીક્ષાના પરિણામ**

| ક્રમ | શૈક્ષણિક વર્ષ | વર્ગ | તાલીમાર્થીની સંખ્યા | પાસ તાલીમાર્થીઓ | નાપાસ તાલીમાર્થીઓ | પરિણામ ટકામાં | ઈનટેઈક કેપેસીટી |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧૯૯૩-૯૪ | પ્રથમ વર્ષ | ૯૭ | ૯૫ | ૨ | ૯૭.૯૦ | ૯૭ |
| | | દ્વિતીય વર્ષ | - | - | - | - | - |
| ૨. | ૧૯૯૪-૯૫ | પ્રથમ વર્ષ | ૯૮ | ૮૫ | ૨ | ૯૭.૯૦ | ૮૭ |
| | | દ્વિતીય વર્ષ | ૮૭ | - | - | - | - |
| ૩. | ૧૯૯૫-૯૬ | પ્રથમ વર્ષ | ૧૦૧ | ૯૨ | ૪ | ૯૫.૮૦ | ૯૬ |
| | | દ્વિતીય વર્ષ | ૯૬ | - | - | - | - |
| ૪. | ૧૯૯૬-૯૭ | પ્રથમ વર્ષ | ૧૦૦ | ૧૦૫ | - | ૧૦૦ | ૧૦૫ |
| | | દ્વિતીય વર્ષ | ૧૮૫ | - | - | - | - |
| ૫. | ૧૯૯૭-૯૮ | પ્રથમ વર્ષ | ૯૮ | ૯૬ | ૨ | ૯૭.૯૦ | ૯૮ |
| | | દ્વિતીય વર્ષ | - | - | - | - | - |
| ૬. | ૧૯૯૮-૯૯ | પ્રથમ વર્ષ | ૮૬ | ૮૨ | ૪ | ૯૩.૦૦ | ૮૬ |
| | | દ્વિતીય વર્ષ | - | - | - | - | - |
| ૭. | ૧૯૯૯-૦૦ | પ્રથમ વર્ષ | ૭૮ | ૭૭ | ૧ | ૯૮.૭૧ | ૭૮ |
| | | દ્વિતીય વર્ષ | ૭૯ | ૭૭ | ૨ | ૯૭.૪૬ | ૭૯ |
| ૮. | ૨૦૦૦-૦૧ | પ્રથમ વર્ષ | ૫૨ | ૫૨ | - | ૧૦૦ | ૫૨ |
| | | દ્વિતીય વર્ષ | ૮૬ | ૮૬ | - | ૧૦૦ | ૮૬ |
| ૯. | ૨૦૦૧-૦૨ | પ્રથમ વર્ષ | ૫૧ | ૫૧ | - | ૧૦૦ | ૫૧ |
| | | દ્વિતીય વર્ષ | ૫૩ | ૫૧ | ૨ | ૯૬.૨૩ | ૫૩ |
| ૧૦. | ૨૦૦૨-૦૩ | પ્રથમ વર્ષ | ૫૦ | ૪૬ | ૪ | ૯૨.૦૦ | ૫૦ |
| | | દ્વિતીય વર્ષ | ૫૧ | ૪૭ | ૪ | ૯૨.૧૫ | ૫૧ |

## ૨.૧.૮ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર :

➢ વર્ષવાર પ્રવેશ અને પરિણામની વિગતો :

સારણી–૪.૧૨માં વર્ષ ૧૯૯૯–૨૦૦૦, ૨૦૦૦–૦૧ અને ૨૦૦૧–૦૨ સુધીના સમયગાળામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરમાં પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષમાં પ્રવેશ પામનાર તાલીમાર્થીઓની સંખ્યા અને તેઓનાં પરિણામો અંગેની માહિતી સંખ્યાત્મક રીતે રજૂ કરવામાં આવેલ છે.

**સારણી–૪.૧૨**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરના**
**પી.ટી.સી.ની સંખ્યા તથા પરિણામ**

| ક્રમ | શૈક્ષણિક વર્ષ | વર્ગ | તાલીમાર્થીની સંખ્યા | પાસ તાલીમાર્થી | | | નાપાસ તાલીમાર્થી | ઈનટેઈક કેપેસીટી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ડીસ્ટીક્શન | પ્રથમ વર્ગ | દ્વિતીય વર્ગ | | |
| ૧ | ૧૯૯૯- | પ્રથમ વર્ષ | ૫૦ | ૨૧ | ૧૫ | ૧૪ | - | ૧૦૦ |
| | ૨૦૦૦ | દ્વિતીય વર્ષ | ૩૯ | ૦૪ | ૩૧ | ૦૨ | ૦૨ | ૯૫ |
| ૨ | ૨૦૦૦- | પ્રથમ વર્ષ | ૪૮ | ૦૫ | ૩૮ | ૦૪ | ૦૧ | ૯૮ |
| | ૦૧ | દ્વિતીય વર્ષ | ૫૪ | ૧૩ | ૩૨ | ૦૭ | ૦૨ | ૮૬ |
| ૩ | ૨૦૦૧- | પ્રથમ વર્ષ | ૫૧ | ૧૯ | ૨૭ | ૦૪ | ૦૧ | ૯૮ |
| | ૦૨ | દ્વિતીય વર્ષ | ૫૬ | ૧૦ | ૨૪ | ૧૧ | ૧૧ | ૮૧ |

ઉપરોક્ત સારણી ઉપરથી છેલ્લા ત્રણ વર્ષના પરિણામોનું અવલોકન કરતાં સ્પષ્ટ થાય છે કે ભવને બંને વર્ગમાં સરાસરી સંખ્યા ૫૦ રાખવાનો પ્રયત્ન કરેલ છે તેમજ શૈક્ષણિક કાર્ય ૧૯૯૯–૨૦૦૦માં પ્રથમ અને દ્વિતીય વર્ષની ઈનટેઈક કેપીસીટી ટકાવારીમાં અનુક્રમે ૧૦૦ અને ૯૫ તેમજ શૈક્ષણિક વર્ષ ૨૦૦૦–૨૦૦૧માં પ્રથમ મળી દ્વિતીય વર્ષની ઈનટેઈક કેપીસીટી ટકાવારીમાં અનુક્રમે ૯૮ અને ૮૬ જોવા મળી છે. જયારે શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૦૨માં પ્રથમ અને દ્વિતીય વર્ષની ઈનટેઈક કેપીસીટી ટકાવારીમાં અનુક્રમે ૯૮ અને ૮૧ જોવા મળેલ છે. જે આ ભવન સારું પરિણામ લાવી તાલીમાર્થીઓના વિકાસમાં મદદરૂપ બની રહ્યું છે એ પુરવાર કરે છે.

## *૨.૧.૯ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર :*

➢ **વર્ષવાર intake capacity :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગરમાં વર્ષ ૧૯૯૮–૯૯ થી વર્ષ ૨૦૦૨–૦૩ સુધીમાં બન્ને વર્ષમાં પ્રવેશ મેળવનાર પ્રશિક્ષાર્થીઓની સંખ્યા સારણી – ૪.૧૩માં દર્શાવેલ છે.

**સારણી – ૪.૧૩**

**પ્રવેશ મેળવનાર પ્રશિક્ષાર્ણીઓની સંખ્યા**

| *ક્રમ* | *વર્ષ* | *પ્રથમ વર્ષ* | *બીજું વર્ષ* |
|---|---|---|---|
| ૧ | ૧૯૯૮-૯૯ | માહિતી ઉપલબ્ધ નથી | |
| ૨ | ૧૯૯૯-૨૦૦૦ | ૪૨ | ૩૫ |
| ૩ | ૨૦૦૦-૦૧ | માહિતી ઉપલબ્ધ નથી | |
| ૪ | ૨૦૦૧-૦૨ | ૫૨ | ૪૬ |
| ૫ | ૨૦૦૨-૦૩ | ૫૨ | ૫૪ |

સારણી–૪.૧ જોતાં સ્પષ્ટ થાય છે કે છેલ્લાં પાંચ વર્ષની પૂર્ણ માહિતી ઉપલબ્ધ નથી. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન લીંબડીથી ખસેડીને સુરેન્દ્રનગર લાવવામાં આવ્યું હોવાથી ફાઈલો વિભાગવાર ગોઠવાઈ ન હોવાથી માહિતી મેળવવી કઠિન બની છે.

➢ **પરિણામોની વિગતો :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગરનાં પી.ટી.સી.નાં વર્ષ ૧૯૯૮ થી વર્ષ ૨૦૦૨–૦૩નાં ઉપલબ્ધ પરિણામો સારણી–૪.૧૪માં દર્શાવેલ છે.

### સારણી–૪.૧૪

### પી.ટી.સી. પરીક્ષાનાં પરિણામ

| ક્રમ | વર્ષ | પ્રથમ વર્ષ | | | બીજું વર્ષ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | પાસ | ટકા | સંખ્યા | પાસ | ટકા |
| ૧ | ૧૯૯૮-૯૯ | (માહિતી ઉપલબ્ધ નથી) | | | | | |
| ૨ | ૧૯૯૯-૦૦ | ૪૨ | ૪૦ | ૯૮% | ૩૫ | ૩૫ | ૧૦૦% |
| ૩ | ૨૦૦૦-૦૧ | (માહિતી ઉપલબ્ધ નથી) | | | | | |
| ૪ | ૨૦૦૧-૦૨ | ૫૨ | ૫૨ | ૧૦૦% | ૪૬ | ૪૪ | ૯૬% |
| ૫ | ૨૦૦૨-૦૩ | ૫૨ | ૫૧ | ૯૮% | ૫૪ | ૫૪ | ૧૦૦% |

### ૨.૧.૧૦ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર.*

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર જાન્યુઆરી, ૧૯૯૬માં અસ્તિત્વમાં આવ્યું ત્યારે તેની શરૂઆત સેકટર–૧૨ની સરકારી માધ્યમિક શાળાના મકાનમાં થઈ હતી. ડાયેટ, ગાંધીનગરની કાર્યરૂપરેખા અન્ય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની જેમ જ હોવા છતાં પૂર્વ સેવા શિક્ષક પ્રશિક્ષણ (P.S.T.E.) શાખા સપ્ટેમ્બર–૨૦૦૨માં કાર્યરત થઈ. જેમાં ૪૦ પ્રશિક્ષણાર્થીઓએ તે વર્ષે પ્રવેશ મેળવેલ.

અહીં પ્રશિક્ષણાર્થીઓના શિક્ષણ કાર્ય માટે વર્ગો પૂરતા અને વ્યવસ્થિત છે પરંતુ છાત્રાલયની વ્યવસ્થા નથી તેથી કેમ્પસમાં કામ ચલાઉ ધોરણે બે મોટા રૂમ અને છ ટેન્ટની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રશિક્ષણાર્થીઓને પ્રવેશ મોડા મળ્યો હોઈ, અભ્યાસક્રમ પુરો કરવા પ્રાચાર્ય કેમ્પસમાં રોકાઈ વિશિષ્ટ કામગીરી બજાવે છે. તેમજ કેટલીક વિશિષ્ટ પ્રવૃત્તિઓ જેવી કે કેમ્પસ સફાઈ, વૃક્ષારોપણ, પ્રાર્થના સંચાલન, કમ્પ્યૂટર શિક્ષણ, ટી.એલ.એમ. તૈયાર કરવા, રમત ગમત, કસરત યોગાસન, સાંસ્કૃતિ કાર્યક્રમ વગેરે દ્વારા પ્રશિક્ષણાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ કરવા પ્રયત્ન કરવામાં આવે છે. પી.એસ.ટી.ઈ. શાખાના કેટલાક વિશિષ્ટ કાર્યક્રમો જેવા કે પ્રશિક્ષાર્થીઓનો પ્રવેશોત્સવ, બાળમેળાની

ઉજવણીમાં પ્રશિક્ષણાર્થીઓ સહયોગ, વિષય વસ્તુની જ્ઞાન ચકાસણી, કસોટીઓ દ્વારા શૈક્ષણિક સિદ્ધિ જાણવી, માઈક્રોટીચીગ દ્વારા કૌશલ્યોની તાલીમ, સતત શિક્ષણ કાર્યક્રમ, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, શૈક્ષણિક પ્રવાસ તેમજ વિવિધ મંડળની પ્રવૃત્તિ દ્વારા આ શાખા ધમધમતી રહે છે. પી.એસ.ટી.ઈ. શાખાનું આ પ્રથમ વર્ષ હોવા છતાં અનેક સંસ્થાના તજ્જ્ઞોના વ્યાખ્યાનો ગોઠવવામાં આવ્યા તેમજ ટેલીકોન્ફરન્સમાં પણ પ્રશિક્ષણાર્થીઓએ સક્રિય ભાગ લીધેલ છે.

### ૨.૧.૧૧ *વિશિષ્ટ કાર્યક્રમો અને સિદ્ધિ :*

પૂર્વ સેવા શિક્ષક પ્રશિક્ષણ અંતર્ગત તાલીમાર્થીઓમાં વિવિધ કાર્યક્રમોનાં માધ્યમથી કેટલાંક વિશિષ્ટ કૌશલ્યો ખીલે તેની કાળજી લેવામાં આવે છે. આ પ્રકારનાં વિશિષ્ટ કાર્યક્રમોની બધા જ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની વિહંગાવલોકન કરતી વિગતો સારણી–૪.૧૫માં વર્ણવવામાં આવેલ છે.

**સારણી–૪.૧૫**

**પી.એસ.ટી.ઈ. શાખાના વિશિષ્ટ કાર્યક્રમો અને સિદ્ધિ**

| *ક્રમ* | *વિશિષ્ટ કાર્યક્રમો* | *કાર્યક્રમની સિદ્ધિ* |
|---|---|---|
| ૧. | દરેક કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી બહેનો દ્વારા કરવામાં આવે છે. | • કાર્યક્રમોના સંચાલનની આવડત વિકસે.<br>• મંચ સંકોચ દૂર થાય. |
| ૨. | દરરોજ પ્રાર્થનામાં ભજન, સમાચાર વાચન, બાળગીત, બાળવાર્તા, વાર્તાલાપ રોલ નંબર મુજબ તાલીમાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવે છે. | • તાલીમાર્થીઓમાં ભાષા કૌશલ્ય વિકસે.<br>• આત્મ વિશ્વાસ કેળવાય. |
| ૩. | દરરોજ પ્રાર્થના કાર્યક્રમમાં સામૂહિક ઘડિયા ગાન. | • ઘડિયાનો મહાવરો થાય. |
| ૪ | દર શનિવારે બાલસભા અથવા વિષય વસ્તુઓની ટેસ્ટ | • વિષયવસ્તુની તૈયારી થાય.<br>• પ્રાથમિક શાળામાં કરવાના કાર્યક્રમોની ટેવનું ઘડતર થાય. |

| | | |
|---|---|---|
| ૫. | વ્યાખ્યાતાઓ અને તાલીમાર્થીઓના જન્મ દિવસે પ્રાર્થના કાર્યક્રમમાં ગીત સાથે શુભેચ્છા. | • પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને જન્મ દિવસે શુભેચ્છા આપવાની ટેવ વિકસે. |
| ૬. | અઠવાડિયાના દર બુધવારે અંગ્રેજી અને દર ગુરુવારે હિન્દીમાં પ્રાર્થના કાર્યક્રમ | • ભાષા પરનું પ્રભુત્વ કેળવાય.<br>• વિવિધ ભાષાનાં પુસ્તકો વાંચતા થાય. |
| ૭. | વિવિધ સ્પર્ધાઓનું આયોજન જેમ કે વકતૃત્વ, નિબંધ, અંતાક્ષરી, રંગોળી, રાખડી, કવીઝ, સુલેખન, રમતગમત, શીઘ્ર વકતૃત્વ, વેશભૂષા, એક મિનિટ, દેશભક્તિ ગીત, મહેંદી કેશગુંફન, રોલ પ્લે, પેપર ફોલ્ડીંગ કોલાજ કામ, પોર્ટ સજાવટ, છાપકામ, ચીકટ કામ, ટી.એલ.એમ., પત્ર લેખન, નાટયીકરણ, દીવાળી કાર્ડ નિર્માણ, પ્રચાર ચિત્ર સ્પર્ધા, મહોરા નિર્માણ અને પ્રિન્ટીંગ સ્પર્ધા. | • સ્પર્ધાનું આયોજન કરવાની તાલીમ મળે.<br>• વિવિધ પ્રકારનાં કૌશલ્ય વિકસે. |
| ૮. | વિશિષ્ટ દિનની ઉજવણીમાં ગુરુપૂર્ણિમા, સ્વાતંત્ર્ય દિન, મેઘાણી જયંતિ, રક્ષાબંધન, કવિશ્રી નર્મદ જયંતિ, શિક્ષક દિન, વિશ્વ સાક્ષરતા દિન, નવરાત્રિ પ્રારંભ, ગાંધી જન્મ જયંતિ, લાલબહાદુર શાસ્ત્રી જયંતિ, સરદાર પટેલ જયંતિ, બાલદિન, ગીજુભાઈ બધેકા જન્મ જયંતિ, વિશ્વ એઈડસ દિન, લુઈ પાશ્વર જયંતિ, સરદાર પટેલ પુણ્યતિથિ, સ્વામિ વિવેકાનંદની જન્મ જયંતિ, શહીદ દિન, વિજ્ઞાન દિન, આંતરરાષ્ટ્રીય મહિલા દિન. | • જે તે દિવસનું મહત્ત્વ સમજે અને જાગૃતિ કેળવાય. |
| ૯. | કમ્પ્યૂટર દ્વારા, પપેટ્સ દ્વારા નાટક દ્વારા વાર્ષિક પાઠો | • કમ્પ્યૂટર અને શિક્ષણના નૂતન પ્રવાહોથી માહિતગાર થાય. |
| ૧૦. | વર્ષની શરૂઆતમાં વ્યાખ્યાતા દ્વારા એક દિવસ સમગ્ર પ્રાર્થના કાર્યક્રમની રજૂઆત. | • આદર્શ પ્રાર્થના કાર્યક્રમની સમજ કેળવાય. |
| ૧૧. | પ્રાચાર્યશ્રી તથા પી.એસ.ટી.ઈ. શાખાના વ્યાખ્યાતાઓ દ્વારા યોગ્ય અને સચોટ માર્ગદર્શન | • તાલીમાર્થીઓને ઉચ્ચ ગુણની પ્રાપ્તિ. |

| | | |
|---|---|---|
| ૧૨. | અધ્યાપકો દ્વારા સંશોધન કાર્ય | • તાલીમાર્થીઓને ઉચ્ચ ગુણની પ્રાપ્તિ. |
| ૧૩. | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્વચ્છતા અને સુશોભન | • તાલીમાર્થીઓને સંશોધન કાર્યનું માર્ગદર્શન |
| ૧૪. | પ્રવાસ અને પર્યટનનું આયોજન | • તાલીમાર્થીઓમાં આયોજન અને ગોઠવણીનો ગુણ વિકસે. |
| ૧૫. | પ્રજાસત્તાક દિન, સ્વાતંત્ર્યદિન નિમિત્તે ધ્વજવંદન, સમૂહ ગીત, દેશ ભક્તિગીત, વૃક્ષારોપણ કાર્યક્રમ અને પરેડ ગ્રાઉન્ડમાં સાંસ્કૃતિક કૃતિની રજૂઆત. | • રાષ્ટ્રીય મૂલ્યોનો વિકાસ થાય.<br>• રાષ્ટ્રીય તહેવારોની ઉજવણીની તાલીમ મળે. |
| ૧૬. | ભૂતપૂર્વ તાલીમાર્થીઓનું સ્નેહ મિલન | • શિક્ષણના નૂતન પ્રવાહોથી જાગૃતિ કેળવાય. |
| ૧૭. | વાલી સંમેલન | • તાલીમાર્થીઓના વાલીઓ સાથે વિચાર ગોષ્ઠી. |
| ૧૮. | એન.એસ.એસ.કેમ્પ<br><u>નિયત પ્રવૃત્તિઓ :</u> (૧) ગ્રામ સફાઈ (૨) હોસ્પિટલની મુલાકાત (૩) વૃક્ષારોપણ<br><u>ખાસ પ્રવૃત્તિઓ :</u> (૧) ગ્રામ સફાઈ અને ભીંત સૂત્રો (૨) મહિલા જાગૃતિ, જળસંચય અને પર્યાવરણ પર ફિલ્મ શો (૩) મહિલા ખેડૂત તાલીમના વિષય પર વ્યાખ્યાન (૪) એઈડ્સ એ વિશ્વ વ્યાપી સમસ્યા પર વ્યાખ્યાન (૫) પશુ સંવર્ધન શિક્ષણ શિબિર (૬) પ્રાથમિક માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે વિવિધ રમત–ગમત સ્પર્ધા (૭) આર્ટ ઓફ લીવીંગ વિવિધ પ્રવૃત્તિઓ (૮) ખેડૂત ચર્ચા સભા (૯) સર્પ નિદર્શન (૧૦) સર્વરોગ નિદાન સારવાર કેમ્પ (૧૧) થેલેસેમીયા ટેસ્ટ. (૧૨) બ્લડ ડોનેશન કેમ્પ. | • સામાજિક પ્રવૃત્તિઓની સમજ કેળવાય.<br>• વ્યક્તિ વિકાસ થાય. |

| | | |
|---|---|---|
| ૧૯. | વિજ્ઞાન મેળામાં તમામ વિભાગ સુંદર કૃતિની રજૂઆત. | • વૈજ્ઞાનિક અભિગમ કેળવાય. |
| ૨૦. | ગણિત–વિજ્ઞાન વર્તુળનું સંચાલન તાલીમાર્થીઓ દ્વારા | • ગણિત–વિજ્ઞાન વિષય પ્રત્યે રસ કેળવાય. |
| ૨૧. | આંતર અધ્યાપન મંદિર સ્પર્ધા, ટી.એલ.એમ., ઉત્તમ પાઠ, કાવ્ય પઠન, બાળવાર્તા, અભિનય ગીત, રમત–ગમત સ્પર્ધા. | • અન્યની વિશિષ્ટતાઓને સ્વીકારે.<br>• નાવીન્ય બાબતોને જાણે.<br>• સમૂહ ભાવના કેળવાય. |
| ૨૨. | નશાબંધી અને આબકારી કચેરી દ્વારા વ્યસન મુક્તિ કાર્યક્રમ | • ભાવિ શિક્ષકો ગ્રામ્ય વિસ્તારમાં નશાબંધી અને વ્યસન મુક્તિ અંગે જાગૃતિ લાવવા પ્રયત્ન કરે. |
| ૨૩. | કાનૂની શિક્ષણ શિબિર | • મહિલા કાનૂની બાબતોની જાણકારી મેળવે. |

## *૨.૨. સેવાકાલીન શિક્ષક–પ્રશિક્ષણ કાર્યક્રમો :*

ભવનમાં સેવાકાલીન કાર્યક્રમને સઘન અને સફળતાની દિશામાં લઈ જવા અર્થે સેવાકાલીન શિક્ષણ પ્રશિક્ષણ ક્ષેત્રીય, આંતરક્રિયા, નવીનીકરણ, સંકલન શાખાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ શાખા વિશેષત : પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કાર્યરત એવા શિક્ષકોને સેવાકાલીન તાલીમ આપવાનું કાર્ય કરે છે. પ્રતિ વર્ષે સેવાકાલીન તાલીમમાં વૈવિધ્ય આવતું જાય છે. ઉપરાંત સેવાકાલીન તાલીમના ક્ષેત્રોનું વિસ્તરણ થતું જાય છે. તાલીમના વણખેડાયેલાં નવીન ક્ષેત્રોને તાલીમમાં પ્રવેશ અપાતો જાય છે.

પ્રતિ વર્ષે તાલીમ લેવા માટે શિક્ષકોની સાંખિક વૃદ્ધિ પણ થતી જાય છે. આમ, શિક્ષકોના વ્યવસાયને ઉન્નત કરવા અને તેઓની સજ્જતા વૃદ્ધિ માટે સેવાકાલીન તાલીમને અગ્રતા અપાતી જાય છે. પ્રાથમિક ક્ષેત્રે પ્રવેશતા નવીનીકરણ, નવી સંકલ્પનાઓ, અધ્યાપકોનાં કાર્યો, પ્રવેશતા નૂતન પ્રવાહો, બદલાતાં પાઠયપુસ્તકો વિષયક સેવાકાલીન તાલીમ આપવામાં આ શાખા વિશેષ કાર્યરત રહે છે. આ શાખા પૂરતી જ સમગ્ર કાર્યવાહી થતી નથી પરંતુ ભવનની અન્ય શાખાઓને પણ સેવાકાલીન તાલીમમાં સહાય કરે છે.




આ શાખા દ્વારા પ્રાથમિક શિક્ષણ તબક્કે સેવા બજાવતા શિક્ષકોને વ્યાવસાયિક વિકાસ માટે અભિપ્રેરિત કરવામાં આવે છે. આ કક્ષાએ પ્રવેશતાં નાવીન્યનો પરિચય શિક્ષકોને સેવાકાલીન તાલીમથી આપવામાં આવે છે. અધ્યયન–અધ્યાપન સંબંધી પજવતી સમસ્યાઓને ઓળખીને તે સમસ્યાઓને દૂર કરવાના પ્રયાસો હાથ ધરવા અર્થે ક્રિયાત્મક સંશોધનોને અગ્રસ્થાન અપાતું જાય છે. મૂલ્યાંકનની નૂતન પદ્ધતિ અને પ્રવિધિઓની જાણકારી આપીને તેના અમલીકરણ માટે અભિપ્રેરિત કરવામાં આવે છે. અધ્યાપનના નવીન પ્રયોગો, બાળમનોવિજ્ઞાન વિષયક જાણકારી આપવા અર્થે પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કાર્યરત શિક્ષકો માટેના નવસંસ્કરણ કાર્યક્રમો ફળદાયી બનતા જાય છે.

### ૨.૨.૧ *સેવાકાલીન તાલીમ માટેની પ્રવિધિઓ :*

સામાન્યત : ઉપયોગમાં લેવાતી સેવાકાલીન તાલીમ માટેની વિવિધ પ્રવૃત્તિઓ નીચે મુજબ છે.

- મહાન શિક્ષકોનાં જીવન ચરિત્રો વિષયક અધ્યયન માટેની તકો આપવી.
- વિચાર વિમર્શ અર્થે સામુહિક ચર્ચાનું આયોજન કરવું.
- વ્યાખ્યાનો યોજવા, ચર્ચા વિચારણા કરવી અને પ્રશ્નોતરીનો કાર્યક્રમ હાથ ધરવો.
- ઉપસ્થિત થતી સમસ્યાઓના ઉકેલો માટેની ભૂમિકા પ્રાપ્ત કરવી.
- કાર્યશિબિરોનું આયોજન કરવું.
- વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ હાથ ધરવી.

- પુસ્તકાલયનો ઉપયોગ કરવો.
- દૃશ્ય–શ્રાવ્ય સાધન સામગ્રીની રચના કરીને તેનો ઉપયોગ કરવો.
- ભવને હાથ ધરવાના મહત્ત્વપૂણ કાર્યોની જાણકારી આપવી.
- આ શાખાએ ભવનની સર્વ શાખાઆ સાથે સંકલન કરીને પ્રત્યેક શાખાનાં કાર્યોની સમજ પ્રાપ્ત કરવી.
- આ શાખાએ પ્રમુખ તથા પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે સેવા બજાવતા શિક્ષકો માટે સેવાકાલીન તાલીમ આપવી.
- સેવાકાલીન તાલીમ શિક્ષકોને કયા ક્ષેત્રે આપવાની છે, તે ક્ષેત્રીય આંતરક્રિયા દ્વારા જાણી લેવું અને એ અર્થે આયોજન કરવું.
- પ્રત્યેક સેવાકાલીન તાલીમમાં જુદા જુદા શિક્ષકોને સમાવિષ્ટ કરવાનું આયોજન કરવું.
- જે તે ક્ષેત્રે આવશ્યક તજ્જ્ઞોની યાદી તૈયાર કરીને સંપર્ક સાધીને તજ્જ્ઞો તરીકે સેવા લેવા માટેનો સંપર્ક કરવો.
- ક્રિયાત્મક સંશોધન તથા ક્ષેત્રીય આંતરક્રિયા હાથ ધરવું. પ્રાથમિક શિક્ષણ તબક્કે નાવીન્યના ફેલાવો થાય તે માટે ભવન દ્વારા પત્રિકા પ્રકાશનનું આયોજન કરવું.
- અધ્યયન–અધ્યાપન સાધન સામગ્રી તૈયાર કરવી, મૂલ્યાંકન કસોટીઓનું નિર્માણ કરવું, દૃશ્ય–શ્રાવ્ય સાધન સામગ્રીથી શિક્ષકોને પરિચિત કરવા, આપ–લેની વ્યવસ્થા કરવી, અધ્યયન–અધ્યાપન સામગ્રી તૈયાર કરવા માટે ખાસ પ્રેરણા આપીને ઉપયોગમાં લેવા માટેની તકો આપવી. એ માટે અન્ય શાખાઓની પણ સહાય પ્રાપ્ત કરવી.

આમ, સેવાકાલીન તાલીમ કાર્યક્રમો સેવા અંતર્ગત કાર્યક્રમો, ક્ષેત્રીય આંતરક્રિયા અને નાવીન્ય સંકલન શાખા દ્વારા હાથ ધરવામાં આવે છે. વિશેષત : સિદ્ધિ સર્વેક્ષણ આધારિત, નવા દાખલ થયેલા વિષયને અનુરૂપ વિષયવસ્તુ–સંશોધન, નવા અભિગમોથી પ્રાથમિક શિક્ષકોને માહિતગાર કરવા, આચાર્ય નવસંસ્કરણ, તાલુકા

કેળવણી નિરીક્ષકો સાથે અનુકાર્ય કરવા અને મૂલ્યાંકન કરવા સંબંધી તાલીમ આપવાનો અભિગમ રાખવામાં આવે છે.

### ૨.૨.૨ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનવાર સેવાકાલીન તાલીમનું વિહંગાવલોકન :*

પ્રસ્તુત સંશોધનમાં સમાવિષ્ટ દસેય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં સેવાકાલીન શિક્ષક–પ્રશિક્ષણ કાર્યક્રમોની ઉપલબ્ધ વિગતો અહીં દર્શાવવામાં આવેલ છે.

#### ૨.૨.૨.૧ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ

- MLL (minimum levels of learning)
- આચાર્ય નવસંસ્કરણ
- શાળા તત્પરતા
- પ્રવૃત્તિલક્ષી તાલીમ
- ધો–૧ થી ૪ ની તાલીમો
- વિષય વસ્તુ આધારિત તાલીમો
- કેળવણી નિરીક્ષકની તાલીમ
- કમ્પ્યૂટર તાલીમ
- સંશોધન તાલીમ
- મૂલ્યાંકન અંગેની તાલીમ
- ચિત્રની તાલીમો

લાભાર્થી (ટારગેટ ગ્રુપ) :

- પ્રા. શાળાના શિક્ષકો
- પ્રા. શાળાના આચાર્યો
- ખાનગી/નગરપાલિકા શાળાના શિક્ષકો / આચાર્યો
- અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓ

- C.R.C. / B.R.C. કો. ઓ.
- તા.કે. નિરીક્ષકશ્રીઓ
- અધ્યાપન મંદિરોના અધ્યાપકો

**ફાળો અને નિષ્ણાંતો :**

- સહયોગી પ્રાથમિક શાળાઓનો વિશિષ્ટ ફાળો છે.
- પ્રા. શિક્ષકો, C.R.C./B.R.C. કો.ઓ. તજ્જ્ઞ તરીકે કામ કરે છે.
- B.Ed. કોલેજના પ્રાધ્યાપકોની સેવાઓ લેવાય છે.
- અન્ય શૈક્ષણિક સંસ્થાના અધ્યાપકો/શિક્ષકો
- જિ.પ્રા.શિ. કચેરીનો શૈક્ષણિક સ્ટાફ (તા.કે.નિ.)

**પદ્ધતિઓ :**

નીચેની પદ્ધતિઓ અપનાવાય છે.

- ચર્ચા પદ્ધતિ
- પ્રાયોગિક પદ્ધતિ
- નાટય પદ્ધતિ
- કથન પદ્ધતિ
- જૂથ પદ્ધતિ

**અભિપ્રાયાવલિ :**

- અભિપ્રાયાવલી ભરાવાય છે.
- Pertest, Post Test લેવાય છે.
- રૂબરૂ મુલાકાત દરમ્યાન અપાયેલ તાલીમની ચકાસણી પણ થાય છે.

વર્ષ ૧૯૯૪ થી ૨૦૦૧ સુધીમાં ભવન દ્વારા થયેલ સેવાકાલીન કાર્યક્રમોની વિગતો નીચે સારણી–૪.૧૬માં દર્શાવેલ છે.

સારણી–૪.૧૬

માર્ચ–૧૯૯૪ થી માર્ચ–૨૦૦૨ દરમ્યાન થયેલ કાર્યક્રમોની વિગત દર્શાવતી સારણી

| ક્રમાંક | વર્ષ | શૈક્ષણિક કાર્યક્રમની સંખ્યા | કુલ તાલીમ વર્ગ | લાભાર્થી સંખ્યા | ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૯૯૪-૯૫ | ૨ | ૫૯ | ૩૮૩૨ | ૫૧૭૫૮૭ |
| ૨. | ૧૯૯૫-૯૬ | ૪ | ૭૦ | ૩૭૧૭ | ૭૪૪૪૨૯ |
| ૩. | ૧૯૯૬-૯૭ | ૧૦ | ૪૮ | ૨૦૦૨ | ૩૦૯૬૮૯ |
| ૪. | ૧૯૯૭-૯૮ | ૮ | ૧૦૨ | ૫૨૫૭ | ૧૮૯૭૪૦૬ |
| ૫. | ૧૯૯૮-૯૯ | ૨૪ | ૧૫૧ | ૬૦૯૬ | ૨૪૦૦૩૯૪ |
| ૬. | ૧૯૯૯-૦૦ | ૧૮ | ૧૩૨ | ૫૮૯૬ | ૨૦૧૫૬૩૦ |
| ૭. | ૨૦૦૦-૦૧ | ૧૩ | ૨૨૭ | ૮૮૦૮ | ૧૮૯૬૯૫૮ |
| ૮. | ૨૦૦૧-૦૨ | ૩૪ | ૨૪૫ | ૯૫૭૦ | ૨૫૬૦૮૫૦ |
| | કુલ | ૧૧૩ | ૧૦૩૪ | ૪૫૧૮૦ | ૧૨૩૪૨૯૪૩ |

(ડાયેટ રિપોર્ટ વર્ષ–૨૦૦૧–૨૦૦૨ મુજબ)

### ૨.૨.૨.૨ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાલનપુર

સારણી–૪.૧૬(એ)

પાલનપુર ડાયેટના દ્વારા આવેલ સેવાકાલીન તાલીમ કાર્યક્રમની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | નામ | સમયગાળો | તાલીમાર્થી | આયોજક |
|---|---|---|---|---|
| 1. | ધોરણ–૫ MLL, MTS | 26/5/97 થી 31/5/97 | 70 | GCERT |
| 2. | શિક્ષક તાલીમ | 1/6/97 થી 12/6/97 | 1116 | GCERT |
| 3. | આચાર્ય નવ સંસ્કરણ | 2/1/98 થી 5/2/98 | 2099 | DPEP |
| 4. | શાળા તત્પરતા તાલીમ | 19/1/98 થી 14/2/98 | 115 | GCERT |

| ક્રમ | નામ | સમયગાળો | તાલીમાર્થી | આયોજક |
|---|---|---|---|---|
| 5. | ધોરણ–૧ પ્રવૃત્તિલક્ષી તાલીમ (MTS) | 9/3/98 થી 10/3/98 | 45 | DPEP |
| 6. | તાલીમ (MTS) | 16/3/98 થી 28/3/98 | 2148 | DPEP |
| 7. | નિરીક્ષકો માટેનો તાલીમ વર્ગ | 25/3/98 થી 28/3/98 | 39 | DPEP |
| 8. | AEI'S MLL તાલીમ વર્ગ | 21/5/98 થી 28/3/98 | 21 | DPEP |
| 9. | ધોરણ–૬ MLL, MTS | 1/6/98 થી 4/6/98 | 99 | GCERT |
| 10. | ધોરણ–૬ MLL | 6/6/98 થી 10/6/98 | 911 | GCERT |
| 11. | આચાર્ય નવંસ્કરણ (બીજો તબક્કો) | 20/7/98 થી 21/8/98 | 1879 | DPEP |
| 12. | EDN-8 A અન્વયે શિક્ષકો માટે | 24/11/98 થી 27/11/98 | 28 | GCERT |
| 13. | EDN-8 A અન્વયે શિક્ષકો માટે | 6/1/99 થી 9/1/99 | 28 | GCERT |
| 14. | આચાર્ય નવંસ્કરણ (ત્રીજો તબક્કો) | 9/2/99 થી 12/3/99 | 1888 | DPEP |
| 15. | વિદ્યા સહાયક MTS | 21/5/99 થી 24/5/99 | 116 | DPEP |
| 16. | ધોરણ–૭ MTS | 28/6/99 થી 3/7/99 | 65 | GCERT |
| 17. | ધોરણ–૭ MLL | 12/7/99 થી 17/7/99 | 573 | GCERT |
| 18. | ધોરણ–૭ MLL | 2/8/99 થી 7/8/99 | 166 | GCERT |

**નિષ્ણાતોનો ફાળો :**

- સહયોગી પ્રાથમિક શાળાઓ
- શિક્ષકો તજ્જ્ઞ તરીકે આવે છે.
- B.Ed. કોલેજના પ્રાધ્યાપકો.
- અન્ય શૈક્ષણિક સંસ્થાના અધ્યાપકો/શિક્ષકો
- જિ.પ્રા.શિ. કચેરીનો શૈક્ષણિક સ્ટાફ (તા.કે.નિ.)

**નીચે પ્રમાણેની પદ્ધતિઓ અપનાવાય છે.**

| | | | |
|---|---|---|---|
| – | ચર્ચા પદ્ધતિ | – | પ્રાયોગિક પદ્ધતિ |
| – | દાર્શનિક પદ્ધતિ | – | લેકચર દ્વારા કથન પદ્ધતિ |
| – | નાટય પદ્ધતિ | – | જૂથ – ચર્ચા પદ્ધતિ |

**અભિપ્રાયાવલી ભરાવાય છે**

– Per Test & Post Test લેવાય છે.

– રૂબરૂ મુલાકાત દરમ્યાન અપાયેલ તાલીમની ચકાસણી પણ થાય છે.

**૨.૨.૨.૩ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત**

ભવન દ્વારા સેવાકાલીન તાલીમની વર્ષવાર તાલીમના પ્રકાર, વર્ગની સંખ્યા અને લક્ષ્યજૂથની માહિતી સારણી–૪.૧૭માં દર્શાવેલ છે.

## સારણી–૪.૧૭

## વર્ષ પ્રમાણે તાલીમનો પ્રકાર, વર્ગની સંખ્યા અને લક્ષ્ય જૂથ

| ક્રમ | તાલીમનો પ્રકાર | વર્ગની સંખ્યા | લક્ષ્ય જૂથ |
|---|---|---|---|
| | વર્ષ ૧૯૯૫–૯૬ | | |
| ૧. | એમ.એલ.એલ. | ૬૭ | જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકો |
| ૨. | ઈ.ડી.એન. જુદી જુદી વિષય વસ્તુઓનો વર્ગ | ૦૩ | જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકો |
| ૩. | તરંગ ઉલ્લાસમય અભ્યાસ | ૦૧ | જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકો |
| ૪. | એસ.ઓ.પી.ટી. સુરત જિલ્લો | ૦૩ | જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકો |
| ૫. | એસ.ઓ.પી.ટી. વલસાડ જિલ્લો | ૧૨ | વલસાડ જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકો |
| | વર્ષ ૧૯૯૬–૯૭ | | |
| ૬. | એમ.એલ.એલ. તથા વસતી શિક્ષણ | ૧૮ | જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકો |
| ૭. | ઈ.ડી.એન. ૮ ડી શાળા સંકુલ | ૮૦ શાળાઓ | જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકો |
| ૮. | ઈડી.એન. ૮ એ ગણિત, વિજ્ઞાન શિક્ષણ | ૧૪ | જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકો |
| ૯. | ઈ.ડી.એન. ૮ બી દ્દશ્ય શ્રાવ્ય શિક્ષણ કેસેટની વહેંચણી | ૨૦ શાળાઓ | સી.આર.સી. |
| ૧૦. | ઈ.ડી.એન. ૮ ઓ વિજ્ઞાન મેળો | ૯૫ શાળાઓ | સમગ્ર સુરત જિલ્લાની શાળાઓ |
| ૧૧. | ઈ.ડી.એન. ૮ વી. પ્રાથમિક–માધ્યમિક શિક્ષણ ગુણવત્તા | ૦૧ | જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકો |
| ૧૨. | ઈ.ડી.એન. ૮ ઉર્દૂ માધ્યમના શિક્ષકોને ભાષાકીય તાલીમ | ૦૧ | જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકો |
| ૧૩. | ઈ.ડી.એન.૮–કે સંશોધન યોજના | – | જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકો અને ડાયેટના અધ્યાપકો. |
| | વર્ષ ૧૯૯૭–૯૮ | | |
| ૧૪. | ધોરણ ૧ ના શિક્ષકો માટે પ્રવૃત્તિલક્ષી શિક્ષણ શિબિર | ૫૨ | ધોરણ–૧ ના તમામ શિક્ષકો |
| ૧૫. | સી.આર.સી. કો–ઓર્ડિનેટર્સ માટેનો તાલીમ વર્ગ | ૦૫ | જિલ્લા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં તમામ સી.આર.સી. કો–ઓર્ડિનેટર્સ |

| | | | |
|---|---|---|---|
| ૧૬. | ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકો માટે એમ.એલ.એલ. ધોરણ ૬ની તાલીમ | ૦૪ | સુરત શહેર તથા જિલ્લાની ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકો |
| | વર્ષ ૧૯૯૯–૨૦૦૦ | | |
| ૧૭ | એમ.એલ.એલ. ધોરણ ૬ના શિક્ષકો માટેની સેવાકાલીન તાલીમ | ૫૫ | ધોરણ ૬ના શિક્ષકો |
| ૧૮. | આચાર્ય નવસંસ્કરણ કાર્યક્રમ | ૩૯ | પ્રાથમિક શાળાઓનાં આચાર્યો |
| ૧૯. | સી.આર.સી. કો–ઓર્ડિનેટર્સ માટેનો તાલીમ વર્ગ | ૦૫ | સુરત જિલ્લા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓનાં સી.આર.સી.કો. ઓર્ડિનેટર્સ |
| ૨૦. | ઈ.ડી.એન. ૮ અ જૂથ ૧ તાલીમ વર્ગ | ૨૨ | જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકો |
| ૨૧. | ઈ.ડી.એન. ૭ બ જૂથ ૧ તાલીમ વર્ગ | ૦૧ | જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકો |
| ૨૨. | ઈ.ડી.એન. ૮ સી. સંગીત શિબિર | ૦૧ | જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકો |
| ૨૩. | ઈ.ડી.એન. ૮ ડી. | ૦૪ | જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકો |
| | વર્ષ ૨૦૦૦–૨૦૦૧ | | |
| ૨૪. | નોન પ્લાન અનુદાન અન્વયે સેવાકાલીન તાલીમ | ૬૧ | જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકો |
| ૨૫. | ઈ.ડી.એન. ૧૬ પ્લાન અનુદાન અન્વયેની તાલીમ (મૂલ્યાંકન સંશોધન તાલીમ) | ૨૮ | જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકો |
| ૨૬. | એસ.ઓ.પી.ટી. | ૨૭ | જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકો |
| ૨૭. | એસ.ઓ.પી.ટી. માસ્ટર ટ્રેનિંગ તાલીમ | ૦૧ | જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકો |
| | વર્ષ ૨૦૦૧–૨૦૦૨ | | |
| ૨૮. | ધોરણ–૨ પાઠયપુસ્તક તાલીમ વર્ગો | ૩૯ | ધોરણ–૨માં અધ્યાપન કાર્ય કરતા શિક્ષકો |
| ૨૯. | ધોરણ ૫ અંગ્રેજી તાલીમ વર્ગ | ૨૮ | ધોરણ ૫ માં અંગ્રેજી અધ્યાપન કાર્ય કરતા શિક્ષકો |
| ૩૦. | સુરત જિલ્લામાં તમામ ખાનગી શાળાઓનાં ધોરણ ૧ ના શિક્ષકોની તાલીમ | ૧૦ | સુરત જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાઓનાં ધોરણ ૧માં અધ્યાપન કાર્ય કરતા તમામ શિક્ષકો |

| | | | |
|---|---|---|---|
| ૩૧. | સુરત જિલ્લાની તમામ ખાનગી શાળાઓના ધોરણ ૨ ના શિક્ષકાની તાલીમ | ૧૨ | સુરત જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાઓના ધોરણ ૨માં અધ્યાપન કાર્ય કરતા તમામ શિક્ષકો. |
| ૩૨. | અંગ્રેજી માધ્યમના ધોરણ ૨ ના શિક્ષકોની તાલીમ | ૪ | અંગ્રેજી માધ્યમના ધોરણ ૨માં અધ્યાપન કાર્ય કરતા શિક્ષકો. |
| ૩૩. | ધોરણ ૬ સંસ્કૃતના તાલીમ વર્ગો | ૨૮ | ધોરણ ૬ માં અધ્યાપન કાર્ય કરતા શિક્ષકો |
| ૩૪. | વિદ્યાસહાયક આચાર્યો માટેનો તાલીમ વર્ગ | ૦૫ | વિદ્યાસહાયક આચાર્યો |
| ૩૫. | નવનિયુક્ત વિદ્યાસહાયક તાલીમ વર્ગ | ૦૭ | નવનિયુક્ત વિદ્યાસહાયક |
| ૩૬. | તાલીમ વંચિત ધોરણ ૧ના શિક્ષકો | ૦૩ | ધોરણ ૧ ના તાલીમ વંચિત શિક્ષકો. |
| ૩૭. | ધોરણ ૫, ૬, ૭ વિજ્ઞાન પેટી નિદર્શન અંગે | ૦૭ | ધોરણ ૫, ૬, ૭ માં અધ્યાપન કાર્ય કરતા શિક્ષકો |
| ૩૮. | ધોરણ ૧ અને ૨ મૂલ્યાંકનનો વર્ગ | ૦૧ | ધોરણ ૧ અને ૨ માં અધ્યાપન કાર્ય કરતા શિક્ષકો. |
| ૩૯. | પ્રશ્નપત્ર રચના વર્ગ | ૦૧ | વિવિધ ધોરણમાં અધ્યાપન કાર્ય કરતા શિક્ષકો. |
| ૪૦. | આદિજાતિ વિકાસ પત્રિકાના વર્ગ | ૦૧ | વિવિધ ધોરણમાં અધ્યાપન કાર્ય કરતા શિક્ષકો. |
| ૪૧. | યોગ અને શારીરિક શિક્ષણનો વર્ગ | ૦૬ | વિવિધ ધોરણમાં અધ્યાપન કાર્ય કરતા શિક્ષકો. |
| ૪૨. | ગંગાધરા મુકામે જિલ્લાના ૨૩૬ સી.આર.સી. કો–ઓર્ડિનેટર્સનો બે દિવસનો નિવાસી તાલીમ વર્ગ | ૦૬ | જિલ્લાના તમામ સી.આર.સી. કો–ઓર્ડિનેટર્સ |
| ૪૩. | કમ્પ્યૂટર તાલીમ વર્ગ | ૧ | વિવિધ ધોરણમાં અધ્યાપન કાર્ય કરતા શિક્ષકો. |

**તાલીમના પ્રકારો :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત દ્વારા આપવામાં આવતી સેવાકાલીન તાલીમમાં વૈવિધ્ય રહ્યું છે. ભવને હાથ ધરેલા તાલીમ વર્ગો પ્રત્યે દષ્ટિપાત કરતા સ્પષ્ટ થાય છે કે, સિદ્ધિ  સર્વેક્ષણ, મૂલ્યાંકન અને સંશોધન આધારિત તાલીમ આપવાનો ઉપક્રમ

રાખવામાં આવ્યો છે. આચાર્ય નવસંસ્કરણ, વિષયવસ્તુ તાલીમ, કેળવણી નિરીક્ષકો માટે તાલીમને અગ્રસ્થાન અપાયું છે. અધ્યયન–અધ્યાપન સામગ્રી અને સાહિત્ય નિર્માણ, પાઠયપુસ્તક વિભાગના તાલીમ કાર્યક્રમો હાથ ધરાતા રહ્યા છે. આ ઉપરાંત સી.આર.સી.કો–ઓર્ડિનેટર્સ અને વિદ્યાસહાયકો માટેના તાલીમ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. પ્રશ્નપત્ર સંરચના, નવા પ્રવેશ પામેલા ધોરણ ૬ સંસ્કૃત પાઠયપુસ્તક સંદર્ભમાં તાલીમ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. આ ઉપરાંત અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ધોરણ–૨ માં અધ્યાપન કાર્ય કરતા શિક્ષકોને પણ તાલીમ આપવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે.

આમ, સેવાકાલીન તાલીમ કાર્યક્રમોમાં વૈવિધ્ય આવતું ગયું છે. લક્ષ્યજૂથોમાં પણ આવશ્યકતાનુસાર વૈવિધ્ય પ્રવેશતું જાય છે. સામાન્યત : પ્રતિ વર્ષે સેવાકાલીન તાલીમ પ્રાપ્ત કરતા શિક્ષકોની સાંખ્યિક વૃદ્ધિ થતી રહી છે, તેની સાથે નાણાંકીય ફાળવણીમાં પણ વૃદ્ધિ થવા પામી છે.

**સેવાકાલીન તાલીમ કાર્યક્રમમાં તજ્જ્ઞોનો હિસ્સો :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરતમાં અપાતી સેવાકાલીન તાલીમ કાર્યક્રમો અર્થે તજ્જ્ઞોની સહાય લેવામાં આવે છે. એ તજ્જ્ઞોમાં પણ વૈવિધ્ય જોવા મળે છે.પ્રાથમિક શિક્ષક કક્ષાએ સેવા બજાવતા વિશેષ અનુભવી શિક્ષકો, સી.આર.સી.કો–ઓર્ડિનેટર્સ, બી.આર.સી., સી.આર.જી. વિશ્વવિદ્યાલયોમાં શિક્ષણ વિભાગોમાં સેવા બજાવતા અધ્યાપકોની સેવાકાલીન તાલીમ દરમિયાન સેવા લેવામાં આવે છે.

સામાન્ય : તાલીમ કાર્યક્રમ અનુસાર તજ્જ્ઞોની સહાય લેવાતી રહી છે. જેની માહિતી સારણી–૪.૧૮માં દર્શાવેલ છે.

## સારણી–૪.૧૮
## તાલીમી કાર્યક્રમો અનુસાર તજ્જ્ઞોની સહાય

| ક્રમ | કાર્યક્રમ | તજ્જ્ઞ |
|---|---|---|
| ૧. | કેળવણી નિરીક્ષકો માટેની તાલીમ | ડાયેટ અધ્યાપક અને પ્રાચાર્ય |
| ૨. | આચાર્યો માટેની તાલીમ | ડાયેટ અધ્યાપકો અને સી.આર.સી. કો–ઓર્ડિનેટર્સ |
| ૩. | વિદ્યાસહાયક આચાર્યો માટેની તાલીમ | ડાયેટ અધ્યાપકો અને સી.આર.સી. કો–ઓર્ડિનેટર્સ |
| ૪. | નવનિયુક્ત વિદ્યાસહાયકોની તાલીમ | ડાયેટ અધ્યાપકો અને સી.આર.સી. કો–ઓર્ડિનેટર્સ |
| ૫. | અંગ્રેજી માધ્યમના શિક્ષકોની તાલીમ | ડાયેટ અધ્યાપકો અને સી.આર.સી. કો–ઓર્ડિનેટર્સ |
| ૬. | બી.આર.સી. માટેની તાલીમ | ડાયેટના અધ્યાપકો |
| ૭. | સી.આર.સી.કો–ઓર્ડિનેટર્સ માટેની તાલીમ | ડાયેટના અધ્યાપકો |
| ૮. | એમ.એલ.એલ. સંદર્ભમાં તાલીમ | ડાયેટના અધ્યાપકો અને સી.આર.સી. કો–ઓર્ડિનેટર્સ |
| ૯. | સંશોધન માટેનો તાલીમ વર્ગ | બી.એડ. કોલેજોના અને વિશ્વવિદ્યાલયોના અધ્યાપકો. |
| ૧૦. | પ્રશ્નપત્ર સંરચના અને મૂલ્યાંકન | ડાયેટના અધ્યાપકો અને સી.આર.સી. કો–ઓર્ડિનેટર્સ |
| ૧૧. | નવા પાઠયપુસ્તકો વિષયક તાલીમ વર્ગો | ડાયેટના અધ્યાપકો અને સી.આર.સી. કો–ઓર્ડિનેટર્સ |
| ૧૨. | કમ્પ્યૂટર તાલીમ વર્ગ | ડાયેટના અધ્યાપકો |
| ૧૩. | સિદ્ધિ સર્વેક્ષણ આધારિત તાલીમ વર્ગ | ડાયેટના અધ્યાપકો |

સેવાકાલીન તાલીમ દરમિયાન ઉપયોગમાં લેવાતી વિશિષ્ટ પદ્ધતિ–પ્રયુક્તિઓ પણ પ્રયોજવામાં આવે છે. જે અંગેની માહિતી સારણી–૪.૧૯માં દર્શાવેલ છે.

**સારણી–૪.૧૯**

**તાલીમી કાર્યક્રમોમાં પ્રયોજાતી વિવિધ પદ્ધતિઓ–પ્રયુક્તિઓ**

| *ક્રમ* | *તાલીમી કાર્યક્રમ* | *પદ્ધતિઓ–પ્રયુક્તિઓ* |
|---|---|---|
| ૧. | કેળવણી નિરીક્ષકો માટેની તાલીમ | વ્યાખ્યાન, સામૂહિક ચર્ચા |
| ૨. | આચાર્યો માટેની તાલીમ | વ્યાખ્યાન, સામૂહિક ચર્ચા |
| ૩. | વિદ્યાસહાયક આચાર્યો માટેની તાલીમ | વ્યાખ્યાન, સામૂહિક ચર્ચા |
| ૪. | નવનિયુક્ત વિદ્યાસહાયકોની તાલીમ | વ્યાખ્યાન, સામૂહિક ચર્ચા |
| ૫. | અંગ્રેજી માધ્યમના શિક્ષકોની તાલીમ | વ્યાખ્યાન, સામૂહિક ચર્ચા |
| ૬. | બી.આર.સી. માટેની તાલીમ | કાર્યશિબિર, વ્યાખ્યાન |
| ૭. | સી.આર.સી.કો–ઓર્ડિનેટર્સ માટેની તાલીમ | કાર્યશિબિર, વ્યાખ્યાન |
| ૮. | એમ.એલ.એલ. સંદર્ભમાં તાલીમ | કાર્યશિબિર, વ્યાખ્યાન |
| ૯. | સંશોધન માટેનો તાલીમ વર્ગ | કાર્યશિબિર, વ્યાખ્યાન |
| ૧૦. | પ્રશ્નપત્ર સંરચના અને મૂલ્યાંકન | કાર્યશિબિર, વ્યાખ્યાન |
| ૧૧. | નવાં પાઠયપુસ્તકો વિષયક તાલીમ વર્ગો | કાર્યશિબિર, વ્યાખ્યાન |
| ૧૨. | કમ્પ્યૂટર તાલીમ વર્ગ | કાર્યશિબિર, વ્યાખ્યાન, પ્રાયોગિક કાર્ય |
| ૧૩. | સિદ્ધિ સર્વેક્ષણ આધારિત તાલીમ વર્ગ | કાર્યશિબિર, પ્રશ્નોતરી |

### ૨.૨.૨.૪ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી.

ભવનમાં વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૨ દરમિયાન યોજાયેલ સેવાકાલીન તાલીમ કાર્યક્રમોના પ્રકાર, વર્ગોની સંખ્યા તથા લક્ષ્યજૂથની વિગતો સારણી – ૪.૨૦ માં દર્શાવેલ છે.

## સારણી – ૪.૨૦

## વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૨ દરમિયાન યોજેલ સેવાકાલીન તાલીમ કાર્યક્રમો

| વર્ષ | તાલીમનો પ્રકાર | વર્ગોની સંખ્યા | લક્ષ્યજૂથ |
|---|---|---|---|
| ૧૯૯૫–૯૬ | બિન નિવાસી<br>એસ.ઓ.પી.ટી. | ૩૮<br>૦૫ | વિવિધ વિષયો અને ધોરણ સંબંધી જૂથ (શિક્ષકો) |
| ૧૯૯૬–૯૭ | બિન નિવાસી<br>નિવાસી<br>એસ.ઓ.પી.ટી. | ૪૪<br>૧૫<br>૦૬ | વિવિધ વિષયો અને ધોરણ સંબંધી જૂથ (શિક્ષકો) |
| ૧૯૯૭–૯૮ | બિનનિવાસી<br>નિવાસી | ૨૬<br>૦૬ | વિવિધ વિષયો અને ધોરણ સંબંધી જૂથ (શિક્ષકો) |
| ૧૯૯૮–૯૯ | બિન નિવાસી<br>નિવાસી | ૧૬૪<br>૨૬ | વિવિધ વિષયો અને ધોરણ સંબંધી જૂથ (શિક્ષકો) |
| ૧૯૯૯–૨૦૦૦ | બિન નિવાસી<br>નિવાસી<br>એસ.ઓ.પી.ટી. | ૫૬<br>૩૦<br>૦૩ | વિવિધ વિષયો અને ધોરણ સંબંધી જૂથ (શિક્ષકો) |
| ૨૦૦૦–૦૧ | બિન નિવાસી<br>નિવાસી<br>એસ.ઓ.પી.ટી. | ૭૩<br>૨૫<br>૧૬ | વિવિધ વિષયો અને ધોરણ સંબંધી જૂથ (શિક્ષકો) |
| ૨૦૦૧–૦૨ | બિન નિવાસી<br>નિવાસી<br>એસ.ઓ.પી.ટી. | ૪૭<br>૦૯<br>૩૮ | વિવિધ વિષયો અને ધોરણ સંબંધી જૂથ (શિક્ષકો) |

વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૨ દરમ્યાન યોજાયેલ તાલીમ કાર્યક્રમોની સંખ્યા જોતાં જણાય છે કે પ્રતિ વર્ષ ઉત્તરોત્તર તાલીમ કાર્યક્રમોની સંખ્યામાં વધારો થતો ગયો છે. નિવાસી અને બિન નિવાસી તાલીમ કાર્યક્રમમાં મુખ્યત્વે વિવિધ વિષયોની જરૂરિયાત આધારિત તાલીમ જેવી કે સિદ્ધિ સર્વેની તાલીમ, સંશોધન વિષયક તાલીમ, નવા દાખલ

થયેલા વિષયોની તાલીમ વગેરે તાલીમોનું આયોજન થયેલ હતું. એસ.ઓ.પી.ટી. તાલીમમાં મુખ્યત્વે સિદ્ધિસર્વેમાં જોવા મળેલ જુદા જુદા વિષયોના કઠિન બિંદુ આધારિત તાલીમ આપવામાં આવી હતી.

દરેક વર્ષની તમામ તાલીમી તજ્જ્ઞોની ટીમ નીચે પ્રમાણે છે.

૧. તાલીમ ભવનના અધ્યાપક–વર્ગ સંચાલક અને તજ્જ્ઞ તરીકે.

૨. જે તે વિષય અને ધોરણ પ્રમાણે સી.આર.જી.

૩. સી.આર.સી. કો ઓર્ડિનેટર / પ્રા. શાળા શિક્ષક

૪. જરૂર જણાય ત્યાં અન્ય સંસ્થાના તજ્જ્ઞો

આમ કુલ ચાર સભ્યોની ટીમ દ્વારા તાલીમ વર્ગનું સંચાલન કરવામાં આવે છે. જે પૈકી તાલીમ ભવનના અધ્યાપકે વર્ગ સંચાલક તેમજ તજ્જ્ઞ તરીકેની બેવડી ભૂમિકા ભજવવાની રહે છે. આ ઉપરાંત જી.સી.ઈ.આર.ટી. દ્વારા સોંપેલ તમામ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ પણ કરવામાં આવેલ. જેની વિગતો આ પ્રમાણે છે.

**(૧) સિદ્ધિ સર્વેક્ષણ આધારિત :**

સિદ્ધિ સર્વેક્ષણ આધારિત તાલીમ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન યોજવામાં આવેલ છે. જેમાં ડાયેટ–અમરેલી દ્વારા નમૂનારૂપ કાર્ય થયેલ હતું. આ ભવન દ્વારા ધોરણ–૬ અને ધોરણ–૭ સિદ્ધિ કસોટી આધારિત તાલીમ થયેલ હતી.

**(૨) મૂલ્યાંકન આધારિત :**

ધોરણ–૧, ૨ અને ૩ ના મૂલ્યાંકન માટે મૂલ્યાંકન આધારિત તાલીમ વર્ગો તાલુકા કક્ષાએ યોજવામાં આવ્યા હતાં.

**(૩) સંશોધન આધારિત :**

૧૯૯૮–૯૯ થી સંશોધન આધારિત તાલીમોનો દોર શરૂ થયો હતો. જેમાં અધ્યાપકો તેમજ પ્રાથમિક શાળાના શિક્ષકોએ ક્રિયાત્મક સંશોધનો કરી સંશોધન ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરેલ છે.

**(૪) આચાર્ય નવસંસ્કરણ :**

૧૯૯૮–૯૯માં આચાર્ય નવસંસ્કરણના કુલ ૬૫ વર્ગો યોજીને અમરેલી જિલ્લાના કુલ ૭૬૪ શાળાના આચાર્યોને તાલીમ આપવામાં આવી હતી.

**(૫) વિષયવસ્તુ તાલીમ :**

તાલીમ ભવન દ્વારા ઈ.ડી.એન., એસ.ઓ.પી.ટી. અને સેવાકાલીન તાલીમ અંતર્ગત ધો. ૧ થી ૭ ના તમામ વિષયોની એમ.એલ.એલ. આધારિત તાલીમ આપવામાં આવેલ છે.

**(૬) કે.નિ. / પદાધિકારી તાલીમ :**

કે.નિ./પદાધિકારીની તાલીમ માટે અત્યાર સુધી બે તાલીમ વર્ગો યોજવામાં આવેલ છે. આ ઉપરાંત મહિનાના દર ત્રીજા શુક્રવારે કે.નિ. અને પદાધિકારી સાથે સંકલન બેઠક યોજીને આગામી કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવે છે.

**(૭) ટી.એલ.એમ. નિર્માણ :**

તાલીમ ભવનમાં ટી.એલ.એમ. નિર્માણનું કાર્ય ડબલ્યુ.ઈ.શાખા દ્વારા કરવામાં આવે છે. ડબલ્યુ.ઈ. શાખા દ્વારા દર વર્ષે ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, સમાજવિદ્યા, ગુજરાતી, હિન્દી વિષયોના ટી.એલ.એમ. તાલીમાર્થી દ્વારા બનાવવામાં આવે છે. તેમજ વિવિધ વર્ગોની અંતર્ગત પણ વિવિધ શૈક્ષણિક સાધનો બનાવવામાં આવે છે.

**૨.૨.૨.૫ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ :**

ભવન ખાતે વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૨ દરમિયાન યોજાયેલ સેવાકાલીન તાલીમ વર્ગોમાં તાલીમના પ્રકારો તથા તાલીમાર્થીઓની સંખ્યા નીચેની સારણી–૪.૨૧માં દર્શાવેલ છે.

# સારણી–૪.૨૧

## વર્ષવાર આયોજિત વિવિધ પ્રકારના તાલીમ વર્ગોની માહિતી

| ક્રમ | તાલીમના પ્રકાર | વર્ષવાર તાલીમની સંખ્યા, તાલીમાર્થીઓની સંખ્યા | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯૫/૯૬_ | ૯૬/૯૭_ | ૯૭/૯૮_ | ૯૮/૯૯_ | ૯૯/૦૦_ | ૦૦/૦૧_ | ૦૧/૦૨_ | ૦૨/૦૩_ | _ |
| ૧. | વિષયવસ્તુ | ૦૦<br>૦૦ | ૧૯<br>૯૨૦ | ૦૨<br>૮૯ | ૧૮<br>૮૧૦ | ૦૪<br>૧૪૪ | ૨૨<br>૭૯૫ | ૦૪<br>૧૨૬ | ૨૭<br>૧૨૭૧ | ૯૬<br>૪૧૫૫ |
| ૨. | TLM | ૦૦<br>૦૦ | ૦૧<br>૫૭ | ૦૪<br>૧૪૦ | ૦૭<br>૨૮૦ | ૦૩<br>૧૦૫ | ૦૮<br>૩૦૩ | ૦૬<br>૨૧૮ | ૦૨<br>૨૨ | ૩૧<br>૧૧૨૫ |
| ૩. | SOPT | ૦૩<br>૧૫૧ | ૨૭<br>૯૮૨ | ૬૦<br>૨૪૦ | ૦૦<br>૦૦ | ૦૩<br>૧૫૮ | ૨૮<br>૧૩૭૮ | ૫૮<br>૯૫૯૧ | ૦૦<br>૦૦ | ૧૨૫<br>૧૨૫૦૦ |
| ૪. | MLL | ૧૪<br>૭૦૬ | ૨૪<br>૧૧૨૭ | ૩૫<br>૧૫૭૫ | ૨૮<br>૯૮૦ | ૨૬<br>૧૧૫૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૧૨૭<br>૫૫૩૮ |
| ૫. | ધોરણવાર | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૧<br>૪૦ | ૦૦<br>૦૦ | ૦૪<br>૧૪૦ | ૪૦<br>૧૬૫૦ | ૧૧<br>૩૮૧ | ૩૩<br>૧૫૦૭ | ૮૯<br>૩૭૧૮ |
| ૬. | નવીનીકરણ | ૦૦<br>૦૦ | ૦૩<br>૧૫૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૩<br>૨૧૭ | ૦૨<br>૩૨ | ૦૨<br>૧૩ | ૧૦<br>૩૯૯+૧૩ |
| ૭. | વિદ્યાસહાયક | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૫<br>૧૬૦ | ૦૫<br>૨૦૦ | ૧૯<br>૮૨૩ | ૧૦<br>૪૧૫ | ૦૬<br>૨૪૦ | ૦૦<br>૦૦ | ૪૫<br>૧૮૩૮ |
| ૮. | સિદ્ધિવાર તાલુકાદીઠ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૨૯<br>૧૩૩૪ | ૨૯<br>૧૩૩૪ |
| ૯. | નવી સંકલ્પના | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૫<br>૨૫૬ | ૦૫<br>૨૫૬ |
| ૧૦. | આચાર્ય નવસંસ્કરણ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૩૫<br>૧૧૬૦ | ૪૪<br>૧૧૭૫ | ૦૯<br>૪૩૩ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૮૮<br>૨૭૬૮ |
| ૧૧. | સંશોધન | ૦૦<br>૦૦ | ૦૧<br>૧૪ | ૦૧<br>૩૪ | ૦૨<br>૫૦ | ૦૨<br>૪૩ | ૦૨<br>૩૭ | ૦૭<br>૨૬૦ | ૦૦<br>૦૦ | ૧૫<br>૪૩૮ |
| ૧૨. | કેળવણી નિરીક્ષકો | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૧<br>૩૪ | ૦૨<br>૬૦ | ૦૧<br>૪૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૨<br>૮૭ | ૦૬<br>૨૨૧ |
| ૧૩. | સેવાકાલીન | ૦૦<br>૦૦ | ૦૧<br>૨૫ | ૩૯<br>૧૫૭૫ | ૨૮<br>૧૧૨૦ | ૨૩<br>૫૫૫ | ૩૦<br>૯૫૨ | ૨૯<br>૧૧૩૬ | ૦૨<br>૬૮ | ૧૫૨<br>૫૪૩૧ |
| ૧૪. | ઈ.ડી.એન. – ૧૬ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૧૪<br>૩૯૦ | ૧૪<br>૪૨૧ | ૨૦<br>૫૧૩ | ૦૪<br>૯૭ | ૦૮<br>૨૭૨ | ૬૦<br>૧૬૯૩ |
| ૧૫. | CRC | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૨૩<br>૭૦૦ | ૦૮<br>૩૨૦ | ૦૧<br>૧૫૪ | ૦૫<br>૨૮૭ | ૦૦<br>૦૦ | ૦૧<br>૨૪૯ | ૩૮<br>૧૭૧૦ |
| ૧૬. | SC.& M | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૨<br>૬૦ | ૦૨<br>૭૬ | ૦૨<br>૭૩ | ૦૦<br>૦૦ | ૦૧<br>૬૪ | ૦૭<br>૨૭૩ |
| ૧૭. | બાળમેળા | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૦૦<br>૦૦ | ૩૭<br>૩૭૨૯ | ૦૪<br>૨૦૩ | ૪૧<br>૩૯૩૨ |
| | કુલ | ૧૭<br>૮૫૭ | ૭૦<br>૩૨૭૫ | ૧૫૨<br>૫૭૪૭ | ૧૫૮<br>૫૪૪૫ | ૧૧૧<br>૪૨૪૨ | ૧૭૦<br>૬૬૨૦ | ૧૬૯<br>૧૫૮૧૦ | ૧૧૬<br>૫૩૩૩ | ૯૬૩<br>૪૭૩૨૯ |

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન–રાજકોટ દ્વારા કુલ ૧૭ પ્રકારની તાલીમ યોજવામાં આવી હતી. વર્ષ ૨૦૦૦–૦૧માં સૌથી વધારે ૧૭૦ તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. જયારે વર્ષ ૧૯૯૫માં સૌથી ઓછા ૧૭ તાલીમ વર્ગો યોજવામાં આવ્યા હતાં.

**સેવાકાલીન વિભાગો દ્વારા યોજાતા વિશિષ્ટ કાર્યક્રમો :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન–રાજકોટના સેવાકાલીન શિક્ષણ પ્રશિક્ષણ વિભાગો દ્વારા યોજાયેલા વિશિષ્ટ કાર્યક્રમો સારણી–૪.૨૨ પ્રમાણે છે :

**સારણી–૪.૨૨**

**સેવાકાલીન વિશિષ્ટ કાર્યક્રમો**

| *ક્રમ* | *વર્ષ* | *વિશિષ્ટ કાર્યક્રમો* |
|---|---|---|
| ૧. | ૨૦૦૦ | ધોરણ–૧ અને ૨ના ગુજરાતી સંદર્ભ સાહિત્ય તરીકે હું રે લીલા લે તથા ચકીનીચક ચક ઓડીયો કેસેટ (બાળગીત–બાળવાર્તા) નિર્માણ |
| ૨. | ૨૦૦૧ | ધોરણ–૨ના ગુજરાતી સંદર્ભ સાહિત્ય તરીકે ચકીનીચક ચક ઓડીયો કેસેટ (બાળગીત–વાર્તા) નિર્માણ |
| ૩. | ૨૦૦૧-૦૨ | સી.આર.સી. કો–ઓર્ડિનેટર માટે બાળવાર્તા–બાળગીતની તાલીમ અને સ્પર્ધા. |
| ૪. | ૨૦૦૨ | કેમ્પસ ડેવલપમેન્ટની ડોકયુમેન્ટરીનું નિર્માણ–રીસેકો સ્ટૂડીઓ ટીમ દ્વારા એજયુકેશન તથા ટેકનીકલ દષ્ટિએ પ્રથમ ક્રમ |
| ૫. | ૨૦૦૨ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તમામના વહીવટી કર્મચારી અને વ્યાખ્યાતાઓની વહીવટી તાલીમ. |
| ૬. | ૨૦૦૧ | સિદ્ધિ કસોટી સંદર્ભે ફોર્ટ્રાન આધારિત માહિતી વિશ્લેષણ માટેના કાર્યક્રમની સંરચના. |
| ૭. | ૨૦૦૧ | રાજકોટ જિલ્લાની પી.ટી.સી. કોલેજના તાલીમાર્થીઓને ઓરીગામીની તાલીમ. |
| ૮. | ૨૦૦૨ | ધોરણ–૬ સંસ્કૃત પાઠ નિદર્શન બાબત વિડીઓ કેસેટ નિર્માણ. |
| ૯. | ૨૦૦૨ | વીઈસી સંબંધિત જિ.શિ. તા. ભવનના વ્યાખ્યાતાઓને તાલીમ. |
| ૧૦. | ૨૦૦૧ | જિલ્લા કક્ષાના બાળમેળાની કીટ નિર્માણ. |
| ૧૧. | ૨૦૦૦ | આંગણવાડી કાર્યકરોની શૈક્ષણિક પ્રવૃત્તિઓ (બાળગીત, બાળવાર્તા, ચિત્રકામ, શૈક્ષણિક પ્રવૃત્તિ) નો તાલીમ. |

| | | |
|---|---|---|
| ૧૨. | ૧૯૯૮ | રાજ્ય કક્ષાના વિજ્ઞાન મેળાનું આયોજન. |
| ૧૩. | ૧૯૯૮ | રાષ્ટ્રીય વિજ્ઞાન મેળાનું આયોજન–સમગ્ર ગુજરાતમાં પ્રથમ વખત યોજવામાં આવ્યો. |
| ૧૪. | ૨૦૦૦-૦૧ | નિરક્ષરતા માટે જરૂરી પરિબળોનો અભ્યાસ. |
| ૧૫. | ૨૦૦૧ | 'ચાલો, રમવા જઈએ' ભૂકંપ ગ્રસ્ત વિસ્તાર માટે માનસિક તણાવ મુક્તિ કાર્યક્રમ. |
| ૧૬. | ૨૦૦૦ | સંકલિત શિક્ષણ યોજના અંતર્ગત વિકલાંગ બાળકોને જિલ્લા સર્વે અને તેને અનુરૂપ તાલીમ વર્ગનું આયોજન. |
| ૧૭. | ૨૦૦૧ | ધોરણ–૬ સંસ્કૃતના રાજકોટ, સુરેન્દ્રનગર અને જામનગરનો સંયુક્ત રીસોર્સ પર્સન તાલીમ વર્ગ. |
| ૧૮. | ૨૦૦૦ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન–રાજકોટ દ્વારા ધોરણ–૧ નું ટી.એ./ડી.એ. વિના સમગ્ર જિલ્લા શિક્ષકો માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. |
| ૧૯. | ૨૦૦૧ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન–રાજકોટ દ્વારા ગુજરાતના તમામ ભવનના વ્યાખ્યાતાઓ માટે સંશોધન તાલીમ વર્ગ. |
| ૨૦. | ૨૦૦૧ | કેમ્પસ ડેવલપમેન્ટ કાર્યક્રમ |
| ૨૧. | ૨૦૦૧ | બાલ સૃષ્ટિ દ્વારા બાળગીતો, બાળ નાટક, ચિત્ર, રંગપૂરણી, બાળ જોડકણાં સ્પર્ધાઓનું આયોજન. |
| ૨૨. | ૧૯૯૭ | નેચર ઓબ્ઝર્વેશન કાર્યક્રમ. |
| ૨૩. | ૧૯૯૮-૯૯ | વિચારપોથી, ચર્ચાપોથી સાહિત્ય નિર્માણ કાર્યક્રમ. |
| ૨૪. | ૨૦૦૧ | આઈ.ઈ.ડી.સી. અંતર્ગત વિકલાંગ બાળકો માટે તાલીમ વર્ગ. |
| ૨૫. | ૧૯૯૮ | ડબલ્યુ.ઈ. વિભાગ દ્વારા સંસ્થા ગીતની રચના. |
| ૨૬. | ૨૦૦૧ | સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર, વોલ્નટરી બ્લડ બેંક અને જિ.શિ.તા. ભવન–રાજકોટ દ્વારા રકતદાન કેમ્પનું આયોજન. |
| ૨૭. | ૧૯૯૮-૯૯ | આંતર અધ્યાપન મંદિર ક્ષમતાલક્ષી પાઠ આયોજન હરીફાઈ. |
| ૨૮. | ૧૯૯૮ | ધોરણ–૫ કાવ્ય કેસેટ નિર્માણ–કાવ્યમંજરી |
| ૨૯. | ૧૯૯૯ | ધોરણ–૬ કાવ્ય કેસેટ નિર્માણ–કાવ્યમંજરી |
| ૩૦. | ૧૯૯૯ | ધોરણ–૭ કાવ્ય કેસેટ નિર્માણ–કાવ્યમંજરી |

**તજ્જ્ઞો :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન–રાજકોટ દ્વારા વિવિધ સંસ્થાઓમાંથી પ્રાપ્ત થતા તજ્જ્ઞો અને તેની અંદાજીત સંખ્યા સારણી – ૪.૨૩માં રજૂ કરવામાં આવેલ છે.

**સારણી–૪.૨૩**
**તજ્જ્ઞોની સંસ્થા અને તેની સંખ્યા**

| *ક્રમ* | *તજ્જ્ઞોની યાદી* | *અંદાજીત સંખ્યા* |
|---|---|---|
| ૧. | પ્રાથમિક શાળાઓમાં વિશિષ્ટ લાયકાત ધરાવતા શિક્ષકો | ૧૫૦ |
| ૨. | ગુજરાત રાજ્યમાં આવેલા ભવનોના જુનિયર/સિનિયર લેક્ચરર્સ | ૨૩૬ |
| ૩. | બી.આર.સી.કો–ઓર્ડિનેટર્સ | ૧૪ |
| ૪. | સી.આર.સી.કો–ઓર્ડિનેટર્સ | ૧૬૫ |
| ૫. | શિક્ષણ શાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. | ૫ |
| ૬. | પી.ડી.એમ.બી.એડ, કોલેજ, રાજકોટ | ૩ |
| ૭. | જિલ્લાની પસંદિત માધ્યમિક શાળાઓના શિક્ષકો/આચાર્યો | ૫૦ |
| ૮. | જિલ્લાની પસંદિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો/આચાર્યો | ૧૫ |
| ૯. | સંસ્કૃત ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. | ૨ |
| ૧૦. | લોહાણા અધ્યાપન મંદિર, રેસકોર્સ, રાજકોટ. | ૫ |
| ૧૧. | હંટર ટ્રનિગ કોલેજ, મોરબી | ૫ |
| ૧૨. | એચ.એન્ડ એચ.બી. કોટક સાયન્સ કોલેજ, રાજકોટ. | ૨ |
| ૧૩. | પી.ડી.એમ. કોમર્સ કોલેજ, રાજકોટ. | ૧ |
| ૧૪. | વિરાણી આર્ટસ કોલેજ, રાજકોટ. | ૧ |
| ૧૫. | ભૌતિકશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. | ૧ |
| ૧૬. | ઈલેક્ટ્રોનિક્સ ડીપાર્ટમેન્ટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. | ૧ |
| | કુલ અંદાજીત | ૬૫૬ |

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન–રાજકોટને કુલ અંદાજિત ૬૫૬ જેટલા તજ્જ્ઞોની સેવાનો લાભ મળે છે. જેમાં સૌથી વધારે પ્રાથમિક શાળાના શિક્ષકો, સી.આર.સી. અને બી.આર.સી. કો–ઓર્ડિનેટરની તજ્જ્ઞો તરીકે સેવાઓ પ્રાપ્ત થાય છે.

### ૨.૨.૨.૬ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જુનાગઢ.

ભવન ખાતે વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૨ દરમિયાન યોજાયેલ સેવાકાલીન તાલીમ વર્ગોમાં તાલીમના પ્રકારો તથા તાલીમાર્થીઓની સંખ્યા નીચેની સારણી–૪.૨૪માં દર્શાવેલ છે.

## સારણી–૪.૨૪
## વર્ષવાર આયોજિત વિવિધ પ્રકારના તાલીમ વર્ગોની માહિતી

| ક્રમ | તાલીમના પ્રકાર | વર્ષવાર તાલીમની સંખ્યા, તાલીમાર્થીઓની સંખ્યા | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯૯૫-૯૬ | ૧૯૯૬-૯૭ | ૧૯૯૭-૯૮ | ૧૯૯૮-૯૯ | ૧૯૯૯-૨૦૦૦ | ૨૦૦૦-૦૧ | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ | |
| ૧. | વિષયવસ્તુ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૧<br>૪૨ | ૯<br>૩૦૮ | ૧૨<br>૫૨૪ | ૨<br>૭૨ | ૨૪<br>૯૪૬ |
| ૨. | TLM | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૩<br>૧૦૧ | ૧<br>૨૫ | ૧<br>૫૪ | ૧<br>૪૫ | ૬<br>૨૨૫ |
| ૩. | SOPT | ૧૬<br>૭૭૨ | ૦૦૦<br>૦૦૦ | ૯<br>૪૧૮ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૨૫<br>૧૧૯૦ |
| ૪. | MLL | ૧૮<br>૮૭૦ | ૫૧<br>૨૮૮૫ | ૨૪<br>૧૧૩૩ | ૨૫<br>૯૯૬ | ૨૭<br>૯૯૬ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૧૪૫<br>૬૮૮૦ |
| ૫. | નવીનીકરણ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૧<br>૨૦ | ૪<br>૮૩ | ૧<br>૩૬ | ૦૦૦<br>૦૦૦ | ૧<br>૧૦ | ૭<br>૧૪૯ |
| ૬. | વિદ્યા–સહાયક | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૧૨<br>૧૨૦ | ૦૦૦<br>૦૦૦ | ૮<br>૭૩૫ | ૦૦૦<br>૦૦૦ | ૨૦<br>૮૫૫ |
| ૭. | સિદ્ધિવાર તાલુકાદીઠ | ૦૦૦<br>૦૦૦ | ૦૭<br>૨૪૪ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૯<br>૩૬૦ | ૧<br>૫૬ | ૦૦૦<br>૦૦૦ | ૧૦<br>૪૧૬ |
| ૮. | નવી સંકલ્પના | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૧૯<br>૮૪૧ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૨૬<br>૧૦૮૫ |
| ૯. | આચાર્ય નવસંસ્કરણ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૨૭<br>૧૩૦૬ | ૨૭<br>૧૩૦૨ | ૦૦૦<br>૦૦૦ | ૧૦<br>૪૮૯ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૬૪<br>૩૦૯૭ |
| ૧૦. | સંશોધન | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૧<br>૩૬ | ૧<br>૩૯ | ૧<br>૩૩ | ૩<br>૧૦૮ |
| ૧૧. | કેળવણી નિરીક્ષકો | ૦૦૦<br>૦૦૦ | ૧૭<br>૭૬૨ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૧<br>૩૮ | ૦૦૦<br>૦૦૦ | ૧<br>૫૦ | ૧<br>૩૭ | ૩<br>૧૨૫ |
| ૧૨. | સેવાકાલીન | ૦૦૦<br>૦૦૦ | ૪૫<br>૨૦૩૯ | ૦૦૦<br>૦૦૦ | ૪<br>૨૩૪ | ૦૦૦<br>૦૦૦ | ૫<br>૧૩૦ | ૧૦<br>૭૨૧ | ૭૪<br>૨૮૨૨ | ૧૨૧<br>૫૪૬૯ |
| ૧૩. | ઈ.ડી.એન. – ૧૬ | ૦૦૦<br>૦૦૦ | ૪<br>૧૮૨ | ૦૦૦<br>૦૦૦ | ૨૧<br>૫૪૬ | ૩<br>૯૨ | ૭<br>૨૪૫ | ૭<br>૨૫૦ | ૧૩<br>૩૯૩ | ૯૬<br>૩૫૬૫ |
| ૧૪. | CRC | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૫<br>૨૪૦ | ૩<br>૧૨૫ | ૪<br>૧૩૧ | ૧૦<br>૩૬૪ | ૫<br>૨૪૮ | ૧<br>૩૪ | ૩૨<br>૧૩૨૪ |
| ૧૫. | SC. & M | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૬<br>૨૪૦ | ૦૦૦<br>૦૦૦ | ૩<br>૯૮ | ૨<br>૧૭૧ | ૧૧<br>૫૦૯ |
| ૧૬. | બાળમેળા | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૦૦૦<br>૦૦૦ | ૧<br>૪૫ | ૧<br>૧૯૭ | ૨<br>૨૪૨ |
| | કુલ | ૩૪<br>૧૬૪૨ | ૧૨૪<br>૬૧૧૨ | ૬૫<br>૩૦૯૭ | ૮૧<br>૩૨૨૩ | ૬૧<br>૧૮૪૩ | ૭૨<br>૨૮૩૪ | ૫૦<br>૨૮૨૦ | ૯૭<br>૩૭૪૨ | ૫૯૫<br>૨૬૧૮૫ |

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ દ્વારા કુલ ૧૬ પ્રકારની તાલીમ યોજવામાં આવી હતી. વર્ષ ૧૯૯૬–૯૭માં સૌથી વધારે ૧૨૪ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. જયારે વર્ષ ૧૯૯૫માં ૩૪ તાલીમ વર્ગો યોજવામાં આવ્યા હતાં. સી.આર.સી. ના અનુદાન શરૂઆત વર્ષ ૧૯૯૭–૯૮થી હતી. બાળમેળાની શરૂઆત વર્ષ ૨૦૦૧–૦૨ થી થઈ હતી. વર્ષ ૨૦૦૨–૦૩માં સી.આર.સી. કક્ષાએ વિજ્ઞાન પ્રદર્શન યોજાયાં હતાં.

**સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ વિભાગ દ્વારા નીચેના વિશિષ્ટ કાર્યક્રમો થયા હતાં.**

**રમતોત્સવ :** આજોઠા મુકામે તારીખ : ૨૬, ૨૭–૦૩–૨૦૦૨ના રોજ રમતોત્સવનું આયોજન કરી સૌ પ્રથમ તાલુકા કક્ષાનો બાળ રમતોત્સવ યોજવામાં આવ્યો. આ ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમ વાર આયોજન હતું.

**લોક જાગૃતિ કાર્યક્રમ :** વર્ષ ૨૦૦૨માં લોકસાહિત્યને કુદરતી બક્ષિસ મળેલી હોય તેવા શિક્ષક મિત્રો દ્વારા ગ્રામ્ય કક્ષાએ લોકજાગૃતિ માટે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયેલ, જે ઘણા અસરકારક પુરવાર થયા હતાં.

**આચાર્ય ગોષ્ઠિ :** વર્ષ ૨૦૦૨માં જૂનાગઢ જિલ્લાના તમામ પે સેન્ટર શાળા અને પેટા શાળાઓના આચાર્યોની ૪ ઝોનમાં બેઠક યોજવામાં આવી જેમાં ડોર–ટુ–ડોર સર્વે, વિકલાંગ બાળકોનો સર્વે તથા તાસ પદ્ધતિનું અમલીકરણ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

**આંતર સ્પર્ધા કાર્યક્રમ :** વર્ષ ૨૦૦૩માં કલા, સંગીત અને સાહિત્યના ઉત્કર્ષ માટે આંતર ડાયેટ આંતર સ્પર્ધા કાર્યક્રમ યોજાયો, જેમાં વ્યાખ્યાતાઓ માટે વાંચન શિબિર યોજવામાં આવી.

**નામાંકન–સ્થાયીકરણ શિબિર :** ડી.પી.ઈ.પી. અનુદાનિત નામાંકન સ્થાયીકરણનો એક વિશિષ્ટ વર્ગ તારીખ : ૨૬, ૨૭–૦૨–૨૦૦૩ દરમ્યાન યોજાયો જેમાં ટારગેટ ગ્રુપ તરીકે જિલ્લાના ઓવર સેટઅપ થયેલા ૧૧૨ શિક્ષકોને પસંદ કરવામાં આવેલા, જેમાં નામાંકન સ્થાયીકરણ માટેની વ્યૂહરચના સમજાવવામાં આવી.

**શૌર્યસંધ્યા :** ૨૭મી જાન્યુઆરી ૨૦૦૩ની સાંજે માનનીય કલેકટરશ્રી, ડી.ડી.ઓશ્રી, એસ.પી.શ્રી, ડી.ઓ.શ્રી, ડી.પી.ઓ.શ્રી તેમજ ભવનના આચાર્યશ્રીના સાન્નિધ્યમાં નારી શક્તિના સન્માન માટેની તેમજ શહીદોને શ્રદ્ધાંજલિ આપવા માટે શૌર્યસંધ્યા કાર્યક્રમ યોજવામાં આવ્યો, જેમાં પ્રાથમિક, માધ્યમિક શાળાના શિક્ષકો તેમજ ભવનના વ્યાખ્યાતાઓ દ્વારા શૌર્યગીતોની રજૂઆત કરવામાં આવી.

**મોડયુલ રચના :** વર્ષ ૨૦૦૩માં તાલીમ વર્ગના આયોજનથી વ્યવસ્થાપન મોડયૂલ પી. એન્ડ એમ. શાખા દ્વારા તૈયાર કરવામાં આવ્યું, જે દરેક તાલીમ ભવનને તથા તાલીમ વર્ગના સંચાલક, વ્યાખ્યાતાશ્રીઓને ખૂબ જ ઉપયોગી નીવડશે.

**અન્ય વિશિષ્ટ કાર્યક્રમો :**

ધોરણ–૭ સંસ્કૃત ઓડિયો કેસેટ નિર્માણ વર્ષ–૨૦૦૨.

ધોરણ–૭ સંસ્કૃત ટેલિકોન્ફરન્સ વર્ષ–૨૦૦૨.

સૌરાષ્ટ્ર કચ્છ ઝોન વિજ્ઞાન મેળો–૨૦૦૧.

બાળગીતો, બાળવાર્તા, અભિનયગીત ઓડિયો વિડીયો કેસેટ નિર્માણ–૨૦૦૧.

અધ્યાપન મંદિર અભ્યાસક્રમ સંરચના–૨૦૦૨

અધ્યાપન મંદિર બ્લ્યૂ પ્રિન્ટ સંરચના–૨૦૦૨

વિડિયો સ્કીપ્ટ રાઈટીંગ વર્કશોપ–૨૦૦૨.

ધોરણ–૫–૬, અંગ્રેજી વાંચન તાલીમ વર્ગ–૨૦૦૨.

સિદ્ધિ કસોટી આયોજન અમલીકરણ, તારણ–૨૦૦૧.

શાળા શૈક્ષણિક આયોજન–૨૦૦૩.

**તજ્જ્ઞો**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ દ્વારા વિવિધ સંસ્થાઓમાંથી પ્રાપ્ત થતા તજ્જ્ઞો અને તેની અંદાજિત સંખ્યા, સારણી – ૪.૨૫માં રજૂ કરવામાં આવી છે.

## સારણી – ૪.૨૫

## તજ્જ્ઞો અને તેની સંખ્યા

| ક્રમ | તજ્જ્ઞોની યાદી | અંદાજીત સંખ્યા |
|---|---|---|
| ૧. | પ્રાથમિક શાળાઓમાં વિશિષ્ટ લાયકાત ધરાવતા શિક્ષકો | ૨૦૦ |
| ૨. | ગુજરાત રાજ્યમાં આવેલા ભવનોના જુનિયર/સિનિયર લેક્ચરર્સ | ૨૩૬ |
| ૩. | બી.આર.સી.કો–ઓર્ડિનેટર્સ | ૧૭ |
| ૪. | સી.આર.સી.કો–ઓર્ડિનેટર્સ | ૧૯૬ |
| ૫. | જિલ્લાની પસંદિત માધ્યમિક શાળાઓના શિક્ષકો, આચાર્યો | ૩૦ |
| ૬. | જિલ્લાની પસંદિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યો | ૨૨ |
| ૭. | આર.જી.ટી., પોરબંદર | ૦૩ |
| ૮. | ડો. સુભાષ મહિલા બી.એડ. કોલેજ, જૂનાગઢ | ૦૪ |
| ૯. | પટેલ કેળવણી મંડળ સંચાલિત, બી.એડ. કોલેજ, જૂનાગઢ | ૦૩ |
| ૧૦. | બહાઉદીન વિજ્ઞાન વિનયન કોલેજ, જૂનાગઢ | ૦૫ |
| ૧૧. | કોમર્સ કોલેજ, જૂનાગઢ | ૦૨ |
| ૧૨. | ડો. સુભાષ આર્ટસ, કોમર્સ કોલેજ, જૂનાગઢ | ૦૩ |
| ૧૩. | સર્વોદય અધ્યાપન મંદિર, શાપુર | ૦૩ |
| ૧૪. | સરકારી અધ્યાપન મંદિર, માંગરોળ | ૦૨ |
| | કુલ અંદાજીત | ૭૨૬ |

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢને કુલ અંદાજિત ૭૨૬ તજ્જ્ઞોની સેવાનો લાભ મળેલ છે. તેમાં સૌથી વધારે પ્રાથમિક શાળાના શિક્ષકો, બી.આર.સી., સી.આર.સી. કો–ઓડિનેટરર્સની તજ્જ્ઞ તરીકે સેવા પ્રાપ્ત થયેલ છે.

### ૨.૨.૨.૭ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરા :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરા દ્વારા જિલ્લાના પ્રાથમિક શિક્ષકો માટે વિવિધ પ્રકારનાં સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો યોજવામાં આવે છે. જેમાં Need Base, Field Base તથા Area Base તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

સેવાકાલીન પ્રશિક્ષણ કાર્યક્રમો સેવાકાલીન તથા ઈ.ડી.એન.–૧૬ યોજના હેઠળ કરવામાં આવે છે. સેવાકાલીન તાલીમ કાર્યક્રમોમાં જિલ્લાના પ્રાથમિક શિક્ષકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખી આયોજન કરવામાં આવે છે. જેમાં વિષયવસ્તુલક્ષી (Content based) તથા પદ્ધતિ (Mthodology) આધારિત વર્ગો યોજવામાં આવે છે.

પ્લાન યોજના અંતર્ગત જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર દ્વારા ફાળવવામાં આવેલ નિવાસી વર્ગોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેવા કે યોગ, સ્કીપ્ટ લેખન વગેરે.

આ કાર્યક્રમોમાં લક્ષ્ય જૂથ (Target Group) તરીકે

- ધોરણ–૧ થી ધોરણ–૭માં શિક્ષણ આપતા પ્રાથમિક શાળાના શિક્ષકો
- પી.ટી.સી.માં પ્રશિક્ષણ મેળવી રહેલા પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓ.
- તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ પ્રાથમિક શાળાઓમાં ચાલતા બી.આર.સી. અને સી.આર.સી. ના કો–ઓર્ડિનેટરો.
- પ્રાથમિક શાળાઓમાં નિરીક્ષકની જવાબદારી નિભાવતા બીટ નિરીક્ષકો, કેળવણી નિરીક્ષકો.

આમ, ઉપરોક્ત લક્ષ્ય જૂથને ધ્યાનમાં રાખી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરા દ્વારા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે અને આ સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમોમાં તજ્જ્ઞ તરીકે શિક્ષણમાં રસ ધરાવતા મહાનુભાવો પસંદ કરવામાં આવે છે. જેમાં કેળવણીકારો, યુનિવર્સિટીના રીડર, લેકચરરને આવા તાલીમી કાર્યક્રમોમાં

વકતા તરીકે પસંદ કરવામાં આવે છે. જેઓને અગાઉથી જે તે વિષયના અનુસંધાનમાં મુદ્દાઓ આપી દેવામાં આવે છે.

જિલ્લાના જે તે ધોરણના તમામ શિક્ષકોને તાલીમ આપવાની થાય ત્યારે કોસ્કેટ મોડલ પ્રમાણે તજ્જ્ઞો તૈયાર કરી તાલીમ આપવામાં આવે છે. આ સેવાકાલીન તાલીમી કાર્યક્રમોનું આયોજન કર્યા બાદ તે અંગે મોડયુલ, સંદર્ભ સાહિત્ય, બેઝ પેપર, પ્રિટેસ્ટ–પોસ્ટ ટેસ્ટ વગેરે તૈયાર કરવામાં આવે છે. તેમજ જે તે તાલીમ સંબંધી T.L.M. (Teaching Learning Materials) તૈયાર કરવામાં આવે છે. આ સેવાકાલીન કાર્યક્રમો દરમિયાન ચર્ચા, નિદર્શન, પ્રાયોગિક, નાટય વગેરે પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરા દ્વારા આવા બધા સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો જિલ્લામાં પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા સુધારણા કાર્યક્રમ અંતર્ગત વર્ગખંડમાં થતી અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અસરકારક અને ગુણવત્તાસભર બની રહે એ માટે જિલ્લાના પ્રાથમિક શિક્ષકોની તાલીમી જરૂરિયાતને જાણી તે જરૂરિયાતને પહોંચી વળવા માટે રાખવામાં આવે છે.

- નોન પ્લાન યોજના હેઠળ કુલ ૪૧ જેટલા વર્ગો દ્વારા ૧૮૫૦ વિદ્યા સહાયકોને તાલીમ દ્વારા શિક્ષકોમાં આવતા નવા અભિગમો તથા પ્રવાહોથી નવપલ્લવિત કરવામાં આવ્યા.
- ખાનગી પ્રાથમિક શાળાના પ્રાથમિક શિક્ષકોને ધોરણ–૧ અને ધોરણ–૨ ના પ્રવૃત્તિમયી આનંદદાયી ક્ષમતાલક્ષી પાઠયપુસ્તકો તથા ધોરણ–૫ અંગ્રેજી વિષયની તાલીમ આપવામાં આવી.
- આ ભવન દ્વારા લાઈફ મિશન ખાતે યોગના નિષ્ણાતો દ્વારા ધોરણ–૫, ૬ અને ૭ ના માસ્ટર ટ્રેનર્સને યોગ શિક્ષણની તાલીમ આપવામાં આવી અને આ તાલીમ મેળવેલા માસ્ટર ટ્રેનર્સોએ સી.આર.સી. કક્ષાએ મોટા ભાગના શિક્ષકોને તાલીમ આપી છે.

- ધોરણ–૬ સંસ્કૃત પાઠયપુસ્તક સંદર્ભે પ્લાન યોજના હેઠળ જિલ્લાના ૨૨૦ જેટલા માસ્ટર ટ્રેનર્સને સઘન તાલીમ આપવામાં આવી અને આ માસ્ટર ટ્રેનર્સે સી.આર.સી. કક્ષાએ મોટાભાગના શિક્ષકોને તાલીમ આપી છે તેમજ ધોરણ–૬ના સંસ્કૃત વિષયના કેટલાક બાળમિત્ર વર્ગ પણ તૈયાર કરવામાં આવેલ છે. આના માટેના ધોરણ–૬ સંસ્કૃત વિષયના પ્રશ્નાવલિના આધારે શિક્ષકોના પ્રતિભાવો પણ લેવામાં આવ્યા અને દરેક શાળા વિજ્ઞાન કોર્નરની જેમ સંસ્કૃત કોર્નર બનાવે એમ જણાવેલ છે. આ સંદર્ભમાં ધોરણ–૬ સંસ્કૃત પાઠયપુસ્તક સંબંધી અભિપ્રાય જાણતા શિક્ષકો, વાલીઓ તથા બાળકો દ્વારા હકારાત્મક અભિપ્રાય જાણવા મળેલ છે.
- સેવાકાલીન શિક્ષકોની તાલીમની જરૂરિયાતને ને ધ્યાનમાં રાખી વિજ્ઞાન એકમના સંકલનથી ગણિત–વિજ્ઞાન વિષયવસ્તુ તથા પ્રાયોગિક કાર્ય ધોરણ–૬ અને ૭ ના કુલ ૧૦ વર્ગો દ્વારા અંદાજીત ૩૫૦ જેટલા વિષય શિક્ષકોને તાલીમ દ્વારા અઘરી સંકલ્પનાઓને સરળ રીતે શીખવવા અંગે પ્રયત્ન કરેલ છે. લઘુમતિ શાળાઓના શિક્ષકો (સિંધી, મરાઠી, હિન્દી)ને પણ ધોરણ–૧ના તેઓની ભાષાના પાઠયપુસ્તકની સંબંધી તજ્જ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવી છે.
- ધોરણ–૪ ગુજરાતી વિષયની ઓડિયો કેસેટ તૈયાર કરી તાલીમી કાર્યક્રમ દરમિયાન તેની જાણકારી આપી.
- સેવાકાલીન તાલીમ દરમિયાન પ્રાથમિક શિક્ષકો Over Head Project (OHP) નો ઉપયોગ વર્ગખંડમાં કરે એ સંબંધે વિવિધ વિષયોની ટ્રાન્સપરન્સી તૈયાર કરી બતાવી.
- ગણિત–વિજ્ઞાન શિક્ષણ સુધારણા માટે વડોદરા જિલ્લાના ૨૧૮ સી.આર.સી. પૈકી ૬૪ સી.આર.સી.ની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન ગણિત–વિજ્ઞાન પ્રાયોગિક કાર્ય તથા અન્ય મુશ્કેલીઓ અંગેની ચર્ચા કરવામાં આવેલ છે.

- વડોદરા જિલ્લાના પ્રાથમિક શિક્ષકોને માટે ધોરણ–૫, ૬ અને ૭ની મીટીંગમાં નજીકની માધ્યમિક શાળામાંથી વિજ્ઞાન શિક્ષક સાથે વાર્તાલાપ તથા વિષયવસ્તુ સંબંધી માર્ગદર્શન મળી રહે એ પ્રમાણે ગોઠવણ કરવામાં આવેલ છે.
- વડોદરા જિલ્લાના દરેક તાલુકામાં ધોરણ–૬ અને ૭ માટે નોન પ્લાન યોજના હેઠળ વર્ગો કરવામાં આવ્યા હતાં. તેમાં આશરે ૪૦૦ જેટલા શિક્ષકોને તાલીમ આપવામાં આવી હતી. કરજણ અને પાદરા તાલુકાના શિક્ષકો માટે ધોરણ–૫, ૬ અને ૭ વિજ્ઞાન વિષયવસ્તુ સજ્જતા કસોટી તૈયાર કરી તેઓને આઠ ઝોનમાં પરીક્ષામાં ઉપસ્થિત રાખ્યા હતાં. તેઓના પ્રતિભાવો પણ આ તાલીમ માટેના સારા મળ્યા હતા. આ પરીક્ષાને ધ્યાનમાં રાખી શિક્ષકો વાંચતા થયા તથા તેમને જે કંઈ બાબતો કઠિન લાગી તેની એકબીજા સાથે ચર્ચા કરી શીખવા પ્રયત્ન કરવામાં આવ્યો.
- વડોદરા જિલ્લાના અન્ય અધ્યાપન મંદિરના વિજ્ઞાન અધ્યાપકો સાથે સંકલન સાધી પ્રાયોગિક કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને વડોદરાના આ ભવનમાં પ્રાયોગિક કાર્ય તથા ટી.એલ.એમ. વર્ગ જોવા માટે બોલાવવામાં આવ્યા હતાં. જેના અનુસંધાને સ્ત્રી અધ્યાપન મંદિરની તાલીમાર્થી બહેનો પ્રાયોગિક કાર્ય તથા ટી.એલ.એમ. વર્ગ જોવા માટે ઉપસ્થિત રહી હતી.
- આ ભવન વડોદરા જિલ્લામાં આવેલ એન.જી.ઓ. સાથે તેમની કામગીરીમાં મદદરૂપ થયેલ તથા તેમના વિચારો શિક્ષકો સુધી પહોંચાડવા પ્રયત્નો કરવામાં આવ્યા હતાં.

આમ, ઉપરોક્ત કાર્યક્રમો અને વર્ગો જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાએ કરેલા હતા. આ કાર્યક્રમોનું મૂલ્યાંકન સર્વેક્ષણ દ્વારા તથા મુલાકાતો દ્વારા કરવામાં આવે છે.

**વર્ષ ૧૯૯૭–૯૮ થી વર્ષ ૨૦૦૧–૦૨માં યોજાયેલ સેવાકાલીન પ્રશિક્ષણ કાર્યક્રમોઃ**

સેવાકાલીન પ્રશિક્ષણ માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનને વિવિધ પ્રકારનું અનુદાન મળે છે. જેમાં એમ.એલ.એલ. તાલીમ, આચાર્ય નવસંસ્કારણ, ઈ.ડી.એન. ૧૬ તથા સેવાકાલીન એમ વિવિધ પ્રકારનું અનુદાન અપાય છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાને શૈક્ષણિક વર્ષ ૧૯૯૭–૯૮ થી વર્ષ ૨૦૦૧–૦૨ દરમિયાન મળેલ અનુદાન, યોજવામાં આવેલા વર્ગોની સંખ્યા તથા પ્રશિક્ષણાર્થીઓની સંખ્યા હવે પછીની સારણી–૪.૨૬માં રજૂ કરી છે.

**સારણી–૪.૨૬**

**વર્ષ : ૧૯૯૭–૯૮ થી વર્ષ ૨૦૦૧–૦૨ દરમિયાન મળેલ અનુદાન, યોજવામાં આવેલા વર્ગોની સંખ્યા અને થયેલ ખર્ચ દર્શાવતી યાદી**

| ક્રમ | વર્ષ | અનુદાનનો પ્રકાર | મળેલ અનુદાન | થયેલ ખર્ચ | વર્ગની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૯૯૭-૯૮ | સેવાકાલીન | ૫૦,૦૦૦ | ૪૯૯૩૦ | ૭ |
| | | EDN | ૧,૧૧,૦૦૦ | ૮૧૩૬૦ | ૭ |
| ૨. | ૧૯૯૮-૯૯ | સેવાકાલીન | ૨,૭૦,૦૦૦ | ૨,૭૦,૦૦૦ | ૩૨ |
| | | EDN | ૭,૦૦,૦૦૦ | ૬,૨૬,૬૦૦ | ૪૪ |
| ૩. | ૧૯૯૯-૨૦૦૦ | સેવાકાલીન | ૭,૫૨,૦૦૦ | ૭,૫૧,૨૩૭ | ૮૬ |
| | | EDN | ૪,૮૫,૦૦૦ | ૪,૮૪,૭૦૯ | ૨૪ |
| ૪. | ૨૦૦૦-૦૧ | સેવાકાલીન | ૬,૪૦,૦૦૦ | ૬,૩૫,૬૪૨ | ૧૦૧ |
| | | EDN | ૭,૯૦,૦૦૦ | ૭,૮૭,૦૯૨ | ૩૯ |
| ૫. | ૨૦૦૧-૦૨ | સેવાકાલીન | ૮,૮૫,૦૦૦ | ૮,૮૪,૦૨૫ | ૭૩ |
| | | EDN | ૭૨,૦૦૦ | ૭૦,૮૦૨ | ૪ |

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરા દ્વારા વિવિધ પ્રકારના તાલીમી કાર્યક્રમો યોજાઈ ગયા જે હવે પછીની સારણી–૪.૨૭માં દર્શાવેલ છે.

## સારણી–૪.૨૭

## વર્ષ ૧૯૯૭–૯૮ થી વર્ષ ૨૦૦૦–૦૧ દરમિયાન યોજવામાં આવેલા વિવિધ સેવાકાલીન શિક્ષક–પ્રશિક્ષણ કાર્યક્રમોની યાદી

| ક્રમ | વર્ષ | વર્ગોની વિગત | કુલ થયેલ વર્ગ | કુલ દિવસ | કુલ લાભાર્થી |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૯૯૭–૯૮ | આચાર્ય નવસંસ્કરણ | ૪૧ | ૭ | ૧૯૮૨ |
| | | M.L.L | ૩૩ | ૬ | ૧૨૫૭ |
| | | S.O.P.T. | ૦૬ | ૭ | ૩૧૧ |
| | | E.D.N. | ૦૧ | ૩ | ૧૮ |
| | | I.T.V. | ૦૩ | ૦૫ | ૩૭ |
| | | E.D.N. 8G | - | - | ૨ |
| | જી.સી.ઈ.આર.ટી. દ્વારા થયેલ વર્ગો ૧૯૯૭–૯૮ | M.L.L | ૧ | ૪ | ૭૦ |
| | | E.D.N. | ૧ | ૬ | ૧૪ |
| | | S.O.P.T. | ૧ | ૩ | ૬૫ |
| ૨. | ૧૯૯૮–૯૯ | M.L.L. | ૨૩ | ૫ | ૯૦૫ |
| | | E.D.N. -8C | ૦૪ | ૪ | ૧૦૮ |
| | | E.D.N.-8A | ૦૯ | ૪ | ૨૯૫ |
| | | તરંગ ઉલ્લાસ | ૫ | ૪ | ૨૧૪ |
| | | CMDE | ૩ | ૪ | ૧૦૦ |
| | | EDN-8A | ૪ | ૪ | ૭૮ |
| | | WE-EDN-8A | ૩ | ૪ | ૧૦૮ |
| | | DRU-EDN-8A | ૨ | ૪ | ૫૫ |
| | | P&M-EDN-8A | ૪ | ૪ | ૧૦૨ |
| | | EDN-8G | ૪૫ | ૬ | ૨૧૪૭ |
| | | EDN-8G | ૩૯ | ૬ | ૧૮૫૯ |
| | | EDN-8G | ૦૨ | ૦૨ | ૧૭ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩. | ૧૯૯૯–૨૦૦૦ | વિદ્યાસહાયક | ૧૦ | ૩ | ૩૪૩ |
| | | M.L.L. | ૧૮ | ૩ | ૬૬૭ |
| | | નર્મદા વસાહતના શિક્ષકોને તાલીમ | ૨ | ૨ | ૮૬ |
| | | અંગ્રેજી શિક્ષણ | ૧૫ | ૩ | ૬૧૯ |
| | | T.L.M. સાહિત્ય નિર્માણ | ૬ | ૪ | ૧૦૩ |
| | | આયોજન અને વ્યવસ્થાપન સંબંધ | ૨ | ૪ | ૫૪ |
| | | D.R.U. શાખા અંતર્ગત | ૩ | ૪ | ૨૪૦ |
| | | C.M.D.E. શાખા અંતર્ગત | ૫ | ૪ | ૨૦૬ |
| | | E.T. શાખા સબંધી (કમ્પ્યૂટર) | ૧૩ | ૨ | ૨૭૬ |
| | | E.D.N. પ્લાન | ૨૪ | ૪ | ૭૮૫ |
| ૪. | ૨૦૦૦–૨૦૦૧ | CRC Co-ordinator | ૫ | - | - |
| | | Health Promotation School | ૨ | - | - |
| | | તારુણ્ય શિક્ષણ ધો.૧ નવા પાઠયપુસ્તક | ૫૪ | ૪ | ૨૨૫૪ |
| | | ખાનગી પ્રા. શાળાના શિક્ષકો | ૮ | ૨૩૩ | - |
| | | નર્મદા વસાહતના શિક્ષકોને તાલીમ | ૫ | ૪ | ૨૬૫ |
| | | ભાષા, ગણિત, વિજ્ઞાન વિષયની સંકલ્પનાઓ સંબંધી | ૧૧ | ૪ | ૩૯૪ |
| | | અંગ્રેજી શિક્ષણ | ૨ | ૪ | ૭૭ |
| | | યોગ શિક્ષણ બાલ યોજના અન્વયે | ૩ | ૪ | ૮૮ |
| | | અંગ્રેજી શિક્ષણ | ૪ | ૪ | ૧૩૬ |
| | | ભાષા, ગણિત, વિજ્ઞાન શા. શિક્ષણ અને યોગ | ૪ | ૪ | ૧૩૧ |
| | | ક્રિયાત્મક સંશોધન | ૧ | ૪ | ૨૨ |
| | | ધોરણ–૨ નવા પાઠયપુસ્તક | ૨ | ૪ | ૮૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪. | ૨૦૦૦–૨૦૦૧ | ધોરણ–૩ થી ૭માં સિદ્ધિ કસોટી વડોદરા જિલ્લા ૬ તાલુકાઓમાં ૨૭ વિષયોની ૩૨,૪૦૦ વિદ્યાર્થીઓની લેવામાં આવી. તથા તેનું મૂલ્યાંકન કાર્ય ૧૭૦ શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું. | | | |
| | | કમ્પ્યૂટર શિક્ષણ ઓડિયો કેસેટ નિર્માણ | ૫ | ૪ | ૨૧૦ |
| | | ધોરણ–૫ થી ૭, ગણિત–વિજ્ઞાન અંગ્રેજી ટ્રાન્સપરન્સીઓનું નિર્માણ લઘુમતી શાળાના શિક્ષકોને તાલીમ આપવામાં આવી વેસ્ટર્ન ઈન્ડીયા સાયન્સ ફેર યોજવામાં આવ્યો વિજ્ઞાન મેળા તાલુકા કક્ષાના–૧૩ યોજવામાં આવ્યા. | | | |
| | | ધોરણ–૩ના નવા પાઠ્યપુસ્તક | ૪૯ | ૬ | ૨૨૫૩ |
| | | ધોરણ–૬ અંગ્રેજી | ૨૩ | - | ૮૮૩ |
| | | ધોરણ–૧ ની તાલીમથી વંચિત | ૧૭ | ૪ | ૭૩૮ |
| | | ધોરણ–૨ ની તાલીમથી વંચિત | ૧૬ | ૪ | ૬૭૬ |
| | | ખાનગી પ્રા. શાળાના શિક્ષકો ધોરણ–૩ | ૪ | ૩ | ૧૦૦ |
| | | ધોરણ–૬ કઠિન બિંદુઓ આધારિત | ૨ | ૪ | ૬૦ |
| ૫. | ૨૦૦૧–૨૦૦૨ | ધોરણ–૬ કઠિન બિંદુઓ આધારિત | ૨ | ૪ | ૫૪ |
| | | ધોરણ–૬ કઠિન બિંદુઓ આધારિત | ૨૧ | ૪ | - |
| | | તારુણ્ય શિક્ષણ, વસ્તી શિક્ષણ અને (બીજુ વર્ષ) | ૪ | ૧ | ૨૦૫ |
| | | સંકલિત શિક્ષણ | - | ૪ | - |
| | | નિર્માણ | - | ૪ | - |
| | | જન જાગૃતિ | - | ૪ | - |
| | | ધોરણ–૭ સંસ્કૃત | ૧ | ૩ | ૩૩ |
| | | ધોરણ–૭ સંસ્કૃત | ૫ | ૩ | - |
| | ૨૦૦૧–૦૨ | નીડબેઝ સમાજવિદ્યા | ૧ | ૪ | ૨૭ |
| | | નીડબેઝ ગણિત વિજ્ઞાન | ૧ | ૪ | ૨૪ |
| | | નીડ બેઝ ભાષા કાવ્ય વ્યાકરણ | ૧ | ૪ | ૨૨ |
| | | ગણિત વિજ્ઞાન મંડળ સશક્તિકરણ | ૧ | ૭૨ | ૧૭ |
| | | વિડીયો સ્ક્રીપ્ટ રાઈટીંગ | ૧ | ૨૩ | ૩ |
| | | ક્રિયાત્મક સંશોધન | ૧ | ૨૦ | ૩ |

## ૨.૨.૨.૮ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર :

જિલ્લાના પ્રાથમિક શિક્ષકોની તાલીમી જરૂરિયાતને જાણી તે જરૂરિયાતને પહોંચી વળવા માટે સેવાકાલીન કાર્યક્રમો રાખવામાં આવે છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર ખાતે ૧૯૯૫ થી ૨૦૦૨ વચ્ચે યોજાયેલ આવા તાલીમી કાર્યક્રમોની સાર રૂપરેખા નીચે મુજબ છે.

- નવા નિમાયેલા વિદ્યા સહાયકોને તાલીમ દ્વારા શિક્ષકોમાં આવતા નવા અભિગમો તથા પ્રવાહોથી નવ પલ્લવિત કરવામાં આવ્યા.
- પ્રાથમિક શિક્ષકોને ધોરણ–૧ અને ધોરણ–૨ ના પ્રવૃત્તિમયી આનંદદાયી ક્ષમતાલક્ષી પાઠયપુસ્તકો તથા ધોરણ–૫ થી ૭માં અંગ્રેજી વિષયની તાલીમ આપવામાં આવી.
- સેવાકાલીન શિક્ષકોની તાલીમની જરૂરિયાતને ધ્યાનમાં રાખી વિજ્ઞાન એકમના સંકલનથી ગણિત–વિજ્ઞાન વિષયવસ્તુ તથા પ્રાયોગિક કાર્ય ધોરણ–૬ અને ૭ના વિષય શિક્ષકોને તાલીમ દ્વારા અઘરી સંકલ્પનાઓને સરળ રીતે શીખવવા અંગે પ્રયત્ન કરેલ છે.
- સેવાકાલીન તાલીમ દરમિયાન પ્રાથમિક શિક્ષકો Over Head Projector (OHP) નો ઉપયોગ વર્ગખંડમાં કરે એ સંબંધે વિવિધ વિષયોની ટ્રાન્સપરન્સી તૈયાર કરી બતાવી.
- ગણિત–વિજ્ઞાન શિક્ષણ સુધારણા માટે પંચમહાલ જિલ્લાના આ ભવનમાં D.P.E.P. અંતર્ગત ઘણા કાર્યક્રમો થાય છે.
- પંચમહાલ જિલ્લાના પ્રાથમિક શિક્ષકોને માટે ધોરણ–૫, ૬ અને ૭ની મીટીંગમાં નજીકની માધ્યમિક શાળામાંથી વિજ્ઞાન શિક્ષક સાથે વાર્તાલાપ તથા વિષયવસ્તુ સંબંધી માર્ગદર્શન મળી રહે એ પ્રમાણે ગોઠવણ કરવામાં આવેલ છે.
- પંચમહાલ જિલ્લાના દરેક તાલુકામાં ધોરણ–૬ અને ૭ માટે નોન પ્લાન યોજના હેઠળ વર્ગો કરવામાં આવ્યા હતાં.

- પંચમહાલ જિલ્લાના અન્ય અધ્યાપન મંદિરના વિજ્ઞાન અધ્યાપકો સાથે સંકલન સાધી પ્રાયોગિક કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને સંતરામપુરના આ ભવનમાં પ્રાયોગિક કાર્ય તથા ટી.એલ.એમ. વર્ગ જોવા માટે બોલાવવામાં આવ્યા હતાં.
- બહુકોણીય શિક્ષણ પદ્ધતિની જાણકારી માટેનો વર્ગ ડી.પી.ઈ.પી. ના સહયોગ દ્વારા પ્રાથમિક શિક્ષકો માટે યોજાયેલ હતો.
- સિદ્ધિ સર્વેક્ષણના આધારે ધોરણ–૧ થી ૭ના દરેક વિષયના કઠિન બિંદુઓને આધારિત તાલીમી મોડયુલ તૈયાર કરી – તજ્જ્ઞો તૈયાર કરીને શિક્ષકોને તાલીમ આપવામાં આવે છે.
- આ ભવન દ્વારા ધોરણ–૧, ૨ અને ૩ના નવા પ્રવૃત્તિલક્ષી પાઠયપુસ્તકો આધારિત તાલીમ શિક્ષકોને આપવામાં આવે છે.
- આ ભવન દ્વારા થયેલા લઘુ સંશોધનના પરિણામોને આધારે શિક્ષકોને તાલીમ આપવામાં આવે છે.
- આ જિલ્લાના પ્રાથમિક શાળાના આચાર્યોને નવ સંસ્કરણ તાલીમ તબક્કા પ્રમાણે આપવામાં આવી હતી.
- આ ભવન દ્વારા સેવાકાલીન તાલીમ કાર્યક્રમ અંતર્ગત જુદા જુદા પ્રકારની તાલીમ ધ્યાનમાં રાખીને તજ્જ્ઞો તૈયાર કરવામાં આવે છે.
- ગ્રુપ ડિસ્કશન, ઈન્ડિવિડયુઅલવર્ક, પ્રેઝન્ટેશન જેવી જુદી જુદી ટેકનિકસ અને મેથડનો ઉપયોગ સેવા કાલીન તાલીમ કાર્યક્રમમાં કરવામાં આવે છે.
- એમ.એલ.એલ. કાર્યકમ અંતર્ગત જુદા જુદા ધોરણોમાં વર્કશોપની તાલીમનું આયોજન કરેલ હતું.
- આ ભવન દ્વારા સ્ત્રી શિક્ષણને જાગૃત કરવા માટે પોસ્ટર અને સૂત્રો બનાવવા માટે (T.L.M.) બનાવવાના કાર્યક્રમો થયા હતાં.

- એમ.એલ.એલ. ને પાયામાં રાખી જુદા જુદા વિષયોના બ્લ્યુ પ્રિન્ટના આધારે પ્રશ્નપેપર તૈયાર કરવાના વર્કશોપનું આયોજન થયું હતું.
- લો–કોસ્ટ ટી.એલ.એમ. બનાવવાના વર્કશોપનું આયોજન થયેલ હતું.
- દૂરવર્તી શિક્ષણના કાર્યક્રમને લગતો સેમિનાર યોજાયો હતો.
- આ જિલ્લાના પ્રાથમિક શિક્ષકો લઘુ સંશોધન કરે એ હેતુથી ક્રિયાત્મક સંશોધનને લગતી તાલીમી કાર્યક્રમ યોજાયેલ હતો.
- શારીરિક શિક્ષણ અને યોગની તાલીમના સેમિનારો યોજાયા હતાં.
- સમાજને સહભાગી બનાવવા બી.આર.સી. અને સી.આર.સી. કો.ઓર્ડિનેટરોને તાલીમ આપવામાં આવી.
- ભવનના અને પી.ટી.સી. કોલેજના અધ્યાપકો માટે કમ્પ્યુટર તાલીમનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.
- ઓડિયો અને વિડીયો બનાવવાના વર્કશોપ રાખવામાં આવ્યા હતાં.
- વૃક્ષમંદિર સરસ્વતી મંદિરનો સુભગ સમન્વય અંતર્ગત જિલ્લામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો.
- કન્યા કેળવણી ક્ષેત્રે જાગૃતિ લાવવા 'મા–બેટી મિલન મેળા'નું આયોજન કરવામાં આવ્યું.
- શિક્ષણમાં જાગૃતિ લાવવા અને નામાંકન સ્થાયીકરણ વધારવા જ્ઞાતિ સંમેલનો યોજયા જેવા કે રાઠવા સંમેલન–ઘોઘંબા, નાયકા જાતિનું સંમેલન–સુરેલી, માછી સંમેલન–ખરાવાડા, વિચરતી અને વિમુક્ત જાતિનું સંમેલન–કલેશ્વરી મુકામે યોજાયેલ હતાં.
- જનજાગૃતિ અભિયાન દ્વારા શાળાઓમાં લોકસહકાર કાર્યક્રમ યોજેલ હતો.
- જેન્ડર અવરનેસ કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.
- તણાવમુક્તિ કાર્યક્રમ રાખેલ હતો.

- લાઈઝન ઓફિસર દ્વારા બે–બે શાળાઓ દતક લઈ તેના વિકાસના કાર્યક્રમો હાથ ધર્યા હતાં.
- ધોરણ ૫ થી ૭ ની પ્રશ્નબેંકની રચના કરેલ હતી.
- તારૂણ્ય શિક્ષણ પાયલોટ પ્રોજેકેટ પૂર્ણ કરેલ હતો.

**૨.૨.૨.૯ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર.**

સેવાકાલીન પ્રશિક્ષણ માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનને વિવિધ પ્રકારનું અનુદાન મળે છે. જેમાં એમ.એલ.એલ. તાલીમ, આચાર્ય નવસંસ્કરણ, EDN-16 તથા સેવાકાલીન એમ વિવિધ પ્રકારનું અનુદાન અપાય છે.

**સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણનું પાંચ વર્ષનું ચિત્ર :**

શૈક્ષણિક વર્ષ ૧૯૯૮–૯૯ થી ૨૦૦૨–૦૩ એમ છેલ્લા પાંચ વર્ષનું સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણનું જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગરનું ચિત્ર સારણી–૪.૨૮ મુજબ મળે છે.

**સારણી–૪.૨૮**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણનું પાંચ વર્ષનું ચિત્ર**

| *ક્રમ* | *વર્ષ* | *વર્ગો* | *પ્રશિક્ષણાર્થીઓ* | *ખર્ચ* |
|---|---|---|---|---|
| ૧ | ૧૯૯૮-૯૯ | ૯૮ | ૪૧૪૪ | ૧૭,૧૬,૭૯૧ |
| ૨ | ૧૯૯૯-૨૦૦૦ | ૭૫ | ૨૨૯૯ | ૯,૭૯,૯૬૫ |
| ૩ | ૨૦૦૦-૨૦૦૧ | ૩૬ | ૩૨૩૩ | ૯,૮૩,૨૦૦ |
| ૪ | ૨૦૦૧-૨૦૦૨ | ૧૦૩ | ૪૧૬૨ | ૯,૮૨,૨૨૧ |
| ૫ | ૨૦૦૨-૨૦૦૩ | ૧૩૧ | ૫૭૫૭ | ૧૨,૪૬,૧૨૩ |
| | કુલ | ૪૪૩ | ૧૯૫૯૫ | ૫૯,૦૮,૧૦૦ |

સારણી – ૪.૨૮ ઉપરથી ફલિત થાય છે કે છેલ્લાં પાંચ વર્ષમાં કુલ ૪૪૩ જેટલા સેવાકાલીન શિક્ષક–પ્રશિક્ષણ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. સરાસરી પ્રતિવર્ષ ૪૦૦૦ શિક્ષકો પ્રશિક્ષિત થયા છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં કુલ ૫૯ લાખ રૂપિયા ખર્ચાયા છે. પ્રતિવર્ષ સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ માટે સરાસરી લગભગ ૧૨ લાખ રૂપિયા ખર્ચાયા છે.

**૨.૨.૨.૧૦ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર.**

ગાંધીનગર ડાયેટ દ્વારા ૧૯૯૭ થી ૨૦૦૨ દરમિયાન યોજાયેલ સેવાકાલીન તાલીમ કાર્યક્રમોની વિસ્તૃત રૂપરેખા વર્ણનાત્મક સ્વરૂપે અત્રે પ્રસ્તુત છે.

પ્લાનીંગ એન્ડ મેનેજમેન્ટ શાખા દ્વારા સેવાકાલીન તાલીમ કાર્યક્રમોનું આયોજન વર્ષની શરૂઆતમાં જ દરેક શાખાના લેકચરર તેમજ પ્રાચાર્ય ના સહયોગ દ્વારા તૈયાર કરવામાં આવે છે. વર્ષની શરૂઆતમાં જ પી.એ.સી. (પ્રોગ્રામ એડવાઈઝરી કમિટી) ના સભ્યો સમક્ષ આ આયોજન મૂકવામાં આવે છે, તેમાં જરૂરી સૂચનોનો અમલ કરી આયોજનને આખરી ઓપ આપવામાં આવે છે. વર્ષની શરૂઆતમાં જ દરેક પ્રાથમિક શાળાઓમાં તાલીમ કાર્યક્રમોના આયોજનની કોપી મોકલી આપવામાં આવે છે. ગાંધીનગર ડાયેટ દ્વારા ૧૯૯૭ થી ૨૦૦૨ દરમિયાન ચોક્કસ આયોજનને પરિણામે કેન્દ્ર પુરસ્કૃત યોજનાના અનુદાન અન્વયે તેમજ રાજ્ય સરકારની શિક્ષણ ગુણવત્તા સુધારણા યોજના (ઈ.ડી.એન.–૧૬) અનુદાન અન્વયે વિવિધ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરી તેનો અમલ કરવામાં આવ્યો. ઉપરાંત જીસીઈઆરટી દ્વારા સોંપેલ તમામ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી, જે આ પ્રમાણે છે :

**૧૯૯૭–૯૮ના વર્ષ દરમિયાન યોજવામાં આવેલ સેવાકાલીન તાલીમ કાર્યક્રમો :**

ગાંધીનગર ડાયેટને ૧૯૯૭–૯૮ના વર્ષ દરમિયાન સેવાકાલીન તાલીમ વર્ગો માટે રૂપિયા ૧,૨૭,૯૮૭ ખર્ચ કરી ૨૬ તાલીમ વર્ગો દ્વારા ૮૨૯ શિક્ષકોને તાલીમ આપવામાં આવી હતી. જે આ પ્રમાણે છે.

- ધોરણ–૫ ના ક્ષમતા આધારિત પાઠયપુસ્તક અંગે જિલ્લાના ધોરણ–૫ના કુલ ૧૬૮ શિક્ષકોને તેમજ ખાનગી પ્રાથમિક શાળાના ૧૯૦ શિક્ષકોને નવા પાઠયપુસ્તક શીખવવાની પદ્ધતિઓ અંગે તાલીમ આપવામાં આવી.
- જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૧૯૯૮ દરમિયાન કુલ ૬ વર્ગો દ્વારા જિલ્લાના ૧૮૯ આચાર્યશ્રીઓ તથા ૧૮ કો–ઓર્ડીનેટરોએ એમ.એલ.એલ., કન્યાકેળવણી, બહુશ્રેણીય શિક્ષણ વ્યવસ્થા, તરંગ ઉલ્લાસમય અભ્યાસ, સંસ્થાકીય આયોજન, શાળા સંચાલન અને આચાર્યોના વ્યક્તિત્વ, વલણ અને ભૂમિકા જેવી બાબતોની જાણકારી આપી સજ્જતા કેળવવામાં આવી.
- જીસીઈઆરટી હેઠળના રાજ્યના ૧૯ જિલ્લાના તાલીમ ભવનોના સિનિયર અને જુનિયર લેકચરરને માર્ચ ૧૯૯૮ દરમિયાન સંશોધન અંગે કાર્યશિબિર યોજવામાં આવી, જેમાં સંશોધન ક્ષેત્રે નિષ્ણાંત વ્યક્તિઓના માર્ગદર્શન હેઠળ ક્રિયાત્મક સંશોધનની સંકલ્પના, સોપાનો અને ક્રિયાત્મક સંશોધન હાથ ધરી શકાય તેમ છે તે અંગેની તાલીમ આપવામાં આવી.
- રાજ્યના તમામ જિલ્લાના ઈ.ટી. શાખાના લેકચરર્સ તેમજ ટેકનિશ્યનને કમ્પ્યૂટર અંગે તાલીમ, ઓવરહેડ પ્રોજેકટર, ટી.વી., વી.સી.આર. જેવા શૈક્ષણિક સાધનો ના વિકાસ, નિભાવ અને જાળવણી અંગે તાલીમ તેમજ આ ઓડિયો વિડીયો સાધનોનો શિક્ષણમાં ઉપયોગ સંબંધી તાલીમ ડાયેટ ગાંધીનગરની ઈ.ટી. શાખા દ્વારા આપવામાં આવી.

➢ **ભવન દ્વારા હાથ ધરાયેલ વિશિષ્ટ તાલીમ :**

(૧) **સી.આર.સી.–આર.પી.તાલીમ :**

સપ્ટેમ્બર ૧૯૯૭ અને માર્ચ ૧૯૯૮માં કુલ ૫ વર્ગો દ્વારા જિલ્લાના ૧૮૯ શિક્ષકોને રીસોર્સ પર્સન તરીકેની તાલીમ આપવામાં આવી.

**(૨) મહિલા સામખ્ય તાલીમ :**

મહિલા સામખ્ય સંસ્થાના ૬ જિલ્લાની ૨૭ સહયોગીની બહેનોનો આ એક તાલીમ વર્ગ ત્રણ દિવસનો જાન્યુઆરી ૧૯૯૮માં કરવામાં આવ્યો.

**(૩) મૂલ્યાંકન અંગે પ્રાશ્રિકોની તાલીમ શિબિર :**

ગાંધીનગર ડાયેટ દ્વારા મૂલ્યાંકન અંગેની સર્વગ્રાહી અને તાર્કિક પ્રણાલી વિકસાવવા માટે એક નવીન વિચારધારાને લઈને તાલીમ શિબિરનો એક વર્ગ ફેબ્રુઆરી ૧૯૯૮માં કરવામાં આવ્યો. જેમાં જિલ્લાની પ્રાથમિક શાળાના ૭૦ પ્રાશ્રિકોએ ભાગ લીધો હતો.

**(૪) એસ.ઓ.પી.ટી. :**

ડાયેટ ગાંધીનગર દ્વારા જુન ૧૯૯૭ અને સપ્ટેમ્બર ૧૯૯૭ દરમિયાન એસ.ઓ.પી.ટી. ધોરણ ૭ ના સેવાકાલીન શિક્ષકોના કુલ ૪ વર્ગો એટલે કે ૭ દિવસનો એક વર્ગ એટલે કુલ ૨૮ દિવસો દરમિયાન જિલ્લાના ૧૪૭ શિક્ષકોને તાલીમ આપવામાં આવી હતી.

આમ ગાંધીનગર ડાયેટ દ્વારા ૧૯૯૭–૯૮ ના વર્ષમાં વિવિધ વિષયો તેમજ શિક્ષણના નવા પ્રવાહો સંદર્ભે સઘન તાલીમ આપવામાં આવી તેમજ એક તાલીમ મહિલા સામખ્યની કરવામાં આવી.

**૧૯૯૮–૯૯ ના વર્ષ દરમિયાન યોજવામાં આવેલ સેવાકાલીન તાલીમ કાર્યક્રમો :**

ગાંધીનગર ડાયેટને વર્ષ ૧૯૯૮–૯૯ ના વર્ષ દરમિયાન સેવાકાલીન તાલીમ માટે રૂપિયા ૩,૧૯,૪૧૬ ખર્ચ કરી ૩૧ વર્ગો અને ઈ.ડી.એન. સંદર્ભે રૂપિયા ૧,૦૧,૪૨૫ ખર્ચ કરી ૯ તાલીમ વર્ગો તેમજ એસ.ઓ.પી.ટી. ની ગ્રાંટ સંદર્ભે રૂપિયા ૧,૧૬,૬૨૨ ખર્ચ કરી ૯ તાલીમ વર્ગો દ્વારા ગાંધીનગર જિલ્લાના શિક્ષકોને તાલીમ આપવામાં આવી હતીં. જે આ પ્રમાણે છે.

- જૂન ૯૮ થી ધોરણ–૬માં અમલમાં મૂકાયેલ ક્ષમતાલક્ષી પાઠયપુસ્તકનાં સદર્ભે ભવને જિલ્લાના સેવાકાલીન ધોરણ–૬ ના તમામ શિક્ષકોને વિષયવાર ક્ષમતાલક્ષી

પાઠ્યપુસ્તકના ઉપયોગ અંગે માર્ગદર્શન આપવા મે માસમાં એક કાર્યશિબિર કરી વિષયવાર શિક્ષક નિદર્શની વિકસાવી અને છાપીને શિક્ષકોની સંખ્યા મુજબ નકલો તૈયાર કરવામાં આવી.

- જૂન માસમાં ૬ દિવસના કુલ ૪ તાલીમ વર્ગોમાં ધોરણ–૬ ના કુલ ૧૬૨ સેવાકાલીન શિક્ષકોને નવા પાઠ્યપુસ્તકના વર્ગખંડમાં ઉપયોગ અંગે સમજ આપવામાં આવી હતી.
- જૂન–૯૮માં શાળા તત્પરતા કાર્યક્રમની પૂર્વતૈયારી રૂપે તાલીમી સાહિત્ય સામગ્રી વિકસાવવા ભવન ખાતે એક ૫ દિવસના કાર્યશિબિર દરમિયાન જિલ્લાના ધોરણ–૧ના તમામ શિક્ષકોને શાળા તત્પરતા કાર્યક્રમની તાલીમ આપવા માટેના સાહિત્ય સામગ્રીનો વિકાસ કરવામાં આવ્યો.
- ભવન દ્વારા જિલ્લાની તમામ પ્રાથમિક શાળાના ધોરણ–૧ ભણાવતા ૧૭૦ શિક્ષકોને ધોરણ–૧માં પ્રવેશ પામનાર વિદ્યાર્થીઓને શાળાનું વાતાવરણ ભણવાનું ગમે તે પ્રમાણેનું શાળા શિક્ષણ થાય તેમજ પ્રવેશોત્સવ કાર્યક્રમ માટેની પૂર્વતૈયારી જાણે તે હેતુને પાર પાડવા જૂન મહિનામાં ૪ દિવસનો એક તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.
- જૂન માસમાં સમગ્ર જિલ્લામાં યોજાનાર પ્રવેશોત્સવ દિનની ઉજવણીની પૂર્વ તૈયારી રૂપે ગાંધીનગર જિલ્લાના શહેર વિસ્તારના ૪૩ આચાર્યોની જૂન મહિનામાં એક દિવસની કાર્યશિબિર યોજવામાં આવી.
- ભવને ધોરણ–૫ના શિક્ષકોની વિષયવાર તાલીમ અંગેની જરૂરિયાત આધારિત અંગ્રેજી–વિજ્ઞાન, ગણિત અને સમાજવિદ્યાના વિષયવસ્તુના કઠિન બિંદુઓ અંગેની તમામ સંકલ્પનાઓ શિક્ષકોને સ્પષ્ટ થાય અને તેમનું વર્ગશિક્ષણકાર્ય ગુણવત્તાયુક્ત બને તે હેતુને ધ્યાનમાં લઈ ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિના દરમિયાન ધોરણ–૫ના ૧૭૨ શિક્ષકોને તાલીમ આપી હતી.

- ભવન દ્વારા જિલ્લાની પ્રાથમિક શાળાના ધોરણ–૫, ૬ અને ૭ ના ૧૧૮ શિક્ષકો માટે ૩ દિવસના ૪ તાલીમ વર્ગો દ્વારા વિજ્ઞાનમેળા માટે મોડેલો બનાવવાની તાલીમ આપવામાં આવી. જેનો ઉદેશ તાલીમ દરમિયાન શિક્ષકમાં વિજ્ઞાન શિક્ષણ પ્રત્યે રૂચિ જન્મે અને તેઓ વિજ્ઞાનમેળામાં મોડેલો બનાવવાનો આત્મવિશ્વાસ ધરાવતા થાય.
- ભવન દ્વારા ચાલુ વર્ષે નવેમ્બર મહિનામાં ૬ દિવસના ૪ તાલીમ વર્ગો દ્વારા ૧૬૦ રીસોર્સ પર્સન ધોરણ ૧ થી ૪ ના વિષયવસ્તુ અંગે સજ્જ કરવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. જેનો ઉદેશ વિષયવસ્તુ અને કઠિનબિંદુઓ અંગેની સ્પષ્ટ સમજ આપવાનો હતો.
- ગાંધીનગર ડાયેટ ખાતે નવેમ્બર મહિનામાં ત્રણ દિવસના એક કાર્યશિબિર કરવામાં આવેલ. જેમાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાની પી.ટી.સી. કોલેજના લગભગ ૧૫ જેટલા અધ્યાપકોને અધ્યયનક્ષેત્ર–૫ ના મોડયુલને જુદા જુદા સંદર્ભ સાહિત્યના આધારે તૈયાર કરી અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું.
- ગુજરાતના તમામ ડાયેટના ઈ.ટી. શાખાના લેકચરર્સ અને ટેકનિશ્યનોમાં ભવનના ટેકનોલોજીકલ ઈકવિપમેન્ટસના ઉપયોગ અંગેની સજ્જતા વિકસે તે માટે ગાંધીનગર ડાયેટ ખાતે જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસમાં બે તાલીમ વર્ગોમાં ૧૨ અધ્યાપકો અને ૧૫ ટેકનિશ્યનોએ ભાગ લીધો હતો.
- પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૫ થી અંગ્રેજી ભાષાના શિક્ષણને દાખલ કરવામાં આવ્યું છે. આના અનુસંધાને પી.ટી.સી. ના નવા અભ્યાસક્રમમાં પણ અંગ્રેજીને વિષય તરીકે મૂકવામાં આવતા પી.ટી.સી. માં આ વિષયમાં તાલીમાર્થીઓનું માર્ગદર્શન કરી શકે તેવી ક્ષમતા દરેક ડાયેટના પી.એસ.ટી.ઈ. શાખામાં કામ કરતા અધ્યાપકો માટે ૪ દિવસના એક એવા ૩ તાલીમ વર્ગો કરવામાં આવ્યાં.

**૧૯૯૯–૨૦૦૦ના વર્ષ દરમિયાન યોજવામાં આવેલ સેવાકાલીન તાલીમી કાર્યક્રમોઃ**

- ગાંધીનગર જિલ્લાના તમામ આચાર્યોને શિક્ષણના નવા પ્રવાહોથી વાકેફ કરવા માટે ભવન દ્વારા જુલાઈ માસમાં ૪ તાલીમ વર્ગો યોજવામાં આવ્યા. જેમાં ૧૭૦ આચાર્યોએ શિક્ષણમાં ઉપયોગી શિક્ષણની નવી પ્રવિધિઓથી વાકેફ કરવામાં આવ્યાં.
- વર્તમાનપત્રમાં જાહેરાત આપીને જિલ્લાના અનુભવી અને લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી તજ્જ્ઞ તરીકેની અરજીઓ મંગાવી તેની ચકાસણી કરીને જિલ્લાની જરૂરિયાત મુજબના ૩૦ તજ્જ્ઞોને પસંદ કરીને એક દિવસ માટે ચર્ચા અર્થે ભવન ખાતે બોલાવી તેઓને નવીન પ્રવાહોથી વાકેફ કરવા માટે માર્ચ મહિનામાં ઈ.ડી.એન.–૮ એ અન્વયે ચાર દિવસના એક વર્ગમાં ૨૫ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી. જેનો મુખ્ય ઉદેશ જિલ્લાની વિસ્તારની ક્ષિતિજોને ધ્યાનમાં લઈ ભવનને મદદરૂપ થાય તેવા તજ્જ્ઞો તૈયાર કરવાનો હતો.
- ગાંધીનગર જિલ્લાની શહેર અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં લેવાતી છ માસિક અને વાર્ષિક પરીક્ષાના અનુસંધાને ગાંધીનગર ડાયેટ દ્વારા સપ્ટેમબર અને માર્ચ મહિનામાં અનુક્રમે છ માસિક અને વાર્ષિક પરીક્ષાઓના પ્રશ્નપ્રત્રોની રચના કરવા માટેના ૪ દિવસના કુલ ૪ કાર્યશિબિરોમાં ધોરણ ૧ થી ૬ માં ભણાવતા ૧૧૫ શિક્ષકોએ ભાગ લીધો હતો.
- ગાંધીનગર જિલ્લામાં ૧૯ સી.આર.સી. સંચાલન માટે શિક્ષણ કાર્યનો બહોળો અનુભવ ધરાવતા અને વિશિષ્ટ લાયકાત ધરાવતા ૧૯ શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા કે જેઓ સી.આર.સી.ની ભૂમિકા ભજવે છે. તેમને માટે ભવન ખાતે જુલાઈ માસમાં એક સઘન તાલીમ દ્વારા ધોરણ ૫, ૬ ના પાઠયપુસ્તકોના ઓપન બુક મેથડ ટેસ્ટ પ્રયોજીને દરેક પાઠયપુસ્તકોના કઠિન મુદાઓ અંગે તેમની સ્પષ્ટ સમજ વિકસાવવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા.

- ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક પરિષદ અન્વયે રાજ્યના ડી.પી.ઈ.પી. જિલ્લાના ધોરણ ૧ થી ૩ ની સ્વાધ્યાયપોથી રચનાની કામગીરી અન્વયે ગાંધીનગર ભવનને ધોરણ–૩ સ્વાધ્યાયપોથી રચનાની કામગીરી સોપવામાં આવી. જે માટે જાન્યુઆરી મહિનામાં ૩ દિવસના ૧ વર્કશોપ દરમિયાન ૧૮ શિક્ષકોની મદદથી પ્રતિનિધિરૂપ ક્ષમતા પસંદ કરી સ્વાધ્યાયપોથી તૈયાર કરવામાં આવી.

**૨૦૦૦–૨૦૦૧ના વર્ષ દરમિયાન યોજવામાં આવેલ તાલીમ કાર્યક્રમો :**

જીસીઈઆરટી દ્વારા વર્ષ ૨૦૦૦–૨૦૦૧ દરમિયાન ગાંધીનગર ડાયેટને સેવાકાલીન વર્ગો, ઈ.ડી.એન. વર્ગો તેમજ એસ.ઓ.પી.ટી. અંતર્ગત ફાળવેલ ગ્રાંટમાંથી વિવિધ તાલીમવર્ગો યોજવામાં આવ્યા, જે આ પ્રમાણે છે.

- સી.આર.સી. ખાતે મળતી બેઠકોની વાર્ષિક આયોજન રચના અને સી.આર.સી. કો–ઓર્ડિનેટરની તાલીમદાતા સુસજ્જતા અંગેની કાર્યશિબિર ગાંધીનગર ડાયેટ ખાતે ૨૮ થી ૩૦ એપ્રિલ દરમિયાન યોજવામાં આવી. જેમાં ૧૨૭ સી.આર.સી. કો–ઓર્ડિનેટર્સે હાજર રહી વાર્ષિક આયોજનની રચના કરી હતી.
- ધોરણ ૩ થી ૬ ની સિદ્ધિકસોટીના પરિણામપત્રકો તૈયાર કરવા માટેની કાર્યશિબિર તારીખ ૩ થી ૬ મે દરમિયાન ભવન ખાતે યોજવામાં આવી. પસંદિત છ વિષય નિષ્ણાત શિક્ષકો અને ભવનના વ્યાખ્યાતાઓની મદદથી ધોરણ ૩ થી ૬ ના તમામ સિદ્ધિ કસોટીની લેવાયેલ કસોટીઓના પરિણામપત્રકો આ કાર્યશિબિર દરમિયાન તૈયાર કરવામાં આવ્યાં.
- ગાંધીનગર જિલ્લાના નવનિયુક્ત વિદ્યાસહાયકોની તાલીમ ૧૦ થી ૧૨ મે દરમિયાન શ્રેષ્ઠ કન્યા શાળા સરઢવ અને તાલીમ ભવન એમ બે સ્થળોએ યોજવામાં આવી, જેમાં કુલ ૧૫૮ શિક્ષક ભાઈ બહેનોએ ભાગ લીધો.
- ધોરણ–૭ના પસંદિત શિક્ષકો અને સી.આર.સી. કો–ઓર્ડિનેટર્સ મળીને કુલ ૭ તાલીમાર્થીઓ સાથે તારીખ : ૧૯ થી ૨૭ મે દરમિયાન ભવન ખાતે ધોરણ–૭ના સમાજવિદ્યા, હિન્દી, ગુજરાતી, ગણિત અને વિજ્ઞાન વિષયની શિક્ષક નિદર્શિની રચના કરવા અંગેની કાર્યશિબિર યોજવામાં આવી.

- ગત વર્ષે શાળા તત્પરતા તાલીમથી વંચિત રહી ગયા હોય તેવા ધોરણ–૧ના શિક્ષકો માટે તારીખ ૧૭ થી ૧૯ જુન દરમિયાન ભવન ખાતે શાળા તત્પરતા માટેની તાલીમ યોજવામાં આવી, જેમાં કુલ ૧૧૬ શિક્ષકોએ ભાગ લીધો.
- જિલ્લામાં પ્રાથમિક શિક્ષણક્ષેત્રે ગુણવત્તા સુધારણા કાર્યક્રમ અંતર્ગત અમલમાં મુકાયેલ ધોરણ–૭ના નવા ક્ષમતાલક્ષી પાઠયપુસ્તક વિષયવસ્તુ સમજે તે હેતુને ધ્યાનમાં લઈને તારીખ ૨૮મી જૂનથી ૬ જુલાઈ દરમિયાન યોજાયેલ તાલીમવર્ગોમાં ધોરણ–૭ના કુલ ૧૪૨ સેવાકાલીન શિક્ષકોને નવા પાઠયપુસ્તકના વર્ગખંડમાં ઉપયોગ અંગે સમજ આપવામાં આવી.
- ગાંધીનગર ભવન દ્વારા સમગ્ર જિલ્લાની તાલીમની અસરકારકતા છેક શાળા સુધી પહોંચે અને શાળા શિક્ષણના પ્રશ્નોની ચર્ચા શાળાકક્ષાએ થાય તે માટે દરેક શાળામાંથી સક્ષમ ઉત્સાહી અને અનુભવી શિક્ષકને રીસોર્સ પર્સન તરીકે પસંદ કરી તેમની સજ્જતા વિકસાવવા માટે ભવને જુલાઈ મહિનામાં તારીખ ૫ થી ૧૦ દરમિયાન તાલીમ વર્ગ યોજવામાં આવ્યો. જેમાં ૨૨ રીસોર્સ પર્સનને તાલીમ આપવામાં આવી.
- ભવન દ્વારા ગાંધીનગર જિલ્લાના શહેર અને ગ્રામ્ય વિસ્તારના ધોરણ–૬ની સેવાકાલીન શિક્ષકોને તેમની જરૂરિયાત અને માંગણી અનુસાર ગણિત અને વિજ્ઞાન વિષયમાં વધુ માર્ગદર્શન કરવા તારીખ ૨ થી ૭ ઓગસ્ટ, તારીખ ૯ થી ૧૪ ઓગસ્ટ ને તારીખ ૧૬ થી ૨૧ ઓગસ્ટ દરમિયાન ત્રણ વર્ગો યોજવામાં આવ્યા. જેમાં કુલ ૧૪૭ શિક્ષકોએ ભાગ લીધો.
- ધોરણ–૭નાં બદલાયેલા અભ્યાસક્રમના મુદાઓને ધ્યાનમાં રાખીને નવા અભ્યાસક્રમ અંતર્ગત વાર્ષિક આયોજન તૈયાર કરવા અંગેની એક કાર્યશિબિર તારીખ ૧૧ ઓગસ્ટના રોજ રાખવામાં આવી, જેમાં કુલ ૧૫ સી.આર.સી. કો–ઓર્ડિનેટર્સ ઉપસ્થિત રહ્યા હતાં.
- જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકોમાં વિજ્ઞાન શિક્ષણ પ્રત્યે રૂચિ જન્મે અને વિજ્ઞાનમેળાના મોડેલો બનાવવાનો આત્મવિશ્વાસ ધરાવતા થાય તેમજ

વિજ્ઞાનમેળામાં સારા મોડેલ રજૂ કરી શકે તેવી ક્ષમતા વિકસાવવા સઘન પ્રયત્નો કરવા માટે તારીખ ૨૦ થી ૨૨ સપ્ટેમ્બર, તારીખ ૨૩ થી ૨૫ સપ્ટેમ્બર અને તારીખ ૨૭ થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન કુલ ત્રણ તાલીમવર્ગો યોજવામાં આવ્યા. આ કાર્યશિબિરમાં કુલ ૧૧૧ ઉત્સાહી શિક્ષકોએ હાજરી આપી હતી.

- ગાંધીનગર જિલ્લાની શહેર અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં લેવાતી છ માસિક અને વાર્ષિક પરીક્ષાનાં અનુસંધાને ગાંધીનગર ભવન દ્વારા તારીખ ૪ થી ૭ ઓકટોબર અને તારીખ ૬ થી ૮ માર્ચ દરમિયાન કાર્યશિબિર યોજવામાં આવ્યો. જેમાં જિલ્લાની પ્રાથમિક શાળાના ધોરણ–૩ થી ૭ માં ભણાવતા ૯૭ પસંદિત પ્રાશ્રિકોએ ભાગ લીધો હતો.
- સેવાકાલીન શિક્ષકોની જરૂરિયાત અને માંગ અનુસાર ધોરણ–૬ના અંગ્રેજી અને સમાજવિદ્યાના વિષયમાં વધુ માર્ગદર્શન મેળવવા શિક્ષકોની માંગ અનુસાર ૩ તાલીમ વર્ગો જાન્યુઆરી દરમિયાન યોજવામાં આવ્યા. જેમાં કુલ ૧૦૪ શિક્ષકોને તાલીમ આપવામાં આવી.
- નવા સી.આર.સી.–આર.પી. ધોરણ ૧ થી ૪ની વિષયવસ્તુની સ્પષ્ટ સમજ કેળવે તે માટે તારીખ ૩ થી ૮ જાન્યુઆરી દરમિયાન ભવન ખાતે તાલીમ વર્ગ યોજવામાં આવ્યો, જેમાં ૨૫ આર.પી.એ ભાગ લીધો હતો.
- ગાંધીનગર તેમજ અમદાવાદ જિલ્લાના સરકારી તથા બિન સરકારી અધ્યાપન મંદિરોના ઉદ્યોગશિક્ષક મિત્રો માટે તારીખ ૧૯ થી ૨૩ ફેબ્રુઆરી દરમિયાન પી.ટી.સી. માં નવા દાખલ કરાયેલ કમ્પ્યૂટર અભ્યાસક્રમ માટે નો એક તાલીમ વર્ગ યોજવામાં આવ્યો. તાલીમમાં કમ્પ્યૂટર વિષયની વિસ્તૃત માહિતી આપવામાં આવી.
- જિલ્લાની પ્રાથમિક શિક્ષણક્ષેત્રે ગુણવત્તા સુધારવા માટે તેમજ જિલ્લાના ૬ થી ૧૪ વર્ષની વય જુથના બાળકો કે જેઓ શાળાએ ન જતાં હોય તેઓનું શિક્ષણકાર્ય કરતાં પરિવર્તન સંસ્થાના બાલસાથીઓને તાલીમ આપવામાં આવી. જેમાં શાળા તત્પરતા વિષયની કિટનો ઉપયોગ કરવાનું પણ શીખવવામાં આવેલું હતું.

**રાજ્ય સરકારની શિક્ષણ ગુણવત્તા સુધારણા યોજના (ઈ.ડી.એન. –૧૬) અન્વયેની તાલીમ :**

- પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા સુધારણા સંદર્ભે ટીચીંગ લર્નિંગ મટીરીયલ્સ (ટી.એલ.એમ.) નિર્માણ કાર્યશિબિર તારીખ ૬ થી ૯ ઓકટોબર દરમિયાન શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિરમાં યોજવામાં આવેલ. જેમાં શિક્ષકોએ પ્રાથમિક શાળાઓમાં ઉપયોગી એવા સ્વનિર્મિત શૈક્ષણિક સાધનોની રચના કરવામાં આવી હતી.
- ગુજરાતના તમામ ઈ.ટી. શાખાના સિનિયર તેમજ જુનિયર લેકચરર્સ અને ટેક્નિશ્યનોમાં આ શાખાને લગતી કામગીરીમાં સજ્જતા વિકસે તેમજ નવી ટેકનોલોજીથી માહિતગાર થાય તે માટે ગાંધીનગર ડાયેટ દ્વારા તારીખ ૭મી માર્ચથી ૧૦ માર્ચ દરમિયાન બે તાલીમવર્ગો યોજવામાં આવ્યા. આ કાર્યક્રમમાં રાજ્યના જુદાં જુદાં ભવનોના ઈ.ટી. શાખાના કુલ ૩૭ વ્યાખ્યાતાઓ અને ટેક્નિશ્યનોએ ભાગ લીધો હતો.
- ગાંધીનગર ડાયેટ દ્વારા જિલ્લાની તમામ પ્રાથમિક શાળામાં ધોરણ ૫ થી ૭ માં ભણાવતા સેવાકાલીન શિક્ષકો માટે તારીખ ૨૪ થી ૨૭ નવેમ્બર દરમિયાન ગણિત વિષયનો એક તાલીમ વર્ગ યોજવામાં આવ્યો. જેમાં કુલ ૪૬ શિક્ષકોએ ભાગ લીધો.
- અંગ્રેજી વિષયનું અધ્યાપન કાર્ય કરતા ૭૪ શિક્ષકો માટે તારીખ ૨૨ થી ૨૫ ડિસેમ્બર દરમિયાન અંગ્રેજી વિષયનો તાલીમ વર્ગ યોજવામાં આવ્યો.
- તારીખ ૧૩ થી ૧૬ ડિસેમ્બર દરમિયાન ગાંધીનગર તાલુકાના શહેર અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં અધ્યાપન કાર્ય કરતા શિક્ષકો માટે વિજ્ઞાન શિક્ષણ માટેનો એક તાલીમ વર્ગ યોજવામાં આવ્યો, જેમાં ૩૪ સેવાકાલીન શિક્ષકોએ ભાગ લીધો.
- વ્યક્તિગત વિકાસ અને જ્ઞાનપ્રાપ્તિમાં વાંચનની ઉપયોગીતા તેમજ પુસ્તકસમીક્ષા અંગે તારીખ ૨૭ થી ૩૦ ડિસેમ્બર દરમિયાન ભવન ખાતે તાલીમ વર્ગનું આયોજન

કરવામાં આવ્યું. જેમાં ગાંધીનગર જિલ્લાની કુલ ૪૧ સી.આર.સી. કો–ઓર્ડિનેટર્સે ભાગ લીધો. એક તાલીમ વર્ગ તારીખ ૧૦ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન યોજવામાં આવ્યો, જેમાં ૩૯ સી.આર.સી. કો–ઓર્ડિનેટર્સ હાજર રહ્યા હતાં.

- જીસીઈઆરટી દ્વારા સોંપવામાં આવેલ સ્વાધ્યાય રચના અને વર્ગશિક્ષણ કાર્યશિબિર તારીખ ૧૦ થી ૧૩ જાન્યુઆરી અને ૧૭ થી ૨૦ જાન્યુઆરી અને ૧ થી ૪ ફેબ્રુઆરી એમ કુલ ત્રણ વર્ગો ભવન ખાતે યોજવામાં આવેલ, જેમાં ગાંધીનગર જિલ્લાના ૧૧૪ રીસોર્સ પર્સન હાજર રહ્યા હતાં.
- નવા ક્ષમતાલક્ષી પાઠયપુસ્તકો અમલમાં મુકાતા શિક્ષકોને તેમના અધ્યાપનકાર્યમાં જે તે વિષયના વિષયવસ્તુને સારી રીતે સમજીને વર્ગખંડમાં ઉપયોગ કરી શકે તે માટે ગાંધીનગર ડાયેટ દ્વારા ધોરણ–૬ અને ધોરણ–૭ના તમામ વિષયોના પાઠયપુસ્તકની શિક્ષક નિદર્શનિઓની રચના કરવા માટે તારીખ ૧૭ થી ૨૦ જાન્યુઆરી દરમિયાન કાર્યશિબિર યોજવામાં આવી. જેમાં ૩૨ રીસોર્સ પર્સનની મદદ લેવામાં આવી.
- મૂલ્યાંકન અંગેની સર્વગ્રાહી અને તાર્કિક પ્રણાલી વિકસાવવા માટે એક નવીન વિચારધારાને લઈને તાલીમ શિબિરના એક વર્ગ તારીખ ૧૪ થી ૧૭ ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવ્યો, જેમાં ગાંધીનગર જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારના ૩૭ પ્રાશ્રિકોએ ભાગ લીધો હતો. કાર્યશિબિરમાં ગાંધીનગર ડાયેટ રચિત મૂલ્યાંકન અંગેના ચર્ચાપત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- સર્વાંગી કેળવણીની દિશામાં પદાર્પણ કરવા યોગ અને શારીરિક શિક્ષણનું મહત્ત્વ સમજવાના એક ઉમદા હેતુસર ભવન ખાતે અને પ્રેક્ષાભારતી શિક્ષણ પ્રશિક્ષણ કેન્દ્ર ગાંધીનગર ખાતે શારીરિક શિક્ષણ અને યોગ કાર્યશિબિર તારીખ ૧૬ થી ૧૯ ફેબ્રુઆરી અને તારીખ ૨૧ થી ૨૪ ફેબ્રુઆરી દરમિયાન બે તાલીમવર્ગો યોજવામાં આવ્યા. ૯૬ શિક્ષકોએ અને આચાર્યોએ ભાગ લીધો હતો.
- ધોરણ–૧ના નવા પાઠયપુસ્તકો જૂન–૨૦૦૦ થી અમલમાં મૂકવામાં આવેલ હોઈ તેના વિષયવસ્તુની સ્પષ્ટ સમજ મેળવવા માટે તારીખ ૨૮ થી ૩૧ માર્ચ દરમિયાન

જીસીઈઆરટી દ્વારા પાલીતાણા ખાતે વર્ગ યોજવામાં આવ્યો, જેમાં ગાંધીનગરના પસંદિત ૧૩ શિક્ષકોએ હાજરી આપી હતી.

**૨૦૦૧–૨૦૦૨ ના વર્ષ દરમિયાન યોજાયેલ સેવાકાલીન તાલીમ કાર્યક્રમ :**

ગાંધીનગર ડાયેટ દ્વારા ૨૦૦૧–૨૦૦૨ ના વર્ષ દરમિયાન વિવિધ તાલીમ જેવી કે આચાર્ય નવસંસ્કરણ, સિદ્ધિ સર્વેક્ષણ, વિષય વસ્તુ આધારિત, મૂલ્યાંકન, સંશોધન, ટી.એલ.એમ. નિર્માણ, કેળવણી નિરીક્ષણ, સાહિત્ય નિર્માણ, પાઠયપુસ્તક વિભાવના તાલીમ ઉપર ભાર મૂકવામાં આવ્યો. જે સંદર્ભે નીચે પ્રમાણેના સેવાકાલીન તાલીમ વર્ગો યોજવામાં આવ્યાં.

- આચાર્યો શાળા પ્રવેશોત્સવ તથા તેની ઉજવણીમાં ધ્યાનમાં રાખવાની બાબતોથી માહિતગાર થાય તે માટે તારીખ ૧૦–૬–૨૦૦૨ના રોજ ૩ વર્ગો દ્વારા ૧૬૫ આચાર્યોને શાળા પ્રવેશોત્સવની તાલીમ આપવામાં આવી.
- બી.આર.સી. કો–ઓર્ડિનેટર્સ વિદ્યાલક્ષ્મી યોજનાથી માહિતગાર થાય તે માટે તારીખ : ૧૮–૬–૨૦૦૨ દરમિયાન ટેલીકોન્ફરન્સ દ્વારા ભવન ખાતે ૮૬ બી.આર.સી. કો–ઓર્ડીનેટર્સને તાલીમ આપવામાં આવી.
- ગાંધીનગર જિલ્લાની પી.ટી.સી. કોલેજના ૪૮ અધ્યાપકોને પી.ટી.સી.ના અભ્યાસક્રમ, વાર્ષિક પરીક્ષા, પ્રાયોગિક પાઠ વગેરે બાબતોમાં એકસૂત્રતા જળવાઈ રહે તે માટે તારીખ ૨–૭–૨૦૦૨ દરમિયાન કર્મશ્રેષ્ઠ અધ્યાપન મંદિર, સરગાસણમાં તાલીમ આપવામાં આવી.
- વિદ્યાસહાયકો પ્રાથમિક શિક્ષણના વર્તમાન પ્રવાહોથી માહિતગાર થાય તે માટે તારીખ ૧૬ થી ૧૯ જુલાઈ ૨૦૦૨ દરમિયાન ૪૬ વિદ્યાસહાયકોને તાલીમ આપવામાં આવી.

- ખાનગી શાળાના ધોરણ–૩ના શિક્ષકો અભ્યાસક્રમ તથા તેની પદ્ધતિથી વાકેફ થાય તે માટે તારીખ ૩૦–૭–૨૦૦૨ થી ૩–૮–૨૦૦૨ દરમિયાન ૪૨ શિક્ષકોને ગાંધીનગર ડાયેટમાં તાલીમ આપવામાં આવી.
- ધોરણ–૨ ભણાવતા હોવા છતાં તાલીમથી વંચિત રહી ગયા હોય તે તથા બદલાયેલા શિક્ષકોની ધોરણ–૨ની વિષય પદ્ધતિથી વાકેફ કરવા તારીખ ૨૬–૮–૦૨ થી ૨૮–૮–૦૨ દરમિયાન ૬૨ શિક્ષકોને તાલીમ આપવામાં આવી.
- ધોરણ–૭ના વિજ્ઞાન પ્રયોગો જાણી જાતે પ્રયોગો કરે તે માટે ૫૩ સી.આર.જી. વિજ્ઞાનને ટેલીકોન્ફરન્સ દ્વારા ગાંધીનગર ડાયેટ ખાતે તાલીમ આપવામાં આવી.
- ધોરણ–૭ના સંસ્કૃત શિક્ષણના અભિગમ કેળવવા માટે ૩૨ શિક્ષકોને તારીખ ૩ થી ૫ ઓકટોબર ૨૦૦૨ દરમિયાન કલોલ ખાતે તાલીમ આપવામાં આવી.
- અભિનવ શાળા પ્રોજેકટ તૈયાર કરવા માટે જરૂરી બાબતોની વિચારણા કરી સૂચનો આપવા માટે ૨૦ સી.આર.જી.ની ગાંધીનગર ડાયેટ ખાતે માર્ગદર્શન તાલીમ રાખવામાં આવી.
- ધોરણ–૬ના શિક્ષકોને ગુજરાતી, સમાજવિદ્યા, ગણિત અને વિજ્ઞાન વિષયોના કઠિનબિંદુનું સરળીકરણની પદ્ધતિઓ જાણે તે માટે સી.આર.જી. તજ્જ્ઞોને તાલીમ આપવામાં આવી.
- તાલીમ ભવનના કાર્યક્રમોનું સશક્તિકરણ થાય તે માટે ૨૭–૪–૨૦૦૨ થી ૨૯–૪–૨૦૦૨ દરમિયાન ૪૨ વ્યાખ્યાતાઓને ગાંધીનગર ડાયેટ ખાતે તાલીમ આપવામાં આવી.
- સમાજવિદ્યાના સી.આર.જી. ને ધોરણ ૫, ૬ અને ૭ સમાજવિદ્યાના કઠિનબિંદુઓની સરળીકરણની વિવિધ પદ્ધતિઓ વિકસાવે અને તેનો ઉપયોગ કરે તે માટે ૨૪–૯–૦૨ થી ૨૭–૯–૦૨ દરમિયાન ૪૪ સી.આર.જી.ને તાલીમ આપવામાં આવી.

આમ ગાંધીનગર ડાયેટ દ્વારા ૧૯૯૭ થી ૨૦૦૨ દરમિયાન સેવાકાલીન વર્ગો, ઈ.ડી.એન. યોજના એસ.ઓ.પી.ટી. અંતર્ગત વિવિધ વિષયોની તેમજ નૂતન પ્રવાહો

અંગે શિક્ષકો–આચાર્યો અને રીસોર્સ પર્સનને તાલીમ આપી પ્રાથમિક શિક્ષણના જુદા જુદા ક્ષેત્રોમાં સજ્જ બનાવવામાં આવ્યા છે.ઉપરાંત પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા સંદર્ભે શિક્ષકોને વ્યવસાયિક રીતે સજ્જ કરવા સઘન પ્રયત્નો થયા છે.

**સેવાકાલીન તાલીમ કાર્યક્રમોમાં તજ્જ્ઞોની ભાગીદારી :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા જિલ્લા અને જિલ્લા બહારની સંસ્થાઓ અને સંસાધનો સાથે વધુ સંપર્ક અને સંબંધ વિકસાવીને તેવી સંસ્થા અને વ્યક્તિદીઠ તજ્જ્ઞો તરીકે સેવા લેવામાં આવે છે. સેવાકાલીન તાલીમ કાર્યક્રમોમાં શાળાના શિક્ષકો, સી.આર.જી., કોલેજના પ્રાધ્યાપકો, સી.આર.સી., બી.આર.સી. તેમજ અન્ય સંસ્થાના નિષ્ણાતોની તાલીમ કાર્યક્રમોમાં તજ્જ્ઞ તરીકે સેવાઓ લેવામાં આવે છીએ. ઉપરાંત કેટલાંક નવા ગ્રુપોની રચના પણ કરવામાં આવી છે.

**જિલ્લા રિસોર્સ ગ્રૂપ (ડી.આર.જી.) :**

ભવનને તાલીમ કાર્યક્રમોમાં ઉપયોગી થાય તે માટે એક ડિસ્ટ્રીકટ રીસોર્સ ગ્રુપની રચના કરેલ છે. જેમાંથી તાલીમ કાર્યક્રમો દરમિયાન જરૂર પડયે જે તે ક્ષેત્રની નિષ્ણાત વ્યક્તિઓની મદદ લઈ શકાય તેમજ ૨૦૦૨ના વર્ષથી આ જિલ્લા રીસોર્સ ગ્રુપના નવા માળખા મુજબ તથા ગુજરાતી, હિન્દી, ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, સંસ્કૃત, સમાજવિદ્યા, શારીરિક શિક્ષણ (યોગ), ચિત્ર, સંગીત, ટી.એલ.એમ., કમ્પ્યુટર, સંશોધન અને અન્ય ફોકસ એરીયા જેવા વિષયદીઠ તેમજ તાલુકાદીઠ કુલ ૩ તજ્જ્ઞોની પસંદગી કરવામાં આવે છે. તેથી આ ડી.આર.જી. ભવનના તાલીમ કાર્યક્રમો દરમિયાન ખુબ જ મદદરૂપ થતું તજ્જ્ઞ જૂથ છે.

**તાલુકા રિસોર્સગ્રુપ (બી.આર.જી.) :**

ભવનને ડી.આર.જી. ની જેમ તેટલા જ વિષયોમાં વિષયોદીઠ, તાલુકાદીઠ ૨ તજ્જ્ઞોની પસંદગી કરીને નવા માળખાંના સ્વરૂપમાં બી.આર.જી. / બ્લોક રિસોર્સ ગ્રુપની

રચના કરેલ છે. જેનો ઉપયોગ જે તે તાલુકાઓની તાલીમ દરમિયાન તથા સંબંધિત વિષય માટેની અન્ય શૈક્ષણિક કામગીરી દરમિયાન સહયોગ લેવામાં આવશે. આમ તાલુકાકક્ષાનું જૂથ પણ ભવને તૈયાર કર્યું છે.

**કલસ્ટર રિસોર્સ ગ્રુપ (સી.આર.જી.) :**

ભવને, ગાંધીનગર જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક કાર્ય કરતાં શિક્ષકોમાંથી ગણિત, વિજ્ઞાન, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, સમાજવિદ્યા, ટી.એલ.એમ. જેવા વિષયોમાં નિષ્ણાત અને જ્ઞાનવાળા શિક્ષકોની પસંદગી કરીને તેમની જે તે વિષયવાર સી.આર.સી. દીઠ સી.આર.જી. / કલસ્ટર રિસોર્સ ગ્રુપની રચના કરી છે. જેનો જે તે વિષય સંબંધિત તાલીમ કાર્યક્રમો વખતે ઉપયોગ કરવામાં આવે છે.

**ભવનનો અન્ય સંસ્થાઓ સાથેનો સંપર્ક, સંકલન અને તાલીમ કાર્યક્રમોમાં સહાય :**

ભવન પોતાના કાર્યક્રમોમાં વધુ પારદર્શિતા લાવવા માટે અનેક સંસ્થાઓ સાથે સંપર્કમાં રહી તેમનું માર્ગદર્શન લે છે તથા પરસ્પરના કાર્યક્રમો તેમજ કામગીરીમાં પણ સંકલન તથા સહયોગથી કાર્ય કરે છે. ભવનના કાર્યક્રમમાં પણ જે તે સંસ્થાઓ તથા કચેરીઓમાંથી પ્રતિનિધિઓ અવારનવાર મુલાકાત અને માર્ગદર્શન માટે આવે છે. આમ ભવન જિલ્લાની તથા જિલ્લા બહારની અનેક શૈક્ષણિક તથા અન્ય સંસ્થાઓ સાથે પોતાનો સંપર્ક જાળવી રાખીને જિલ્લાની પ્રાથમિક શિક્ષણ ગુણવત્તા સુધારણાની કામગીરીમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધવા સતત પ્રયત્નશીલ છે.

**તાલીમમાં તજ્જ્ઞોની ટીમની રચના અને કાર્ય :**

શરૂઆતના વર્ષોમાં સી.આર.જી. ની રચના થયેલ ન હતી ત્યાં સુધી ગાંધીનગર જિલ્લામાં તાલીમ મુખ્યત્વે સી.આર.સી. દ્વારા તેમજ પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા આપવામાં આવતી હતી. પરંતુ ડી.આર.જી., બી.આર.જી. અને સી.આર.જી. ની રચના થયા પછી આ જિલ્લાના પ્રાથમિક શિક્ષકોના તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ બેઠક દરમિયાન તાલીમમાં કયા મુદાઓની છણાવટ વધારે કરવાની છે

અથવા કયા કયા મુદ્દાઓની વિસ્તૃત સમજ આપી કાર્યક્રમોની અસરકારકતા વધારવાની છે તે અંગેની ચોક્કસ વિચારણા કરવામાં આવી છે. ઉપરાંત જે તે રીસોર્સ પર્સન કયા ક્ષેત્રના નિષ્ણાંત છે તેની જાણકારી મેળવી તાલીમ દરમિયાન તેમની નિપુણતાના એકમો જે તેમને અગાઉથી સોંપવા માટે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવે છે.

દરેક વર્ષની તમામ તાલીમી તજ્જ્ઞોની ટીમ આ પ્રમાણે બનાવવામાં આવે છે.

૧. તાલીમ ભવનના અધ્યાપક–વર્ગ સંચાલક અને તજ્જ્ઞ તરીકે

૨. જે તે વિષય અને ધોરણ પ્રમાણે સી.આર.જી.

૩. સી.આર.સી. કો–ઓર્ડિનેટર્સ–પ્રાથમિક શાળાના શિક્ષક

૪. જરૂર જણાય ત્યાં અન્ય સંસ્થાના તજ્જ્ઞો

આમ કુલ ચાર સભ્યોની ટીમ દ્વારા તાલીમ વર્ગનું સંચાલન કરવામાં આવે છે. જે પેકી તાલીમ ભવનના અધ્યાપકે વર્ગસંચાલક તેમજ તજ્જ્ઞ તરીકે બેવડી ભૂમિકા ભજવવાની રહે છે. ભવનના પ્રાચાર્યશ્રી સાહેબ પણ કાર્યક્રમની શરૂઆતમાં અને સમાપ્તિમાં અચૂક હાજર રહે છે. તેથી તાલીમાર્થીઓ અને વર્ગસંચાલકને પ્રેરણા પ્રોત્સાહન મળી રહે.

**તાલીમ દરમિયાન ઉપયોગમાં લેવાતી પ્રયુક્તિઓ અને પદ્ધતિઓ :**

ગાંધીનગર ડાયેટ દ્વારા યોજાતા સેવાકાલીન વિવિધ તાલીમ વર્ગોમાં તજ્જ્ઞો દ્વારા વિષયને અનુરૂપ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો ઉપયોગને કારણે તેમની શીખવવાની શૈલી સારી લાગે છે. એટલું જ નહીં આ તાલીમમાં ચર્ચા પદ્ધતિઓનો ઉપયોગ થવાને કારણે તાલીમમાં આવેલા શિક્ષકોને પોતાના વિચારોની અભિવ્યક્તિ માટે હંમેશા અવકાશ રહે છે. વળી તજ્જ્ઞો દ્વારા અપાતા શિક્ષણમાં રેડિયો, ટેપરેકોર્ડર, ટી.વી., વીસીઆર અને સીડી બેઈઝ કમ્પ્યૂટર શૈક્ષણિક સોફટવેરોનો ઉપયોગ કરવામાં આવે છે. તજ્જ્ઞોના વિશિષ્ટ પદ્ધતિ અને નિદર્શન પ્રયુક્તિઓ તેમજ પ્રયોગ દ્વારા શિક્ષણને લીધે શિક્ષકોને તરંગ ઉલ્લાસ, શાળા તત્પરતા, વિજ્ઞાન મોડેલ નિર્માણ અને સ્વનિર્મિત શૈક્ષણિક સાધન નિર્માણ તાલીમમાં વધુ રસ પડે છે. સેવાકાલીનના વિવિધ તાલીમ વર્ગોમાં તજ્જ્ઞો દ્વારા

કઈ કઈ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ ઉપયોગમાં લેવાય છે તેની વિગત સારણી–૪.૨૯માં દર્શાવેલ છે.

**સારણી–૪.૨૯**
**તાલીમ દરમિયાન ઉપયોગમાં લેવાતી વિશિષ્ટ પ્રયુક્તિઓ અને પદ્ધતિઓ**

| *ક્રમ* | *તાલીમ કાર્યક્રમ* | *પ્રયુક્તિ અને પદ્ધતિઓ* |
|---|---|---|
| ૧. | અંગ્રેજી | ફલેશકાર્ડ, શબ્દકોષ, ચાર્ટચિત્રો, કસોટીપત્રો, ઓડિયો કેસેટ, શૈક્ષણિક સોફટવેર |
| ૨. | સંસ્કૃત | સંભાષણ પદ્ધતિ, ચર્ચા પદ્ધતિ |
| ૩. | વિજ્ઞાન | પ્રયોગ પદ્ધતિ, નિદર્શન, પદ્ધતિ, વિજ્ઞાન મેળા મોડેલ નિર્માણ, શૈક્ષણિક સોફટવેર, પુસ્તકો |
| ૪. | ગણિત | શ્રવણ અને જ્ઞાત પદ્ધતિઓનો ઉપયોગ, ગણિત વિષય આધારિત કસોટીપત્ર તેમજ ઘડિયાની ઓડિયો કેસેટ દ્વારા |
| ૫. | સમાજવિદ્યા | પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ–ચર્ચાપત્રો, શબ્દકોષ, ચાર્ટ, ચિત્રો, નકશા નિદર્શન |
| ૬. | યોગશિક્ષણ | નિદર્શન, પ્રયોગિક–પ્રેકટીકલ |
| ૭. | કમ્પ્યૂટર તાલીમ | કમ્પ્યૂટરનો શૈક્ષણિક સાધન તરીકે ઉપયોગ કરવા માટે નિદર્શન, શૈક્ષણિક સોફટવેરોનું નિદર્શન, પાઠ આયોજન, પ્રેકટીકલ વર્ક |
| ૮. | ક્ષમતાલક્ષી નવા પાઠયપુસ્તકોની સમજ અંગે તાલીમ | ઓપનબુક મેથડ, ટેસ્ટ ચર્ચા, જૂથકાર્ય નિદર્શન, પ્રવૃત્તિશિક્ષણ |
| ૯. | શાળા તત્પરતા તાલીમ | શાળા તત્પરતા કીટના ઉપયોગ દ્વારા તરંગ ઉલ્લાસમય પદ્ધતિ |
| ૧૦. | શૈક્ષણિક સંશોધન | સર્વે પદ્ધતિ, સ્વઅધ્યયન પદ્ધતિ, પ્રયોગ પદ્ધતિ |

ઉપરોક્ત સારણી પરથી જોઈ શકાય છે કે ગાંધીનગર ડાયેટ  દ્વારા અપાતી તાલીમમાં વિવિધ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો ઉપયોગ કરી તાલીમમાં સતત નવીનતા લાવવા પ્રયત્ન થાય છે. છતાં હજુ વધારે શૈક્ષણિક સાધન સામગ્રી જેવી કે ટી.વી., વી.સી.આર., વી.સી.ડી. અને કમ્પયૂટરનો ઉપયોગ કરીને તાલીમમાં વિવિધ નિદર્શન પદ્ધતિઓનો ઉપયોગ કરી શકાય.

**તાલીમ કાર્યક્રમનું મૂલ્યાંકન :**

ગુજરાતમાં અને દેશભરમાં પ્રાથમિક શિક્ષણમાં લઘુતમ અધ્યયન કક્ષા (એમ.એલ.એલ.) નો ક્ષમતાલક્ષી અભિગમ દાખલ થયો છે. આ નૂતન અભિગમમાં વિદ્યાર્થી જે તે વિષયની ક્ષમતા નિશ્ચિત સમયમાં હાંસલ કરીને ત્યારબાદ અન્ય ક્ષમતાઓ સિદ્ધ કરવાની હોય છે. આ માટે ક્ષમતા સિદ્ધિની ચકાસણી માટે મૂલ્યાંકન હોવું ખૂબ જ આવશ્યક છે. ૨૦૦૦ના વર્ષમાં જીસીઈઆરટી દ્વારા ઈ.ડી.એન. પ્લાન અંતર્ગત રાજ્યના તમામ ભવનોને મૂલ્યાંકન કાર્યશિબિરનો એક વર્ગ સોંપવામાં આવ્યો હતો. જેના અનુસંધાને ગાંધીનગર ડાયેટ દ્વારા મૂલ્યાંકન અંગેની સર્વગ્રાહી અને તાર્કિક પ્રણાલી વિકસાવવા માટે એક નવીન વિચારધારા લઈને તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ભવન રચિત ચર્ચાપત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. હાલના પરિણામપત્રકોને વધુ સરળ બનાવવા માટેના યોગ્ય ઉપાયો સૂચવવામાં આવ્યા હતાં. તેમજ તબક્કાવાર કસોટી પત્રક અને વાર્ષિક પરિણામ પત્રક કઈ રીતે વિકસાવવા તેની સમજ આપવામાં આવી.

ઉપરાંત જીસીઈઆરટી દ્વારા ધોરણ ૩ થી ૭ના તમામ વિષયો ઉપર દરેક જિલ્લાની શાળાઓમાં લેવાતી સિદ્ધિ કસોટી દ્વારા પણ ગુજરાતના બાળકોની શૈક્ષણિક સિદ્ધિનું ધોરણ જાણી તે માટેનાં પગલાં લેવા તાલીમ કાર્યક્રમોમાં તે બાબતોને સાંકળવામાં આવે છે.

આજ રીતે તાલીમ વર્ગ પૂર્ણ થયે તાલીમોનું મૂલ્યાંકન કરવામાં આવે છે. આ માટે તાલીમવર્ગ પૂર્ણ થયે નિયત નમૂનાનું પ્રતિભાવ ફોર્મ ભરાવવામાં આવે છે. જેના આધારે તાલીમની પદ્ધતિ, સ્થળ, સમય, તજ્જ્ઞ અને વર્ગની સફળતા વિશે માહિતી મેળવવામાં આવે છે. તેમજ કાર્યક્રમ અંગે અભિપ્રાયાવલી બનાવી નિયતબિંદુ સંમત, અસંમત, તટસ્થ પર પ્રતિભાવ લેવામાં આવે છે. ઉપરાંત પૂર્વકસોટી અને ઉત્તરકસોટી આધારે વર્ગ સફળતા નક્કી કરવામાં આવે છે. વર્ગના સમાપન સત્રમાં લક્ષિત જૂથના સભ્યો તથા તજ્જ્ઞોના મૌખિક અભિપ્રાયો વક્તવ્યના રૂપમાં લેવામાં આવે છે.

**અનુવર્તી કાર્ય :**

તાલીમ કાર્યક્રમોનાં મૂલ્યાંકનના આધારે મળેલ પ્રતિભાવો પરથી અનુવર્તીકાર્ય આ પ્રમાણે કરવામાં આવે છે.

- તાલીમ અંગેની જરૂરિયાતના આધારે ભવિષ્યના વર્ગોનું આયોજન થાય છે.
- તાલીમના સ્થળ પસંદગીમાં ઉપયોગી બને છે.
- તજ્જ્ઞોની પસંદગીમાં ઉપયોગી બને છે.
- નિવાસી અને બિનનિવાસી વર્ગની જરૂરિયાત જાણવા ઉપયોગી બને છે.
- વિષયની તાલીમમાં કયા વિષયને મહત્ત્વ આપવું તે નક્કી કરવામાં ઉપયોગી બને છે.

## ૩.૦ સંશોધન હેતુ ૩.૩ ના સંદર્ભમાં માહિતીની રજૂઆત :

પ્રસ્તુત સંશોધનના નિર્ધારિત હેતુઓમાંથી હેતુ ૩.૩ આ પ્રમાણે છે :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અંતર્ગત થયેલાં સંશોધન કાર્યોનો અભ્યાસ કરવો.

આ હેતુ ૩.૩ ના સંદર્ભમાં ઉપલબ્ધ વિગતોની માહિતી અહીં દર્શાવેલ છે.

### *૩.૧ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં સંશોધન કાર્ય :*

સંશોધન એ શિક્ષણમાં સૌથી મહત્ત્વનો પાયો છે. સંશોધન એ શાંત ક્રાંતિ પણ છે. જેમ જેમ સંશોધનો હાથ ધરાતાં રહે છે, તેમ તેમ શિક્ષણમાં જરૂરી માર્ગદર્શન પણ મળતું

રહે છે. અલબત્ત, સમસ્યાને અનુરૂપ સંશોધનો થાય તે જરૂરી છે, કારણ કે તો જ સંશોધનોને પૂરતો ન્યાય આપી શકાય અને તે સંશોધનો સમાજ માટે ઉપકારક નીવડી શકે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો સંશોધનકાર્યનાં આધારભૂત કેન્દ્ર બની શકે છે.

પ્રસ્તુત સંશોધનના નમુનામાં સમાવિષ્ટ દસ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો અંતર્ગત થયેલાં સંશોધન કાર્યોનો સ્પષ્ટ ચિતાર અત્રે ક્રમવાર દર્શાવેલ છે.

### *૩.૧.૧ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ :*

❀ **સંશોધનની તાલીમ :**

સંશોધન અંગે તાલીમ એ સંશોધન પ્રક્રિયા માટે પૂર્વભૂમિકા છે. સંશોધન માટે સંશોધક સમસ્યા અંગે તેમજ સંશોધનની પદ્ધતિ અંગે કટિબદ્ધ થાય તો જ સંશોધનનો હેતુ સાર્થક થાય. આમ સંશોધન જયારે સંસ્થાનું કાર્ય બને છે, ત્યારે જે તે સંસ્થાએ આ અંગે શકય એટલી તાલીમો ગોઠવવી આવશ્યક બને છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ દ્વારા લેકચરર અને શિક્ષકો માટે નીચે પ્રમાણે તાલીમો ગોઠવાયેલ છે.

સારણી – ૪.૩૦

**સંશોધન તાલીમોની વિગત દર્શાવતી સારણી**

| *વર્ષ* | *દિવસ* | *પ્રકાર* | *લાભાર્થી* |
|---|---|---|---|
| ૧૯૯૯/૨૦૦૦ | ૪ દિવસ | નિવાસી તાલીમ | ૫૦ શિક્ષકો |
| ૨૦૦૦/૨૦૦૧ | ૪ દિવસ | નિવાસી તાલીમ | ૩૨ શિક્ષકો |
| ૨૦૦૧/૨૦૦૨ | ૨ દિવસ | નિવાસી તાલીમ | ૧૮ શિક્ષકો |
| | | | ૧૦૦ શિક્ષકો |

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ દ્વારા સતત પ્રયત્નોથી ભવનના અધ્યાપકો દ્વારા ૨૧ સંશોધનો હાથ ધરાયેલછે, તેમજ પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા ૪૦ સંશોધનો હાથ ધરાયેલ છે.

તાલીમ ભવનમાં ત્રણ વ્યાખ્યાતાઓએ પીએચ.ડી.ની ઉપાધિ પણ પ્રાપ્ત કરેલ છે. તેમજ અન્ય ચાર વ્યાખ્યાતા તથા પ્રાચાર્યશ્રી પીએચ.ડી. અન્વયે સંશોધન કાર્ય કરી રહેલા છે.

❀ **સંશોધન કાર્યક્રમો :**

૧. ૧૯૯૮–૯૯ સિદ્ધિ માપન કસોટી, C.M.D.E. દ્વારા, સમયગાળો ડિસે–૯૮ થી માર્ચ–૯૯

૨. ધો. ૬ ગણિત / ધો. ૭ સમાજવિદ્યા સિદ્ધિ કસોટીનું નિર્માણ.

૩. ૧૯૯૯–૨૦૦૦ સિદ્ધિ માપન કસોટી

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવને સંશોધન અંગે તાલીમી કાર્યક્રમો ઉપરાંત જરૂરી મટીરીયલ્સ પણ તૈયાર કરેલ છે.

### *૩.૧.૨ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાલનપુર :*

ભવન દ્વારા સંશોધન અંગેની તાલીમ આપતા કાર્યક્રમો પ્રતિવર્ષ યોજવામાં આવેલ છે. ૧૯૯૯–૨૦૦૦ માં એકદિવસીય બિનનિવાસી તાલીમમાં રૂા. ૩૧૦૦/– નો ખર્ચ કરવામાં આવેલ જયારે સંશોધન કાર્ય પદ્ધતિ અંગેના બે વર્ગો ૨૦૦૦–૨૦૦૧ અને ૨૦૦૧–૨૦૦૨માં યોજવામાં આવેલ. જેમાં અનુક્રમે રૂા. ૨૧૯૭૫/– અને રૂા. ૧૫૦૦૦/–નો ખર્ચ કરવામાં આવેલ.

ભવનના સંશોધનોમાં મોટા પાયાના સંશોધનો કરતાં ACTION RESEARCH ઉપર વધારે ભાર મુકવામાં આવે છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાલનપુર દ્વારા જે એકશન રીસર્ચ હાથ ધરવામાં આવેલ છે તેની વિગતો સારણી – ૪.૩૧ માં દર્શાવેલ છે.

## સારણી – ૪.૩૧

### વિષયવાર સંશોધનની સંખ્યા દર્શાવતી સારણી

| *વિષય* | *સારણી* |
|---|---|
| ગણિતમાં | ૧૩ |
| અંગ્રેજીમાં | ૦૫ |
| વિજ્ઞાનમાં | ૦૩ |
| ગુજરાતીમાં | ૧૩ |
| ઘડિયાગાનમાં | ૦૩ |
| વિદ્યાર્થીની અનિયમિતતા અંગે | ૦૪ |
| વિદ્યાર્થીની ગેરહાજરી અંગે | ૦૪ |
| અક્ષર સુધારણા અંગે | ૦૮ |
| કુલ | ૫૫ |

❀ **સંશોધન કાર્યક્રમો :**

(૧) ૧૯૯૮–૯૯ સિદ્ધિમાપન કસોટી ધો–૫ વિજ્ઞાન શાળા CMDE દ્વારા

સમયગાળો : ડિસેમ્બર–૯૮ થી માર્ચ–૯૯

બાળકો : ધો–૫ નાં ૬૦૦ બાળકો

(૨) ધો–૭ ના સમાજવિદ્યા અને વિજ્ઞાન વિષય પરની પ્રશ્નબેંકનું નિર્માણ (૧૯૯૯–૨૦૦૦)

➯ સને ૧૯૯૮–૯૯ દરમ્યાન ભવને ધો–૫ ના વિજ્ઞાન વિષયની સિદ્ધિ માપન કસોટી તૈયાર કરેલ છે.

➯ દર વર્ષે પ્રથમ લેખિત અને બીજી(વાર્ષિક) લેખિત પરીક્ષામાં પ્રશ્નપત્રો તૈયાર કરવાનું કામ પણ ભવનમાં થાય છે.

➯ સંશોધન અંગે તાલીમી કાર્યક્રમો ઉપરાંત જરૂરી મટીરીયલ્સ પણ તૈયાર કરેલ છે.

### *૩.૧.૩ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત*

સંશોધન અંગેના તાલીમી કાર્યક્રમો રાજ્ય અને જિલ્લા કક્ષાએ હાથ ધરાતા રહ્યા છે. ક્રિયાત્મક સંશોધન માટેના તાલીમ વર્ગમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરતના અધ્યાપકોએ ભાગ લીધો હતો. શિક્ષકો માટે પણ ક્રિયાત્મક સંશોધન વિષયક ખાસ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું અને શિક્ષકોને તેનાં ક્ષેત્રો અને સંશોધનોની તબક્કા અનુસાર માહિતી આપવામાં આવી હતી. એ સંદર્ભમાં સંશોધનના નમૂનાઓ પણ રજૂ કરવામાં આવ્યા હતા. આવશ્યકતાનુસાર વિશ્વવિદ્યાલયોના અધ્યાપકો દ્વારા ભવનના અધ્યાપકોને માર્ગદર્શન આપવાનો અભિગમ પણ રાખવામાં આવ્યો હતો. સીસીઆરટી અને ભવનના અધ્યાપકો મહતમ પ્રમાણમાં લાભાન્વિત થયા હતા.

❀ **ભવનના અધ્યાપકો દ્વારા હાથ ધરાયેલા સંશોધનો :**

ભવનના અધ્યાપકો દ્વારા હાથ ધરાયેલ સંશોધનોની માહિતી આ મુજબ છે.

**સારણી – ૪.૩૨**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત દ્વારા થયેલાં સંશોધનો**

| *ક્રમ* | *સંશોધનનું શીર્ષક* | *અધ્યાપકનું નામ* |
|---|---|---|
| ૧. | સુરત જિલ્લાનાં સી.આર.જી.ની ધોરણ–૬ ના વિજ્ઞાન વિષયમાં સિદ્ધિનું નિદાન અને તેનું નિવારણ | વૈશાલીબેન શાહ |
| ૨. | ધોરણ–૫ના ગુજરાતી વિષય માટે બહુમાધ્યમ સંપૂટની રચના અને અજમાયશ | સ્મિતાબેન રજવાડી |
| ૩. | ધોરણ–૬ના ગણિત માટે સી.આર.જી. સભ્યોને અપાયેલ તાલીમની અસરકારકતાનો અભ્યાસ | જે. એન. રામાણી |
| ૪. | ધોરણ–૫માં ગણિતનું અધ્યયન કરતા શિક્ષકોને અપાયેલ વિષયવસ્તુની તાલીમની અસરકારકતાનો અભ્યાસ | એલ. પી. પટેલ<br>ટી. એસ. જોષી |

| | | |
|---|---|---|
| ૫. | ધોરણ–૬ના વિજ્ઞાનનાં ચૂંબક એકમ સંદર્ભે રૈખિક અભિક્રમની રચના અને અજમાયશ | હિરેન યુ. વ્યાસ |
| ૬. | ધોરણ–૫ના વિજ્ઞાન વિષય સંદર્ભમાં પ્રસારિત I.P.T.T.A.T.V. કાર્યક્રમની અસરકારકતા ચકાસવી | એલ. પી. પટેલ |
| ૭. | શિક્ષણમાંલોકસહયોગ માટે સુરત જિલ્લાના સીઆરસી. કો–ઓર્ડિનેટરનાં મનોવલણોનો અભ્યાસ : જાતિ, શૈક્ષણિક અને શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં | છાયાબેન પંડયા |
| ૮. | નેત્રહિન બાળકોને અનુકૂળ એવી સર્જનાત્મક પ્રવૃત્તિઓના વિસ્તારનો અભ્યાસ | રાજેશ મુલવાણી |
| ૯. | ધોરણ–૬ ગણિતના ઘાત–ઘાતાંકના એકમ સંદર્ભે પરંપરાગત અધ્યયન પદ્ધતિ અને અભિક્રમિત અધ્યયન પદ્ધતિની અસરકારતાનો અભ્યાસ | હિમાબેન પંડયા |
| ૧૦. | પ્રાથમિક કક્ષાએ કાર્યરત સી.પી.એડ. શિક્ષકોને પ્રાયોગિક કાર્યમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ | ચિરાગ જી. સેઈલર |
| ૧૧. | સુરત જિલ્લાનાં સી.આર.જી. મિત્રોને અંગ્રેજી ભાષાની લેખિત અભિવ્યકિતમાં પડતી મુશ્કેલીઓ જાણી તાલીમ દ્વારા તેનું નિરાકરણ કરવું | સ્મિતાબેન દેસાઈ<br>હિમાબેન પંડયા |
| ૧૨. | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરતની પી.એસ.ટી.ઈ. શાખામાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓની સામાજિકતાનો અભ્યાસ | રાજેશ મુલવાણી<br>વૈશાલી શાહ<br>એલ.પી.પટેલ |
| ૧૩. | અંધજન શાળા, સુરતનો વ્યકિત અભ્યાસ | પાલસિંગ એસ.ચૌધરી |
| ૧૪. | નિઝર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૩માં કાર્યરત પ્રાદેશિક બોલી જાણનાર અને ન જાણનાર શિક્ષકોના વિદ્યાર્થીઓના વિષયવાર શૈક્ષણિક સિદ્ધિનો તુલનાત્મક અભ્યાસ | ટી.એસ.જોષી |

| | | |
|---|---|---|
| ૧૫. | ધોરણ–૪ના ગણિત વિષયના અધ્યયન ક્ષેત્ર ૫ ની ક્ષમતાઓમાં વિદ્યાર્થીઓની અસરકારકતાનો કુમાર અને કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિનો તુલનાત્મક અભ્યાસ | કલ્પનાબેન સિદ્ધિવાલા |
| ૧૬. | દક્ષિણ ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૩માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો તુલનાત્મક અભ્યાસ | ટી.એસ.જોષી<br>રાજેશ મુલવાણી |
| ૧૭. | પી.ટી.સી. દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓની નિબંધની નબળી અભિવ્યકિતનાં કારણો જાણી અને તેનું નિવારણ કરવું | રાજેશ મુલવાણી<br>આર.એમ.વાલ્મિક |
| ૧૮. | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત શાળાઓનાં ધોરણ–૫માં શૈક્ષણિક કાર્ય કરતા શિક્ષકોની ગાણિતિક સિદ્ધિનો તુલનાત્મક અભ્યાસઃ અધ્યયન ક્ષેત્ર, જાતિ (SEX) તથા અનુભવના સંદર્ભમાં | કલ્પનાબેન સિદ્ધિવાલા |
| ૧૯. | આદર્શ પ્રાથમિક શાળા, વંઝોળિયા, તા. પલસાણા : એક અભ્યાસ | સ્મિતાબેન રજવાડી |
| ૨૦. | પ્રાથમિક શાળા, ટાપરવાડા, તા. સોનગઢઃ એક અભ્યાસ | એલ.પી.પટેલ |
| ૨૧. | ધોરણ–૭ના ગુજરાતી વિષયની સિદ્ધિ કસોટીની રચના અને પ્રમાણિકરણ | રાજેશ મુલવાણી |
| ૨૨. | સુરત જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓની ધોરણવાર, વિષયવાર અને તાલુકાવાર શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ : ૧૯૯૮–૯૯ | ટી.એસ.જોષી |
| ૨૩. | સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓના બાળકોની શૈક્ષણિક સિદ્ધિઃ ૨૦૦૦–૨૦૦૧ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત દ્વારા |

## ❀ ક્રિયાત્મક સંશોધનનો અનુભવ :

તાલીમાર્થીઓ વિદ્યાલયોમાં સેવા અર્થે જતાં પૂર્વે તાલીમ દરમિયાન જ ક્રિયાત્મક સંશોધન વિષયક જ્ઞાન પ્રાપ્તિ કરી લે છે. ક્રિયાત્મક સંશોધનની સમસ્યાથી માંડીને માહિતીનું પૃથક્કરણ અને તેનું અર્થઘટન કરવાની તાલીમ પ્રાપ્ત કરી શકે છે. ધોરણ પાંચ અને છ માં અભ્યાસ કરનારા લખવામાં, વાંચવામાં તેમજ ગણિત વિષયમાં નબળા હોય તેવા વિદ્યાર્થીઓની સુધારણા અર્થે આ પ્રકારના સંશોધનો સહાયક થઈ પડે છે. તાલીમાર્થીઓ વિદ્યાર્થીઓની નબળાઈઓથી પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીનાં પરિણામોને આધારે સુધારનારની જાણકારી પ્રાપ્ત કરી શકે છે. એટલું જ નહીં સંશોધનની પ્રક્રિયામાંથી પસાર થયા પછી માર્ગદર્શક અધ્યાપન કાર્ય પણ એ જ સમય દરમિયાન કરી શકે છે. એનું ઉત્તમ પરિણામ એ આવી શકયું કે, નબળા વિદ્યાર્થીઓ ઝડપથી પોતાના વિદ્યાભ્યાસમાં પ્રગતિશીલ બની શકયા. આમ, શિક્ષણની ગુણવત્તા સુધારણા અર્થે આ પ્રકારનાં ક્રિયાત્મક સંશોધનો કરવાની તાલીમાર્થીઓને ઉમદા તક પ્રાપ્ત થઈ શકે છે.

## ❀ સંશોધન કાર્યક્રમો :

અભ્યાસક્રમ સામગ્રી વિષયક વિકાસની અને મૂલ્યાંકનની પ્રક્રિયા પ્રાથમિક શાળાઓમાં થતી રહે છે. પ્રાથમિક શાળાઓનાં શિક્ષકો અને સી.આર.સી.ની સહાયથી ક્ષમતાલક્ષી કસોટીપત્રો તૈયાર કરવાનો અભિગમ રહ્યો છે. તાલીમ પૂર્વે પ્રોજેકટમાં સમાવિષ્ટ ૨૦ પ્રાયોગિક શાળાઓમાં તક્નિકો અને પદ્ધતિઓનો વિનિયોગ કરવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે. મુખ્યતઃ ધોરણ બે ના ભાષા અને પર્યાવરણના વિષયોના પાઠયપુસ્તકોની સામગ્રીના સંદર્ભમાં મૂલ્યાંકનની પ્રક્રિયાને અગ્રસ્થાન આપવાનો અભિગમ રહ્યો છે.

ક્રિયાત્મક સંશોધન કાર્ય અર્થે પ્રાથમિક શાળાઓના શિક્ષકોને ખાસ તાલીમ આપવામાં આવે છે. તાલીમ દરમિયાન સંશોધન સંદર્ભમાં ખાસ કાર્યશિબિરનું આયોજન થાય છે. શિક્ષકો પોતાનાં શિક્ષણ દરમિયાન વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સંબંધી પજવતી

સમસ્યાઓને ધ્યાનમાં રાખીને ક્રિયાત્મક સંશોધન કાર્ય હાથ ધરે છે. માર્ગદર્શક તરીકે ભવનના વ્યાખ્યાતાઓ અને પ્રાચાર્ય સહાયક બને છે. આજ પર્યંત ૨૭ જેટલા શિક્ષકોએ ક્રિયાત્મક સંશોધન કાર્ય હાથ ધર્યું છે. જેની સાંખ્યિક માહિતી સારણી ૪.૩૩માં જોવા મળશે.

**સારણી – ૪.૩૩**
**ક્રિયાત્મક સંશોધનોની સંખ્યા**

| *ક્રમ* | *તાલુકો* | *શાળાની સંખ્યા* |
|---|---|---|
| ૧. | ઓલપાડ | ૦૫ |
| ૨. | કામરેજ | ૦૮ |
| ૩. | બારડોલી | ૦૨ |
| ૪. | સોનગઢ | ૦૧ |
| ૫. | માંગરોળ | ૦૨ |
| ૬. | ઉચ્છલ | ૦૧ |
| ૭. | પલસાણા | ૦૧ |
| ૮. | ચોર્યાસી | ૦૩ |
| ૯. | ન.પ્રા.શિક્ષણ સમિતિ | ૦૩ |
| ૧૦. | માંડવી | ૦૧ |
| | કુલ | ૨૭ |

### *૩.૧.૪ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી*

પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ તેમજ રાષ્ટ્રીય સાક્ષરતા અભિયાનના ધ્યેયો પ્રાપ્ત કરવામાં જે સ્થાનિક સમસ્યાઓનો સામનો કરવાનો રહે છે તેને હલ કરવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી દ્વારા ક્ષેત્ર અભ્યાસ કાર્ય, સંશોધન અને પ્રયોગો હાથ ધરવામાં આવે છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી દ્વારા વિવિધ સંશોધનો થયેલ છે. તેમાં અધ્યાપકો દ્વારા જે સંશોધનો થયેલ છે તેની વિગતો સારણી ૪.૩૪માં દર્શાવેલ છે.

## સારણી – ૪.૩૪

## અધ્યાપકો દ્વારા હાથ ધરાયેલાં ક્રિયાત્મક સંશોધનો

| ક્રમ | શીર્ષક | વર્ષ | અધ્યાપકનું નામ | માર્ગદર્શક | વિષય |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રેણી ૪ ના ગણિત વિષયના અધ્યયન ક્ષેત્ર–૪ (અપૂર્ણાંક) માં વિદ્યાર્થીઓની કચાશનું નિદાન | ૧૯૯૬–૯૭ | ચંદ્રકાંત એમ. રામાનુજ | ડો. પ્રવિણભાઈ શાહ | ગણિત |
| ૨. | દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓના હિન્દી ભાષા લેખન દોષ નિદાન અને ઉપચાર | ૧૯૯૬–૯૭ | શ્રીમતી એસ.જી. પંડયા | શ્રી કે.કે. કરકર | હિન્દી |
| ૩. | અધ્યાપન મંદિરના બીજા વર્ષમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓના અનુસ્વાર' ના ઉપયોગ વિષયક જાણકારી અંગે નિદાન અને ઉપચાર | ૧૯૯૬–૯૭ | શ્રી કે. કે. કરકર | ડો. પ્રવિણભાઈ શાહ | ગુજરાતી |
| ૪. | પી.ટી.સી.ના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓના અંગ્રેજી મુળાક્ષર લેખનના યોગ્ય કદ અને આકારની ઉણપનું નિદાન અને ઉપચાર | ૧૯૯૯–૨૦૦૦ | શ્રી જે.એ. સુતરિયા | – | અંગ્રેજી |
| ૫. | જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, અમરેલીના તાલીમાર્થીઓની ગાણિતિક સંકેતો અંગેની સંકલ્પના | ૨૦૦૦–૦૧ | શ્રીમતી લેખાબેન શાહ | ડો. જે.પી. પંડયા | ગણિત |
| ૬. | ચા–નાસ્તા અંગે શિક્ષકોના અભિપ્રાયો | ૨૦૦૧–૦૨ | શ્રી કે. કે. કરકર | શ્રી જી.વી. બાલધા | શિક્ષક પ્રશિક્ષણ |

અમરેલી ડાયેટ દ્વારા કેટલાંક સંશોધનો પ્રોજેકટ રૂપે હાથ ધરાયેલ છે તે આ પ્રમાણે છે.

**(૧) ધોરણ–૬ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણની સિદ્ધિ કસોટીની રચના અને તેનું પ્રામણીકરણ**

૧. વર્ષ : ૧૯૯૭–૯૮

૨. સંશોધન શીર્ષક : ધોરણ–૬ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણની સિદ્ધિ કસોટીની રચના અને તેનું પ્રામણીકરણ

૩. ફાળવેલ રકમ : –– નીલ ––

૪. પૂરો કરવા લાગેલ સમય: ૧ વર્ષ

૫. અનુદાનની રકમ : – નીલ –

૬. અનુદાન આપનાર એજન્સી : – નીલ –

૭. સંશોધન કરવા પાછળનું કારણ/હેતુ (મહત્ત્વ)

(૧) ધોરણ–૬ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ વિષયની સિદ્ધિ કસોટીની રચના કરવી.

(૨) ધોરણ–૬ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ વિષયની સિદ્ધિ કસોટીનું પ્રમાણિકરણ કરવું.

૮. સંશોધનની જરૂરિયાત :

- અમરેલી જિલ્લામાં હાલમાં ધો. ૬ ની શારીરિક અને સ્વાસ્થ્ય શિક્ષણ વિષયમાં શૈક્ષણિક સિદ્ધિ તપાસવી.
- ગુજરાત કક્ષાએ સિદ્ધિ સર્વે માટે કસોટી તૈયાર કરવી.

૯. તારણો : ૬૦ ગુણની સિદ્ધિ કસોટી તૈયાર કરવામાં આવી.

**(૨) અમરેલી જિલ્લા સિદ્ધિ સર્વેક્ષણ વર્ષ ૧૯૯૮–૯૯**

વર્ષ : ૯૮–૯૯

અધ્યાપકનું નામ : કે. કે. કરકર

વિષય – એરીયા : સર્વેક્ષણ

| | | |
|---|---|---|
| સંશોધનના હેતુઓ | : | ધો.૩ થી ૬ માં ભણતા વિદ્યાર્થીઓની વિવિધ વિષયોમાં શૈક્ષણિક સિદ્ધિઓ જાણવી. |
| સંશોધનની જરૂરિયાત | : | અમરેલી જિલ્લાની પ્રાથમિક શાળામાં ધો. ૩ થી ૬માં ભણતા વિદ્યાર્થીઓની વિવિધ વિષયોમાં જિલ્લાકક્ષાએ શૈક્ષણિક સિદ્ધિ |
| વ્યાપવિશ્વ | : | જિલ્લો – અમરેલી |
| નમુનો | : | પસંદગીની શાળાઓ |
| ઉપકરણ | : | પ્રમાણિત સિદ્ધિ કસોટી |
| માહિતી પૃથ્થકરણ | : | NRT 99 દ્વારા કમ્પ્યુટર પ્રોગ્રામ માહિતી ફલોપીમાં તૈયાર કરી ભાવનગર યુનિ. ને આપવામાં આવેલ. આગળની કાર્યવાહી તેમના દ્વારા થયેલ. |
| તારણો | : | ધો. ૩ થી ૬ ના વિવિધ વિષયોની સિદ્ધિ જાણવા મળી. |

**(૩) ધો. ૩ થી ૭ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણની સિદ્ધિ કસોટીની રચના અને તેનું પ્રમાણિકરણ.**

| | | | |
|---|---|---|---|
| ૧. | વર્ષ | : | ૨૦૦૦–૨૦૦૧ |
| ૨. | સંશોધન શીર્ષક | : | સિદ્ધિ સર્વે ૨૦૦૧ |
| ૩. | પુરો કરવા લાગેલ સમય | : | ૬ માસ |
| ૪. | અનુદાન આપનાર એજન્સી | : | જી.સી.ઈ.આર.ટી. |

૫. સંશોધન કરવા પાછળનું કારણ, હેતુ (મહત્ત્વ) :

૧) જિલ્લાના ધો. ૩ થી ૭ માં ભણતા વિદ્યાર્થીની સ્વાસ્થ્ય અને શારિરિક શિક્ષણ જેવા વિષયોમાં શૈક્ષણિક સિદ્ધિઓ જાણવી.

૨) જિલ્લા કક્ષાએ ધોરણવાર કઠિન બિંદુઓ જાણવા.

૬. સંશોધનની જરૂરિયાત :

અમરેલી જિલ્લાની પ્રાથમિક શાળામાં ધો. ૩ થી ૭ માં ભણતા વિદ્યાર્થીઓની દરેક વિષયમાં જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ શૈક્ષણિક સિદ્ધિ તથા કઠિન બિંદુઓ જાણી વર્ષ ૧૯૯૮–૯૯ ના સર્વેક્ષણના પરિણામ સાથે તુલના કરવા.

૭. તારણો :

(૧) છ તાલુકાની વિષયવાર સિદ્ધિ કક્ષા જાણવા મળી.

(૨) ગુજરાત રાજ્યમાં અમરેલી જિલ્લાનું દરેક વિષયમાં સ્થાન જાણવા મળ્યું.

(૩) કઠિન બિંદુઓ પ્રાપ્ત થયા.

**(૪) ધો. ૭ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણની સિદ્ધિ કસોટીની રચના અને તેનું પ્રમાણિકરણ.**

| | | |
|---|---|---|
| ૧. | વર્ષ | : ૨૦૦૦–૨૦૦૧ |
| ૨. | સંશોધન શીર્ષક | : ધો. ૭ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણની સિદ્ધિ કસોટીની રચના અને તેનું પ્રમાણિકરણ |
| ૩. | પુરો કરવા લાગેલ સમય | : ૪ માસ |
| ૪. | અનુદાન આપનાર એજન્સી | : જી.સી.ઈ.આર.ટી. |

૫. સંશોધન કરવા પાછળનું કારણ, હેતુ (મહત્ત્વ) :

(૧) ધો. ૭ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ વિષયની સિદ્ધિ કસોટીની રચના કરવી.

(૨) ધો.૭ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણની વિષયની સિદ્ધિ કસોટીનું પ્રમાણિકરણ કરવું.

(૩) ધો.૭ ના વિદ્યાર્થીઓની સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ વિષયની સિદ્ધિનો અભ્યાસ કરવો.

(૪) ધો.૭ ના વિદ્યાર્થીઓની સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ વિષયની સિદ્ધિ પર જાતીયતા અને વિસ્તારની અસર તપાસવી.

૬. સંશોધનની જરૂરિયાત :

(૧) ધોરણ ૭ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણની સિદ્ધિની બાબતમાં શહેરી વિસ્તારના કુમારો અને કન્યાઓ ઘણાજ નબળા છે. તેમની કક્ષા ઉંચી લાવવા માટે અલગથી આયોજન કરવું ઘટે.

(૨) ગુજરાત કક્ષાએ સિદ્ધિ સર્વે માટે કસોટી તૈયાર કરવી.

૭. તારણો : ૬૦ ગુણની સિદ્ધિ કસોટી તૈયાર થઈ.

આમ અમરેલી ડાયેટ દ્વારા વિશાળ પાયા પર સંશોધનો હાથ ધરાયા છે. તેમજ ડાયેટનો દરેક અધ્યાપક સંશોધન ક્ષેત્રે આગવી સૂઝ ધરાવે છે. તેથી સંશોધન ક્ષેત્રે મોટા પાયા પર અને ઉંડાણપૂર્વક ખેડાણ થયું છે. આમ અમરેલી ડાયેટમાં સંશોધન કાર્ય એક શાખા સ્વરૂપે વિકસ્યું છે.

### *૩.૧.૫ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ*

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ દ્વારા સંશોધન ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન થયેલ છે. સંશોધન આ ભવનનું આગવું પરિમાણ છે તેવું નોંધી શકાય તેમ છે. નીચેની વિગતો આ વાતની સાક્ષીરૂપ છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ દ્વારા કુલ ૩૨ સંશોધન હાથ ધરવામાં આવ્યા હતા.

વર્ષ ૧૯૯૭–૯૮માં કુલ બાર સંશોધન હાથ ધરવામાં આવ્યા હતા.

વર્ષ ૧૯૯૮–૯૯ માં કુલ પાંચ સંશોધન હાથ ધરવામાં આવ્યા હતા.

વર્ષ ૧૯૯૯–૦૦ માં કુલ ચાર સંશોધન હાથ ધરવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૦૦–૦૧ માં કુલ આઠ સંશોધન હાથ ધરવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૦૧–૦૨ માં કુલ ત્રણ સંશોધન હાથ ધરવામાં આવ્યા હતા.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૦૧–૨૦૦૨ દરમ્યાન કુલ ૧૦ પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા સંશોધન હાથ ધરેલાં હતાં. તેમાં બે શિક્ષકોએ ક્રિયાત્મક સંશોધન હાથ ધર્યા હતા. તેમજ આઠ શિક્ષકોએ પ્રાયોગિક સંશોધન હાથ ધર્યા હતા.

શિલ્પાબેન પીપળીયા દ્વારા હાથ ધરાયેલું સંશોધન ધોરણ–૬ વિજ્ઞાન વિષયના ચુંબક એકમના વર્કકાર્ડની સંરચના અને અસરકારકતાનો અભ્યાસ રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામેલ હતું.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ દ્વારા કુલ ૧૫ સંશોધન વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ત્રણ કાર્યક્રમો વ્યાખ્યાતાઓ માટે યોજાયા હતા. જયારે ૧૨ વર્ગો પ્રાથમિક શાળાના શિક્ષકો માટે યોજાયા હતા. કુલ ૧૨ વર્ગોમાંથી ત્રણ વર્ગો ક્રિયાત્મક સંશોધન અંગેના હતા. ૧૯૯૫–૯૬, ૧૯૯૭–૯૮, ૨૦૦૨–૦૩ માં એકપણ સંશોધન તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું ન હતું. વર્ષ ૨૦૦૧–૦૨માં સૌથી વધુ સાત સંશોધન અંગેના કાર્યક્રમો હાથ ધરાયા હતા.

### ❀ સંશોધન પ્રોજેકટ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ દ્વારા હાથ ધરાયેલા સંશોધન પ્રોજેકટ સારણી ૪.૩૫માં રજૂ કરવામાં આવ્યા છે.

### સારણી – ૪.૩૫

### વર્ષવાર હાથ ધરાયેલા સંશોધન પ્રોજેકટ

| ક્રમ | પ્રોજેકટ વિષય | વ્યાખ્યાતા/સંશોધન વર્ષ | સંશોધન વર્ષ |
|---|---|---|---|
| ૧. | સિદ્ધિ કસોટી પ્રોજેકટ | ઉત્પલાબેન મહેતા, એલ.જે.પુરોહિત | ૧૯૯૮–૯૯ |
| ૨. | સિદ્ધિ કસોટી | નિરાલીબેન જોષી, વી.વી.સુરેલિયા, સી.એચ.મૈયડ | ૨૦૦૦–૦૧ |
| ૩. | આઈ.સી.ડી.એસ.સર્વે | એ.ટી.પટેલ | ૨૦૦૧–૦૨ |
| ૪. | રાજકોટ જિલ્લાના ધોરાજી, જસદણ, રાજકોટની પ્રાથમિક શાળાઓનો તુલનાત્મક અભ્યાસ | ડો.એસ.એલ.ભોરણીયા, ડો.જી.એન.ગજેરા, પી.વી.જાની, | |
| ૫. | કોહાર્ટ સ્ટડી | ડો. એસ.એલ.ભોરણીયા | ૨૦૦૨–૦૩ |

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ દ્વારા વર્ષ ૧૯૯૫ થી વર્ષ ૨૦૦૨ સુધીમાં કુલ પાંચ શૈક્ષણિક પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યા હતા. જેમાં બે પ્રોજેકટ કેઈસ સ્ટડી અને રાજકોટ જિલ્લાના ધોરાજી, જસદણ, રાજકોટની પ્રાથમિક શાળાનો તુલનાત્મક અભ્યાસનું કાર્ય ચાલુ છે.

### *૩.૧.૬ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ :*

ભવન દ્વારા બે પ્રકારે સંશોધન કાર્ય થયેલ છે.

(૧) સંશોધન સંબંધી તાલીમ કાર્યક્રમો

(૨) સંશોધન પ્રોજેકટસ

આ બન્ને પ્રકારનાં સંશોધન કાર્યની વિગતો અત્રે પ્રસ્તુત છે.

## ❀ સંશોધન સંબંધિત તાલીમ કાર્યક્રમો

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ દ્વારા હાથ ધરાયેલા સંશોધન તાલીમ કાર્યક્રમો સારણી ૪.૩૬માં રજૂ કરવામાં આવ્યા છે.

**સારણી – ૪.૩૬**

**હાથ ધરાયેલ સંશોધન તાલીમ કાર્યક્રમ**

| *વર્ષ* | *કાર્યક્રમોની સંખ્યા* | *લાભાર્થીઓની સંખ્યા* | *તારીખ* | *કુલખર્ચ* | *સંશોધન પ્રકાર* |
|---|---|---|---|---|---|
| ૧૯૯૮–૯૯ | – | – | – | – | – |
| ***સંશોધન તાલીમ કાર્યક્રમની વિગત :*** પ્રથમ કાર્યક્રમ | | | | | |
| ૧૯૯૯–૦૦ | – | – | – | – | – |
| ૨૦૦૦–૦૧ | ૧ | ૩૬ | ૨૦–૧૨–૦૦<br>૨૩–૧૨–૦૦ | ૨૮૫૮૨ | ક્રિયાત્મક સંશોધન |
| ***સંશોધન તાલીમ કાર્યક્રમની વિગત :*** પ્રભાસપાટણ સોમનાથ ખાતે પ્રાથમિક શાળાના શિક્ષકોની ક્રિયાત્મક સંશોધનની ચાર દિવસની તાલીમ આપવામાં આવી હતી. ચાર દિવસના કાર્યક્રમને અંતે યોગ્ય દરખાસ્ત રજુ કરનાર શિક્ષકોને ૫૦૦ રૂપિયા અનુદાન સાથે સંશોધન હાથ ધરવા પ્રેરણા આપવામાં આવી હતી. | | | | | |
| ૨૦૦૧–૦૨ | ૧ | ૩૯ | ૧૩–૦૨–૦૨<br>૧૬–૦૨–૦૨ | ૧૯૦૬૯ | ક્રિયાત્મક સંશોધન |
| ***સંશોધન તાલીમ કાર્યક્રમની વિગત :*** જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢમાં પ્રાથમિક શાળાના શિક્ષકોની ક્રિયાત્મક સંશોધનની ચાર દિવસની તાલીમ આપવામાં આવી હતી. ચાર દિવસના કાર્યક્રમને અંતે યોગ્ય દરખાસ્ત રજૂ કરનાર શિક્ષકોને ૫૦૦ રૂપિયા અનુદાન સાથે સંશોધન હાથ ધરવા પ્રેરણા આપવામાં આવી. | | | | | |
| ૨૦૦૨–૦૩ | ૧ | ૩૦ | ૧૭–૧૦–૦૨<br>૧૯–૧૦–૦૨ | ૨૨૧૫૧ | ક્રિયાત્મક સંશોધન |
| ***સંશોધન તાલીમ કાર્યક્રમની વિગત :*** પ્રકૃતિધામ ભવનાથ તળેટી જૂનાગઢમાં પ્રાથમિક શાળાના શિક્ષકોને ત્રણ દિવસ ક્રિયાત્મક સંશોધન અંગેની તાલીમ આપવામાં આવી હતી. તાલીમ નિવાસી પ્રકારની હતી. | | | | | |

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ દ્વારા કુલ ત્રણ સંશોધન વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ત્રણેય વર્ગો પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જ યોજાયા હતા. ૧૯૯૫–૯૬, ૧૯૯૭–૯૮, ૧૯૯૯–૨૦૦૦માં એક પણ સંશોધન તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું ન હતું.

❀ **સંશોધન પ્રોજેક્ટ :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ દ્વારા હાથ ધરાયેલા સંશોધન પ્રોજેક્ટ સારણી ૪.૩૭માં રજૂ કરવામાં આવેલી છે.

**સારણી – ૪.૩૭**

**વર્ષવાર હાથ ધરાયેલા સંશોધન પ્રોજેક્ટ**

| *ક્રમ* | *પ્રોજેક્ટ વિષય* | *વ્યાખ્યાતા* | *સંશોધન વર્ષ* |
|---|---|---|---|
| ૧ | સિદ્ધિ કસોટી પ્રોજેક્ટ | એન.બી.ઉપાધ્યાય, બી.કે.મેસિયા | ૧૯૯૮–૯૯ |
| ૨ | સિદ્ધિ કસોટી | એન.બી.ઉપાધ્યાય, બી.કે.મેસિયા | ૨૦૦૦–૦૧ |
| ૩ | આઈ.સી.ડી.એસ.સર્વે | બી.કે.મેસિયા, કે.એન.પટેલ | ૨૦૦૧–૦૨ |
| ૪ | કોહાર્ટ સ્ટડી | યુ.એમ.તન્ના, એન.બી.ઉપાધ્યાય | ૨૦૦૨–૦૩ |
| ૫ | સિદ્ધિ કસોટી | એન.બી.ઉપાધ્યાય, બી.કે.મેસિયા | ૨૦૦૨–૦૩ |

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ દ્વારા વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૨ સુધીમાં કુલ ૫ શૈક્ષણિક પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા હતાં. જેમાં ત્રણ પ્રોજેક્ટ સિદ્ધિ કસોટી અંતર્ગત હતા.

### *૩.૧.૭ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરા :*

❀ **વર્ષવાર હાથ ધરાયેલાં સંશોધનો :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાના અધ્યાપકો દ્વારા શૈક્ષણિક વર્ષ ૧૯૯૮–૯૯ થી વર્ષ ૨૦૦૧–૦૨ દરમ્યાન હાથ ધરવામાં આવેલા સંશોધનોની વિગતો સારણી – ૪.૩૮માં દર્શાવી છે.

**સારણી – ૪.૩૮**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાના વર્ષવાર સંશોધનોની સંખ્યા**

| *ક્રમ* | *વર્ષ* | *શૈક્ષણિક સંશોધનોની સંખ્યા* |
|---|---|---|
| ૧. | ૧૯૯૮–૧૯૯૯ | ૨ |
| ૨. | ૧૯૯૯–૨૦૦૦ | ૫ |
| ૩. | ૨૦૦૦–૨૦૦૧ | ૩૧ |
| ૪. | ૨૦૦૧–૨૦૦૨ | ૧૮ |
| | કુલ... | ૫૬ |

આમ, સારણી ઉપરથી કહી શકાય કે શૈક્ષણિક વર્ષ ૨૦૦૦–૨૦૦૧માં સૌથી વધુ સંશોધનો અધ્યાપકો દ્વારા હાથ ધરવામાં આવેલા છે ત્યારબાદ વર્ષ ૨૦૦૧–૨૦૦૨માં ૧૮ સંશોધનો આ ભવનના અધ્યાપકોએ કરેલા છે. આમ કુલ ૫૬ સંશોધન આ ભવન દ્વારા થયા છે.

**❀ અધ્યાપકો દ્વારા હાથ ધરાયેલા સંશોધનોની સંખ્યા :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાના અધ્યાપકો દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં હાથ ધરવામાં આવેલા વ્યકિતગત સંશોધનોની સંખ્યા સારણી ૪.૩૯માં દર્શાવી છે.

**સારણી – ૪.૩૯**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાના અધ્યાપકો દ્વારા હાથ ધરાયેલ સંશોધનોની સંખ્યા**

| *ક્રમ* | *સંશોધન સંખ્યા* | *અધ્યાપક* | *કુલ* |
|---|---|---|---|
| ૧ | ૪૭ | ૧ | ૪૭ |
| ૨ | ૨ | ૨ | ૨ |
| ૩ | ૨ | ૩ | ૨ |
| ૪ | ૫ | – | ૫ |
| કુલ.. | ૫૬ | – | ૫૬ |

આમ, ઉપરોકત સારણી ઉપરથી કહી શકાય કે અધ્યાપકોએ વ્યકિતગત સંશોધન ૪૭ જેટલા કરેલા છે. તેમજ બે અધ્યાપકો એ ભેગા થઈને સંયુકત રીતે ૨ (બે) સંશોધન કરેલ છે. તેમજ ત્રણ અધ્યાપકોએ સંયુકત રીતે ૨ (બે) સંશોધન કરેલ છે અને ૫ સંશોધન માહિતી મળી શકી નથી કે તેમના સંશોધક કોણ છે માટે એ અલગ બતાવેલ છે. ખરેખર સંશોધનમાં આ ભવને સારી એવી કામગીરી કરી હોય એમ માલુમ પડે છે.

## ❀ અધ્યાપકોએ હાથ ધરેલાં સંશોધનનાં ક્ષેત્રો :

આ સંસ્થામાં સેવારત અધ્યાપકો દ્વારા જે સંશોધનો છેલ્લા ચાર વર્ષમાં હાથ ધરવામાં આવ્યા છે તેના ક્ષેત્રો સારણી ૪.૪૦માં રજૂ કર્યા છે.

**સારણી – ૪.૪૦**

**અધ્યાપકોએ હાથ ધરેલાં સંશોધનનાં ક્ષેત્રો**

| *ક્રમ* | *સંશોધન ક્ષેત્ર* | *સંશોધન સંખ્યા* |
|---|---|---|
| ૧. | અભ્યાસક્રમ | ૨ |
| ૨. | પાઠયપુસ્તક | ૧ |
| ૩. | સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ | ૧ |
| ૪. | કન્યા કેળવણી | ૧ |
| ૫. | અધ્યાપન મંદિર | ૪ |
| ૬. | શૈક્ષણિક સુવિધાઓ | ૨ |
| ૭. | શાળાકીય સમસ્યાઓ | ૭ |
| ૮. | મૂલ્યાંકન | ૯ |
| ૯. | એમ.એલ.એલ. | ૫ |
| ૧૦. | વિષય શિક્ષણ | ૨૪ |
| | કુલ... | ૫૬ |

સારણી ૪.૪૦ ઉપરથી ફલિત થાય છે કે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાના અધ્યાપકો દ્વારા હાથ ધરવામાં આવેલા સંશોધનો કુલ ૧૦ ક્ષેત્રોમાં થયા છે. સૌથી વધુ ૨૪ શૈક્ષણિક સંશોધનો વિષય શિક્ષણને લગતા ક્ષેત્રમાં થયા છે. ત્યારબાદ બીજાક્રમે ૯ શૈક્ષણિક સંશોધનો મૂલ્યાંકનના ક્ષેત્રમાં અને ૭ શૈક્ષણિક સંશોધનો શાળાકીય સમસ્યાઓના ક્ષેત્રમાં થયા છે. એમ.એલ.એલ. અને અધ્યાપન મંદિરને લગતા સંશોધન ક્ષેત્રમાં અનુક્રમે ૫ અને ૪ શૈક્ષણિક સંશોધન થયા છે. સૌથી ઓછા એક સંશોધન પાઠયપુસ્તક, સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ અને કન્યા કેળવણીના સંશોધન ક્ષેત્રમાં થયા

છે. આમ, પાઠયપુસ્તક અભ્યાસક્રમ અને સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણમાં શૈક્ષણિક સંશોધન વધારે સંખ્યામાં થવા જોઈએ. વિષય શિક્ષણના ક્ષેત્રને અહીં સારો એવો ન્યાય મળ્યો છે.

### ❀ શિક્ષણના તબક્કા અનુસાર શૈક્ષણિક સંશોધન :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાના અધ્યાપકોએ હાથ ધરેલાં સંશોધનો શિક્ષણના કયા તબક્કા સ્તરને લગતાં છે તે જાણવું રસપ્રદ બને છે. આ શિક્ષણના સ્તરને ધ્યાનમાં રાખીને સંશોધનોનું શિક્ષણસ્તર અનુસાર વર્ગીકરણ સારણી ૪.૪૧માં દર્શાવવામાં આવેલ છે.

**સારણી – ૪.૪૧**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાના અધ્યાપકોએ કરેલ સંશોધનનું શિક્ષણના સ્તર અનુસાર વર્ગીકરણ**

| *ક્રમ* | *શિક્ષણસ્તર* | *સંશોધનની સંખ્યા* |
|---|---|---|
| ૧. | પ્રાથમિક શિક્ષણ | ૩૮ |
| ૨. | સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ | ૦૬ |
| ૩. | પૂર્વસેવા શિક્ષક પ્રશિક્ષક | ૧૦ |
| ૪. | પ્રકીર્ણ | ૦૨ |
| | કુલ... | ૫૬ |

સારણી ૪.૪૧ પરથી સ્પષ્ટ થાય છે કે સૌથી વધારે ૩૮ શૈક્ષણિક સંશોધનો પ્રાથમિક શિક્ષણ ને લગતાં તેમજ સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણને લગતાં ૬ શૈક્ષણિક સંશોધનો, પૂર્વ સેવા શિક્ષક પ્રશિક્ષણને લગતાં ૧૦ શૈક્ષણિક સંશોધનો હાથ ધરાયાં છે. જયારે અન્ય પ્રકારનાં ૨ સંશોધનો જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાના અધ્યાપકો દ્વારા થયેલાં છે.

### *૩.૧.૮ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર :*

❀ **વર્ષવાર હાથ ધરાયેલાં સંશોધનો :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરના અધ્યાપકો દ્વારા શૈક્ષણિક વર્ષ ૧૯૯૭–૯૮ થી વર્ષ ૨૦૦૦–૦૧ દરમિયાન હાથ ધરવામાં આવેલ સંશોધનોની વિગતો સારણી ૪.૪૨માં દર્શાવી છે.

**સારણી – ૪.૪૨**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર વર્ષવાર સંશોધનોની સંખ્યા**

| ક્રમ | વર્ષ | શૈક્ષણિક સંશોધનોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૧૯૯૭–૧૯૯૮ | ૦૪ |
| ૨. | ૧૯૯૮–૧૯૯૯ | ૧૧ |
| ૩. | ૧૯૯૯–૨૦૦૦ | ૧૨ |
| ૪. | ૨૦૦૦–૨૦૦૧ | ૪૧ |
| | કુલ... | ૬૮ |

આમ, સારણી ૪.૪૨ ઉપરથી કહી શકાય કે શૈક્ષણિક વર્ષ ૨૦૦૦–૨૦૦૧ માં સૌથી વધુ ૪૧ સંશોધનો અધ્યાપકો દ્વારા હાથ ધરવામાં આવેલા છે. ઉપરના ત્રણ શૈક્ષણિક વર્ષમાં સંશોધનોની સંખ્યામાં વધારો થાય છે. પરંતુ ચોથા શૈક્ષણિક વર્ષમાં સંશોધનની સંખ્યામાં ઘણો બધો વધારો થયો છે. એજ બતાવે છે કે આ ભવનના અધ્યાપકો સંશોધન પ્રત્યે સજાગ થઈ ગયા છે. આમ, આ ભવન દ્વારા કુલ ૬૮ સંશોધનો થયા છે.

❀ **અધ્યાપકો દ્વારા હાથ ધરાયેલા સંશોધનોની સંખ્યા :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરના અધ્યાપકો દ્વારા છેલ્લા પાંચ વર્ષોમાં હાથ ધરવામાં આવેલા વ્યક્તિગત સંશોધનોની સંખ્યા સારણી – ૪.૪૩માં દર્શાવેલ છે.

### સારણી – ૪.૪૩
### જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરના અધ્યાપકો દ્વારા હાથ ધરાયેલ સંશોધનોની સંખ્યા

| ક્રમ | સંશોધન સંખ્યા | અધ્યાપક | કુલ |
|---|---|---|---|
| ૧ | ૨૩ | ૧ | ૨૩ |
| ૨ | ૦૪ | ૨ | ૦૪ |
| ૩ | ૪૧ | – | ૪૧ |
| | કુલ.. | – | ૬૮ |

આમ, સારણી ઉપરથી કહી શકાય કે અધ્યાપકોએ વ્યક્તિગત સંશોધન ૨૩ જેટલા કરેલા છે, તેમજ બે અધ્યાપકો એ ભેગા થઈને સંયુકત રીતે ૪ સંશોધન કરેલ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૦૦–૨૦૦૧ માં થયેલા કુલ ૪૧ સંશોધનમાં સંશોધકના નામ જાણી શકાયા નથી માટે તેનું વિભાજન અહીંયા કરેલ નથી. કુલ સંશોધનોની સંખ્યા જોતાં સંશોધનમાં આ ભવને સારી એવી કામગીરી કરી હોય એમ માલુમ પડે છે.

**❀ અધ્યાપકોએ દ્વારા હાથ ધરેલાં સંશોધનનાં ક્ષેત્રો :**

આ સંસ્થામાં સેવારત અધ્યાપકો દ્વારા જે સંશોધનો છેલ્લા ચાર વર્ષમાં હાથ ધરવામાં આવ્યા છે તેના ક્ષેત્રો સારણી – ૪.૪૪માં રજૂ કરેલ છે.

### સારણી – ૪.૪૪
### અધ્યાપકોએ હાથ ધરેલાં સંશોધનનાં ક્ષેત્રો

| ક્રમ | સંશોધનક્ષેત્ર | સંશોધન સંખ્યા |
|---|---|---|
| ૧. | પાઠયપુસ્તક | ૧૧ |
| ૨. | સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ | ૧૩ |
| ૩. | વિષય શિક્ષણ | ૯ |
| ૪. | અધ્યાપન મંદિર | ૬ |
| ૫. | શૈક્ષણિક સુવિધાઓ | ૬ |
| ૬. | શાળાકીય સમસ્યાઓ | ૨ |
| ૭. | એમ.એલ.એલ. | ૨ |
| ૮. | કન્યા કેળવણી | ૧ |
| ૯. | મૂલ્યાંકન | ૧ |
| ૧૦. | અન્ય | ૧૭ |
| | કુલ... | ૬૮ |

આમ, સારણી ૪.૪૪ ઉપરથી ફલિત થાય છે કે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરના અધ્યાપકો દ્વારા હાથ ધરવામાં આવેલા સંશોધનો કુલ ૯ ક્ષેત્રોમાં થયા છે. સૌથી વધુ ૧૩ શૈક્ષણિક સંશોધનો સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણને લગતા ક્ષેત્રમાં થયા છે. ત્યારબાદ બીજાક્રમે ૧૧ શૈક્ષણિક સંશોધનો પાઠયપુસ્તકના ક્ષેત્રમાં અને ૯ શૈક્ષણિક સંશોધનો વિષય શિક્ષણને લગતા ક્ષેત્રમાં થયા છે. અધ્યાપન મંદિર અને શૈક્ષણિક સુવિધાઓના ક્ષેત્રમાં ૬ શૈક્ષણિક સંશોધન થયા છે. સૌથી ઓછા સંશોધનો શાળાકીય સમસ્યાઓ અને એમ.એલ.એલ.ના ક્ષેત્રમાં થયા છે. અન્ય ક્ષેત્રોમાં ૧૭ શૈક્ષણિક સંશોધનો થયા છે. આમ, આ ભવનમાં અભ્યાસક્રમના ક્ષેત્રને લગતા એકપણ સંશોધન થયા નથી જે થવા જોઈએ. તેમજ મૂલ્યાંકન, શાળાકીય સમસ્યાઓ, શૈક્ષણિક સુવિધાઓ, એમ.એલ.એલ. કાર્યક્રમને લગતા સંશોધનો વધારે સંખ્યામાં થવા જોઈએ. અહીં પાઠયપુસ્તકનું ક્ષેત્ર અને સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણના ક્ષેત્રને સારો એવો ન્યાય મળ્યો છે.

❀ **અધ્યાપકો દ્વારા હાથ ધરાયેલા સંશોધનોનું શિક્ષણના સ્તર અનુસાર વર્ગીકરણ :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરના અધ્યાપકો દ્વારા છેલ્લા પાંચ વર્ષોમાં હાથ ધરવામાં આવેલા સંશોધનોનું શિક્ષણના સ્તર અનુસારનું વર્ગીકરણ સારણી – ૪.૪૫માં દર્શાવેલ છે.

**સારણી – ૪.૪૫**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરના અધ્યાપકોએ કરેલ સંશોધનનું શિક્ષણના સ્તર અનુસાર વર્ગીકરણ**

| *ક્રમ* | *શિક્ષણસ્તર* | *સંશોધનની સંખ્યા* |
|---|---|---|
| ૧. | પ્રાથમિક શિક્ષણ | ૨૯ |
| ૨. | સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ | ૨૦ |
| ૩. | પૂર્વસેવા શિક્ષક પ્રશિક્ષણ | ૦૫ |
| ૪. | પ્રકિર્ણ | ૧૪ |
| | કુલ... | ૬૮ |

સારણી ૪.૪૫ પરથી સ્પષ્ટ થાય છે કે સૌથી વધારે ૨૯ શૈક્ષણિક સંશોધનો પ્રાથમિક શિક્ષણને લગતાં તેમજ સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણને લગતાં ૨૦ શૈક્ષણિક સંશોધનો, પૂર્વ સેવા શિક્ષક પ્રશિક્ષણને લગતાં ૦૫ શૈક્ષણિક સંશોધનો આ ભવનના અધ્યાપકો દ્વારા હાથ ધરાયાં છે. જયારે અન્ય પ્રકારના ૧૪ જેટલા સંશોધનો જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરના અધ્યાપકો દ્વારા થયેલાં છે.

### *૩.૧.૯ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર*

❀ **અધ્યાપકો દ્વારા હાથ ધરવામાં આવેલાં સંશોધનો :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગરના વાર્ષિક અહેવાલો તથા સંશોધકની સંસ્થાની રૂબરૂ મુલકાતના આધારે જાણવા મળ્યું છે કે છેલ્લાં પાંચ વર્ષમાં અધ્યાપકો દ્વારા કુલ ૨૭ સંશોધનો હાથ ધરવામાં આવ્યા છે. આ સંશોધનો અંગેની વિગતો આ મુજબ છે.

❀ **વર્ષવાર હાથ ધરાયેલા સંશોધનો :**

શૈક્ષણિક વર્ષ ૧૯૯૮–૯૯ થી વર્ષ ૨૦૦૨–૨૦૦૩ દરમિયાન હાથ ધરવામાં આવેલા સંશોધનોની વિગતો સારણી ૪.૪૬માં દર્શાવી છે.

**સારણી – ૪.૪૬**

**જિલ્લા શિક્ષણ અન તાલીમ ભવન, સુરેન્દ્રનગર વર્ષવાર સંશોધનો**

| *ક્રમ* | *વર્ષ* | *પ્રશિક્ષણાર્થી સંખ્યા* |
|---|---|---|
| ૧ | ૧૯૯૮-૧૯૯૯ | ૧૭ |
| ૨ | ૧૯૯૯-૨૦૦૦ | ૫ |
| ૩ | ૨૦૦૦-૨૦૦૧ | ૫ |
| ૪ | ૨૦૦૧-૨૦૦૨ | - |
| ૫ | ૨૦૦૨-૨૦૦૩ | - |
| | કુલ | ૨૭ |

સારણી ૪.૪૬ ઉપરથી કહી શકાય કે શૈક્ષણિક વર્ષ ૧૯૯૮–૯૯માં સૌથી વધુ ૧૭ સંશોધનો હાથ ધરવામાં આવ્યાં છે. આ પછીના વર્ષો ૧૯૯૯–૨૦૦૦ અને

૨૦૦૦–૨૦૦૧ માં પ્રતિવર્ષ પાંચ સંશોધનો યોજવામાં આવ્યાં છે. બાકીના બે વર્ષમાં થયેલા સંશોધન અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી, અથવા આ વર્ષો દરમિયાન કોઈ સંશોધન હાથ ધરવામાં આવ્યું નથી.

❀ **અધ્યાપકો દ્વારા હાથ ધરાયેલા સંશોધનોની સંખ્યા :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગરના અધ્યાપકો દ્વારા હાથ ધરવામાં આવેલા વ્યક્તિગત સંશોધનોની સંખ્યા સારણી – ૪.૪૭માં દર્શાવેલ છે.

**સારણી – ૪.૪૭**

**અધ્યાપકો દ્વારા હાથ ધરાયેલા સંશોધનોની સંખ્યા**

| ક્રમ | સંશોધન સંખ્યા | અધ્યાપક |
|---|---|---|
| ૧ | ૩ | ૨ |
| ૨ | ૨ | ૬ |
| ૩ | ૧ | ૯ |

સારણી ૪.૪૭ ઉપરથી કહી શકાય કે બે અધ્યાપકોએ ત્રણ, છ અધ્યાપકોએ બે જયારે નવ અધ્યાપકોએ એક એક સંશોધન હાથ ધર્યું છે.

❀ **અધ્યાપકોએ હાથ ધરેલાં સંશોધનોનાં ક્ષેત્રો :**

આ સંસ્થાના અધ્યાપકો દ્વારા જે સંશોધન હાથ ધરવામાં આવ્યાં છે, તેનાં ક્ષેત્રો સારણી ૪.૪૮માં રજૂ કર્યા છે.

## સારણી – ૪.૪૮

## અધ્યાપકો દ્વારા હાથ ધરાયેલા સંશોધનોની સંખ્યા

| ક્રમ | ક્ષેત્ર | સંશોધન સંખ્યા |
|---|---|---|
| ૧ | અભ્યાસક્રમ | ૧ |
| ૨ | પાઠ્યપુસ્તક | ૩ |
| ૩ | સેવાકાલીન પ્રશિક્ષણ | ૨ |
| ૪ | કન્યા કેળવણી | ૧ |
| ૫ | અધ્યાપન મંદિર | ૫ |
| ૬ | શૈક્ષણિક સાધન | ૧ |
| ૭ | શૈક્ષણિક સુવિધાઓ | ૧ |
| ૮ | શાળાકીય સમસ્યાઓ | ૧ |
| ૯ | મૂલ્યાંકન | ૮ |
| ૧૦ | જાતીય શિક્ષણ | ૧ |
| ૧૧ | એમ.એલ.એલ. | ૧ |
| ૧૨ | વિષય શિક્ષણ | ૧ |
| ૧૩ | સી.આર.સી. | ૧ |
| | કુલ | ૨૭ |

સારણી – ૪.૪૮ ઉપરથી ફલિત થાય છે કે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગરમાં હાથ ધરવામાં આવેલ સંશોધનો કુલ ૧૩ ક્ષેત્રોમાં થયાં છે. સૌથી વધુ આઠ સંશોધનો મૂલ્યાંકન ક્ષેત્રમાં થયાં છે. બીજા ક્રમે પાંચ સંશોધનો અધ્યાપન મંદિરને સંબંધિત છે. પાઠ્યપુસ્તક સમીક્ષાને લગતાં ૩ સંશોધન હાથ ધરવામાં આવ્યાં છે. બાકીના ક્ષેત્રોમાં એક એક સંશોધન થયું છે. બધાં જ સંશોધનો સર્વેક્ષણ સ્વરૂપનાં છે.

### ❀ શિક્ષણના તબક્કા અનુસાર શૈક્ષણિક સંશોધન :

અધ્યાપકોએ હાથ ધરેલાં સંશોધનો શિક્ષણના કયા તબક્કાને લગતાં છે તે જાણવું રસપ્રદ બની રહેશે. અહીં અધ્યાપકો દ્વારા હાથ ધરવામાં આવેલાં સંશોધનોનું શિક્ષણસ્તર અનુસાર વર્ગીકરણ સારણી ૪.૪૯માં દર્શાવ્યું છે.

**સારણી – ૪.૪૯**

**શિક્ષણના સ્તર અનુસર સંશોધનનું વર્ગીકરણ**

| *ક્રમ* | *સંશોધનસ્તર* | *સંશોધનોનું વર્ગીકરણ* |
|---|---|---|
| ૧ | પ્રાથમિક શિક્ષણ | ૧૭ |
| ૨ | સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ | ૨ |
| ૩ | સેવાકાલીન પૂર્વશિક્ષક પ્રશિક્ષણ | ૫ |
| ૪ | પ્રકીર્ણ | ૩ |
| | કુલ | ૨૭ |

સારણી ૪.૪૯ ઉપરથી સ્પષ્ટ થાય છે કે સૌથી વધારે ૧૭ શૈક્ષણિક સંશોધનો પ્રાથમિક શિક્ષણને લગતાં, ૫ સંશોધનો સેવાકાલીન પૂર્વશિક્ષક પ્રશિક્ષણને લગતાં હાથ ધરાયાં છે. સેવાકાલીન પ્રશિક્ષણને લગતાં બે સંશોધનો થયાં છે, જ્યારે અન્ય પ્રકારનાં ત્રણ સંશોધનો થયાં છે.

### *૩.૧.૧૦ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર*

ભવનની સ્થાપનાના મુખ્ય ઉદેશોમાં (૧) શિક્ષણક્ષેત્રે હાથ ધરાતાં સંશોધનો અને નવા પ્રવાહોથી શિક્ષકોને માહિતગાર કરવા અને તેની સજ્જતા કેળવવા તાલીમ આપવી તથા (૨) શિક્ષણક્ષેત્રને લગતી સમસ્યાઓને અનુલક્ષીને પ્રયોગો અને સંશોધનો હાથ ધરવાં.... ઘણા જ અગત્યનાં ઉદેશ્યો છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર આ ઉદેશોની પરિપૂર્તિમાં પ્રયત્નશીલ છે.

## ❀ અધ્યાપકો દ્વારા હાથ ધરાયેલ સંશોધન :

ગાંધીનગર ડાયેટના અધ્યાપકો દ્વારા વર્ષ ૧૯૯૮–૯૯ થી ૨૦૦૧–૨૦૦૨ દરમિયાન કરેલ સંશોધન કાર્ય આ પ્રમાણે છે.

(૧) ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૧માં અધવચ્ચેથી શાળા છોડી જનાર (ડ્રોપ આઉટ) બાળકોનો અભ્યાસ

પ્રયોજક : કુ. આશાબહેન બરાસરા

વર્ષ : ૧૯૯૮–૯૯

ગાંધીનગર ડાયેટ દ્વારા જૂન માસમાં શાળા તત્પરતા કાર્યક્રમ દ્વારા જિલ્લાના ધોરણ–૧માં ભણાવતા શિક્ષકોને સઘન તાલીમ આપવામાં આવી. આ કાર્યક્રમમાં ધોરણ–૧માં બાળકો સ્થાયી રહે અને શાળાનું વાતાવરણ બાળકોને ગમે તે માટે શિક્ષકોને અનુભવજન્ય સમજ આપવામાં આવી. આ કાર્યક્રમના ફળસ્વરૂપને જાણવા જિલ્લાની દરેક શાળામાં ધોરણ–૧ માં પ્રવેશોત્સવના દિવસે પ્રવેશ પામનાર બાળકોમાંથી વર્ષ દરમ્યિાન અધવચ્ચેથી શાળા છોડી જનાર બાળકોની માહિતી એકત્ર કરી અને શાળા છોડી જવાનાં કારણોનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો, તેનાં તારણો આ પ્રમાણે છે.

૧. નામાંકન અને સ્થાયીકરણ માટે વાલીઓમાં જાગૃતિનો અભાવ.

૨. ગ્રામશિક્ષણ સમિતિ તેમજ અન્ય સમિતિઓમાં જાગૃતિનો અભાવ.

(૨) ધોરણ–૫ ની સેવાકાલીન તાલીમની અસરકારકતાનો અભ્યાસ.

પ્રયોજક : શ્રી ઉર્મિલાબહેન એમ. પંચાલ

વર્ષ : ૧૯૯૮–૯૯

ભવન દ્વારા ઓગષ્ટ ૧૯૯૮ માં વિષયવાર સઘન તાલીમમાં ધોરણ–૫ ના સેવાકાલીન શિક્ષકોની જરૂરિયાતને લક્ષમાં રાખી અંગ્રેજી, વિજ્ઞાન, ગણિત અને સમાજવિદ્યાના વિષયમાં બીજા તબક્કાની તાલીમ આપવામાં આવી. વિષયવસ્તુ અંગેની પૂરતી સમજ કેળવવા પ્રયત્ન કરવામાં આવ્યો. આ સંદર્ભે ગાંધીનગર ડાયેટ દ્વારા

ધોરણ–૫ ના સેવાકાલીન શિક્ષકોને અપાયેલ તાલીમની અસરકારકતાનો અભ્યાસ કરવામાં આવ્યો, તેનાં તારણો આ પ્રમાણે છે.

૧. શિક્ષકો ગણિત વિષયમાં ભૂમિતિ શીખવવા સ્વનિર્મિત સાધનોનો ઉપયોગ કરવાની સમજ પ્રાપ્ત કરી શકયા.

૨. પ્રયોગિક શિક્ષણ કાર્ય વિજ્ઞાન વિષય માટે જરૂરી છે તેવી સમજ મેળવી શકયા.

૩. ભવન ખાતે બાળકો સ્વપ્રયત્ને પ્રયોગ કરી શકે તે માટે વિજ્ઞાન કેન્દ્ર ઊભું કરવામાં આવ્યું.

(૩) ધોરણ–૩ ગુજરાતી વિષયની સિદ્ધિ કસોટીની રચના

વર્ષ : ૧૯૯૮–૯૯

ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે ગુણવત્તા સુધારણા માટે એસ.એસ.એ. અભિગમ સંદર્ભે લઘુતમ સિદ્ધિ ચકાસવા માટે જિલ્લાના ૧૫ શિક્ષકોની મદદથી ક્ષમતા પ્રમાણે ૨૦૦ પ્રશ્નોની કસોટી તૈયાર કરી ૧૦ તજ્જ્ઞોની મદદથી ચકાસણી કરી છેલ્લે ૧૫૦ પ્રશ્નોની કસોટીને પ્રાથમિક અજમાયશ માટે જિલ્લાની શહેર અને ગ્રામ્ય વિસ્તારના ૨૦૦ વિદ્યાર્થીઓ ઉપર અમલીકરણ કરી કમ્પ્યૂટર પ્રોગ્રામ દ્વારા આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ કરી કસોટીનું સરળતામૂલ્ય, તારવણી મૂલ્ય, વિશ્વનીયતા અને યથાર્થતાના પરિણામો મેળવી ૫૭ ગુણની અંતિમ કસોટી તૈયાર કરવામાં આવી. આ સિદ્ધિ કસોટી સમગ્ર રાજ્યમાં અજમાયશ કરવામાં આવી.

(૪) ધોરણ–૧ અને ૨ ના ડ્રોપ આઉટ બાળકોનો અભ્યાસ

પ્રયોજક : કુ. આશાબહેન બરાસરા

વર્ષ : ૧૯૯૯–૨૦૦૦

આ સંશોધન દ્વારા ધોરણ–૧ ના ગત વર્ષ ૧૯૯૯ ના વેકેશન ગાળા દરમિયાન તેમજ ધોરણ–૨ ના વર્ષ ૧૯૯૯–૨૦૦૦ દરમિયાન અધવચ્ચેથી શાળા છોડી જનાર બાળકોની માહિતી એકત્ર કરી તેમના શાળા છોડી જવાના કારણોનો સંપૂર્ણ અભ્યાસ હાથ

ધરવામાં આવ્યો. તેમજ તેના માટેના ઉપચારાત્મક કારણો માટે બનતા પ્રયત્નો કરવામાં આવ્યા.

આમ પ્રતિવર્ષ ક્રમાનુસાર એક એક ધોરણ આગળ વધતાં જઈને તે ધોરણમાંના ડ્રોપઆઉટ બાળકો સંબંધિત અભ્યાસો હાથ ધરવામાં આવશે આ સંશોધન કાર્ય સાત વર્ષ સુધી ચાલશે અને તેમાં સાત વર્ષના અંતે ધોરણ–૧ થી ૭ ને સંપૂર્ણપણે આવરી લેવાશે.

(૫) ધોરણ : ૫ – ૬ – ૭ની અંગ્રેજી વિષયની પ્રમાણિત સિદ્ધિ કસોટીની રચના

વર્ષ : ૧૯૯૯–૨૦૦૦

પ્રયોજક : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો સ્ટાફ

જી.સી.ઈ.આર.ટી. દ્વારા પ્રોફાઈલ્સ ઓફ સ્ટુડન્ટસ એચિવમેન્ટ પ્રોજેકટ અંતર્ગત ધોરણ–૩ થી ૭ ના વિષયોની સિદ્ધિ કસોટી બનાવવાની હતી. ૧૯૯૯–૨૦૦૦ના વર્ષ દરમિયાન ધોરણ : ૫–૬–૭ ની અંગ્રેજી વિષયની સિદ્ધિ કસોટી તૈયાર કરવાનું કામ ગાંધીનગર ડાયેટને સોંપવામાં આવેલ હતું. ધો. ૫–૬–૭ ની અંગ્રેજી વિષયની પ્રમાણિત કસોટી રચના કરવા માટે પ્રથમ જિલ્લાના ૧૫ શિક્ષકોની મદદથી ક્ષમતા પ્રમાણે ૧૫૦ ગુણની કસોટી તૈયાર કરી ૧૦ તજ્જ્ઞો દ્વારા તેની ચકાસણી કરી ૧૫૦ ગુણની કસોટીનું પ્રાથમિક અજમાયશ જિલ્લાની શહેર અને ગ્રામ્ય વિસ્તારના ૨૦૦ વિદ્યાર્થીઓ પર કર્યા બાદ કમ્પ્યૂટર પ્રોગ્રામ દ્વારા આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ કરવામાં આવ્યું. ત્યારબાદ કસોટીનું સરળતામૂલ્ય, તારવણીમૂલ્ય, વિશ્વનીયતા અને યથાર્થતાના પરિણામ મેળવી ૬૦ ગુણની અંતિમ કસોટી તૈયાર કરવામાં આવી. આ કસોટીને સમગ્ર રાજ્યમાં અજમાયશ માટે મોકલી આપવામાં આવી. જેના દ્વારા દરેક જિલ્લો પોતાના જિલ્લાના પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો અંગ્રેજી વિષયનો સિદ્ધિ આંક મેળવી શકાયો.

(૬) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની આયોજન અને વ્યવસ્થાપન શાખાઓના વ્યાખ્યાતાશ્રીઓનું કાર્યસમજ વિશ્લેષણ : એક અભ્યાસ

વર્ષ ૨૦૦૨–૦૩ (કામગીરી ચાલુ)

પ્રયોજક : કુ. આશાબહેન બરાસરા

(૭) ગણિત વિષયમાં નિદાન ઉપચાર

વર્ષ ૨૦૦૨–૦૩ (કામગીરી ચાલુ)

પ્રયોજક : જગદીશ પટેલ

(૮) ગણિત તાલીમ વર્ગની અસરકારકતાનો અભ્યાસ

વર્ષ : ૨૦૦૩

પ્રયોજક : જગદીશ પટેલ

(૯) વિજ્ઞાન તાલીમ વર્ગની અસકારકતાનો અભ્યાસ

વર્ષ : ૨૦૦૩

પ્રયોજક : પ્રકાશ ત્રિવેદી

(૧૦) એચવીમેન્ટ સર્વે એટ ધ એન્ડ ઓફ કલાસ થ્રી :

એસ.સી.ઈ.આર.ટી. દ્વારા કલાસ થ્રીના સંશોધન પ્રોજેકટની કામગીરીની જવાબદારી પી. એન્ડ એ. શાખાને સોંપવામાં આવી છે. જે અંતર્ગત પ્રથમ તબક્કાની કામગીરી સ્વરૂપે કસોટીની પ્રાથમિક રચના તથા સ્થાનિક ભાષામાં ભાષાંતરની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

(૧૧) ગાંધીનગર જિલ્લાના સુઘડ પ્રાથમિક શાળા ધોરણ–૧ થી ૭ ના બાળકોને ૧૯૯૪–૯૫ થી ૨૦૦૦–૨૦૦૧ દરમિયાન શાળા છોડી જનાર તથા સફળતા નિષ્ફળતા સંદર્ભમાં અભ્યાસ

વર્ષ : ૨૦૦૨–૦૩

પ્રયોજક : રાજેન્દ્ર રાવલ

### ❀ ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાઓનાં બાળકોની શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ

પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધાર માટે ગુજરાતમાં ૧૯૯૫–૯૬ થી એમ.એલ.એલ. કાર્યક્રમ અમલમાં આવ્યો ત્યારબાદના વિવિધ અભિગમો થકી

અભ્યાસક્રમ પાઠયપુસ્તકો, અધ્યન–અધ્યાપન પદ્ધતિઓ. અધ્યન–અધ્યાપન સામગ્રી, મૂલ્યાંકન અને પરીક્ષણની પદ્ધતિઓમાં ઘણો મોટો બદલાવ આવ્યો. ગુણવત્તા સુધારણાના કોઈપણ કાર્યક્રમોમાં સતત દેખરેખ અને મૂલ્યાંકન અગત્યનું પાસું છે. શિક્ષણની ગુણવત્તા પ્રત્યે સભાન હોય તેવા ઘણા દેશોએ વિદ્યાર્થીઓની સિદ્ધિ અને શૈક્ષણિક વિકાસના માપનની જરૂરિયાતને સમજી તે માટેના પ્રયાસો હાથ ધર્યા છે. વિશ્વકક્ષાએ ઈન્ટરનેશનલ એસેસમેન્ટ ઓફ એજયુકેશન પ્રોગ્રેસ (આઈ.એ.ઈ.પી.) સંસ્થા દ્વારા સિદ્ધિ સર્વેક્ષણ કાર્ય થઈ રહ્યું છે.

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જી.સી.ઈ.આર.ટી.) ગાંધીનગરે વિદ્યાર્થીઓની સિદ્ધિના સતત માપનની જરૂરિયાતને સમજીને એક સળંગસુત્રી વિકાસાત્મક સંશોધન પ્રોજેકટ 'ગુજરાતના પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનું માપન ૧૯૯૮'થી અમલમાં મુકયો. આજ સુધી આ પ્રોજટકના બે તબક્કાઓ શિક્ષણશાસ્ત્ર ભવન, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર તથા જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ગુજરાત રાજ્યના તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના સહયોગથી સંપૂર્ણ થાય છે. આ સંશોધન શ્રેણીનો પ્રથમ તબક્કો ૧૯૯૮–૯૯ દરમ્યાન હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતના તમામ જિલ્લાઓ (૧૯) ગ્રામીણ તથા શહેરી વિસ્તારના ધોરણ ૩ થી ૭ ના વિદ્યાર્થીઓને સિદ્ધિ કસોટીઓ આપવામાં આવી હતી. આ પ્રમાણિત કસોટીઓ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા તૈયાર કરવામાં આવી હતી.

ગાંધીનગર ડાયેટ દ્વારા ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકાઓમાંથી નિદર્શ તરીકે બે તાલુકાઓ અનુક્રમે (૧) દહેગામ (૨) ગાંધીનગરમાંથી ૧૬ શાળાઓની પસંદગી કરવામાં આવી, જેમાં એક શાળાના ૨૦૦ વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે લઈ ધોરણ–૬ થી ૭ ના તમામ વિષયોની કસોટી લેવામાં આવી.

સંશોધન શ્રેણીની દ્વિતીય તબક્કો ૨૦૦૦–૦૧ દરમ્યાન હાથ ધરવામાં આવ્યો હતો. આ તબક્કા શરૂ થતાં પહેલા વર્ષ ૧૯૯૯–૨૦૦૦ દરમ્યાન ધોરણ–૭ ના તમામ

વિષયો તથા ધોરણ : ૫–૬–૭ ના અંગ્રેજી વિષયની પ્રામાણિત સિદ્ધિ કસોટીઓ વિવિધ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા તૈયાર કરવામાં આવી હતી. આમ દ્વિતીય તબક્કામાં કુલ ૨૭ વિષયોની પ્રમાણિત કરેલી સિદ્ધિ કસોટીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ૨૦૦૨–૦૩ માં આ સિદ્ધિ કસોટીઓ જિલ્લામાં લેવાનું નક્કી કર્યું. આ સંદર્ભે ગાંધીનગર જિલ્લાના બે તાલુકા : દેહગામ અને ગાંધીનગરમાં લેવાની થાય. સિદ્ધિ કસોટી માટે કુલ–૧૪ પ્રાથમિક શાળાઓની પસંદગી કરવામાં આવી. એક તાલુકાના ૨૦૦ વિદ્યાર્થીઓને નમૂના તરીકે લેતાં જે તે પસંદિત શાળાઓમાં ધોરણ–૩ થી ૭ ના તમામ વિષયોની કસોટી લેવામાં આવી. આ કસોટી દ્વારા ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના તમામ વિષયના સિદ્ધિઆંક ગુણાંકન માહિતીના પૃથ્થકરણ દ્વારા મેળવી શકાશે.

❀ **અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ શિક્ષકો દ્વારા હાથ ધરાયેલ સંશોધન :**

ડાયેટના અધ્યાપકો જ સંશોધન કરે તેવું નથી. પરંતુ પ્રાથમિક શિક્ષકો પણ સંશોધન ક્ષેત્રે આગવી સુઝ અને સમજ ધરાવતા થયા છે. તેઓ વર્ગ ખંડમાં પડતી મુશ્કેલીઓ પર ક્રિયાત્મક સંશોધન હાથ ધરે છે. જી.સી.ઈ.આર.ટી. દ્વારા સંશોધન કરવા માટેની જે ગ્રાંટ આપવામાં આવે છે તે અન્વયે ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૦–૦૧ દરમિયાન પ્રાથમિક શિક્ષકો દ્વારા ૨૭ ક્રિયાત્મક સંશોધન અને ૨૦૦૨–૦૩ના વર્ષ દરમિયાન ૧૦ ક્રિયાત્મક સંશોધન એમ કુલ ૩૭ ક્રિયાત્મક સંશોધન પૂર્ણ થયેલ છે.

## ૪.૦ સંશોધન હેતુ ૩.૪ ના સંદર્ભમાં માહિતીની રજુઆત :

પ્રસ્તુત સંશોધનના નિર્ધારિત હેતુઓમાંથી હેતુ ૩.૪ આ પ્રમાણે છે :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા થયેલાં પ્રકાશન અને સાધન નિર્માણ અંગેનો અભ્યાસ કરવો.

પ્રસ્તુત હેતુ ૩.૪ ના સંદર્ભમાં ઉપલબ્ધ વિગતોની માહિતી અહીં દર્શાવેલ છે.

## *૪.૧ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં પ્રકાશન અને સાધન નિર્માણ:*

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં પ્રકાશન કાર્યને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવે છે. સેવાકાલીન તાલીમ પૂર્વે આયોજન દરમિયાન જ પ્રકાશન અંગેનું આયોજન પણ કરવામાં આવે છે. જે તે તાલીમી કાર્યક્રમને અનુરૂપ અને તાલીમનાં આયોજનને ધ્યાનમાં રાખી લાભાર્થીઓને માટે મોડયુલ્સ રચવાની પ્રણાલી રહી છે. આ પ્રકારનાં મોડયુલ્સ લાભાર્થીઓને તાલીમી કાર્યક્રમ દરમિયાન ખૂબ જ સહાયરૂપ નિવડે છે.

ભવનોમાં તાલીમી કાર્યક્રમો નિર્ધારિત કર્યા પછી ભવનના અધ્યાપકો અને તજ્જ્ઞો દ્વારા તાલીમી કાર્યક્રમની સાહિત્ય સામગ્રી તૈયાર કરવામાં આવે છે. વિશેષ કરીને મોડયુલ્સ, લેખો, ચર્ચાપત્રો, અહેવાલ વિષયક સામગ્રી તૈયાર કરવામાં આવે છે.

પ્રસ્તુત સંશોધનના નમુનામાં સમાવિષ્ટ દસ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો અંતર્ગત થયેલ પ્રકાશન અને સાધનનિર્માણનો સ્પષ્ટ ચિતાર અત્રે ક્રમવાર દર્શાવેલ છે.

### *૪.૧.૧ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ*

સંસથાનું 'મુખપત્ર' એ સંસ્થાની પ્રગતિ અને તેના કાર્યનો અરીસો છે. આ સંસ્થા દ્વારા 'શ્રદ્ધેય' મુખપત્ર તેમજ અન્ય કામો હાથ ધરાયાં છે. નિયમિત મુખપત્ર ચાલે તોજ વિકાસ શકય બને એ અહીં સ્વીકારવું રહ્યું.

❀ **સામાયિક પ્રકાશન :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ દ્વારા તેનું મુખપત્ર "શ્રદ્ધેય" સામાયિક અનિયમિત બહાર પડે છે, જે સંશોધન સમયે બંધ થયેલ જોવા મળેલ.

**સમયગાળો** : ત્રિ માસિક

**સંવાહક** : શ્રી જી. એન. ચૌધરી (પ્રિન્સિપલ)

**સંપાદક** : શ્રી એલ. ડી. દેસાઈ (વ્યાખ્યાતા)

**માર્ગદર્શકો** : સિનિયર લેકચરર્સ તમામ

**વિશિષ્ટતાઓ :** માહિતીસભર, સંપૂર્ણ શૈક્ષણિક, ધોરણવાર–વિષયવાર શૈક્ષણિક સમજ, મૂલ્યાંકન અંગેની માહિતી, સંસ્થા સમાચાર, શિક્ષકલેખોનો સમાવેશ

❀ **રિપોર્ટ :**

❀ **વાર્ષિક અહેવાલ :**

દર વર્ષે નિયમિત કામગીરી અહેવાલ બહાર પાડે છે. અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયેલ કામગીરીના અહેવાલો : (1) 1996-97, (2) 1997-98, (3) 1998-99, (4) 1999-2000, (5) 2000-2001, (6) 2001-2002.

❀ **સંશોધન સારાંશ :**

ક્રિયાત્મક સંશોધન :

સમય : ૧૯૯૯–૨૦૦૦ દરમિયાન

સંખ્યા : ૧૮

પ્રેરક : શ્રી આર. કે. ચૌધરી (નિયામક)
શ્રી ડો. એન. એલ. પંડિત (અધિક નિયામક)
જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર.

માર્ગદર્શક : શ્રી જી. એન. ચૌધરી
પ્રિન્સિપાલ, ડાયટ, પાટણ

સંકલન : ડો. બી.પી.ચૌધરી, સિ.લે.પી. એન્ડ એમ. શાખા

❀ **વિશિષ્ટ સાધન નિર્માણ :**

પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક સાધન નિર્માણ કરી શકાય તે માહિતી જરૂરી હોઈ શિક્ષકોને માર્ગદર્શન રૂપ બને તેવી તાલીમોની સાથે ક્ષમતાવાર શૈક્ષણિક સાધનો કયા કયા બનાવી શકાય તે માહિતી આપતું પ્રકાશન શ્રેષ્ઠ પ્રયાસ છે. જે અંગે નીચે પ્રમાણે જોઈ શકાય.

(1) CRC - Guideline

(2) CRC - પરિયોજના પ્રતિવર્ષ

(3) શિક્ષક ગ્રાન્ટ અને શાળા વિકાસ અનુદાન માર્ગદર્શિકા, વર્ષ ૨૦૦૧–૦૨

❀ **તાલીમી કીટ :**

તાલીમ સાથે કીટનો ઉપયોગ મહત્ત્વનો છે. સંસ્થા દ્વારા નીચે પ્રમાણે તાલીમી કીટસ તૈયાર કરાયેલ છે.

(૧) ધોરણ–૬ વિજ્ઞાન કેસેટસ

(૨) બાળગીત / અભિનયગીત કેસેટસ

(૩) ધોરણ–૫ વિજ્ઞાન પ્રયોગોનાં સાધનોની કીટ.

### *૪.૧.૨ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાલનપુર :*

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાલનપુર દ્વારા તેનું મુખપત્ર (સામાયિક) "સેતુ" બહાર પડે છે.

**સેતુ** : સંસ્થાનું એકમાત્ર મુખપત્ર છે. તેની કામગીરી વિશિષ્ટ છે. જેના સંપાદકો ખૂબજ ઉત્સાહી અને કુશળ છે, વળી તેમની શૈક્ષણિક સિદ્ધિ પણ ઉત્તમ છે.

❀ **રિપોર્ટ :**

❀ **વાર્ષિક અહેવાલ :**

સંસ્થા દર વર્ષે નિયમિત કામગીરી અહેવાલ બહાર પાડે છે.

અત્યાર સુધીમાં પ્રસિદ્ધિ થયેલ કામગીરીના અહેવાલો : (1) 1997-98, (2) 1998-99, (3) 1999-2000, (4) 2000-2001, (5) 2001-2002.

❀ **સંશોધન સારાંશ :**

❀ **ક્રિયાત્મક સંશોધન :**

સમય : ૧૯૯૯–૨૦૦૦ દરમ્યાન

સંખ્યા : ૫૫

પ્રેરક : શ્રી આર.કે.ચૌધરી (નિયામક) શ્રી ડો. નલિન પંડિત (અધિક નિયામક)
જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર.

માર્ગદર્શક : પ્રાચાર્ય, ડાયટ, પાલનપુર

સંકલન : હેમંત એસ. રાઠોડ બી.એમ.વસાવા (વ્યાખ્યાતા) ડાયટ, પાટણ

❀ **વિશિષ્ટ સાધન નિર્માણ :**

પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક સાધન નિર્માણ કરી શકાય તેવી માહિતી જરૂરી હોઈ શિક્ષકોને માર્ગદર્શન રૂપે બને તેવી તાલીમોની સાથે ક્ષમતાવાર શૈક્ષણિક સાધનો ક્યાં બનાવી શકાય તે માહિતી આપતું પ્રકાશન શ્રેષ્ઠ પ્રયાસ છે. જે અંગે નીચે પ્રમાણે જોઈ શકાય.

**શીર્ષક :** ક્ષમતાલક્ષી સ્વનિર્મિત શૈક્ષણિક સાધન નિર્માણ માર્ગદર્શિકા.

**પ્રેરક :** જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર અને ગુ.પ્રા.શિ. પરિષદ,
ડી.પી.ઈ.પી., ગાંધીનગર

**માર્ગદર્શક :** શ્રી એમ.જે.નોગસ, ઈ.ચા.પ્રાચાર્ય, ડાયટ, પાલનપુર

**સંકલન :** શ્રી સી.કે.રબારી, (વ્યાખ્યાતા, ડાયટ, પાલનપુર)
શ્રી એમ.સી.ભુસારા, (વ્યાખ્યાતા, ડાયટ, પાલનપુર)

**લેખન સમીક્ષા :** સી.આર.સી. અને સી.આર.જી.ગ્રુપ, બનાસકાંઠા

**ચિત્રાંકન :** ભાવેશ પંડયા

**ઉપયોગ :** ધો. ૧ થી ૭ ના ધોરણો માટે

**સ્વરૂપ :** પુસ્તિકારૂપે

**વિશિષ્ટતાઓ:** ક્ષમતાવાર શૈક્ષણિક સાધનની સમજ
શૈક્ષણિક સાધનની ચિત્ર દ્વારા સમજ
દરેક ધોરણનાં વિષયવાર શૈક્ષણિક સાધનોની રજૂઆત.
સુંદર બાંધણી અને સંકલન.

**તાલીમી કીટ :**

તાલીમ સાથે કીટનો ઉપયોગ મહત્ત્વનો છે. આ કીટમાં સ્લાઈડસ, કેસેટ અને જરૂરી સાહિત્ય કે સાધનો મહત્ત્વનાં હોય છે.

સંસ્થા દ્વારા નીચે પ્રમાણેની તાલીમી કીટસ તૈયાર કરાયેલ છે.

- 'બાલગુંજન' ઓડિટો કેસેટ ધો. ૧ (૧૯૯૮–૯૯)
- ભાષા – પર્યાવરણની ઓડિયો કેસેટ (૧૯૯૮–૯૯)
- બાલશ્રુતિ ઓડિયો કેસેટ (ધો. ૩, ૪, ૫ માટે) (૧૯૯૯–૨૦૦૦)
- ધો. ૧, ૨ નવા પા.પુ. આધારિત ૩૫ એમ.એમ. સ્લાઈડ નિર્માણ (૧૯૯૯–૨૦૦૦)
- ધો. ૩ ઓડિયો કેસેટ "હસતાં રમતાં"
- ધો. ૧, ૨ વાર્તા ઓડિયો કેસેટ
- ધો. ૫, ૬ અને ૭ વિજ્ઞાન વિષયક સ્લાઈડ
- ધો. ૧, ૨ ચિત્રવાર્તા સ્લાઈડ
- ધો. ૧, ૨ ની સ્લાઈડ આધારે બાળવાર્તાઓની ઓડિટો કેસેટ.

### *૪.૧.૩ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત :*

સર્વેક્ષણ દ્વારા તપાસ હાથ ધરતા ખબર પડી કે, શિક્ષકો પાસે ગીતોની ખાસ સામગ્રી નથી. જેથી ભવન દ્વારા "ગીત માધુરી" નામની ગીતો વિષયક પુસ્તિકાનું પ્રકાશન કરવામાં આવ્યું. પાછળથી શિક્ષકોને પુસ્તિકાઓ પૂરી પાડવામાં આવી. એ માટે પણ સમાજની સહાય પ્રાપ્ત કરવામાં આવી હતી.

આ ઉપરાંત સુરત જિલ્લામાં વસતા આદિજાતિને અનુલક્ષીને 'આદિજાતિ પત્રિકા' પ્રસિદ્ધ કરવાનું પણ આયોજન હાથ ધરાયું છે. આ માટે જરૂરી તાલીમી કાર્યક્રમોની સહાય લેવામાં આવે છે. પ્રાદેશિક બોલીઓને ધ્યાનમાં રાખીને સ્થાનિક બોલીઓમાં ધોરણ ૧ થી ૪ નાં પાઠયપુસ્તકોમાં સમાવિષ્ટ શબ્દોને સ્થાનિક ભાષામાં રૂપાંતર કરી પ્રાદેશિક શબ્દકોશની રચના કરવાનું પણ આયોજન હાથ ધરવામાં આવેલ છે. આમ, પ્રાથમિક

શિક્ષણ ક્ષેત્રે નડતરરૂપ વિવિધ સમસ્યાઓને ઓળખી તેને અનુરૂપ પ્રકાશન કાર્ય હાથ ધરવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે.

ભવન દ્વારા 'પ્રવૃત્તિની પાંખે' નામનો કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો અને ડીઈસીયુ, ઈસરો, અમદાવાદ દ્વારા તેનું રાજ્યકક્ષાએ પ્રસારણ કરવામાં આવ્યું. આમ, પ્રાથમિક શાળાઓ અને ભવનમાં નવવિચાર વિષયક કાર્યક્રમો કે પ્રવૃત્તિઓ સમયાંતરે થતી રહે છે.

સ્થાનિક કક્ષાએ પ્રાથમિક વિદ્યાલયોના આચાર્યોની સહાયથી ચેનલ નેટવર્ક ઊભું કરવામાં આવ્યું છે. સ્ટુડિયો દ્વારા આ પ્રકારે ૯ કેન્દ્રો સાથે સહયોગ થઈ શકયો છે. આમ, ઉપલબ્ધ નવી પ્રાદ્યોગિકીની સહાયથી શિક્ષકો અને સ્થાનિક કેબલ ચેનલો અને રેડિયો દ્વારા શૈક્ષણિક કાર્યક્રમો રસપ્રદ બને તે અર્થે સમાજ સાથે વિચાર વિમર્શ કરવાનો ઉપક્રમ રાખવામાં આવે છે. આ ઉપરાંત તાલીમી કાર્યક્રમને અનુલક્ષીને ઉપલબ્ધ સાધન સામગ્રીનો મહતમ ઉપયોગને પણ ધ્યાનમાં રાખવામાં આવે છે. આધુનિક પ્રાદ્યોગિકીની સહાયથી તાલીમી કાર્યક્રમને ફળદાયી બનાવવા અર્થે શૈક્ષણિક પ્રૌદ્યોગિકી શાખાની સહાય લેવામાં આવે છે. જરૂરિયાત મુજબ કમ્પ્યૂટર, ઓ.એચ.પી., એલ.સી.ડી., વગેરેની સહાયથી કાર્યક્રમને સફળ બનાવવા માટે અધ્યાપકો હંમેશા તત્પર રહે છે.

ભવનમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને પણ આ પ્રકારનાં સાધનોનો ઉપયોગ માહિતગાર બને તે હેતુથી તેઓ મારફત પણ આ પ્રકારની વિવિધ તકનિકીનો ઉપયોગ કરવામાં આવે છે.

### *૪.૧.૪. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી :*

❀ **અમરેલી ડાયેટ દ્વારા પ્રકાશિત સામયિકો અને સાહિત્ય :**

અમરેલી ડાયેટ દ્વારા અત્યાર સુધીમાં પ્રકાશિત થયેલા મુખ્ય સામયિકો આ મુજબ છે.

૧. ત્રિમાસિક સામયિક 'અમરવેલી' કુલ પાંચ અંકો.

૨. હસ્તલિખિત સાપ્તાહિક – નવરંગ.

૩. હસ્તલિખિત માસિક.

૪. વાર્ષિક આયોજન.

૫. અર્ધવાર્ષિક આયોજન.

૬. આચાર્ય નવસંસ્કરણ તાલીમ નિદર્શિની.

૭. ક્ષમતાલક્ષી શૈક્ષણિક સાધન નિર્માણ અને ઉપયોજન.

૮. સી.આર.જી. અંગ્રેજી વિષય પથદર્શિકા.

૯. વિષય શિક્ષણ શિક્ષક પથદર્શિકા.

૧૦. યોગ શિક્ષણ કાર્ય શિબિર માર્ગદર્શિકા.

૧૧. ક્ષેત્ર–૧ સંદર્ભ ક્ષમતાઓ.

૧૨. ગણિત વિજ્ઞાન મંડળ સશકિતકરણ મોડયુલ–૨૦૦૧

૧૩. ગણિત વિજ્ઞાન મંડળ સશકિતકરણ મોડયુલ–૨૦૦૨

૧૪. દિવાસ્વપ્ન – નાટય રૂપાંતર.

૧૫. ધો.૭ સંસ્કૃત મોડયુલ

૧૬. ધો. ૬ શિક્ષક નિદર્શિની

૧૭. ધો. ૧ થી ૫ વાર્ષિક આયોજન તથા સી.આર.જી. વાર્ષિક આયોજન.

૧૮. શૈક્ષણિક સંશોધનો ૨૦૦૦–૨૦૦૧

૧૯. શૈક્ષણિક સંશોધનો ૨૦૦૧–૨૦૦૨

૨૦. અતિ કઠિન બિંદુઓના સરળીકરણની પ્રવૃત્તિઓ.

૨૧. મનોવૈજ્ઞાનિક પ્રયોગોમાં પા....પા....પગલી....

૨૨. વિશેષ અંકોઃ પ્રવેશોત્સવ વિશેષાંક, બાલમેળા વિશેષાંક

૨૩. વ્યકિતગત લેખો : વિવિધ સામયિકોમાં તથા આકાશવાણી અને દૂરદર્શન ચિત્રો દ્વારા અંક

૨૪. વ્યકિતગત પુસ્તકો : નવલકથા–૩, વાર્તાસંગ્રહ–૧, નાટયસંગ્રહ–૧, વાસુદેવભાઈ સોઢા દ્વારા

અમરેલી ડાયેટ દ્વારા સતત નવા નવા ચાર્ટસ, ચિત્રો, મોડેલ્સ, ઓડિયો–વિડિયો કેસેટસ વગેરે બનાવવાના પ્રયત્નો થતા રહે છે. જેની વિગતો સારણી ૪.૫૦ માં દર્શાવેલ છે.

## સારણી – ૪.૫૦

### અધ્યયન – અધ્યાપન માટે બનાવેલ સાધનો અને મોડેલ્સ

| વિષય | સાધનનો પ્રકાર | ૧૯૯૫ – ૯૬ | ૧૯૯૬ – ૯૭ | ૧૯૯૭ – ૯૮ | ૧૯૯૮ – ૯૯ | ૧૯૯૯ – ૨૦૦૦ | ૨૦૦૦ – ૦૧ | ૨૦૦૧ – ૦૨ | ૨૦૦૨ – ૦૩ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગણિત | ચાર્ટસ | 5 | 7 | 8 | 8 | 10 | 12 | 18 | 15 | 83 |
| | મોડેલ્સ | 3 | 4 | 5 | 5 | 5 | 3 | 4 | 5 | 34 |
| | ટીએલએમ | 10 | 11 | 10 | 10 | 15 | 15 | 15 | 20 | 106 |
| વિજ્ઞાન/ પર્યાવરણ | ચાર્ટસ | 10 | 15 | 15 | 10 | 10 | 15 | 25 | 10 | 110 |
| | મોડેલ્સ | 2 | 2 | 5 | 5 | 3 | 4 | 5 | 8 | 34 |
| | ટીએલએમ | 15 | 17 | 10 | 10 | 1 | 16 | 21 | 15 | 114 |
| અંગ્રેજી | ચાર્ટસ | 3 | 5 | 7 | 8 | 5 | 4 | 5 | 7 | 44 |
| | મોડેલ્સ | 0 | 0 | 1 | 0 | 0 | 2 | 0 | 0 | 3 |
| | ટીએલએમ | 2 | 5 | 6 | 2 | 2 | 4 | 3 | 8 | 32 |
| સમાજવિદ્યા | ચાર્ટસ | 10 | 15 | 15 | 10 | 10 | 15 | 12 | 15 | 102 |
| | મોડેલ્સ | 0 | 0 | 5 | 5 | 4 | 4 | 3 | 2 | 23 |
| | ટીએલએમ | 3 | 5 | 10 | 15 | 20 | 0 | 5 | 3 | 61 |
| ગુજરાતી | ચાર્ટસ | 10 | 20 | 20 | 15 | 20 | 15 | 15 | 10 | 125 |
| | મોડેલ્સ | 5 | 5 | 5 | 5 | 5 | 5 | 5 | 2 | 37 |
| | ટીએલએમ | 15 | 10 | 10 | 10 | 15 | 12 | 12 | 13 | 97 |
| હિન્દી | ચાર્ટસ | 10 | 10 | 10 | 10 | 10 | 8 | 5 | 10 | 73 |
| | મોડેલ્સ | 0 | 2 | 2 | 2 | 2 | 2 | 1 | 2 | 13 |
| | ટીએલએમ | 5 | 5 | 5 | 7 | 12 | 5 | 5 | 8 | 52 |

ઉપરોક્ત સારણી – ૪.૫૦ પરથી જોઈ શકાય કે ૧૯૯૫ કરતાં ૨૦૦૨ માં ચાર્ટસ, ચિત્રો અને ટી.એલ.એમ. માં સતત વધારો થતો રહ્યો છે. ઉપરાંત દરેક વિષયમાં તેનું પ્રમાણ વધ્યું છે. સાધનોના પ્રકારના સંદર્ભમાં જોઈએ તો ચાર્ટસનું પ્રમાણ સૌથી વધુ છે. જયારે મોડેલ્સનું પ્રમાણ ઓછું છે. ટી.એલ.એમ. માં પણ સારો વધારો થયો છે. વિષય પ્રમાણે જોઈએ તો ગુજરાતી વિષયમાં સૌથી વધુ અને અંગ્રેજી વિષયમાં સૌથી ઓછા સાધનો અને મોડેલ્સ જોવા મળે છે.

અમરેલી ડાયેટમાં પ્રતિવર્ષ ચાર્ટસ, મોડેલ્સ, ટી.એલ.એમ. વગેરે પ્રશિક્ષણાર્થીઓની મદદથી બનાવવામાં આવે છે. જેનો ઉપયોગ પ્રશિક્ષણાર્થીઓ પોતાના પ્રયોગિક પાઠમાં કરે છે. જો એકજ વિષયના એક ક્ષમતાના એક કરતાં વધુ શૈક્ષણિક સાધનો બનાવેલા હોય તો સી.આર.સી. કક્ષાએ અથવા શાળા કક્ષાએ ભવન તરફથી શૈક્ષણિક ઉપયોગ માટે ભેટ આપવામાં આવે છે. જેથી તેઓ શાળાના શિક્ષકોને પણ શિક્ષણમાં તેનો ઉપયોગ કેવી રીતે થાય તેની ચર્ચા કરી ઉપયોગ કરવા પ્રેરે છે.

❀ **અધ્યયન – અધ્યાપન માટે બનાવેલ શૈક્ષણિક સાધન સામગ્રી**

અમરેલી ડાયેટ દ્વારા બધા જ અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ તાલીમાર્થીઓ દ્વારા અનેક પ્રકારની શૈક્ષણિક સામગ્રી બનાવવામાં આવે છે. છેલ્લા બે વર્ષોમાં બનાવવામાં આવેલ શૈક્ષણિક સામગ્રીની વિગત નીચે મુજબ છે.

– ચાર્ટ : દરેક વિષયની ક્ષમતા મુજબ અત્યાર સુધીમાં આશરે ૫૩૦ જેટલા ચાર્ટસ બનાવેલ છે.

– ચિત્રો : ક્રિએટીવ આર્ટસ તથા વિશિષ્ટ દિનને અનુરૂપ ચિત્રો તાલીમાર્થીઓ બનાવે છે. આ ઉપરાંત ગત વર્ષે 'દિવાસ્વપ્ન' અને 'તોતો–ચાન' ના પ્રસંગોને અનુરૂપ ચિત્રો બનાવવામાં આવેલા છે.

– મોડેલ્સ અને સાધનો : દરેક વિષયની ક્ષમતા મુજબ અત્યાર સુધીમાં આશરે ૬૫૦ જેટલા મોડેલ્સ અને સાધનો બનાવેલ છે.

– ઓડિયો કેસેટસ : બાલગીત, સંસ્કૃત ધો.૭ તથા ભારતનો ઈતિહાસની ઓડિટો કેસેટ.

– વિડિયો કેસેટસ : દિવાસ્વપ્નની વિડિયો કેસેટ.

– સી.ડી. :

(૧) ડાયેટ પ્રેઝન્ટેશન સી.ડી.

(૨) શૈક્ષણિક પાઠની સી.ડી.

(૩) નર્સરી રાઈમ્સ

(૪) કિડસ એકિટવીટી સેન્ટર

(૫) સાયન્સ અહેડ

(૬) મેથ્સ કલબ

(૭) વોકેબ્યુલરી

(૮) વર્લ્ડ એન્સાયકલોપીડીયા ૨૦૦૨

(૯) બ્રિટાનિકા એન્સાયકલોપીડીયા પાર્ટ–૧, ૨

(૧૦) બ્રિટાનિકા એન્સાયકલોપીડીયા ઈન્સ્ટોલેશન સી.ડી.

(૧૧) કમ્પ્યૂટર જાતે શીખો.

(૧૨) વિન્ડો–૯૮ ઓપરેટીંગ સીસ્ટમ ઈન્સ્ટોલેશન સી.ડી. ૧૬

(૧૩) ઓડીયો/મલ્ટીમીડીયા/ગ્રાફીક ડ્રાઈવર્સ–સીડી ૩૦

(૧૪) એચ.પી.સ્કેન જેટ ડ્રાઈવર સી.ડી.

(૧૫) ફોટો ડીલક્ષ સોફટવેર, મોડેમ્સ ડ્રાઈવર સી.ડી.

(૧૬) પ્રિન્ટર ડ્રાઈવર બી.જે.સી. ૨૧૦

(૧૭) ડાયેટ કેપેસીટી બિલ્ડીંગ – ૧, ૨

(૧૮) એડલ્ટ એજયુકેશન (તારૂણ્ય શિક્ષણ) સી.ડી.પાર્ટ ૧ થી ૪

(૧૯) એકટીવીટી બેઈઝડ સાયન્સ એજયુકેશન ધો.૭ પાર્ટ ૧ થી ૧૦

(૨૦) એકટીવીટી બેઈઝડ સાયન્સ એજયુકેશન ધોરણ–૬ પાર્ટ ૧ થી ૪

(૨૧) સ્ટ્રેસ રીલીફ પ્રોગ્રામ ડયુરીંગ અર્થ કવેક(તનાવ મુકિત કાર્યક્રમ)

(૨૨) પંચતંત્રની વાર્તાઓ

(૨૩) કીલર સ્કાઈઝ

(૨૪) કલીપ આર્ટ

(૨૫) સાયન્સ એન્ડ ટેકનોલોજી

– કમ્પ્યૂટર પ્રોગ્રામ :

(૧) આઈ.આર.બી. સોફટવેર (ઈન્ફર્મેશન રીલેટેડ ટુ બાયોડેટા)

(૨) QB 2001

(૩) CRG Details

(૪) Seminar Hisab

– મલ્ટીમિડિયા પેકેજઃ

(૧) પ્રેઝન્ટેશન ઓફ યુનિવર્સ

(૨) પ્રેઝન્ટેશન ઓફ ઈકલીપ્સ

(૩) પ્રેઝન્ટેશન ઓફ સ્કેલેટોન

(૪) પ્રેઝન્ટેશન ઓફ સેટેલાઈટ

હાલ અમરેલી ડાયેટની ઈ.ટી. શાખા પાસે ઉપલબ્ધ વિડિયો કેસેટસની વિગત નીચે મુજબ છે.

પ્રિસર્વિસ ટીચર એડયુકેટર કેપેસીટી બિલ્ડીંગ પાર્ટ–૧ થી ૪, વેલ્યુ એજ્યુકેશન ફ્રોમ NCTE.

આ ઉપરાંત ડાયેટની ઈ.ટી.શાખામાં ઈન્ટરનેટ અને ઈ–મેઈલ સુવિધા પણ ઉપલબ્ધ છે.

### *૪.૧.૫ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ*

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટના વ્યાખ્યાતાઓ દ્વારા વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩ દરમિયાન કુલ ૪૫ મોડયુલ્સનું નિર્માણ થયું હતું. જેમાં કુલ ૧૭ મોડયુલ્સ ઈ.ડી.એન. ૧૬ યોજના અંતર્ગત તૈયાર થયાં હતા.

વર્ષ ૧૯૯૭–૯૮ માં કુલ ૧૨ મોડયુલ્સનું નિર્માણ થયું હતું.

વર્ષ ૧૯૯૮–૯૯ માં કુલ ૯ મોડયુલ્સનું નિર્માણ થયું હતું.

વર્ષ ૧૯૯૯–૨૦૦૦ માં કુલ ૬ મોડયુલ્સનું નિર્માણ થયું હતું.

વર્ષ ૨૦૦૦–૦૧ માં કુલ ૮ મોડયુલ્સનું નિર્માણ થયું હતું.

વર્ષ ૨૦૦૧–૦૨ માં કુલ ૧૦ મોડયુલ્સનું નિર્માણ થયું હતું.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટના વિવિધ વિભાગોના વ્યાખ્યાતાઓએ કુલ ૨૯ અહેવાલ તૈયાર કર્યા હતા.

વર્ષ ૧૯૯૭–૯૮ દરમિયાન ભવનના વ્યાખ્યાતાઓ દ્વારા કુલ ત્રણ અહેવાલો તૈયાર કરવામાં આવ્યા હતા.

વર્ષ ૧૯૯૮–૯૯ દરમિયાન ભવનના વ્યાખ્યાતાઓ દ્વારા કુલ બે અહેવાલો તૈયાર કરવામાં આવ્યા હતા.

વર્ષ ૧૯૯૯–૨૦૦૦ દરમિયાન ભવનના વ્યાખ્યાતાઓ દ્વારા કુલ બે અહેવાલો તૈયાર કરવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૦૦–૦૧ દરમિયાન ભવનના વ્યાખ્યાતાઓ દ્વારા કુલ ત્રણ અહેવાલો તૈયાર કરવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૦૧–૦૨ દરમિયાન ભવનના વ્યાખ્યાતાઓ દ્વારા કુલ બાર અહેવાલો તૈયાર કરવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૦૨–૦૩ દરમિયાન ભવનના વ્યાખ્યાતાઓ દ્વારા કુલ છ અહેવાલો તૈયાર કરવામાં આવ્યા હતા.

### *૪.૧.૬ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ :*

વર્ષ ૧૯૯૫ થી વર્ષ ૨૦૦૩ દરમિયાન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢના વ્યાખ્યાતાઓ દ્વારા વિવિધ પ્રકારનાં કુલ ૫૯ મોડયુલ્સનું નિર્માણ થયેલ. જેમાં 'મયંક' મુખપત્ર, 'અભ્યુદય' પ્રાર્થના સંપુટ, 'એક ઝલક' ભવન અંગેની માહિતી પુસ્તિકા, વાર્ષિક અહેવાલઃ વાર્ષિક આયોજન, 'નિર્વાણ ગિરા' પ્રાર્થના સંપુટ, 'નૂતન અભિગમ સંકલિત સમૃદ્ધિ' વિદ્યાસહાયક મોડયુલ, વગેરેનો સમાવેશ થયેલ હતો.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢના વ્યાખ્યાતાઓ દ્વારા ૧૯૯૫ થી ૨૦૦૩ દરમિયાન કાર્યક્રમ પૂર્ણ થયા બાદ કાર્યક્રમ અંગેનો સંપૂર્ણ અહેવાલ તૈયાર કરવામાં આવેલ. આ પ્રકારના કુલ ૨૬ અહેવાલોનું નિર્માણ થયેલ.

ભવનની ડબલ્યુ.ઈ.શાખા દ્વારા દર વર્ષે પ્રશિક્ષણાર્થીઓ પાસે વિષયવસ્તુને સંલગ્ન ત્રણ ટી.એલ.એમ.ની રચના કરાવવામાં આવે છે. દર વર્ષે ટી.એલ.એમ. વર્કશોપ પણ યોજવામાં આવે છે. જે અંતર્ગત ધો.૧ થી ધો. ૭ ના તમામ વિષયના જાતે બનાવી શકાય તેવા ટી.એલ.એમ.ની માર્ગદર્શિકા પણ તૈયાર કરવામાં આવેલ. વર્ષ ૧૯૯૯થી વર્ષ ૨૦૦૩ વચ્ચે કુલ ૧૫ ટી.એલ.એમ.વર્ગો કરવામાં આવ્યા અને તેમાં ૯૦ (૧૯૯૯–૨૦૦૦), ૧૫૨ (૨૦૦૦–૦૧), ૨૩૪ (૨૦૦૧–૦૨), ૪૫ (૨૦૦૨–૦૩) તથા ૮૮ (૨૦૦૩–૦૪) એમ કુલ ૬૦૯ લાભાર્થીઓને સમાવિષ્ટ કરવામાં આવેલ.

### ૪.૧.૭ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરા :

ભવન દ્વારા મુખપત્ર 'વિહંગ' પ્રગટ કરવામાં આવે છે. જેમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના અધ્યાપકોના, પ્રાથમિક શાળાના શિક્ષકોના તથા તાલીમાર્થીઓના લેખોને સ્થાન અપાય છે. આ ઉપરાંત જાણીતા શિક્ષણકારો, સાહિત્યકારોના લેખોનો પણ સમાવેશ કરવામાં આવે છે. 'વિહંગ' માં લેખો, કાવ્યો, પ્રસંગોચિત વાર્તાઓ તથા શૈક્ષણિક પ્રયોગોનો સમાવેશ કરવામાં આવે છે. વિહંગ મુખપત્રમાં સંસ્થા સમાચાર તથા ભવનના વિવિધ કાર્યક્રમોની માહિતી પણ રજૂ કરવામાં આવે છે. આ મુખપત્ર વડોદરા જિલ્લાની

બધી જ પ્રાથમિક શાળાઓમાં વિના મૂલ્યે મોકલવામાં આવે છે. આમ, 'વિહંગ' જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અને જિલ્લાની પ્રાથમિક શાળાઓને જોડતી જીવંત અને ઉપયોગી કડી છે.

વડોદરા જિલ્લામાં કાર્યરત બી.આર.સી.ની સંખ્યા ૧૫ છે, સી.આર.સી.ની સંખ્યા ૨૧૮ છે અને એમ.ટી.એ,. પી.ટી.એ, વી.સી.ડબલયુ.સી., અને વી.ઈ.સી. બધાની સંખ્યા ૧૫૪૫ છે. આ સભ્યોને તાલીમ આપવા માટે મોડયુલ્સ તૈયાર કરવામાં આવે છે. જેમાનાં કેટલાંક મોડયુલ્સનો ઉલ્લેખ અત્રે કરેલ છે.

- નવનિયુકત વિદ્યાસહાયકો માટે
- એસ.ઓ.પી.ટી. મોડયુલ
- ધો. ૫ સમાજવિદ્યા, ગુજરાતી
- ધો. ૬ અંગ્રેજી સિદ્ધિ કસોટી સંદર્ભે કઠિન ક્ષમતાઓ
- ધો.૭ અંગ્રેજી, સંસ્કૃત
- યુનિસેફની મદદથી શાળા આરોગ્ય કાર્યક્રમ
- વાંચન ગણન લેખન અભિવૃદ્ધિ અભિયાન.

ભવનના Total Quality Management મોડયુલને રાષ્ટ્રીય પુરસ્કાર અંતર્ગત દસમો ક્રમ પ્રાપ્ત થયેલ છે. ભવનમાં ઓડીયો વિડીયો લાઈબ્રેરી તથા ૨૦૦ સી.ડી. સાથેની સી.ડી. લાયબ્રેરી પણ છે. ભવને પોતાની વેબસાઈટ લોન્ચ કરેલ છે.

### *૪.૧.૮ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર*

ભવન દ્વારા મુખપત્ર 'મૈત્રી' પ્રગટ થાય છે. વર્ષના દસ અંક લેખે બે અંક સંયુકત આપી દર માસની પ્રથમ તારીખે પ્રકાશિત થતું 'મૈત્રી' જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના અધ્યાપકો તથા પ્રાથમિક શાળાઓના શિક્ષકો વચ્ચેની સશકત જોડતી કડી છે. ભવનના અધ્યાપકો, પ્રાથમિક શાળાના શિક્ષકો, તાલીમાર્થીઓ, જાણીતા શિક્ષણકારો અને સાહિત્યકારોના લેખો ઉપરાંત વાર્તાઓ, કાવ્યો, શૈક્ષણિક પ્રયોગો, સંસ્થા સમાચાર,

પ્રવૃત્તિ અહેવાલ, સુવિચારો વગેરેથી ભરપૂર રસદાર 'મૈત્રી' ભવનનું આગવું નજરાણું બની રહે છે.

પ્રાથમિક શાળાના શિક્ષકોને વિવિધ વિષયો સરળતાથી શીખવવામાં ઉપયોગી થાય એવાં વિષય શિક્ષણ મોડયુલ્સ, શિક્ષક હાથપોથી ભવનનાં વિશિષ્ટ કાર્યક્રમોમાં ચર્ચાયેલ વિવિધ બાબતોની પુસ્તિકાઓ ભવન દ્વારા પ્રકાશિત થયેલ છે. જેમાંના કેટલાંકનો ઉલ્લેખ અત્રે કરેલ છે.

– ધો. ૧ થી ૫ અભ્યાસક્રમ ફાળવણી
– ધો. ૧, ૨ પ્રશ્નબેંક સંપૂટ અને એકમ કસોટી સંપુટ.
– પ્રવૃત્તિલક્ષી તાલીમ મોડયુલ ધો. ૧, ૨, ૩
– ધો. ૫ કઠિનબિંદુ સરળીકરણ તથા વિજ્ઞાન તાલીમ.
– ધો. ૬ એમ.એલ.એલ. તાલીમ
– આચાર્ય નવસંસ્કરણ તાલીમ અભ્યાસક્રમ ફાળવણી
– પ્રવૃત્તિલક્ષી, આનંદદાયી અને ક્ષમતાકેન્દ્રી અભિગમયુકત શિક્ષક પ્રશિક્ષક સાહિત્ય ધો. ૧,૨
– ક્રિયાત્મક કસોટી વિશેષાંક
– પપેટ્રી પ્રિપેરિંગ લીટરેચર
– યોગ શિક્ષણ તાલીમ
– જ્ઞાન ચકાસો – કમ્પયૂટર સબંધિત કસોટી.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરે પુસ્તકો, લેખિત સામગ્રીનું પ્રકાશન અને નિર્માણ કાર્ય કરવા ઉપરાંત વિશિષ્ટ સાધનો અને તાલીમકીટ પણ બનાવેલ છે. આ સમગ્ર પ્રકાશન અને સાધન નિર્માણની પ્રક્રિયામાં ભવનના અધ્યાપકો તથા પ્રશિક્ષણાર્થીનો ફાળો મુખ્ય જોવા મળે છે. જરૂર જણાય ત્યાં ભવન દ્વારા વિષય નિષ્ણાંતો અને શિક્ષણકારોનું વિશિષ્ટ માર્ગદર્શન પણ મેળવવામાં આવે છે.

### *૪.૧.૯ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર :*

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા ૧૫ ઓગષ્ટ ૨૦૦૨ થી મુખપત્ર 'પલાશ' પ્રગટ કરવાનો આરંભ થયો છે. આ મુખપત્રમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના અધ્યાપકોના, પ્રાથમિક શિક્ષકોના, તાલીમાર્થીઓના લેખોને સ્થાન અપાયું છે. આ ઉપરાંત જાણીતા શિક્ષણકારોના લેખો પણ તેમાં સમાવાયા છે. આ મુખપત્રમાં શૈક્ષણિક લેખો ઉપરાંત કાવ્યો, વાર્તાઓ અને શૈક્ષણિક પ્રયોગોનો સમાવેશ થયો છે. સંસ્થા સમાચાર કોલમમાં ડાયેટમાં થયેલા વિવિધ કાર્યક્રમોની માહિતી રજૂ થઈ છે. ખાલી જગ્યામાં વિવિધ સુવાકયો મુકવામાં આવ્યાં છે. આ મુખપત્રના મુખ્ય વાચકો સુરેન્દ્રનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓના આચાર્યો તથા શિક્ષકો છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અને જિલ્લાની પ્રાથમિક શાળાઓને જોડતી આ જીવંત તથા ઉપયોગી કડી છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવને શરૂ કરેલ આ આવકાર્ય પ્રયોગ લાંબો સમય ચાલુ રહે તો જિલ્લાના શિક્ષણજગતને સાચેજ ઉપયોગી થશે.

❀ **શૈક્ષણિક મોડયુલ પ્રકાશન :**

પ્રાથમિક શાળાઓના શિક્ષકોને વિવિધ વિષયો શીખવવામાં ઉપયોગી એવાં વિષય શિક્ષણને લગતાં મોડયુલ, વિષય શિક્ષણ માટે ઉપયોગી શિક્ષક હાથપોથી (Teacher's Hand Book), જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા યોજાયેલ વિશિષ્ટ કાર્યક્રમમાં ચર્ચાયેલ વિવિધ બાબતોની પુસ્તિકાઓ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા પ્રકાશિત થઈ છે. આ પ્રકાશનોની વિગતો સંક્ષેપમાં રજુ કરી છે.

– ધો. ૬ (સંસ્કૃત) પથદર્શિકા
– ધો. ૭ (સંસ્કૃત) તાલીમ પથદર્શિકા.
– સી.આર.સી. અને બી.આર.સી. કેપેસીટી બિલ્ડીંગ.
– કમ્પ્યૂટર તાલીમ (માર્ગદર્શિકા–૧)
– ઓડિયો સ્ક્રીપ્ટ રાઈટીંગ ટ્રેઈનીંગ વર્કશોપ
– સ્વાધ્યાય રચના અને વર્ગશિક્ષણ

- ગણિત વિજ્ઞાન શિક્ષણ સુધારણા
- ધો.૫ અંગ્રેજી, વિજ્ઞાન અને ગણિત વિષયના તાલીમ કાર્યક્રમ માટે શિક્ષક નિદર્શિની
- પૂર્વ પ્રાથમિક અધ્યાપન તાલીમ મોડયુલ
- ગ્રામ શિક્ષણ સમિતિ તાલીમ મોડયુલ
- શિક્ષક નિદર્શિની ધો.૬
- શિક્ષક નિદર્શિની ધો.૭
- આચાર્ય નવસંસ્કરણ કાર્યક્રમ નિદર્શિની
- મૂલ્યાંકન સંબંધી ક્ષમતાઓ (પી.ટી.સી. પ્રથમ વર્ષ)
- અંગ્રેજી નિદર્શિની ધો.૬
- કહેવત સંગ્રહ
- સી.આર.સી. માસિક આયોજન
- અભ્યાસક્રમ, પાઠયપુસ્તક, માઈક્રોટીચિંગ
- પી.ટી.સી. પ્રથમ વર્ષ પર્યાવરણ અધ્યયન–અધ્યાપન
- અધ્યયન–અધ્યાપન માતૃભાષા–ગુજરાતી પી.ટી.સી. (પ્રથમ વર્ષ)
- મૂલ્યાંકન મોડયુલ–પ્રથમ વર્ષ
- ચિત્ર શિક્ષણ મોડયુલ
- પી.ટી.સી.ના પ્રથમ વર્ષના સુધારેલા અભ્યાસક્રમ મુજબ મૂલ્યાંકન માટેનું મોડયુલ
  - શાળા તત્પરતા મોડયુલ
  - મનોવિજ્ઞાન પ્રયોગશાળા મોડયુલ
  - પી.ટી.સી. સુધારેલા અભ્યાસક્રમ અંતર્ગત આંતરિક મૂલ્યાંકન માર્ગદર્શિકા
  - ધો. ૪ હિન્દી નિદર્શિકા.

### ૪.૧.૧૦ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા ૧૯૯૭ થી ૨૦૦૨ દરમિયાન યોજાયેલ વિવિધ તાલીમ કાર્યક્રમો દરમિયાન વિવિધ શૈક્ષણિક સાહિત્યનો ઉપયોગ કરવામાં આવેલ છે. તેમાં કેટલુંક સાહિત્ય ભવન દ્વારા તૈયાર થતું હોય છે. જેનો ઉદેશ્ય પ્રાથમિક શિક્ષકની ગુણવત્તા સુધારવા માટે તેમજ પ્રાથમિક શિક્ષકના વ્યાવસાયિક સજ્જતામાં વધારો કરવાનો રહ્યો છે. આ સંદર્ભે ભવન દ્વારા વિવિધ પ્રકારના સાહિત્યનું નિર્માણ થાય છે. જેમ કે વાર્ષિક અહેવાલ, પુસ્તિકા મોડયુલ, સ્વાધ્યાયપોથી, માર્ગદર્શક સાહિત્ય, માર્ગદર્શિકા, કસોટીઓ અને ચર્ચાપત્રોનું નિર્માણ કરી તાલીમમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

ઉપરાંત પ્રાથમિક શિક્ષકોને શિક્ષણ કાર્ય કરવામાં સરળતા રહે તથા અસરકારક રીતે શિક્ષણ આપી શકે તે માટે અધ્યયન અધ્યાપન માટે વિવિધ સામગ્રી, મોડેલ તથા ઓડિયો–વીડીયો કેસેટ તેમજ સી.ડી. તૈયાર કરી વર્ગશિક્ષણમાં ઉપયોગ કરવામાં આવે છે.

❀ **ગાંધીનગર ડાયેટ દ્વારા પ્રકાશિત સાહિત્ય :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા ૧૯૯૭–૨૦૦૦ ના વર્ષ દરમિયાન યોજાયેલ તાલીમ કાર્યક્રમોમાં વિવિધ પ્રકારના શૈક્ષણિક સાહિત્યનો ઉપયોગ કરવામાં આવ્યો, તેમાં કેટલાંક સાહિત્ય અને સામગ્રી ભવન દ્વારા તૈયાર કરવામાં આવી, તે આ પ્રમાણે છે.

➢ **વર્ષ : ૧૯૯૭–૯૮**

૧. એમ.એલ.એલ.સાહિત્ય
૨. ઓપન બુદ્ધિ પ્રશ્નાવલી
૩. પ્રિ.પોસ્ટ ટેસ્ટ પ્રશ્નાવલી
૪. યોગ વિશેનું સાહિત્ય

૫. તરંગ ઉલ્લાસમય કાર્યક્રમનું સાહિત્ય

૬. એસ.ઓ.પી.ટી. નવ સંસ્કરણ પુસ્તક

૭. ચર્ચાપત્રો ૧ થી ૫

૮. શાળા તત્પરતા અંગેનું સાહિત્ય

૯. શૈક્ષણિક માહિતી ધરાવતા બાળગીતો

૧૦. વાર્ષિક અહેવાલ ૧૯૯૭–૯૮

➢ વર્ષ ૧૯૯૮–૯૯

૧. ધોરણ–૬ શિક્ષક નિદર્શિની

૨. શાળા તત્પરતા અંગેનું સાહિત્ય.

૩. વિજ્ઞાન મેળા મોડેલ સાહિત્ય.

૪. ધોરણ–૩ ગુજરાતી વિષય સ્વાધ્યાયપોથી

૫. પ્રશ્નપત્ર રચના

૬. પ્રાર્થના પોથી

૭. ધો.૫ સેવાકાલીન તાલીમ સાહિત્ય

૮. આચાર્ય અને સી.આર.સી.

૯. સી.આર.સી. આર.પી. તાલીમ સાહિત્ય

૧૦. અંગ્રેજી વિષયવસ્તુ સાહિત્ય

૧૧. ટેકનિશ્યન તેમજ ઈ.ટી.શાખાના લેકચરર્સ માટેનું તાલીમ સાહિત્ય

૧૨. ડી.આર.જી. (તજ્જ્ઞ જૂથ) તાલીમ માટેનું સાહિત્ય

૧૩. વાર્ષિક અહેવાલ ૧૯૯૮–૯૯

➢ વર્ષ : ૧૯૯૯–૨૦૦૦

૧. સી.આર.સી. વાર્ષિક આયોજન

૨. ધો.૧ થી ૭ ના વિષયદીઠ અભ્યાસક્રમ રચના

૩. ધો.૩ સ્વાધ્યાયપોથી રચના (ગણિત, પર્યાવરણ)

૪. ધો.૪ સ્વાધ્યાયપોથી રચના (ગુજરાતી, ગણિત, પર્યાવરણ)

૫. ધો.૫ શિક્ષક નિદર્શિની રચના (અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, સમાજવિદ્યા)

૬. ધો.૬ શિક્ષક નિદર્શિની (અંગ્રેજી)

૭. ધો.૭ શિક્ષક નિદર્શિની રચના (સમાજવિદ્યા, હિન્દી, ગુજરાતી, ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી)

૮. ધો.૩ સિદ્ધિ કસોટી રચના (ભાષા)

૯. ધો.૫,૬ અને ૭ સિદ્ધિ કસોટી રચના (અંગ્રેજી)

૧૦. પ્રશ્નપત્ર રચના (છ માસિક, વાર્ષિક)

૧૧. પી.ટી.સી. વર્ષ ૧ કમ્પ્યૂટર અભ્યાસક્રમ

૧૨. પગારબીલ સોફટવેરની કમ્પ્યૂટર ફલોપી

૧૩. શાળા તત્પરતા તાલીમી સાહિત્ય

૧૪. વિજ્ઞાન મેળા મોડેલ નિર્માણ સાહિત્ય.

૧૫. વિદ્યાસહાયક તાલીમ સાહિત્ય

૧૬. યોગ અને શારીરિક સ્વાસ્થ્ય શિબિર અને તાલીમ સાહિત્ય.

૧૭. પી.ટી.સી. વર્ષ–૨ અધ્યાપન–૫ મોડયુલ રચના.

➢ વર્ષ : ૨૦૦૨–૨૦૦૩

૧. જિલ્લાની આંકડાકીય માહિતી પુસ્તિકા

૨. અભિવન શાળા પ્રોજેકટ મોડયુલ

૩. ડી.આર.જી./બી.આર.જી./સી.આર.જી. યાદી ડોકયુમેન્ટ

૪. અભિવન શાળા પ્રોજેકટ – શાળા વિસ્તાર પેમ્પલેટ

૫. ટી.કયુ.એમ. સ્વાધ્યાય પ્રત્યુતર રચના.

૬. ટી.કયુ.એમ. પ્રકરણ–૧૨ પ્રેઝન્ટેશન

૭. શિક્ષણમાં ગુણવત્તા સુધારણામાં આચાર્યનું અસરકારક નેતૃત્વ – માર્ગદર્શન સાહિત્ય.

૮. શાળાનો વેબસાઈટ માટેનો રિપોર્ટ.

૯. બી.આર.સી., સી.આર.સી. શાળાદીઠ માહિતી એકત્રિકરણ પત્રકોની રચના.

૧૦. વિદ્યાસહાયક બાયોડેટા પત્રક રચના

૧૧. પ્રાથમિક શાળા નિરીક્ષણ ફોર્મ (એસ.આર) તથા શિક્ષકોમાં ખાનગી અહેવાલ ફોર્મ (સી.આર.) રચના પ્રા.શિ.નિ.ની કચેરીના સહયોગથી.

૧૨. અભિવન શાળા પ્રોજેકટ – શાળા નિરીક્ષણ ત્રિમાસિક ફોર્મ રચના.

૧૩. અભિવન શાળા પ્રોજેકટ – માર્ગદર્શિકા પેમ્પલેટ.

૧૪. છમાસિક પરીક્ષાનાં પ્રશ્નપત્રો

૧૫. વાર્ષિક પરીક્ષાનાં પ્રશ્નપત્રો

૧૬. પી.ટી.સી.ના પ્રથમ અને બીજા વર્ષની કમ્પ્યૂટરની પુસ્તિકા.

૧૭. જી.બી.ટી.સી.નો કમ્પ્યૂટરનો અભ્યાસક્રમ

૧૮. પી.ટી.સી.ના કમ્પ્યૂટર પરીક્ષાની પ્રિન્ટ.

૧૯. વિદ્યાસહાયક તાલીમ મોડયુલ.

૨૦. શાળા પ્રવેશોત્સવ માર્ગદર્શિકા

૨૧. પી.ટી.સી. પ્રથમ વર્ષ પ્રિટેસ્ટ કસોટીઓ.

૨૨. વાર્ષિક અહેવાલ ૨૦૦૨–૦૩.

૨૩. વાર્ષિક અહેવાલ ૨૦૦૩–૦૪.

આમ ગાંધીનગર ડાયેટ દ્વારા સેવાકાલીન તાલીમ સંદર્ભે શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા વધારવા માટે સારા એવા પ્રમાણમાં સાહિત્ય અને સામગ્રી નિર્માણ કરી છે, જે સરાહનીય છે. હવેના વર્ષે પી.એસ.ટી.ઈ. શાખા શરૂ થઈ છે, ત્યારે ગાંધીનગર ડાયેટ પોતાનું સામયિક અને વેબસાઈટ જાતે તૈયાર કરવાનું કાર્ય કરે છે, તે અભિનંદનને પાત્ર છે.

❀ **અધ્યયન–અધ્યાપન માટે બનાવેલ સાધનો અને મોડેલ્સ :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગરમાં સને ૨૦૦૦ માં શૈક્ષણિક સાધનો (ટી.એલ.એમ.) બનાવવા માટેનો એક વર્કશોપ તૈયાર કરવામાં આવેલ છે. ભવન અંતર્ગત આયોજિત કોઈપણ તાલીમમાં ટી.એલ.એમ. બનાવવું હોય ત્યારે ૩૦ શિક્ષકોની તાલીમ માટે ૫ શિક્ષકોના એક ગ્રુપ પ્રમાણે ૬ ગ્રુપ સાથે કામ કરી શકે તેટલા સાધનો વસાવવામાં આવેલ છે. જેના દ્વારા ધો. ૧ થી ૭ ના શૈક્ષણિક સાધનો બનાવવામાં આવેલ છે. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લાના કોઈપણ શિક્ષક આ કાર્યશાળામાં આવી આ સાધનોના ઉપયોગ દ્વારા પોતાનું શૈક્ષણિક સાધન બનાવી પોતાની શાળામાં લઈ જઈ શકે છે. આમ, સ્વનિર્મિત શૈક્ષણિક સાધન રચના માટેનો એક સંપૂર્ણ સાધનોથી સુસજ્જ વર્કશોપ ભવન ખાતે ઊભો કરવામાં આવેલ છે જેના દ્વારા સતત નવા ચાર્ટસ, ચિત્રો, ટી.એલ.એમ. મોડેલ્સ બનાવવાના પ્રયત્નો થાય છે. વર્ષ ૧૯૯૭ થી ૨૦૦૨ દરમિયાન વિષયવાર ચાર્ટસ, મોડેલ્સ અને ટી.એલ.એમ. બનાવવામાં આવેલ છે. ઈ.ટી.શાખાની કમ્પ્યૂટર લેબ અદ્યતન છે. ઈ.ટી.શાખા દ્વારા ૫૪ ઓડિયો કેસેટ, ૨૭ વિડીયો કેસેટ, ૧૬૮ સી.ડી., ૧૮ કમ્પ્યૂટર પ્રોગ્રામ તથા પાંચ મલ્ટી મિડિયા પેકેજનું નિર્માણ કરવામાં આવેલ છે.

## ૫.૦ વિહંગાવલોકન :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના વિકાસાત્મક પરિચયની રૂપરેખા મેળવવાના પ્રયાસરૂપે પ્રસ્તુત સંશોધન હેવાલના પ્રકરણ–૪ નાં સંશોધનના હેતુ ૩.૨, ૩.૩ અને ૩.૪ તથા તે સંબંધિત પ્રશ્નો ૪.૫ થી ૪.૧૨ ની વિગતો વિસ્તૃત રીતે દર્શાવવામાં આવેલ છે. આ વિગતો દ્વારા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની સેવાઓ અને તેનાં પ્રદાનને મૂલવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. ભવનોની સેવાઓ તથા તેનાં પ્રદાનને આવરી લેવા માટે ત્રણ પાસાંઓને ધ્યાનમાં લેવાનું આવશ્યક બનેલ છે. જેમાં (૧) પૂર્વ સેવા અને સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ (૨) હાથ ધરાતું સંશોધનકાર્ય અને (૩)

પ્રકાશન અને સાધનનિર્માણનું કાર્ય નો સમાવેશ થાય છે. આ ત્રણેય પાસાંઓને લગતી વિગતો વર્ણનાત્મક રીતે તથા ઉપલબ્ધિ અનુસાર સંખ્યાત્મક સારણી રૂપે પ્રસ્તુત પ્રકરણમાં રજુ કરવામાં આવેલ છે. ડાયેટની સેવાઓ અને તેનાં પ્રદાનને ઉંડાણથી પ્રસ્તુત કરવાનો સંશોધક દ્વારા પ્રયાસ થયેલ છે.

❀❀❀

# ૫. માહિતીની રજુઆત : સંસ્થાની વિશેષતાઓ

## ૧.૦ પ્રાસ્તાવિક :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપનાના ઉદેશો સ્વયં સ્પષ્ટ છે. પ્રાથમિક શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતા દૂર કરવા અને ગુણાત્મક સુધાર લાવવા પ્રયોગાત્મક પ્રકલ્પો હાથ ધરવા, પ્રાથમિક શિક્ષકો અને આચાર્યોને શિક્ષણના નૂતન પ્રવાહોથી વાકેફ કરવા માટે તાલીમ વર્ગો યોજવા, શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા વધારવા સઘન તાલીમ વર્ગો યોજવા, શૈક્ષણિક સામગ્રીનું નિર્માણ અને પ્રકાશન હાથ ધરવું, બી.આર.સી. અને સી.આર.સી. ને શૈક્ષણિક માર્ગદર્શન તથા તાલીમ આયોજન માટે મદદરૂપ થવું, જિલ્લા શિક્ષણ સમિતિના કાર્યક્રમોને સહકાર અને પ્રતિપોષણ પૂરાં પાડવાં, અને નવસંસ્કરણ શૈક્ષણિક કાર્યક્રમો યોજવાના ઉદેશોથી રચવામાં આવેલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું એક અતિ અગત્યનું પ્રદાન હતું. પ્રત્યેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનને એક સંસ્થા તરીકે સ્વીકારવામાં આવે અને તેની વિશેષતાઓને મૂલવવામાં આવે તો ભવનોની સ્થાપના પાછળના ઉદેશો સિદ્ધ થયાનું પ્રતિપાદિત કરી શકાય.

પ્રસ્તુત સંશોધનના હેતુઓમાં નિમ્નલિખિત હેતુઓ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની વિશેષતાઓ તરફ અંગુલિનિર્દેશ કરે છે.

*હેતુ ૩.૫* જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રવર્તમાન શૈક્ષણિક અને સંસ્થાકીય પર્યાવરણનો અભ્યાસ કરવો.

*હેતુ ૩.૬* જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના દેખરેખ અને મૂલ્યાંકન વ્યવસ્થાઓનો અભ્યાસ કરવો.

*હેતુ ૩.૭* જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં આગવાં લક્ષણો અને તેની અસરકારકતાનો અભ્યાસ કરવો.

આ ત્રણ હેતુઓ સંબંધિત કુલ છ પ્રશ્નો દ્વારા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની વિશેષતાઓને ઉજાગર કરવાનો પ્રયાસ થયેલ છે.

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધનના નમૂનામાં સમાવિષ્ટ દસેય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં આ ત્રણેય હેતુઓ કયા પ્રકારે સિદ્ધ થયેલ છે તેની વિસ્તૃત માહિતી ભવનવાર અહીં દર્શાવવામાં આવેલ છે.

## ૨.૦ સંશોધન હેતુ ૩.૫, ૩.૬ અને ૩.૭ના સંદર્ભમાં માહિતીની રજૂઆત :

પ્રસ્તુત સંશોધન નિર્ધારિત સાત હેતુઓ અને કુલ અઢાર હેતુ સંબંધિત પ્રશ્નોને શાસ્ત્રીય પદ્ધતિએ ચકાસવાનો વિધિવત પ્રયાસ છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની વિશેષતાઓને પ્રતિપાદિત કરવા માટેના ત્રણ સંશોધન હેતુઓ ૩.૫, ૩.૬ અને ૩.૭ ઉપર દર્શાવેલ છે. આ ત્રણેય હેતુઓના સંદર્ભમાં ત્રણેય હેતુઓને લગતી વિગતો ભવનવાર અહીં રજૂ કરવામાં આવેલ છે.

### ૨.૧ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ :*

ભવનનું શૈક્ષણિક પાસું સબળું છે અને તેથી શિક્ષકોની કાર્યક્ષમતા ચકાસીને તેનું ઉપયોજન કરી શકાય છે. સતત મોનીટરીંગ દ્વારા શૈક્ષણિક કાર્યને ચેતનવંતુ બનાવાય છે. તમામ તાલીમ કાર્યક્રમોમાં એકવાર તો અવશ્ય મુલાકાત લેવામાં આવે છે, જેના પ્રતિભાવો ઘણા સારા મળેલ છે. ભવનના આયોજન અંગે પૂર્વવિચારણા કરવામાં આવે છે અને સમગ્ર સ્ટાફ સાથે બેઠક યોજીને આયોજન નિશ્ચિત કરવામાં આવે છે. અન્ય કચેરીઓનો સહયોગ મેળવવાની તૈયારી અને ઉપરી કચેરીની માન્યતા મેળવવાની તત્પરતા આયોજન માટે પુષ્ટિકારક બની રહે છે. સ્વાભાવિક સહજતા અને સરળતાથી દરેકનો સહકાર લઈ કાર્યને આસાન બનાવી શકાય છે. શૈક્ષણિક ક્ષેત્રે નવીન દષ્ટિનો સંસ્થાને લાભ મળતો જોઈ શકાય છે.

ભવનના અમુક વિભાગો જેવા કે P. & M. ; P.S.T.E., I.F.I.C. સાથે યોગ્ય સંકલન જોવા મળે છે. ગ્રામ કક્ષાએ પણ V.E.C., P.T.A. અને M.T.A. સાથે યોગ્ય સંકલન કરવામાં આવેલ છે. સ્ટાફ યુવાન હોવાથી સક્રિય ભાગીદારી જોવા મળે છે. દરેક શાખા પ્રમાણે નિયમિત કાર્ય થાય છે. તાલીમાર્થીઓ માટે પાઠ આપવામાં ઉપયોગી સાહિત્યનું સર્જન થયેલ છે. દરેક તાલીમ અંગેનાં તાલીમી મોડયુલ સ્ટાફ દ્વારા વિકસાવવામાં આવેલ છે. અનુપમ શાળા પ્રોજેકટને સફળ બનાવવા સ્ટાફનું યોગદાન વિશેષ રહ્યું છે. સમગ્ર સ્ટાફનું involvement સારું છે. આથી જ ટીમવર્ક ઉત્સાહપૂર્ણ, સતર્ક, સ્પષ્ટ અને ઐકયની ભાવનાથી ભરેલું નોંધી શકાય છે. શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ દ્વારા બિરદાવવામાં આવે છે અને રાજ્ય સ્તર સુધી વિકસવાની તક આપવામાં આવે છે. સારું કાર્ય કરતા ઉત્સાહી શિક્ષકોને તજ્જ્ઞ તરીકે બોલાવી તેમની કદર કરવામાં આવે છે. સી.આર.સી. લેવલે શ્રેષ્ઠ કો–ઓર્ડિનેટરને પ્રમાણિત કરાયા છે અને આદર્શ શાળાઓને પ્રમાણપત્રો એનાયત થયેલ છે. તેવી જ રીતે વાર્ષિક પરીક્ષામાં ઉત્તમ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે. અનેક સ્પર્ધાઓનું આયોજન કરીને અને શૈક્ષણિક કાર્યમાં પ્રોત્સાહન પૂરું પાડીને વિદ્યાર્થીઓની પ્રગતિ માટે પ્રયાસો થાય છે. વ્યાવસાયિક કાર્ય સંતોષની દૃષ્ટિએ સ્ટાફ પોતાના કાર્યભારથી ખુશી છે, આર્થિક વળતર યોગ્ય જણાય છે, સ્વવિકાસની તકો જોવા મળે છે. શિક્ષકો દ્વારા સંશોધનોને પૂરતો અવકાશ મળે છે. ક્રિયાત્મક સંશોધનો તથા વિવિધ સાધન નિર્માણ અને પ્રકાશનને કારણે શિક્ષકોની નવીન  દૃષ્ટિ સતત વિકસે છે.

ભવનના દેખરેખ અને મૂલ્યાંકન વ્યવસ્થાના સંદર્ભમાં નીચેના મુદ્દાઓ પર કાર્ય થઈ રહેલ છે. (૧) વ્યૂહરચના (Strategy) (૨) નિદાન (Diagnosis) (૩) ઉપચારાત્મક કાર્ય (Remedial Work) (૪) ઉણપો દૂર કરવા અંગેનું  માર્ગદર્શન (Suggestive way to come over).

તાલીમ ભવન, પાટણ દ્વારા થયેલ તાલીમવર્ગો પછી તે પ્રમાણેનું કાર્ય થાય છે કે નહીં તેનું મોનીટરીંગ કરવા માટે લાયઝન ઓફિસરે તેમને સોંપાયેલ તાલુકામાં વારંવાર

જવાનું હોય છે કે જેથી થયેલ તાલીમો અંગેનું follow-up પણ થઈ શકે. મોનીટરીંગ વખતે અનેક મુદાઓને ધ્યાનમાં લેવામાં આવે છે. લાયઝન ઓફિસર તરીકે નિયુક્ત ભવનના અધ્યાપક તેમ જ બી.આર.સી., સી.આર.સી. ના કો–ઓર્ડિનેટર્સ દ્વારા નક્કી થયેલ strategy મુજબ મોનીટરીંગ કરી નિશ્ચિત મુદાવાર ઉપચારાત્મક કાર્ય તાલીમ ભવન, પાટણ દ્વારા ઘડવામાં આવે છે. આ ઉપચારાત્મક કાર્યને ફરી અમલમાં મુકતી વખતે ઉણપો દૂર કરવા માટેનું માર્ગદર્શન પણ ભવન દ્વારા પૂરું પાડવામાં આવે છે.

ઉદાહરણ તરીકે જોઈએ તો... જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણની વ્યુહરચના અનુસાર મોનીટરીંગ દરમ્યાન એવું નિદાન થયું કે, મૂલ્યાંકન વધુ સઘન અને શ્રેષ્ઠ બને તે જરૂરી છે, આ મુદાનાં ઉપચારાત્મક કાર્ય તરીકે ભવન દ્વારા ગુણવત્તાસભર, બ્લ્યુ પ્રિન્ટ આધારિત પ્રશ્નપત્રોની રચના કરવામાં આવે છે કે જેમાં દરેક ક્ષમતાની ચકાસણી થતી હોય. આ પ્રશ્નપત્રો અંગેનું સઘળું માર્ગદર્શન પણ ભવન દ્વારા આપવામાં આવે છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણના આગવાં લક્ષણો અને તેની અસરકારકતાને મૂલવતાં ફલિત થાય છે કે ભવનનું શૈક્ષણિક કાર્ય ગુણવત્તાસભર, વિષયવાર મોડયુલ લેખન તથા વિષયવાર કેસેટ નિર્માણ દ્વારા થઈ રહેલ છે. ત્રણ અધ્યાપકો ડોકટરેટ છે અને ત્રણ ડોકટરેટ સંશોધન કરી રહેલ છે. P.S.T.E. માં કમ્પ્યૂટર દ્વારા પાઠ આયોજન કરવામાં આવે છે. વિકાસાત્મક મૂલ્યાંકન અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન ભવનનું વિકાસલક્ષી લક્ષણ છે. ગ્રાન્ટનો નિયમિત ઉપયોગ થાય છે તથા ભવનનો બધો જ ડેટા કમ્પ્યૂટર પર ઉપલબ્ધ છે. સમગ્રતયા વિચારતાં, ઉત્સાહી સ્ટાફ, સુંદર મકાન અને અન્ય કચેરીઓ સાથે સંકલન માટેના નિષ્ઠાભર્યા પ્રયાસો ભવનની અસરકારકતા પુરવાર કરે છે.

## ૨.૨ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાલનપુર :*

ભવનના આયોજન અંગે પૂર્વ વિચારણાને, સમગ્ર સ્ટાફ સાથેનાં વિચાર વિમર્શને અને ઉપરની કચેરીની માન્યતાને અવકાશ છે. બધાં જ પરિણામોને ધ્યાનમાં લઈ આયોજન કરવામાં આવે છે. ભવનનું શૈક્ષણિક પાસું સબળ હોવાથી મૂળભૂત શૈક્ષણિક ગુણવત્તા વિકસાવવામાં આવેલ છે. સ્વાભાવિકતા, સહજતા અને સરળતાનો લાભ સંસ્થાને મળતો દેખાય છે. વિવિધ વિભાગો વચ્ચેનું સંકલન પ્રબળ છે. જિલ્લાની અન્ય શૈક્ષણિક સંસ્થાઓ તથા ગ્રામ કક્ષાએ વી.ઈ.સી., પી.ટી.એ. અને એમ.ટી.એ. સાથે પણ શૈક્ષણિક સંકલન સાધવામાં આવેલ છે. સ્ટાફની સક્રિય ભાગીદારી, દરેક શાખાનું નિયમિત કાર્ય, સચોટ શૈક્ષણિક માર્ગદર્શન, 'સેતુ' નું પ્રકાશન વગેરે આગવી બાબતો છે. સતર્ક, ઉત્સાહપૂર્ણ અને પ્રેરક ટીમવર્ક હોવાથી દરેક વ્યક્તિને તેના વ્યવસાય પ્રત્યે સંતોષ છે. પ્રત્યેક વ્યક્તિ શ્રેષ્ઠ થવા સતત પ્રયત્નશીલ છે.

કોઈપણ કાર્યને વધારે પૂરક અને સંપન્ન બનાવવા દેખરેખ અને મૂલ્યાંકન ખૂબ જ જરૂરી છે. મોનીટરીંગ અને ઈવેલ્યુએશન દ્વારા જ કાર્યમાં માર્ગદર્શન અને સૂચનો મળે છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાલનુપર પણ (૧) વ્યુહરચના (૨) નિદાન (૩) ઉપચારાત્મક કાર્ય અને (૪) ઉણપો દૂર કરવા અંગેનું માર્ગદર્શન એમ ચાર મુદાઓને કેન્દ્રમાં રાખી કાર્ય કરે છે.

તાલીમ ભવન, પાલનપુર દ્વારા થયેલ તાલીમવર્ગો પછી તે પ્રમાણેનું કાર્ય થાય છે કે નહીં તેનું મોનીટરીંગ કરવા માટે લાયઝન ઓફિસરે તેમને સોંપાયેલ તાલુકામાં વારંવાર જવાનું હોય છે કે જેથી થયેલ તાલીમો અંગેનું follow-up પણ થઈ શકે. મોનીટરીંગ વખતે અનેક મુદાઓને ધ્યાનમાં લેવામાં આવે છે. લાયઝન ઓફિસર તરીકે નિયુક્ત ભવનના અધ્યાપક તેમ જ બી.આર.સી., સી.આર.સી. ના કો–ઓર્ડિનેટર્સ દ્વારા નક્કી થયેલ strategy મુજબ મોનીટરીંગ કરી નિશ્ચિત મુદાવાર ઉપચારાત્મક કાર્ય તાલીમ ભવન, પાટણ દ્વારા ઘડવામાં આવે છે. આ ઉપચારાત્મક કાર્યને ફરી અમલમાં મુકતી વખતે ઉણપો દૂર કરવા માટેનું માર્ગદર્શન પણ ભવન દ્વારા પૂરું પાડવામાં આવે છે.

ઉદાહરણ તરીકે જોઈએ તો... મોનીટરીંગ દરમ્યાનની સઘન દેખરેખથી એવું નિદાન થયું કે પ્રવેશીકરણ માટે છેવાડાના વિસ્તાર સુધી પહોચવું જરૂરી બનશે. આ નિદાનના ઉપચારાત્મક કાર્ય તરીકે ઝૂંપડપટ્ટીનો સર્વે હાથ ધરવામાં આવેલ. આ પ્રકારનું માઈક્રો પ્લાનીંગ ૧૦–૧૦–૨૦૦૦ થી ૧૯–૧૦–૨૦૦૦ દરમ્યાન હાથ ધરાયું તેમાં ૬ થી ૧૪ વર્ષની વયજૂથનાં ૪૯૦ બાળકો શાળાથી વંચિત જણાયાં, જેમાંથી ૪ બાળકો શારીરિક ક્ષતિવાળાં હતાં. તેઓને શાળાએ લાવી પ્રવેશ આપવામાં આવેલ... તે જ રીતે ઉણપો દૂર કરવા માટેનાં માર્ગદર્શક સૂચનોમાં જણાવવામાં આવ્યું કે P.S.T.E. ના તાલીમાર્થીઓને પણ શાળાઓમાં દર મહિને ત્રણ દિવસ મોકલવા કે જેથી શાળાઓમાં વધારે ઉત્સાહ પ્રગટે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાલનપુરનું શૈક્ષણિક કાર્ય ગુણવત્તાસભર અને કેટલાંક આગવાં લક્ષણોસભર નોંધાયું છે. C.R.C. અને B.R.C. સઘન રીતે કાર્યરત છે. વીડિયો કોન્ફરન્સમાં ઉત્સાહપૂર્વક ભાગીદારી, સેતુ મેગેઝીનનું પ્રકાશન તથા સૌ પ્રથમ વેબસાઈટનું નિર્માણ ભવનની વિશેષતાઓ છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાલનપુરના આગવાં લક્ષણો અને તેની અસરકારકતાને મૂલવતાં ફલિત થાય છે કે ભવનનું શૈક્ષણિક કાર્ય ગુણવત્તાસભર, વિષયવાર મોડયુલ લેખન તથા વિષયવાર કેસેટ નિર્માણ દ્વારા થઈ રહેલ છે. ત્રણ અધ્યાપકો ડોકટરેટ છે અને ત્રણ ડોકટરેટ સંશોધન કરી રહેલ છે. P.S.T.E. માં કમ્પ્યૂટર દ્વારા પાઠ આયોજન કરવામાં આવે છે. વિકાસાત્મક મૂલ્યાંકન અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન ભવનનું વિકાસલક્ષી લક્ષણ છે. ગ્રાન્ટનો નિયમિત ઉપયોગ થાય છે તથા ભવનનો બધો જ ડેટા કેમ્પ્યૂટર પર ઉપલબ્ધ છે. સમગ્રતયા વિચારતાં, ઉત્સાહી સ્ટાફ, સુંદર મકાન અને અન્ય કચેરીઓ સાથે સંકલન માટેના નિષ્ઠાભર્યા પ્રયાસો ભવનની અસરકારકતા પુરવાર કરે છે.

## ૨.૩ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત :*

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત દ્વારા સમયાંતરે મોનીટરીંગ અને મૂલ્યાંકન થતું રહે છે. ભવનમાં યોજાતા કાર્યક્રમો સંદર્ભમાં ચોક્કસ રીતે આયોજન, તેનું વ્યવસ્થાપન અને મૂલ્યાંકન પણ થતું રહે છે. સફળતા અંગેની દિશા–સૂચનો દર્શાવવામાં આવે છે, અને તેની સાથે જ વ્યક્તિને મોનીટરીંગ અર્થે જવાબદારી સોંપવામાં આવે છે.

ભવન દ્વારા સમયાંતરે યોજાતા કાર્યક્રમોની ગુણવત્તાલક્ષી સફળતા જોવા મળે છે. તાલીમાર્થી, શિક્ષકો, નિરીક્ષકો, અધ્યાપકો સૌની ભાગીદારી દ્વારા કાર્યક્રમને સફળ બનતા જાય છે. પ્રત્યેક માનવબળની સક્રિયતા કાર્યક્રમોની સફળતામાં સહાયક બની શકી છે.

તાલીમાર્થીઓ દ્વારા વર્તન પરિવર્તનથી વૈચારિક પ્રક્રિયા દ્વારા કાર્યક્રમોની ફળશ્રુતિ પ્રાપ્ત થઈ શકે છે. પ્રાથમિક શિક્ષણ સ્તરે પ્રવેશતા નવીન વિચારો, અભિગમો, સંકલ્પનાઓનાં ક્ષેત્રોમાં તાલીમાર્થીઓ વિચારતા થયા છે. વિચાર વિર્મશ કરતા થયા છે. પી.ટી.સી. કોલેજોના તાલીમાર્થીઓની તુલનામાં ભવનના તાલીમાર્થીઓ મહત્તમ પ્રમાણમાં તાલીમી અનુભવો પ્રાપ્ત કરી શકે છે.

ભવનમાં અધ્યાપકોની, પ્રાચાર્યની નિયમિતતા અને શિસ્તની અસર તાલીમાર્થીઓ પર ઉત્તમ પ્રકારની રહી છે. પ્રાચાર્ય અને અધ્યાપકો કયારેક ભવનમાં મોડે સુધી રોકાઈને કાર્ય કરતા હોય છે. મેદાનની અને વર્ગખંડની સફાઈ કરવી, સાધન સામગ્રીની યોગ્ય રીતે જાળવણી કરવી વગેરે સરસ રીતે કાર્યક્રમો હાથ ધરાતા રહે છે. શૈક્ષણિક સાધન સંપત્તિઓમાં વૃદ્ધિ થતી રહે છે. ટી.એલ.એમ. ને અર્થાત અધ્યયન–અધ્યાપન સામગ્રી નિર્માણ અને તેનો ઉપયોગ મહત્તમ પ્રમાણમાં થાય તેવી ભૂમિકા શાળાઓમાં બંધાવા લાગી છે.

### ❀ ડાયેટ, સુરતનાં મુખ્ય લક્ષણો :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરતનાં મહત્ત્વપૂર્ણ લક્ષણો આ મુજબ જોવા મળ્યા છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરતનાં પ્રત્યેક માનવ બળને ફળદાયી નેતૃત્વ પ્રાપ્ત થઈ શકયું છે.

ભવનના પ્રાચાર્યથી માંડીને ચોથા વર્ગનાં કર્મચારી સુધી ભવનના કાર્યક્રમોને ફળદાયી બનાવવાના સઘન પ્રયાસો થાય છે. ભવનના પ્રાચાર્ય, અધ્યાપકગણ, બિન શૈક્ષણિક કર્મચારીગણ, ગ્રંથપાલ વગેરે સૌનું નેતૃત્વ ફળદાયી બનવા પામ્યું છે. આ નેતૃત્વ કેવળ ભવન પૂરતું જ મર્યાદિત રહ્યું નથી, પરંતુ પ્રાથમિક શિક્ષણ તબક્કે સેવા બજાવતા નિરીક્ષકો, આચાર્યો, શિક્ષકો સુધી વ્યાપક બની શકયું છે. નેતૃત્વ વિકાસની એક સફળ સાંકળ પરસ્પરના સહયોગથી મજબૂત બનતી જાય છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત ભૌતિક સુવિધાઓની દૃષ્ટિએ સજ્જ, આકર્ષક, કાર્યરત બની શકયું છે. ભવનમાં થતાં કાર્યક્રમોની તુલનામાં ભવનનું મેદાન પ્રમાણમાં નાનું પડે છે. સારી પ્રયોગશાળા, સારું ગ્રંથાલય પણ આ ભવનની વિશિષ્ટતા રહી છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત જિલ્લા કક્ષાએ અનેકવિધ શૈક્ષણિક કાર્યક્રમો ફળદાયી રીતે કરી શકયું છે. જિલ્લા કક્ષાએ પ્રાથમિક શિક્ષણ તબક્કે શિક્ષણની ગુણવત્તામાં વૃદ્ધિ થાય તે અર્થે કાર્યરત રહ્યું છે અને જિલ્લા સ્તરે સરસ નેટવર્ક સ્થાપી શકયું છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી, કેળવણી નિરીક્ષકો સાથે ભવન ઉષ્માભર્યા માનવસબંધો સ્થાપિત કરી શકયું છે. એનું ઉત્તમ પરિણામ એ આવ્યું કે જિલ્લા કક્ષાએ શૈક્ષણિક અને પ્રશાસકીય પર્યાવરણ સુધારલક્ષી બની શકયું છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત દ્વારા યોજાતા કાર્યક્રમોની જાહેરાત પણ સુરત શહેરનાં દૈનિક સમાચારપત્રોમાં કરવામાં આવે છે. પરિણામે શૈક્ષણિક કાર્યક્રમો પ્રત્યે જિલ્લા અને રાજ્ય કક્ષાએ જનતા તેની નોંધ લેતા થયા છે. સ્થાનિક સુરતની ચેનલો ભવનના કાર્યક્રમોને સમાચાર સ્વરૂપે પ્રકાશમાં લાવે છે, અને ભવનના કર્મચારીગણને કાર્યક્રમો યોજવા અર્થે અભિપ્રેરિત કરે છે. એની સાથે ભવન ફળદાયી કાર્યક્રમો બની રહે તે માટે પુરુષાર્થ પણ કરતું રહે છે. જેની લાંબા સમયગાળા સુધી ઉત્તમ પ્રકારની અસર જોવા મળે છે.

- બાળકેન્દ્રી પ્રાર્થના કાર્યક્રમ છેલ્લા પાંચ વર્ષથી કરવામાં આવે છે. બાળવાર્તાઓ, બાળગીત, અભિનય ગીત, વાર્તાનું નાટયીકરણ, ઘડિયાગાન વગેરેને ઊંચું સ્થાન આપવામાં આવે છે.
- ભવન પરિવાર તાલીમાર્થીઓ, અધ્યાપકો, પ્રાચાર્ય, બિન શૈક્ષણિક કર્મચારીઓ પૈકી પ્રત્યેકનો જન્મદિન પ્રાર્થના સભામાં બિન ખર્ચાળ રીતે ઉજવવામાં આવે છે.
- ભવનના તાલીમાર્થીઓને ક્રિયાત્મક સંશોધન કરાવવામાં આવે છે. અધ્યાપકો દ્વારા ક્રિયાત્મક સંશોધનની સમજણ આપવામાં આવે છે.
- તાલીમાર્થીઓ ભવનમાં જ બિન ખર્ચાળ બાળમેળાનું સફળ આયોજન કરે છે.
- ભવનના તાલીમાર્થીઓ અધ્યાપકોની પ્રેરણાથી હિન્દી તીસરી, વિનીત, સેવક, તથા ચિત્રની ઈન્ટરમિડિયેટ, એલીમેન્ટ્રીની પરીક્ષાઓ આપે છે.
- યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા આયોજિત અને સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત રાસ, ગરબા સ્પર્ધામાં તાલીમાર્થીઓએ ભાગ લઈ પ્રોત્સાહક ઈનામ તરીકે રૂા. ૧,૦૦૦/– પ્રાપ્ત કરેલ છે.
- ફોરમ મંડળ, ભરૂચ આયોજિત ઓપન ગુજરાત રાસ સ્પર્ધાઓમાં તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો.
- ભવનના ટેકનિશ્યનના માર્ગદર્શન અને નિદર્શન હેઠળ તાલીમાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ "કમ્પ્યૂટર દ્વારા પાઠ નિદર્શન" ગાંધીનગરની શાળાઓમાં સફળતાપૂર્વક આયોજન પાર પાડયું હતું. જેમાં ધોરણ ૩, ૫ અને ૭ ના વિવિધ વિષયોનો સમાવેશ થયો હતો.
- ભવનના તાલીમાર્થીઓએ વાર્ષિક પાઠમાં કમ્પ્યૂટરના પાવરપોઈન્ટનો ઉપયોગ કરીને પાઠ આપ્યા હતા.

## ૨.૪ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી :*

અમરેલી ડાયેટ દ્વારા ચાલતા વિવિધ કાર્યક્રમોનું અલગ અલગ મોનીટરીંગ કરવામાં આવે છે, જે આ પ્રમાણે છે.

❀ **મોનીટરીંગ માટેની પદ્ધતિઓ :**

દરેક તાલુકાના લાયઝન અધિકારી તરીકે ભવનના અધ્યાપકોને મુકવામાં આવેલ છે. આ અધ્યાપકો પોતાના તાલુકાના સંપર્કમાં રહી શકય અને જરૂરી બધાજ કાર્યક્રમોનું સતત મોનીટરીંગ કરે છે.લાયઝન અધિકારી પોતાના તાલુકામાં અઠવાડીયામાં એક વખત મુલાકાત લે છે. સી.આર.સી.ની મીટીંગોમાં હાજરી આપે છે, તથા જયાં જયાં શિક્ષકો પોતાના શૈક્ષણિક કાર્યમાં મુશ્કેલી અનુભવતા હોય ત્યાં માર્ગદર્શન આપે છે. ડાયેટના પ્રાચાર્ય અને ડી.પી.ઈ.ઓ. પણ સાથે મળી જુદા જુદા તાલુકાની મુલાકાત લઈ જરૂરી સલાહ સૂચનો દ્વારા મોનીટરીંગનું કાર્ય કરે છે.

❀ **મોનીટરીંગમાં સહયોગ :**

વિવિધ પ્રવૃત્તિઓના મોનીટરીંગમાં જયાં જે પ્રકારની જરૂર જણાય ત્યાં વિવિધ કક્ષાના લોકોનો સહયોગ લેવામાં આવે છે. ખાસ કરીને નીચે મુજબના લોકોનો સહયોગ લેવામાં આવે છે.

(૧) પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી
(૨) જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી
(૩) કેળવણી નિરીક્ષકશ્રીઓ
(૪) તાલુકા શિક્ષક સંઘ
(૫) જિલ્લા શિક્ષક સંઘ
(૬) સી.આર.સી. કો–ઓડીનેટર્સ
(૭) બી.આર.સી.

❀ **કાર્યક્રમોનું મોનીટરીંગ :**

વિજ્ઞાન મેળા, બાળમેળા, સી.આર.સી. ની બેઠક, જુદા જુદા ધોરણ અને વિષયની ખાસ તાલીમનો વર્ગખંડમાં કેવો ઉપયોગ થાય છે ? અભ્યાસક્રમના જુદા જુદા અભિગમો વગેરેનું શાળા અને વર્ગમાં કઈ રીતે અમલીકરણ થાય છે ? તેવા બધા કાર્યક્રમનું મોનીટરીંગ લાયઝન અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલીનાં આગવાં લક્ષણો નોંધવામાં આવે તો ભવન ખાતે કેમ્પસ ડેવલપેમન્ટનું કાર્ય બહુ સારી રીતે ચાલી રહ્યું છે. ભવનની પૂર્વ

સેવા શિક્ષક પ્રશિક્ષણ શાખા તેની યશકલગી છે. આ શાખાએ તેની સ્થાપનાથી જ ચોક્કસ આયોજન અને વિશિષ્ટ પ્રવૃત્તિઓ અમલમાં મુકેલ છે. ગુજરાતનાં કુલ પચ્ચીસ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાંથી ઈડર અને અમરેલી ભવનોમાંજ N.S.S. યુનિટ અંતર્ગત સમાજલક્ષી પ્રવૃત્તિઓ પ્રશિક્ષણાર્થીઓ દ્વારા ચાલે છે. સંશોધનક્ષેત્રે પણ ભવન મોખરે છે. ભવનના પ્રત્યેક અધ્યાપક કમ્પ્યૂટર જાણે છે, પાઠયપુસ્તક મંડળના માન્ય લેખક છે અને મોટાભાગના અધ્યાપકો રાજ્ય કક્ષાના તજ્જ્ઞ તરીકે કાર્યવ્યસ્ત છે. સંસ્થાની અંદરનાં માનવીય સંબંધો, સ્ટાફનો ઉત્સાહ, નિર્ણયો લેવામાં આચાર્ય અને અધ્યાપકોની સહભાગીતા અને ટીમ વર્કએ અમરેલી ડાયેટનું આગવાપણું છે. ગાંધીનગર મુકામે યોજાયેલ ટી.એલ.એમ. મેળામાં રાજ્યમાં કૃતિ પસંદગીમાં પ્રથમ સ્થાને અમરેલીનું ભવન રહ્યું. સૌથી વધારે એટલે કે ૧૦માંથી આઠ કૃતિઓ પણ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલીની પસંદ થયેલ.

## ૨.૫ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ :*

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટના કાર્યોની દેખરેખ અને મૂલ્યાંકન માટે વર્ષ–૨૦૦૧થી જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર દ્વારા લાયઝન ઓફિસરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જો કે પ્રત્યેક માસના ત્રીજા શુક્રવારે લાયઝન ઓફિસર દ્વારા નિયમિત મુલાકાત લેવાતી ન હતી. વળી સંસ્થાનાં કાર્યોની દેખરેખ અને મૂલ્યાંકન માટે વડી સંસ્થા કે લાયઝન અધિકારી પાસે વ્યવસ્થાકીય કોઈ માળખું ન હતું. વર્ષ ૧૯૯૮ માં વડી સંસ્થા દ્વારા રીડર, રીસર્ચ એસોસિએટ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય અને વડી સંસ્થાના વહીવટી કર્મચારી મળી કુલ ચાર કે પાંચ વ્યક્તિના જૂથ દ્વારા સંસ્થાની મુલાકાત, કર્મચારી સાથે બેઠક તથા કાયો અંગે પૂછપરછ અને ચર્ચા યોજવામાં આવતી હતી. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટના સેવાકાલીન શિક્ષક–પ્રશિક્ષણ વિભાગ દ્વારા યોજાતા કાર્યક્રમમાં સંસ્થાના પ્રાચાર્ય હાજરી આપે છે અને કાર્યોનું અવલોકન કરી જરૂરી માર્ગદર્શન આપે છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ દ્વારા તેની પ્રવૃત્તિઓનું તથા તે પ્રવૃત્તિનાં લાભાર્થી સંસ્થાનું મૂલ્યાંકન અન્ય તાલીમ ભવનોની ચાર પરિમાણીય વ્યવસ્થા દ્વારા નિયમિત થતું રહે છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ અન્ય ભવનો કરતાં આગવી વિશેષતાઓ ધરાવે છે. ભવનને પોતાનું સંસ્થા–ગીત છે, દરેક શાખાને પોતાના લોગો તથા ધ્યેય મંત્ર છે. ભવનના પ્રશિક્ષાર્થીઓનું ૧૯૯૬ થી ૨૦૦૦ સુધીનું પ્રત્યેક વર્ષનું પરિણામ ૧૦૦% પ્રાપ્ત થયેલ છે. વર્ષ ૨૦૦૦ થી સમગ્ર ગજરાત રાજ્યમાં બે થી ત્રણ તાલીમાર્થીઓનો એકથી દસમાં ક્રમાંક પ્રાપ્ત થાય છે. ભવનનું કેમ્પસ ડેવલપમેન્ટ સુંદર અને આયોજિત માર્ગો સહિતનું છે. અધ્યાપકો કમ્પ્યૂટર પર સ્વ કાર્ય કરે છે. ભવનમાં કર્મચારીની ભરતી પૂરેપૂરી થયેલી છે. અન્ય શૈક્ષણિક સંસ્થા સાથેનાં સંકલન અને સહયોગથી ભવનનાં કાર્યને વેગ અને ઝડપથી ભૌતિક તથા માનવીય સુવિધા પ્રાપ્ત થાય છે. ભવનમાં સાથીભાઈથી લઈને પ્રાચાર્ય સુધીના કર્મચારીઓ સતત જાગૃત તથા કાર્યરત જોવા મળે છે, જે સુંદર ટીમવર્કની સાક્ષી પૂરે છે.

## ૨.૬ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ :*

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢના કાર્યોની દેખરેખ અને મૂલ્યાંકન માટે વર્ષ–૨૦૦૧થી જી.સી.આઈ.ટી. ગાંધીનગર દ્વારા લાયઝન ઓફિસરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જો કે પ્રત્યેક માસના ત્રીજા શુક્રવારે લાયઝન ઓફિસર દ્વારા નિયમિત મુલાકાત લેવાતી ન હતી. વળી સંસ્થાનાં કાર્યોની દેખરેખ અને મૂલ્યાંકન માટે વડી સંસ્થા કે લાયઝન અધિકારી પાસે વ્યવસ્થાકીય કોઈ માળખું ન હતું. વર્ષ ૧૯૯૮ માં વડી સંસ્થા દ્વારા રીડર, રીસર્ચ એસોસિએટ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય અને વડી સંસ્થાના વહીવટી કર્મચારી મળી કુલ ચાર કે પાંચ વ્યક્તિના જૂથ દ્વારા સંસ્થાની મુલાકાત, કર્મચારી સાથે બેઠક તથા કાયોૃ અંગે પૂછપરછ અને ચર્ચા યોજવામાં આવતી હતી. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટના સેવાકાલીન શિક્ષક–પ્રશિક્ષણ વિભાગ દ્વારા યોજાતા કાર્યક્રમમાં સંસ્થાના પ્રાચાર્ય હાજરી આપે છે અને કાર્યોનું અવલોકન કરી જરૂરી માર્ગદર્શન આપે છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ દ્વારા તેની પ્રવૃત્તિઓનું તથા તે પ્રવૃત્તિનાં લાભાર્થી સંસ્થાનું મૂલ્યાંકન અન્ય તાલીમ ભવનોની ચાર પરીમાણીય વ્યવસ્થા દ્વારા નિયમિત થતું રહે છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢની દરેક શાખાને પોતાનો લોગો અને ધ્યેય મંત્ર છે. બધા પ્રશિક્ષણાર્થી તથા કર્મચારીઓ કમ્પ્યૂટર જ્ઞાન ધરાવે છે. કેમ્પસ

ડેવલપમેન્ટ સુંદર છે, કેમ્પસ સ્વચ્છ છે, કેમ્પસમાં મોટાં વૃક્ષો તથા ફૂલ છોડ ઉછેર થાય છે. ક્રિકેટ, કબ્બડી, ખોખો, વોલીબોલ માટે મોટું મેદાન છે. સુવિધાયુક્ત છાત્રાલય વ્યવસ્થા છે. ભવન દ્વારા પ્રથમ વખત પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે જિલ્લા કક્ષાની રમત સ્પર્ધાનું આયોજન થયેલ. વિદ્યાસહાયકોની પ્રતિનિયુક્તિ દ્વારા સ્ટાફની અપૂર્તતાને પહોંચી વળવાના પ્રયાસો થયેલ છે. વાલી સંમેલન દરમ્યાન વ્યક્તિ અભ્યાસ દ્વારા વાલીઓનો અભ્યાસ કરવામાં આવે છે. ભાવિ પેઢીની રૂચિ વાચન પ્રત્યે વધતી રહે તેવા આશયથી પી.એસ.ટી.ઈ. શાખા દ્વારા વાચન શિબિરનું આયોજન કરવામાં આવે છે. સ્ટાફનું ટીમવર્ક નોંધપાત્ર છે, સંબંધો ભાવસભર છે અને અન્ય સંસ્થાઓ સાથેનું સંકલન પણ આગવું છે. નાનામાં નાના તાલીમાર્થીથી લઈને પ્રાચાર્ય સુધીનાને ભવન પોતીકું લાગે છે.

## *૨.૭ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરા :*

ભવનનું  શૈક્ષણિક પાસું સબળું છે અને તેથી શિક્ષકોની કાર્યક્ષમતા ચકાસીને તેનું ઉપયોજન કરી શકાય છે. સતત મોનીટરીંગ દ્વારા શૈક્ષણિક કાર્યને ચેતનવંતુ બનાવાય છે. તમામ તાલીમ કાર્યક્રમોમાં એકવાર તો અવશ્ય મુલાકાત લેવામાં આવે છે, જેના પ્રતિભાવો ઘણા સારા મળેલ છે. ભવનના આયોજન અંગે પૂર્વવિચારણા કરવામાં આવે છે અને સમગ્ર સ્ટાફ સાથે બેઠક યોજીને આયોજન નિશ્ચિત કરવામાં આવે છે. અન્ય કચેરીઓનો સહયોગ મેળવવાની તૈયારી અને ઉપરી કચેરીની માન્યતા મેળવવાની તત્પરતા આયોજન માટે પુષ્ટિકારક બની રહે છે. સ્વાભાવિક સહજતા અને સરળતાથી દરેકનો સહકાર લઈ કાર્યને આસાન બનાવી શકાય છે. શૈક્ષણિક ક્ષેત્રે નવીન દૃષ્ટિનો સંસ્થાને લાભ મળતો જોઈ શકાય છે.

ભવનના અમુક વિભાગો જેવા કે P. & M. ; P.S.T.E., I.F.I.C. સાથે યોગ્ય સંકલન જોવા મળે છે. ગ્રામ કક્ષાએ પણ V.E.C., P.T.A. અને M.T.A. સાથે યોગ્ય સંકલન કરવામાં આવેલ છે. સ્ટાફ યુવાન હોવાથી સક્રિય ભાગીદારી જોવા મળે છે. દરેક શાખા પ્રમાણે નિયમિત કાર્ય થાય છે. તાલીમાર્થીઓ માટે પાઠ આપવામાં ઉપયોગી સાહિત્યનું સર્જન થયેલ છે. દરેક તાલીમ અંગેનાં તાલીમી મોડયુલ સ્ટાફ દ્વારા વિકસાવવામાં આવેલ છે. અનુપમ શાળા પ્રોજેક્ટને સફળ બનાવવા સ્ટાફનું યોગદાન

વિશેષ રહ્યું છે. સમગ્ર સ્ટાફનું involvement સારું છે. આથી જ ટીમવર્ક ઉત્સાહપૂર્ણ, સતર્ક, સ્પષ્ટ અને ઐકયની ભાવનાથી ભરેલું નોંધી શકાય છે. શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ દ્વારા બિરદાવવામાં આવે છે અને રાજ્ય સ્તર સુધી વિકસવાની તક આપવામાં આવે છે. સારું કાર્ય કરતા ઉત્સાહી શિક્ષકોને તજ્જ્ઞ તરીકે બોલાવી તેમની કદર કરવામાં આવે છે. સી.આર.સી. લેવલે શ્રેષ્ઠ કો–ઓર્ડિનેટરને પ્રમાણિત કરાયા છે અને આદર્શ શાળાઓને પ્રમાણપત્રો એનાયત થયેલ છે. તેવી જ રીતે વાર્ષિક પરીક્ષામાં ઉત્તમ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે. અનેક સ્પર્ધાઓનું આયોજન કરીને અને શૈક્ષણિક કાર્યમાં પ્રોત્સાહન પૂરું પાડીને વિદ્યાર્થીઓની પ્રગતિ માટે પ્રયાસો થાય છે. વ્યાવસાયિક કાર્ય સંતોષની દૃષ્ટિએ સ્ટાફ પોતાના કાર્યભારથી ખુશી છે, આર્થિક વળતર યોગ્ય જણાય છે, સ્વવિકાસની તકો જોવા મળે છે. શિક્ષકો દ્વારા સંશોધનોને પૂરતો અવકાશ મળે છે. ક્રિયાત્મક સંશોધનો તથા વિવિધ સાધન નિર્માણ અને પ્રકાશનને કારણે શિક્ષકોની નવીન દૃષ્ટિ સતત વિકસે છે.

## ૨.૮ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર :*

આચાર્યશ્રી, અધ્યાપકો, પ્રશિક્ષણાર્થીઓ, અન્ય કર્મચારીઓ, પ્રાથમિક શાળાના આચાર્યો તથા શિક્ષકો, જિલ્લા શિક્ષણ સાથે સંકળાયેલા અધિકારીઓ વગેરેના વિચારો, તેમની વચ્ચે થતી આંતરક્રિયા તેમની વચ્ચે ઉદ્ભવતા વ્યવહારોને પરિણામે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સંસ્થાકીય આબોહવા બંધાય છે. લોકશાહીયુક્ત, ખુલ્લી, નવા પ્રયોગોમાં શ્રદ્ધાયુક્ત સંસ્થાકીય આબોહવા શિક્ષણની પ્રગતિ, સુધારણા અને પરિવર્તનો માટે પ્રેરક બને છે. નિર્ણય લેવામાં લોકશાહીયુક્ત પ્રક્રિયા, પરસ્પરનો સહકાર, ખુલ્લા મને થતી ચર્ચાઓ ઉત્તમ સંસ્થાકીય આબોહવાનાં જરૂરી ઘટકો છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર આ પાસાંઓની દૃષ્ટિએ મોખરે છે. ભવનના અહેવાલો, પ્રવૃત્તિઓ અને જૂના અધ્યાપકોની મુલાકાતો દ્વારા એવું જાણવા મળેલ છે કે સંસ્થાને તેના પ્રારંભ સમયથી જ સક્ષમ નેતૃત્વ સાંપડેલ છે, અને તેનો લાભ સંસ્થાને અવશ્ય મળેલ છે. આચાર્ય સંવાદ યોજે છે, માર્ગદર્શન આપે છે અને સતત અનુકાર્ય માટે પ્રોત્સાહન પુરું પાડે છે. આ પ્રેરણાને લઈને તમામ શાખાઓનો સ્ટાફ બધી જ પ્રવૃત્તિઓમાં સહભાગી થઈ અભ્યાસક્રમ તથા સહઅભ્યાસ પ્રવૃત્તિઓ ઈતર કાર્યક્રમો–તાલીમ વર્ગો વગેરેને

સફળતાપૂર્વક પૂર્ણ કરે છે. નિર્ણય લેવાની ત્વરિત ક્ષમતા અને યોગ્ય પ્રોત્સાહક નેતૃત્વ સંઘભાવનાને પોષે છે. સંઘભાવનાને કારણે માનવીય સંબંધો ઉષ્માભર્યા જળવાય રહે છે. કર્મચારીઓનો કાર્યસંતોષ નોંધનીય છે. સારાં કાર્યની કદર અને પ્રોત્સાહન સતત થતાં રહે છે.

તાલીમ ભવન, સંતરામપુર દ્વારા થયેલ તાલીમવર્ગો પછી તે પ્રમાણેનું કાર્ય થાય છે કે નહીં તેનું મોનીટરીંગ કરવા માટે લાયઝન ઓફિસરે તેમને સોંપાયેલ તાલુકામાં વારંવાર જવાનું હોય છે કે જેથી થયેલ તાલીમો અંગેનું follow-up પણ થઈ શકે. મોનીટરીંગ વખતે અનેક મુદાઓને ધ્યાનમાં લેવામાં આવે છે. લાયઝન ઓફિસર તરીકે નિયુક્ત ભવનના અધ્યાપક તેમ જ બી.આર.સી., સી.આર.સી. ના કો–ઓર્ડિનેટર્સ દ્વારા નક્કી થયેલ strategy મુજબ મોનીટરીંગ કરી નિશ્ચિત મુદાવાર ઉપચારાત્મક કાર્ય તાલીમ ભવન, પાટણ દ્વારા ઘડવામાં આવે છે. આ ઉપચારાત્મક કાર્યને ફરી અમલમાં મુકતી વખતે ઉણપો દૂર કરવા માટેનું માર્ગદર્શન પણ ભવન દ્વારા પૂરું પાડવામાં આવે છે.

ભવનની વિશેષતાઓમાં (૧) વર્ગખંડમાં અપાતા શિક્ષણની સાથે સાથે પ્રૌદ્યોગિકીનો વિનિયોગ કરવા અંગેની જાણકારી (૨) જિલ્લાની પ્રાથમિક શાળાઓ ઉપયોગ કરી શકે તેવી પ્રાર્થના તથા બાળગીતોની ઓડીયોકેસેટ તૈયાર કરવી શિક્ષકોને OHP ની ટ્રાન્સપરન્સી તૈયાર કરવાની તાલીમ આપવી, પ્રાથમિક શાળાના શિક્ષકોને કમ્પ્યૂટરની તાલીમ આપવી, ટી.એલ.એમ.નું પ્રદર્શન તૈયાર કરી તેનો માર્ગદર્શનમાં ઉપયોગ કરવો, તાલીમાર્થીઓના પ્રાયોગિક પાઠો કમ્પ્યૂટરની મદદથી પ્રયોજવા, તથા સમગ્ર કેમ્પસને સુપેરે જાળવવું વગેરેનો સમાવેશ કરી શકાય.

## ૨.૯ *જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર :*

ભવનના આયોજન અંગે પૂર્વ વિચારણાને, સમગ્ર સ્ટાફ સાથેનાં વિચાર વિમર્શને અને ઉપરની કચેરીની માન્યતાને અવકાર છે. બધાં જ પરિણામોને ધ્યાનમાં લઈ આયોજન કરવામાં આવે છે. ભવનનું શૈક્ષણિક પાસું સબળ હોવાથી મૂળભૂત શૈક્ષણિક ગુણવત્તા વિકસાવવામાં આવેલ છે. સ્વાભાવિકતા, સહજતા અને સરળતાનો લાભ સંસ્થાને મળતો દેખાય છે. વિવિધ વિભાગો વચ્ચેનું સંકલન પ્રબળ છે. જિલ્લાની અન્ય શૈક્ષણિક સંસ્થાઓ તથા ગ્રામ કક્ષાએ વી.ઈ.સી., પી.ટી.એ. અને એમ.ટી.એ. સાથે પણ

શૈક્ષણિક સંકલન સાધવામાં આવેલ છે. સ્ટાફની સક્રિય ભાગીદારી, દરેક શાખાનું નિયમિત કાર્ય, સચોટ શૈક્ષણિક માર્ગદર્શન, 'સેતુ' નું પ્રકાશન વગેરે આગવી બાબતો છે. સતર્ક, ઉત્સાહપૂર્ણ અને પ્રેરક ટીમવર્ક હોવાથી દરેક વ્યક્તિને તેના વ્યવસાય પ્રત્યે સંતોષ છે. પ્રત્યેક વ્યક્તિ શ્રેષ્ઠ થતા સતત પ્રયત્નશીલ છે.

કોઈપણ કાર્યને વધારે પૂરક અને સંપન્ન બનાવવા દેખરેખ અને મૂલ્યાંકન ખૂબ જ જરૂરી છે. મોનીટરીંગ અને ઈવેલ્યુએશન દ્વારા જ કાર્યમાં માર્ગદર્શન અને સૂચનો મળે છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાલનુપર પણ (૧) વ્યૂહરચના (૨) નિદાન (૩) ઉપચારાત્મક કાર્ય અને (૪) ઉણપો દૂર કરવા અંગેનું માર્ગદર્શન એમ ચાર મુદાઓને કેન્દ્રમાં રાખી કાર્ય કરે છે.

તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા થયેલ તાલીમવર્ગો પછી તે પ્રમાણેનું કાર્ય થાય છે કે નહીં તેનું મોનીટરીંગ કરવા માટે લાયઝન ઓફિસરે તેમને સોંપાયેલ તાલુકામાં વારંવાર જવાનું હોય છે કે જેથી થયેલ તાલીમો અંગેનું follow-up પણ થઈ શકે. મોનીટરીંગ વખતે અનેક મુદાઓને ધ્યાનમાં લેવામાં આવે છે. લાયઝન ઓફિસર તરીકે નિયુક્ત ભવનના અધ્યાપક તેમ જ બી.આર.સી., સી.આર.સી. ના કો–ઓર્ડિનેટર્સ દ્વારા નક્કી થયેલ strategy મુજબ મોનીટરીંગ કરી નિશ્ચિત મુદાવાર ઉપચારાત્મક કાર્ય તાલીમ ભવન, પાટણ દ્વારા ઘડવામાં આવે છે. આ ઉપચારાત્મક કાર્યને ફરી અમલમાં મુકતી વખતે ઉણપો દૂર કરવા માટેનું માર્ગદર્શન પણ ભવન દ્વારા પૂરું પાડવામાં આવે છે.

ઉદાહરણ તરીકે જોઈએ તો... મોનીટરીંગ દરમ્યાનની સઘન દેખરેખથી એવું નિદાન થયું કે પ્રવેશીકરણ માટે છેવાડાના વિસ્તાર સુધી પહોચવું જરૂરી બનશે. આ નિદાનના ઉપચારાત્મક કાર્ય તરીકે ઝૂંપડપટ્ટીનો સર્વે હાથ ધરવામાં આવેલ. તે જ રીતે ઉણપો દૂર કરવા માટેનાં માર્ગદર્શક સૂચનોમાં જણાવવામાં આવ્યું કે P.S.T.E. ના તાલીમાર્થીઓને પણ શાળાઓમાં દર મહિને ત્રણ દિવસ મોકલવા કે જેથી શાળાઓમાં વધારે ઉત્સાહ પ્રગટે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગરની એક વિશિષ્ટ બાબત તેના પટાંગણમાં પ્રશિક્ષણાર્થીઓ દ્વારા રચવામાં આવેલ સાયન્સ પાર્ક છે. આ સાયન્સ પાર્કમાં વિજ્ઞાનના વિવિધ પ્રયોગ કાયમી ધોરણે મૂકવામાં આવ્યા છે. આ પૈકી ઘણા પ્રયોગો નકામી વસ્તુઓનો ઉપયોગ કરી તૈયાર કર્યા છે. પ્રત્યેક પ્રયોગ અંગે સમજૂતિ આપતું

લખાણ મૂકવામાં આવ્યું છે. પ્રશિક્ષણાર્થીઓ નવરાશના સમયે આ પ્રયોગો જુએ છે. સેવાકાલીન તાલીમમાં આવતા શિક્ષકો પણ તેનો લાભ લે છે. અન્ય લોકોમાં પણ આ સાયન્સ પાર્ક વિજ્ઞાનમાં રુચિ ઉત્પન્ન કરે છે. સાન્યસ પાર્કની બીજી નોંધપાત્ર બાબત ઔષધિય વનસ્પતિ છે. સાયન્સ પાર્કમાં ઔષધ તરીકે ઉપયોગમાં આવતી એક વનસ્પતિના છોડ, ક્ષૃપ વર્ણન સાથે મુકવામાં આવ્યા છે. આ છોડ જાળવવાની જવાબદારી પ્રશિક્ષણાર્થીઓને સોંપવામાં આવી છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગરની બીજી એક વિશિષ્ટતા તેનું કઠપુતળી સ્ટેજ છે. સંસ્થાના એક અધ્યાપક આ અંગેની તાલીમ માટે ઉદયપુર ગયા હતાં. આ તાલીમની ફળશ્રુતિ સ્વરૂપે ભવનમાં કઠપુતળી સ્ટેજ ઊભું કર્યુ છે. સેવાકાલીન તાલીમમાં આવતા શિક્ષકો અને પ્રશિક્ષણાર્થીઓ અધ્યાપન કાર્યમાં આ કઠપુતળીઓનો ઉપયોગ કરે એ હેતુથી આ સુવિધા ઊભી કરી છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સરેન્દ્રનગરની બીજી એક વિશિષ્ટતા બિન જરૂરી વસ્તુઓ તથા ઓછી કિંમતની વસ્તુઓનો ઉપયોગ કરી અધ્યાપકો તથા પ્રશિક્ષણાર્થીઓ દ્વારા ઊભો કરવામાં આવેલ બાલમિત્ર વર્ગ છે. શિક્ષણને ઉલ્લાસમય બનાવવાનો આ સાચી દિશાનો પ્રયાસ છે. જિલ્લાની શાળાઓના પ્રાથમિક શિક્ષકો માટે આ એક નમૂનો છે. આમાંથી પ્રેરણા લઈ શિક્ષકો તેમની શાળામાં નજીવા ખર્ચે બાલમિત્ર વર્ગ ઊભો કરી શકે. આ અંગે એક સેવાકાલીન પ્રશિક્ષણ કાર્યક્રમ યોજીને શિક્ષકોને પ્રોત્સાહન આપી શકાય.

સામાન્ય રીતે પી.ટી.સી. ના પ્રશિક્ષણાર્થીઓ ખાદીનો લેંઘો–ઝભ્ભો જ પહેરે એવી એક બાબત આપણા સૌના મનમાં પ્રસ્થાપિત થઈ છે. બુનિયાદી શિક્ષણ અને બુનિયાદી વિચાર કેન્દ્રી પ્રશિક્ષણની અસરને કારણે આ માન્યતા દઢ થઈ છે. હવે જયારે આપણે બુનિયાદી શિક્ષણના વિચારને મૂકયો છે, ત્યારે કેટલાંક પરિવર્તનો જરૂરી છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગરના પી.ટી.સી.ના પ્રશિક્ષણાર્થીઓને ગણવેશ તરીકે આછા ભુરા રંગનું શર્ટ, ગાઢ ભુરા રંગનું પેન્ટ, કથ્થાઈ રંગની ટાઈ તથા બુટ–મોજાં પહેરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આવા ગણવેશમાં પ્રશિક્ષણાર્થીઓનું શિક્ષક તરીકેનું વ્યક્તિત્વ અલગ તરી આવે છે, એવું સંશોધકે તેમની મુલાકાતો દરમિયાન

અનુભવ્યું છે. તાલીમાર્થીઓ પ્રાર્થના ખંડમાં અને વર્ગખંડોમાં નીચે બેસે છે, તેને બદલે બેન્ચ ઉપર કે ખુરશીટેબલ ઉપર બેસે તે જરૂરી છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગરના આચાર્ય સ્વચ્છતાના ખાસ આગ્રહી જણાયા. પ્રવેશદ્વારથી ભવનના મકાન સુધીના રસ્તામાં કે મેદાનમાં કયાંય કચરો જોવા મળતો નથી. ભવન અને છાત્રાલયના મકાનો પણ ખૂબ જ સ્વચ્છ જોવા મળે છે. સફાઈનું કાર્ય પ્રશિક્ષણાર્થીઓ દ્વારા જ થાય છે. પ્રાતઃકાળે ઊઠીને નિત્યકાર્યો પછીનો પ્રથમ કાર્યક્રમ કેમ્પસની સફાઈનો હોય છે. અલગ અલગ ટુકડીઓમાં પ્રશિક્ષણાર્થીઓ કેમ્પસની સફાઈ કરે છે. આચાર્યશ્રી અને અધ્યાપકો પણ તેમાં જોડાય છે. પ્રશિક્ષણાર્થીઓ રજાને કારણે ઘેર ગયા હોય ત્યારે અધ્યાપકો અને કર્મચારીઓ આ કાર્ય સંભાળે છે.

## *૨.૧૦ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર*

તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા થયેલ તાલીમવર્ગો પછી તે પ્રમાણેનું કાર્ય થાય છે કે નહીં તેનું મોનીટરીંગ કરવા માટે લાયઝન ઓફિસરે તેમને સોંપાયેલ તાલુકામાં વારંવાર જવાનું હોય છે કે જેથી થયેલ તાલીમો અંગેનું follow-up પણ થઈ શકે. મોનીટરીંગ વખતે અનેક મુદાઓને ધ્યાનમાં લેવામાં આવે છે. લાયઝન ઓફિસર તરીકે નિયુક્ત ભવનના અધ્યાપક તેમ જ બી.આર.સી., સી.આર.સી. ના કો–ઓર્ડિનેટર્સ દ્વારા નક્કી થયેલ strategy મુજબ મોનીટરીંગ કરી નિશ્ચિત મુદાવાર ઉપચારાત્મક કાર્ય તાલીમ ભવન, પાટણ દ્વારા ઘડવામાં આવે છે. આ ઉપચારાત્મક કાર્યને ફરી અમલમાં મુકતી વખતે ઉણપો દૂર કરવા માટેનું માર્ગદર્શન પણ ભવન દ્વારા પૂરું પાડવામાં આવે છે.

### ❀ મોનીટરીંગ માટેની પદ્ધતિઓ :

દરેક તાલુકાના લાયઝન અધિકારી તરીકે ભવનના અધ્યાપકોને મુકવામાં આવેલ છે. આ અધ્યાપકો પોતાના તાલુકાના સંપર્કમાં રહી શકય અને જરૂરી બધાજ કાર્યક્રમોનું સતત મોનીટરીંગ કરે છે.લાયઝન અધિકારી પોતાના તાલુકામાં અઠવાડીયામાં એક વખત મુલાકાત લે છે. સી.આર.સી.ની મીટીંગોમાં હાજરી આપે છે, તથા જયાં જયાં શિક્ષકો પોતાના શૈક્ષણિક કાર્યમાં મુશ્કેલી અનુભવતા હોય ત્યાં માર્ગદર્શન આપે છે. ડાયેટના પ્રાચાર્ય અને ડી.પી.ઈ.ઓ. પણ સાથે મળી જુદા જુદા તાલુકાની મુલાકાત લઈ જરૂરી સલાહ સૂચનો દ્વારા મોનીટરીંગનું કાર્ય કરે છે.

### ❀ મોનીટરીંગમાં સહયોગ :

વિવિધ પ્રવૃત્તિઓના મોનીટરીંગમાં જયાં જે પ્રકારની જરૂર જણાય ત્યાં વિવિધ કક્ષાના લોકોનો સહયોગ લેવામાં આવે છે. ખાસ કરીને નીચે મુજબના લોકોનો સહયોગ લેવામાં આવે છે.

(૧) પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી
(૨) જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી
(૩) કેળવણી નિરીક્ષકશ્રીઓ
(૪) તાલુકા શિક્ષક સંઘ
(૫) જિલ્લા શિક્ષક સંઘ
(૬) સી.આર.સી. કો–ઓડીનેટર્સ
(૭) બી.આર.સી.

### ❀ કાર્યક્રમોનું મોનીટરીંગ :

વિજ્ઞાન મેળા, બાળમેળા, સી.આર.સી. ની બેઠક, જુદા જુદા ધોરણ અને વિષયની ખાસ તાલીમનો વર્ગખંડમાં કેવો ઉપયોગ થાય છે ? અભ્યાસક્રમના જુદા જુદા અભિગમો વગેરેનું શાળા અને વર્ગમાં કઈ રીતે અમલીકરણ થાય છે ? તેવા બધા કાર્યક્રમનું મોનીટરીંગ લાયઝન અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગરની ઉડીને આંખે વળગે તેવી વિશેષતાઓના મુદાઓ નીચે મુજબ છે.

(૧) અતિ સુંદર કેમ્પસ ડેવલપમેન્ટ, સુંદર બગીચો અને વૃક્ષોનો વ્યવસ્થિત ઉછેર.
(૨) પી.ટી.સી. તાલીમાર્થીઓનું છાત્રાલય તથા વાચનગૃહ કુદરતી વાતાવરણમાં.
(૩) સતત સુધારણા માટે કેમ્પસમાં કાયઝન બોકસ.
(૪) પરંપરાગત ઉર્જા સ્ત્રોતોના નમુનાઓ સાથેનો આકર્ષક એનર્જી પાર્ક જેમાં સોલાર હોમલાઈટ, સોલાર ફાનસ, પવનચક્કી, સોલાર એજયુકેશન કીટ.
(૫) ગુણવત્તાલક્ષી શિક્ષણ માટેનો અભિનવ શાળા પ્રોજેકટ.
(૬) ઈ.ટી. શાખા દ્વારા અદભુત કામગીરીનું નિદર્શન કરતી કમ્પ્યૂટરાઈઝડ લેબોરેટરી.

(૭) અદ્યતન મનોવિજ્ઞાન પ્રયોગશાળા તથા ભવનના કેમ્પસમાં વિજ્ઞાનના પ્રયોગો માટેનું સર્વ માટે ખુલ્લું વિજ્ઞાન કેન્દ્ર.

(૮) પરિવર્તનશીલ બાલમિત્ર વર્ગ તથા ભવનનું સમૃદ્ધ ગ્રંથાલય.

## ૩.૦ વિહંગાવલોકન :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની વિશેષતાઓ જાણવાના ઉદેશથી પ્રસ્તુત સંશોધનના હેતુઓ ૩.૫, ૩.૬ અને ૩.૭માં અનુક્રમે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં પ્રવર્તમાન શૈક્ષણિક અને સંસ્થાકીય પર્યાવરણ, તેના દેખરેખ અને મૂલ્યાંકનની વ્યવસ્થાઓ અને તેનાં આગવાં લક્ષણો તથા તેની અસરકારકતાના અભ્યાસને આવરી લેવામાં આવેલ છે. આ ત્રણ હેતુઓ સંબંધિત કુલ છ પ્રશ્નો દ્વારા વિવિધ વિગતો અને માહિતીઓને પ્રાપ્ત કરી પ્રસ્તુત પ્રકરણમાં વર્ણનાત્મક સ્વરૂપે રજૂ કરવામાં આવેલ છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની વિશેષતાઓમાં પ્રત્યેક ભવનની આગવી ઓળખને અત્રે સ્થાન આપવામાં આવેલ છે. વિશેષતાઓની દૃષ્ટિએ પ્રસ્તુત સંશોધનમાં સમાવિષ્ટ દસેય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો કોઈક ને કોઈક મુદ્દો આગવી ઓળખ ધરાવે છે, તેવું કહી શકાય.

❀❀❀

# ૯. તારણો અને ભલામણો

## ૧.૦ પ્રાસ્તાવિક :

કેળવણી એ રાષ્ટ્ર નિર્માણની પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે અને તેના દ્વારા રાષ્ટ્રના ચારિત્ર્યનું નિર્માણ થાય છે. શિક્ષણ એ વર્તમાનકાળ અને ભવિષ્યકાળનું એક અનુપમ વિશિષ્ટ રોકાણ છે. સ્વતંત્ર ભારતના શિક્ષણના ઈતિહાસમાં સુખદ અને અવિસ્મરણીય એવી કોઈ ઘટના હોય તો તે છે ૧૯૮૬ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ. પ્રાથમિક શિક્ષણમાં આમૂલ પરિવર્તન લાવવાની પ્રબળ ભાવના આ નીતિના પાયામાં હતી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૧૯૮૬એ પ્રાથમિક શિક્ષકોના શૈક્ષણિક અને વ્યાવસાયિક વિકાસ માટે આવશ્યક સમર્થન પૂરું પાડવા જિલ્લા સ્તરે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તરીકે ઓળખાતી સંસ્થા સ્થાપવા ભલામણ કરી હતી. આ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના વ્યક્તિ અભ્યાસનો સાર પ્રસ્તુત પ્રકરણમાં આપવામાં આવેલો છે. અભ્યાસ સાર બાદ પ્રાપ્ત પરિણામોની રજૂઆત કરવામાં આવેલી છે. પ્રકરણમાં અંતમાં અભ્યાસના નીચોડરૂપે કેટલીક ભલામણો રજૂ કરવામાં આવી છે.

## ૨.૦ અભ્યાસ સાર :

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૧૯૮૬ અંતર્ગત રાષ્ટ્રભરમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની સ્થાપના કરવામાં આવી. ગુજરાતમાં એપ્રિલ–૧૯૬૪માં સ્થપાયેલ રાજ્ય શિક્ષણ ભવનને ૧૯૮૬માં 'ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ' (GCERT)નું નામાભિધાન કરવામાં આવ્યું. રાજ્ય કક્ષાએ GCERT હેઠળ દરેક જિલ્લામાં કાર્યરત પી.ટી.સી. (અધ્યાપન મંદિરો) ની કક્ષા ઉંચે લઈ જઈ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) ઊભા કરાયા અને શિક્ષક–પ્રશિક્ષણની તમામ જવાબદારી તેમને સોંપવામાં આવી. ૧૯૮૬ થી કાર્યરત GCERT અંતર્ગત ગુજરાતના બધા જ

પચ્ચીસ જિલ્લાઓના કુલ છવીસ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોનાં કાર્યની પ્રાથમિક શિક્ષણ પર અસરકારકતા જાણવા માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ. **'પ્રાથમિક શિક્ષણ પર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની અસરકારકતા'** શીર્ષક ધરાવતું પ્રસ્તુત સંશોધન કુલ સાત હેતુઓ અને કુલ અઢાર હેતુ સંબંધિત પ્રશ્નોને ધ્યાનમાં લઈ વ્યક્તિ અભ્યાસ સ્વરૂપે વધુ અને સ્પષ્ટ દિશાસૂચક બની રહ્યું.

પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજ્યને પાંચ સ્તરમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે. આ પાંચેય સ્તરમાં રહેલાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાંથી યાદચ્છિક નમૂના પસંદગી પદ્ધતિની મદદથી સ્તર દીઠ બે–બે એમ કુલ દસ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોને નમૂના તરીકે સમાવિષ્ટ કરવામાં આવેલ. વિવિધ માહિતી સ્ત્રોતો દ્વારા અવલોકન, પ્રશ્નાવલી, મુલાકાત જેવાં ઉપકરણોના ઉપયોગથી જરૂરી માહિતી એકત્ર કરવામાં આવેલ છે. માહિતી સંખ્યાત્મક અને ગુણાત્મક સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે. પ્રસ્તુત સંશોધનમાં પ્રાથમિક શિક્ષણ પર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની અસરકારકતા જાણવા માટે માહિતીનું એકત્રિકરણ ત્રણ વિભાગોમાં કરવામાં આવ્યું. વિભાગઃ૧ માં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોનો વિકાસાત્મક પરિચય, જેમાં ભવનોની સ્થાપના તથા તે સમયની સ્થિતિ, ભૌતિક સુવિધાઓ, શાખાઓ અને તેનાં કાર્યો તથા વિવિધ ગ્રાન્ટની પરિસ્થિતિને આવરી લેવામાં આવી. વિભાગ : ૨માં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની સેવાઓ અને પ્રદાન, જેમાં પૂર્વસેવા અને સેવાકાલીન શિક્ષક–પ્રશિક્ષણ કાર્યો, થયેલાં સંશોધન કાર્યો અને પ્રકાશન તથા સાધનનિર્માણનો સમાવેશ કરવામાં આવેલ. વિભાગ : ૩ માં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની વિશેષતાઓ અંતર્ગત ભવનોનાં પ્રવર્તમાન શૈક્ષણિક અને સંસ્થાકીય પર્યાવરણ, પ્રવર્તમાન દેખરેખ અને મૂલ્યાંકનની વ્યવસ્થાઓ તથા ભવનનાં આગવાં લક્ષણો અને તેની અસરકારકતાને આવરી લીધેલ છે.

સંશોધનનો વ્યાવહારિક ઉપયોગ કેન્દ્ર સ્થાને હોવાથી પ્રસ્તુત અભ્યાસને વ્યાવહારિક સંશોધન કહી શકાય. વળી પ્રાપ્ત માહિતીનું એકત્રિકરણ, પૃથક્કરણ તથા અર્થઘટન કરવામાં વર્ણનાત્મક અને સંખ્યાત્મક બન્ને બાબતોનો અમલ થયેલ હોવાથી

પ્રસ્તતુ અભ્યાસને ગુણાત્મક તથા સંખ્યાત્મક બંને પ્રકારનાં સંશોધનોનો સમન્વય કહી શકાય.

## ૩.૦ અભ્યાસનાં તારણો :

અભ્યાસના સાત હેતુઓ અને તે સંબંધિત અઢાર પ્રશ્નોના સંદર્ભમાં પ્રાપ્ત મહત્ત્વનાં પરિણામો અત્રે રજૂ કરવામાં આવેલ છે. અહીં એ સ્પષ્ટતા આવશ્યક છે કે પ્રસ્તુત અભ્યાસના નમુનામાં સમાવિષ્ટ દસ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો માટેના હેતુઓ અને સંબંધિત પ્રશ્નો સામાન્ય રીતે ઘડવામાં આવેલ, તેથી અભ્યાસનાં તારણો પણ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનવાર ન વર્ણવતાં સમગ્ર અભ્યાસનાં સંદર્ભમાં અત્રે રજૂ કરવામાં આવેલ છે.

૩.૧ શિક્ષણની વિવિધ યોજનાઓ જિલ્લા કક્ષા સુધી પહોંચાડવાના ઉદેશ્યથી રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૧૯૮૬માં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપનાની ભલામણ કરવામાં આવી. તે અનુસાર રાજ્ય કક્ષાએ GCERT હેઠળ દરેક જિલ્લામાં કાર્યરત અધ્યાપન મંદિરોને અપગ્રેડ કરી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો દરજ્જો આપવામાં આવ્યો. GCERT ગાંધીનગર દ્વારા યોગ્ય શૈક્ષણિક લાયકાત, અનુભવ અને કૌશલ્ય ધરાવતા વ્યાખ્યાતાઓની દરેક ભવનમાં જુદા જુદા સમયે જુદી જુદી સંખ્યામાં નિમણૂંક કરવામાં આવી. શકયતઃ તો જૂના બિલ્ડીંગમાં જ સૂચિત ફેરફારો કરવામં આવ્યાં.

૩.૨ પ્રત્યેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પહેલાં અધ્યાપન મંદિર હતું તેની સરખામણીમાં ૨૦૦૩ સુધીમાં સુવિધાઓમાં ઘણો નોંધપાત્ર વધારો જોવા મળેલ છે. પ્રત્યેક ભવન હવે વિશાળ પરિસર ધરાવે છે અને તેમાં પ્રાચાર્ય ખંડ, પ્રાર્થના ખંડ, સુપરવાઈઝર ખંડ, વહીવટી શાખા, કમ્પ્યૂટર લેબ, સ્ટોરરૂમ, ગ્રંથાલય, તાલીમાર્થીઓ માટેના વર્ગખંડો, વિવિધ શાખાઓના સ્વતંત્ર ખડો, મેદાન તથા અન્ય સુવિધાઓનો

સમાવેશ થાય છે. ભવનના મુખ્ય મકાનની સાથે સાયન્સ કોર્નર, પ્રયોગશાળા, ચિત્રકલા ખંડ તથા સંગીત ખંડ પણ છે.

૩.૩ અભ્યાસના પ્રારંભ વર્ષ કરતાં ૨૦૦૨–૨૦૦૩માં લગભગ પ્રત્યેક ભવનમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની સંખ્યામાં થોડો વધારો જોવા મળેલ છે.

૩.૪ ભવનો સાધન સામગ્રી, ઈલેકટ્રીક સાધનો, સંગીત તથા શૈક્ષણિક સાધનો, રમતગમતનાં સાધનો તથા ફર્નિચરની દષ્ટિએ સમયાંતરે સમુદ્ધ બની રહ્યાનું સ્પષ્ટ જણાય આવે છે.

૩.૫ પ્રત્યેક ભવન પુસ્તકાલયની સુવિધા ધરાવે છે, જેમાં વિવિધ વિભાગોમાં મળીને અંદાજે બે હજાર જેટલાં પુસ્તકો તો ઉપલબ્ધ છે. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષાના પુસ્તકોમાં નવકલથાઓ, બાળસાહિત્ય અને શૈક્ષણિક પુસ્તકોનો સમાવેશ થાય છે.

૩.૬ ભવનોમાં પ્રયોગશાળાની સુવિધા છે, જો કે તે સુવિધામાં નવાં સાધનો ઉપકરણો–રાસાયણિક પદાર્થોની જરૂરિયાત સતત ઊભી થાય છે અને તેની પૂર્વતામાં નિયમિતતા જળવાતી જોવા મળતી નથી.

૩.૭ છાત્રાલયની ભૌતિક સુવિધામાં ક્રમશ : વધારો થતો રહેલ છે. છાત્રાલયો વાસણો તથા રસોડાનાં સાધનોની બાબતે ઘણી આધુનિક સુવિધા ધરાવે છે.

૩.૮ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં સ્થાપના કાળથી વર્ષ ૨૦૦૨–૦૩ સુધીમાં લઘુતમ પાંચથી લઈને મહત્તમ અગિયાર પ્રાચાર્યશ્રીઓની સેવાનો લાભ મળેલ છે. સૌથી ઓછા સમયગાળા માટે પ્રાચાર્ય તરીકે નિમણૂંક પામનાર વ્યક્તિ ભવનના વિકાસાત્મક અભિગમમાં જરૂરી પ્રદાન કરી શકતા નથી અને વિકાસમાં તે ગાળો પઠારનો બની રહે છે, તેનું સર્વગ્રાહી અવલોકન પરથી નોંધવામાં આવેલ છે.

૩.૯ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંકની બાબતમાં પણ GCERT પર અવલંબિત છે. GCERT

ગાંધીનગર દ્વારા વર્ગ–૨, વર્ગ–૩ અને વર્ગ–૪ ના કર્મચારીઓ તથા જુનિયર લેકચરર્સની આવશ્યક સંખ્યા નવી નિમણૂંકથી અથવા ફેરબદલીથી ભરવામાં આવે છે. જયાં સુધી આ નિમણૂંકનો મુદો છે ત્યાં સુધી સંશોધકને સ્પષ્ટ તારણ મળેલ છે કે પ્રત્યેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં દસથી વધુ જગ્યાઓ સતત ખાલી રહેતી હોય છે. આને કારણે જે તે ભવનનાં રોજબરોજનાં કામ ઉપર વિપરિત અસર જોવા મળે છે, કામમાં બેકલોગ પણ નોંધી શકાય છે.

૩.૧૦ પ્રત્યેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં કુલ સાત શાખાઓ કાર્યરત છે. જે આ પ્રમાણે છે. (૧) પૂર્વ સેવા શિક્ષક–પ્રશિક્ષણ (૨) કાર્યાનુભવ (૩) જિલ્લા સંશોધન એકમ (૪) સેવા અંતર્ગત કાર્યક્રમો, ક્ષેત્રીય આંતરક્રિયા અને નાવીન્ય સંકલન (૫) પાઠયક્રમ સામગ્રી વિકાસ અને મૂલ્યાંકન (૬) શૈક્ષણિક પ્રૌદ્યોગિકી અને (૭) આયોજન અને વ્યવસ્થાપન. જૂનાગઢ તથા રાજકોટ ભવનોમાં ગણિત–વિજ્ઞાનની અલગ શાખા છે અને ત્યાં કુલ આઠ શાખાઓમાં ભવનનાં કાર્યો વિભાજિત થયેલ છે.

૩.૧૧ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોને સરેરાશ ત્રીસથી વધુ સંસ્થાઓનો આર્થિક, માનવ તથા ભૌતિક સહયોગ પ્રાપ્ત થાય છે. જેમાં રાષ્ટ્રીય કક્ષાએ પાંચ, રાજ્ય કક્ષાએ સરેરાશ દસ અને જિલ્લા કક્ષાએ સરેરાશ પંદર સંસ્થાઓનો સહકાર મળી રહે છે. રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા દ્વારા આર્થિક સહયોગ પ્રાપ્ત થાય છે, રાજ્ય કક્ષાની સંસ્થા દ્વારા મોટે ભાગે માનવબળ પૂરું પાડવામાં આવે છે, તો અમુક સંસ્થાઓ દ્વારા આર્થિક અને ભૌતિક સહયોગ મળે છે. જિલ્લા કક્ષાએ ભૌતિક અને માનવ સહયોગ વધુ પ્રાપ્ત થાય છે.

૩.૧૨ પ્રત્યેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનને તેની વડી કચેરી GCERT મારફત વિવિધ બજેટ હેડ હેઠળ વિવિધ યોજનાઓ માટે વર્ષવાર અનુદાનની ફાળવણી કરવામાં આવે છે. શરૂઆતના વર્ષોમાં આ બજેટ હેડની સંખ્યા વધુ જોવા મળે છે, જે ક્રમશ : સીમિત બજેટ હેડ હેઠળ આવરી લેવામાં આવેલ છે.

૩.૧૩ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં વર્ષ ૧૯૯૫ થી વર્ષ ૨૦૦૨ સુધીમાં સરેરાશ ૬૦૦ તાલીમાર્થીઓને પ્રવેશ મળેલ હતો, જેમાંથી વિશેષ યોગ્યતા

મેળવનાર અને પ્રથમ વર્ગ મેળવનારની સંખ્યા શતકમાં છે. ૧૯૯૮માં ધોરણ–૧૦ પછી પી.ટી.સી.માં પ્રવેશ બંધ થવાથી પ્રથમ વર્ષના તાલીમાર્થીઓને સરકારશ્રી તરફથી પ્રવેશ આપવામાં આવેલ ન હતો, જ્યારે ૧૯૯૯માં ધોરણ–૧૨ પછી પી.ટી.સી. માં પ્રવેશ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવાથી દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓને સરકારશ્રી તરફથી પ્રવેશ આપવામાં આવ્યો ન હતો.

૩.૧૪ પ્રત્યેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના છાત્રાલયમાં કુલ ૧૦૦ પ્રશિક્ષણાર્થીઓ માટે રહેણાંકની, ભોજનાલય અંગેની પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ છે. અંદાજે વર્ષ ૧૯૯૭–૯૮, ૧૯૯૮–૯૯ ની આસપાસ ભવનોમાં નવી છાત્રાલય વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે. કેટલાંક ભવનોમાં નવી વ્યવસ્થાની સાથે જ જૂનું છાત્રાલય બિલ્ડીંગ યથાવત રાખવામાં આવેલ છે.

૩.૧૫ ભવનોના પૂર્વ સેવા શિક્ષક–પ્રશિક્ષણ વિભાગ દ્વારા સરેરાશ વીસથી વધુ વિશિષ્ટ કાર્યક્રમોનું અમલીકરણ થયું હતું. પી.એસ.ટી.ઈ. શાખાના તાલીમાર્થીઓમાં વિશિષ્ટ કૌશલ્યો વિકસાવવા વિવિધ સ્પર્ધાઓ, વિશિષ્ટ દિનોની ઉજવણી, વિશિષ્ટ સપ્તાહોની ઉજવણી, સન્માન કાર્યક્રમો, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ વગેરેનું આયોજન થતું રહે છે.

૩.૧૬ પ્રત્યેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનને જે તે જિલ્લાના તથા અન્ય જિલ્લાના વ્યક્તિ વિશેષનો આર્થિક, શૈક્ષણિક તથા અન્ય સહયોગ પ્રાપ્ત થતો રહે છે. એકંદરે ત્રીસ જેટલા વ્યક્તિઓનો સહયોગ પૂર્વ સેવા શિક્ષક–પ્રશિક્ષણ શાખાને પ્રાપ્ત થયેલ જોવા મળે છે.

૩.૧૭ પ્રત્યેક ભવન દ્વારા બે પ્રકારની : નિવાસી તથા બિનનિવાસી તાલીમ યોજવામાં આવે છે. ભવન દ્વારા એકંદરે કુલ પંદર પ્રકારની તાલીમો યોજવામાં આવી હતી. તાલીમ વર્ગોની સંખ્યા પ્રતિ ભવન ઘણી વધુ થવા જાય છે અને પ્રતિ વર્ષ સંખ્યા અનુદાનની ઉપલબ્ધિના સંદર્ભમાં અલગ અલગ જોવા મળેલ છે. સી.આર.સી. ની અનુદાનની શરૂઆત વર્ષ ૧૯૯૭–૯૮ થી અને બાળમેળાની શરૂઆત ૨૦૦૧–૦૨થી

થઈ . સી.આર.સી. કક્ષાએ વિજ્ઞાનમેળો અને બાળમેળાની આયોજન જવાબદારી પ્રત્યેક ભવને અલગ વર્ષવાર સ્વીકારેલ છે.

૩.૧૮ ભવનોના સેવાકાલીન શિક્ષક–પ્રશિક્ષણ વિભાગ દ્વારા સરેરાશ પંદરથી વીસ વિશિષ્ટ કાર્યક્રમો અમલમાં મુકવામાં આવ્યા હતાં. જેમાં લોકજાગૃતિ કાર્યક્રમ, અધ્યાપન મંદિર આંતર સ્પર્ધા કાર્યક્રમ, રમતોત્સવ, વિજ્ઞાન મેળા, બાળમેળા વગેરેનો સમાવેશ થાય છે.

૩.૧૯ પ્રત્યેક ભવનોને સેવાકાલીન શિક્ષક–પ્રશિક્ષણ વિભાગનાં કાર્યોમાં કુલ અંદાજિત (અભ્યાસનાં વર્ષ દરમ્યાન) સાતસો જેટલા તજ્જ્ઞોની સેવાનો લાભ મળેલ છે. જેમાં સૌથી વધારે પ્રાથમિક શાળાના શિક્ષકો, બી.આર.સી. અને સી.આર.સી. ના કો–ઓડિનેટર્સની સેવા પ્રાપ્ત થયેલ છે.

૩.૨૦ પ્રત્યેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં વ્યાખ્યાતાઓ દ્વારા સંશોધનો હાથ ધરવામાં આવે છે. અભ્યાસનાં વર્ષો દરમ્યાન પ્રત્યેક ભવનમાં દસથી પંદર સંશોધનો હાથ ધરેલ છે. પ્રત્યેક ભવન દ્વારા સંશોધન વર્ગોનું આયોજન કરવામાં આવેલ છે. વળી ભવન દ્વારા અંદાજે કુલ ચારથી પાંચ સંશોધન પ્રોજેકટસ પણ હાથ ધરાયેલ. જો કે સંશોધન કાર્યને વધુ સઘન, સમય આધારિત અને ક્રમશ : ઉપયોગિતાલક્ષી બનાવવાની જરૂરિયાત જોવા મળે છે.

૩.૨૧ પ્રત્યેક ભવનના વ્યાખ્યાતાઓ દ્વારા વર્ષ ૧૯૯૫ થી વર્ષ ૨૦૦૨–૦૩ દરમ્યાનમાં અંદાજે પચ્ચીસ મોડયુલ, ત્રીસથી વધુ અનુસંગત પત્રિકાઓ, વિવિધ વિભાગોના અધ્યાપકો દ્વારા અંદાજે પચ્ચીસ અહેવાલો તૈયાર કરવામાં આવેલ છે.

૩.૨૨ ટી.એલ.એમ. નિર્માણ સંદર્ભે પ્રત્યેક ભવને માર્ગદર્શનનું નોંધપાત્ર કાર્ય કરેલ છે. એકંદરે પંદર ટી.એલ.એમ. વર્ગો યોજવામાં આવેલ છે, જેમાં પ્રશિક્ષણાર્થી બહેનો તથા પ્રાથમિક શાળાના શિક્ષકોને આવરી લેવામાં આવેલ છે. આ તાલીમવર્ગોના આયોજનમાં વિવિધતા જોવા મળેલ છે. વેસ્ટમાંથી બેસ્ટ, માટીકામ તથા ધો. ૧ થી ૭ પાઠયપુસ્તક સંબંધી ટી.એલ.એમ. નિર્માણને સ્થાન આપવામાં આવેલ છે.

૩.૨૩ પ્રત્યે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની વડી સંસ્થા જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર ખાતે છે. ભવનોનાં કાર્યો તથા કાર્યક્રમોની દેખરેખ અને મૂલ્યાંકનનું કાર્ય વર્ષ ૨૦૦૧ થી વડી કચેરી દ્વારા થયેલ લાયઝન ઓફિસરની વ્યવસ્થા દ્વારા થાય છે. જો કે લાઈઝન ઓફિસર દ્વારા લેવાતી મુલાકાતોમાં નિયમિતતા જોવા મળેલ નથી તથા સંસ્થાના કાર્યની દેખરેખ અને મૂલ્યાંકન માટેની નિયત માળખું સંસ્થા કે ઓફિસર પાસે ઉપલબ્ધ નથી.

પાંચ વ્યક્તિઓનાં જૂથ દ્વારા સંસ્થાની મુલાકાત, કર્મચારી સાથે બેઠક તથા કાર્યો અંગે ચર્ચા યોજવાનો ઉપક્રમ પણ કેટલાંક ભવનોમાં જોવા મળેલ છે. પ્રત્યેક ભવનની વિવિધ શાખાઓ કે વિભાગો દ્વારા યોજાતા સેવાકાલીન તાલીમ કાર્યક્રમ તેમજ અન્ય કાર્યક્રમમાં પ્રાચાર્યશ્રી અવાર નવાર મુલાકાત લઈ માર્ગદર્શન આપે છે. આમ, ભવનનું વડી સંસ્થા દ્વારા અને ભવનની વિવિધ પ્રવૃત્તિઓનું ભવનના માનવ સંસાધન દ્વારા મૂલ્યાંકન કરતા રહેવાના પ્રયાસો થતા જોવા મળે છે.

૩.૨૪ પ્રત્યે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન કંઈક ને કંઈક વિશેષતા ધરાવે છે. જેમાંની કેટલીક સામાન્ય વિશેષતાઓનો અહીં ઉલ્લેખ કરેલ છે.

- ભવનોને નવાં મકાનો છે, સુવિધાઓ છે, સુંદર કેમ્પસ ડેવલપમેન્ટ છે, મોટાં વૃક્ષો અને ફૂલ છોડનો ઉછેર છે, રમતગમતનાં મેદાનો છે અને સઘળી સુવિધાની પ્રમાણમાં સારી જાળવણીની વ્યવસ્થા છે.
- સુવિધાયુક્ત છાત્રાલય, એકંદરે સમૃદ્ધ પુસ્તકાલય અને કમ્પ્યૂટર લેબ આગવાં પાસાં છે.
- પી.ટી.સી. તાલીમાર્થી બહેનો માટે સ્વ અધ્યયનની અને રાત્રીના આઠ થી દસ રોટેશન મુજબ વ્યાખ્યાતાની હાજરીની વિશેષ વ્યવસ્થા થયેલ છે.
- અપૂરતા સ્ટાફના કારણે વિદ્યાસહાયકોની પ્રતિનિયુક્તિ અને તેના દ્વારા કામ આગળ ધપાવવાની ધગશ નજરે ચડી આવે છે.

- કેટલાંક ભવનોમાં સાયન્સ પાર્ક, એનર્જી પાર્ક જેવી સમાજોપયોગી વૈજ્ઞાનિક સુવિધાઓ પણ વિકસાવવામાં આવેલ છે.

૩.૨૫ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની સ્થાપના, વિકાસ, કાર્યો, કાર્યક્રમો, અનુદાન, સુવિધાઓ વગેરે બાબતોનાં સંદર્ભમાં લગભગ લગભગ એક જ રાષ્ટ્રીય નીતિ અંતર્ગત અમલીકરણ થતું હોવાથી વિશેષ આગવાપણું વિકસી શકે તેવો અવકાશ રહેતો નથી. વળી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના સંશોધન અભ્યાસ દરમ્યાન કેટલીક એવી બાબતો પણ ખ્યાલમાં આવેલ છે કે જેની નોંધ આગામી વર્ષોમાં સુધારાનાં આવશ્યક પગલાં તરીકે પણ લેવી ઘટે. અહીં પણ અભ્યાસમાં સમાવિષ્ટ ભવનવાર વિગતો નોંધવાના બદલે સામાન્ય નોંધને સ્થાન આપવામાં આવેલ છે.

- સેવાકાલીન શિક્ષકો માટેના નિવાસી વર્ગોનાં આયોજન દરમ્યાનની નિવાસ તથા તેને આનુસંગિક વ્યવસ્થા વધુ ગુણવત્તાસભર હોવી જરૂરી છે.
- લાયઝનનું કાર્ય કરનાર પ્રત્યેક સંબંધિત તાલુકાની શાળાની મુલાકાત સમયાંતરે લે તેવું નિયમિત શકય બનતું નથી.
- એક જ સમયે એકથી વધુ કાર્યક્રમોને ન્યાય આપવા માટે માનવબળનો અભાવ મુશ્કેલી નોતરે છે.
- તાલીમ આપ્યા બાદ તુરત જ તેઓની શાળાની અનુકાર્ય ચકાસણી શકય બની નથી, જે આવશ્યકતા બની રહેવી જોઈએ.
- કર્મચારીઓની અપૂરતી સંખ્યા છતાં વધારે પડતા કાર્યક્રમોનું આયોજન કાર્યક્રમની ગુણવત્તાને ધક્કો પહોંચાડે છે.
- ભવનોમાં કર્મચારી દીઠ કાર્ય વહેંચણી સુપેરે થવી જોઈએ. કાર્યશીલની માથે ભારણ વધુ અને અકર્તા ભાવવાળા માટે આરામની સ્થિતિ નિવારવી જરૂરી બને છે.
- સમુહ કાર્યક્રમો અમુક સમય અવધિમાં પૂર્ણ કરવાના પરિપત્રને કારણે લક્ષ્યાંક જૂથને હેતુ આધારિત ઉચિત તાલીમ આપી શકાતી નથી.

- તાલીમ કાર્યક્રમો માટેનું અનુદાન નાણાંકીય વર્ષાંતે ફાળવવામાં આવતું હોવાથી આયોજનની સુવ્યવસ્થિતા અપેક્ષિત રહેતી નથી. જરૂરિયાતના સંદર્ભમાં તાલીમ વર્ગો યોજાવા જોઈએ, અનુદાનના વપરાશ માટે નહીં.
- ભવનોમાં દેખરેખ અને મૂલ્યાંકનનું માળખું પાયાથી ઘડવાની અને પ્રયોગાત્મક ધોરણે અમલમાં મુકવાની તાતી જરૂરી જોવા મળે છે.
- તાલીમ કાર્યક્રમોના આયોજન માટે ઓડીટોરીયમ કે હોલની સુવિધા આવશ્યક બને છે.
- પ્રત્યેક ભવન અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વચ્ચે સંકલનની જરૂર દેખાય આવે છે.
- ભવનના મહત્ત્વનાં કાર્યોમાં અગ્રિમ સ્થાન સંશોધનને આપવું જોઈએ અને પ્રત્યેક ભવને પોતાનું સામયિક તથા પોતાનું મુખપત્ર નિયમિત પ્રકાશિત કરવું જોઈએ.

## ૪.૦ અભ્યાસની ભલામણો :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના સંસ્થા–અભ્યાસના અંતે સંશોધક કેટલીક ભલામણો કરવા પ્રેરાય છે. સંસ્થાની કેટલીક વિશિષ્ટતાઓ અને મર્યાદાઓને ધ્યાનમાં લઈ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના સશક્તિકરણ અંગે સૂચનો પણ કરવામાં આવેલ છે.

- તાલીમોનું આયોજન તાલીમ ભવનમાં જ કરવું જોઈએ. બહારનાં સ્થળોએ તાલીમ દરમ્યાન પૂરતાં શૈક્ષણિક સાધનોનો ઉપયોગ શકય ન પણ બને.
- કમ્પ્યૂટર્સ શાખાવાર રહે તે આવકાર્ય છે. કમ્પ્યૂટરની નિયમિત જાળવણી પર ધ્યાન આવશ્યક છે.
- શાખાવાર કાર્યને વધુ સઘન બનાવી શકાય. શાખાવાર વર્કશિડયૂલનું આગોતરું આયોજન ઉપકારક નીવડી શકે. કાર્યક્રમો માટે શાખાને સ્વતંત્રતા મળવી જોઈએ.

- ભવનનાં કાર્યોમાં વિષયવસ્તુની સઘનતા જોવા મળવી જોઈએ.
- વર્ષાન્તે સમગ્ર સ્ટાફે સાથે બેસીને સ્વ અને સંસ્થા–મૂલ્યાંકન કરતા રહેવું જોઈએ. Self Appraisal Report મેળવતા રહેવાની પ્રણાલી તંદુરસ્ત બની રહે.
- કમ્પ્યૂટર આધારિત તાલીમી કાર્યક્રમો (૧) ભવનના અધ્યાપકો અને સ્ટાફ માટે (૨) અન્ય C.R.C., B.R.C., કોઓર્ડીનેટર્સ માટે (૩) પ્રાથમિક શાળાના ઉત્સાહી શિક્ષકો માટે તથા (૪) પ્રશિક્ષણાર્થીઓ માટે નિયમિતપણે યોજાતા જ રહેવા જોઈએ.
- બધા જ વિભાગોની માહિતી વિભાગવાર અને સંકલિત એમ બન્ને રીતે કમ્પ્યૂટરાઈઝડ થતી રહેવી જોઈએ. શાખાવાર માહિતીની પૂર્તતાનું એક વ્યવસ્થિત ચક્ર આયોજિત થવું જરૂરી છે.
- ભવનની પ્રયોગશાળાઓ, પુસ્તકાલયો અને કમ્પ્યૂટર લેબ્સ up to date નહીં પરંતુ upto moment વિકસિત રહેવી જોઈએ.
- ભવનના અધ્યાપકો અને અન્ય કર્મચારીઓ નિયમિતપણે પુસ્તકાલય અને કમ્પ્યૂટર લેબનો ઉપયોગ કરતા રહે તે માટે સતત પ્રોત્સાહિત વાતાવરણ સર્જવું આવશ્યક છે.
- ભવનના અધ્યાપકો અને પ્રતિવર્ષનાં પ્રશિક્ષાર્થીઓમાં વાચનની ભૂખ પ્રગટે અને વાચન એક સુટેવ બની રહે તે માટે ક્રમબદ્ધ પગલાંઓ જ્ઞાનના ઉપાર્જન માટે નિતાંત જરૂરી છે.
- બિનજરૂરી સંશોધનોની પ્રવૃત્તિના સ્થાને જરૂરી, need based research અને શિક્ષણ + સમાજોપયોગી સંશોધનોને અગ્રિમ સ્થાન આપવું રહે છે.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યોને રાષ્ટ્ર કે રાજ્ય કક્ષાએ ભવનના વિકાસાર્થે સેવાકાલીન તાલીમ આપી શકાય તેવા તાલીમી કાર્યક્રમો

વિકસાવી શકાય અને પ્રાચાર્યોને રાષ્ટ્રીય સંસ્થાઓના આવા કાર્યક્રમોમાં મોકલી શકાય.

- સ્વતંત્રપણે અને સંયુક્ત પણે ભવનોમાં ગ્રંથ નિર્માણ, વિશેષ લેખન કાર્યનું ભાવાવરણ બની રહે તેવા પ્રયાસો જરૂરી જણાય છે.
- નેતૃત્વ વિકાસની વિશિષ્ટ તાલીમો ભવનના કર્મચારીઓ માટે યોજાય અથવા તેઓને રાષ્ટીય સ્તરે આવી તાલીમોમાં પ્રતિનિધત્વ આપવામાં આવે તો ભવનોમાં Second Line of Leadership વિકસાવી શકાય.
- ભવનોના ભૂતપૂર્વ તાલીમાર્થીઓનું મંડળ સ્થાપીને તેઓના સંપર્ક અને સહયોગથી ભવનની સુવિધાઓમાં તેઓની ભાગીદારી ઊભી કરી તેઓને ઉત્તરદાયિત્વ નિભાવવાની તક પૂરી પાડી શકાય.
- સેવાકાલીન તાલીમોનું મૂલ્યાંકન વધુ વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય બને તેવી યોજના નિર્ધારિત કરવી એ સમયની માંગ છે.
- ભવનોના કાર્યોના દેખરેખ અને મૂલ્યાંકન માટે વ્યવસ્થાકીય એક માળખું ઊભું થવું જોઈએ, જેથી કાર્ય અંગે સ્પષ્ટતા ,પ્રોત્સાહન અને સચોટ દિશા પ્રાપ્ત થાય.
- સેવાકાલીન કર્મચારીઓનાં જ્ઞાન, અનુભવ, વિશિષ્ટતા અને કૌશલ્યનો લાભ પૂર્વ સેવા શિક્ષક પ્રશિક્ષણના તાલીમાર્થીઓને મળવો જોઈએ.
- પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપવા માટે એક ચોક્કસ વ્યૂહરચના કે માળખાનો વિકાસ થવો જોઈએ. દરખાસ્ત, આયોજન, અમલીકરણ, પ્રતિભાવ, સૂચનો, ચર્ચા, જરૂરિયાત, સુધારણાને અવકાશ અને અહેવાલ વગેરે જેવાં પગથિયાંની વ્યવસ્થિત કાર્યયોજના ઘડવી જોઈએ.
- સંસ્થાના પ્રશિક્ષણાર્થીઓ ભાવિ શિક્ષકો છે. શિક્ષણમાં આત્મવિશ્વાસ, વિષયની યોગ્ય રજૂઆત, કાર્યક્રમનાં અમલીકરણની જવાબદારી, નેતૃત્વ, ઉદઘોષણા અને કાર્યક્રમ વ્યવસ્થાની તાલીમ આપવી જોઈએ.

- ઉચ્ચ શિક્ષણ કમિશ્નર દ્વારા નીમવામાં આવતા પ્રાચાર્યશ્રી કરતાં જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર દ્વારા કાયમી પ્રાચાર્યની નિમણૂંક કરવામાં આવે તો જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના નકશો પલ્ટી શકે તેવી શકયતાઓ અને ક્ષમતાઓ રહેલી છે.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન એક સંસ્થા છે, તેમાં કાર્યની સરળતા ખાતર વિભાગો કે શાખાઓ છે. આ શાખાઓ વચ્ચેનું સંકલન જ ભવનને જીવંત બનાવે છે. જે તે શાખામાં કાર્ય કરનારે શાખાના કામ પૂરતું જ મર્યાદિત રહેવાનું નથી તે સ્પષ્ટ થવું જોઈએ અને તેના વ્યવહારમાં પ્રતિબિંબ પડવું જોઈએ.
- શિક્ષણની પાયાથી સુધારણા અને શિક્ષણની ગુણવત્તાની જાળવણીના મુખ્ય ઉદેશથી શરૂ થયેલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોનાં કાર્યોમાં તો આ બન્ને ઉદેશો ચરિતાર્થ થવા જોઈએ, અને તેને ચરિતાર્થ કરવા માટે કશી જ ઉણપ કે અભાવ ભવનને ન રહે તેવું આયોજન અગ્રતાક્રમે થવું જોઈએ. માનવસંપદાના અભાવથી શિક્ષણને અસર થાય છે તે સ્વીકારીએ તો તેના અભાવથી ભવનો ના પીડાય તે જોવાની પાયાની જવાબદારી તંત્રવાહકોએ અદા કરવી રહે.

## ૫.૦ વિહંગાવલોકન :

*'પ્રાથમિક શિક્ષણ પર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની અસરકારકતા'* શીર્ષક અંતર્ગત હાથ ધરાયેલ પ્રસ્તુત સંશોધનના સમગ્ર અભ્યાસના સાર તત્ત્વને આ પ્રકરણમાં આવરી લેવામાં આવેલ છે. આ ઉપરાંત સંશોધનનાં હેતુઓ તથા સંબંધિત પ્રશ્નોના આધારે પ્રાપ્ત થયેલ અભ્યાસનાં તારણોને વિસ્તૃત રીતે અહીં સ્થાન આપવામાં આવેલ છે. પ્રકરણમાં અને સમગ્ર સંશોધન અહેવાલનાં સમાપનમાં અભ્યાસની ભલામણોને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં મૂલવીને રજૂ કરવામાં આવેલ છે.

સમગ્ર સંશોધન–અભ્યાસનું વિહંગાવલોકન કરતાં કહી શકાય કે પ્રાથમિક શિક્ષણ પર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની વ્યાપક, હકારાત્મક અને આવશ્યક

અસરકારકતા પ્રવર્તમાન છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૧૯૮૬ના શુભ ઉદેશથી આરંભાયેલી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની સફરની ફલશ્રુતિ સ્પષ્ટ તરી આવે છે. તેની સ્થાપના સમયનાં ખ્યાલો અને દીર્ઘદષ્ટિ મહદઅંશે ફળીભૂત થતી જોવા મળે છે. શિક્ષણનાં પાયાનાં ક્ષેત્ર પ્રાથમિક શિક્ષણમાં, રાજ્ય વ્યવસ્થાનાં પાયાનાં સ્તર જિલ્લા કક્ષાને અનાવૃત અને પ્રવૃત કરવાનો મૂળભૂત વિચાર મૂર્તિમંત થઈ રહેલ છે એવું પ્રસ્તુત સંશોધન પુરવાર કરે છે.

❀❀❀

# પરિશિષ્ટ

# પરિશિષ્ટ–૧

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન કેસ સ્ટડી

### વિભાગ–અ

### ડાયેટનું આગવાપણું

૧. આપના મતે ડાયેટ કઈ બાબતમાં વિશિષ્ટતા ધરાવે છે ?

૨. આવી વિશિષ્ટતા પાછળનાં કારણો જણાવો.

૩. તમારા મતે ડાયેટમાં હજુ કરી શકાય તેવા કયા વિશિષ્ટ કાર્યક્રમો છે ?

### વિભાગ–બ

### ડાયેટની ઉણપો અને તેને નિવારવાના ઉપાયો

૪. આપના મતે ડાયેટ કઈ બાબતમાં મર્યાદા ધરાવે છે ?

૫. આવી મર્યાદા / વિશિષ્ટતા પાછળનાં કારણો જણાવો.

૬. આપના મતે દરેક શાખાની કઈ બાબતમાં વિશિષ્ટતા/મર્યાદા છે ?

૭. આ ખામીઓ દૂર કરવાનાં ઉપાયો/સૂચનો જણાવો.

૮. ડાયેટનો વધુ વિકાસ કઈ રીતે થઈ શકે એ માટેનાં તમારાં સૂચનો જણાવશો.

૯. આપને આપના કાર્યથી વ્યાવસાયિક કાર્ય–સંતોષ મળે છે ?

૧૦. આપને વ્યાવસાયિક કાર્ય–સંતોષ મળે છે ? ના, તો કારણ જણાવશો અથવા શું કરવાથી આપને કાર્ય–સંતોષ મળી શકે એ જણાવશો.

### વિભાગ–ક

### ડાયેટનું પુન : ગઠન અને પુન : રચના

૧૧. ડાયેટની હાલની શાખાઓમાંથી કઈ કઈ શાખા જરૂરી છે ?

૧૨. કઈ શાખા દૂર કરી શકાય તેવી છે ? કારણ આપો.

૧૩. ડાયેટમાં શાખા પુન : રચના કરવી હોય તો કઈ શાખા વધારવી જરૂરી લાગે છે ?

૧૪. ડાયેટના હાલ પુન : ગઠન અને પુન : રચના માટે આપના સૂચનો આપો.

૧૫. ડાયેટનાં સશક્તિકરણ માટેનાં આપના સૂચનો જણાવો.

## પરિશિષ્ટ–૨

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના વ્યકિત અભ્યાસની પ્રશ્નાવલિ

૧. ડાયેટની સફળતામાં જૂથ કાર્ય સંદર્ભમાં અધ્યાપકોની ભૂમિકા કઈ રીતે ફળદાયી રહી છે ?

૨. ભવનમાં નિર્ણય પ્રક્રિયામાં અધ્યાપકોનું પ્રદાન કેવું રહ્યું છે ?

૩. ડાયેટનાં વિકાસમાં પરસ્પર માનવ સંબંધો કઈ રીતે સહાયક બન્યા છે ?

૪. ભવનમાં કોઈ વખત વિવાદ ઊભો થાય તો તેનું નિવારણ કઈ રીતે થાય છે ?

૫. અધ્યાપકોનાં ઉત્સાહને ટકાવી રાખવા માટે શું શું કરી શકાય ?

૬. આપશ્રીનાં ઉત્તમ કાર્યોની કદર આપશ્રીની પ્રગતિમાં કઈ રીતે સહાયક બની છે ?

૭. ભવનના તાલીમાર્થીઓ અને અધ્યાપકગણની શિસ્ત જાળવણી સંદર્ભમાં આપશ્રીના વિચારો જણાવો.

૮. આપશ્રીની વ્યાવસાયિક કાર્ય–સંતોષ વૃદ્ધિ અર્થે આપ કઈ રીતે વધુ સક્રિય રહો છો ?

૯. ભવનના અધ્યાપકોનાં વ્યાવસાયિક વિકાસ માટે શું શું કરી શકાય ?

૧૦. ભવનના નવતર કાર્યક્રમની સફળતા માટે વિશેષ શું શું કરી શકાય ?

૧૧. ભવનના સંસ્થાકીય ભાવાવરણને ફળદાયી બનાવવા માટે અધ્યાપકોની ભૂમિકા કઈ રહી છે ?

૧૨. ડાયેટ કઈ બાબતમાં વિશિષ્ટતા ધરાવે છે ?

૧૩. ડાયેટની એ વિશિષ્ટતાની સફળતા માટેનાં કારણો કયાં કયાં રહ્યાં છે ?

૧૪. ડાયેટે સફળ બનવા માટે શું શું કરવું જોઈએ ?

૧૫. ડાયેટની કોઈ ખામી લાગે છે ? જો હા, તો તેનાં કારણો જણાવો.

૧૬. ડાયેટની કોઈ શાખાની કોઈ મર્યાદા લાગે છે ? જો હા, તો તેની મર્યાદા દૂર કરવા માટેનાં માર્ગદર્શક સૂચનો દર્શાવો.

## પરિશિષ્ટ–૩

## : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વ્યકિત અભ્યાસ :

## પ્રાચાર્યનું નેતૃત્વ

**સુચના :**

(૧) તમારું નામ કયાંય ન લખો. નિખાલસ અને મુકત અભિપ્રાય આપો.

(૨) દરેક વિધાનની સામે તમારો પ્રત્યુતર પસંદ કરવાનો છે, અને તદનુસાર પ્રત્યુતરની નિશાની ( ✓ ) કરવાની છે.

(૩) બધાં જ વિધાનના પ્રત્યુતર આપવાના છે.

| ક્રમ | વિધાન | સંપૂર્ણ સાચું | મહદ અંશે સાચું | અંશતઃ સાચું | ચોક્કસ નથી | ખોટું |
|---|---|---|---|---|---|---|
| ૧ | આચાર્ય ઘણી બધી બાબતોમાં પહેલ કરે છે | | | | | |
| ૨. | આચાર્ય તેમની વિદ્યાશાખાનો વિશ્વાસ ધરાવતા નથી. | | | | | |
| ૩. | આચાર્ય ખૂબ ગતિશીલ વ્યકિતત્વ ધરાવે છે. | | | | | |
| ૪. | આચાર્ય કર્મચારીઓનું સારી પેઠે ધ્યાન રાખે છે. | | | | | |
| ૫. | આચાર્ય સ્ટાફના પ્રશ્નો ઉકેલવામાં જરાય રસ ધરાવતા નથી. | | | | | |
| ૬. | પ્રત્યેક શાખા માટે આચાર્ય પાસે વિકાસ યોજના છે. | | | | | |
| ૭. | આચાર્ય અગત્યતા નિર્ણયો લેવાનું ટાળે છે. | | | | | |
| ૮. | આચાર્ય થોડા સમયમાં પણ ઘણી સારી બાબતો કરે છે. | | | | | |
| ૯. | સહ–અભ્યાસિક પ્રવૃત્તિઓમાં આચાર્ય જરા પણ રસ લેતા નથી. | | | | | |
| ૧૦. | સ્ટાફ મિટીંગના સંચાલનમાં આચાર્યને મુશ્કેલી પડે છે. | | | | | |

## પરિશિષ્ટ–૪

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન કેળવણી નિરીક્ષકો માટેની પ્રશ્નાવલિ

૧. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સાથે આપ કઈ રીતે સંકળાયેલા છો ?

૨. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા આપશ્રીને કયા કયા પ્રકારની તાલીમ મળે છે ?

૩. વ્યાવસાયિક સજ્જતા વધારવા માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન આપશ્રીને કઈ રીતે સહાયક બન્યું છે ?

૪. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા અપાતી સેવાકાલીન તાલીમ અંગેનાં સૂચનો જણાવો.

૫. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા અપાતી તાલીમનું અનુકાર્ય કરવા માટે આપશ્રીની ભૂમિકા કઈ હોઈ શકે ?

૬. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા અપાતી સેવાકાલીમ તાલીમનું મૂલ્યાંકન કઈ રીતે કરવું યોગ્ય લાગે છે ?

૭. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાસે વ્યાવસાયિક વિકાસ સંદર્ભમાં આપ કઈ કઈ અપેક્ષાઓ રાખો છો ?

## પરિશિષ્ટ–૫

## પ્રાથમિક શિક્ષકોની સેવાકાલીન તાલીમ અંગે પ્રશ્નાવલિ

(૧) સેવાકાલીન તાલીમ આપને જરૂરી લાગે છે ? હા □ ના □

૧.૧ જો "હા" તો શા માટે જરૂરી લાગે છે ?

૧. શિક્ષકોએ આધુનિક પ્રવાહથી વાકેફ કરવા માટે □

૨. કઠિનબિંદુને સરળતાથી શીખવવા માટે □

૩. શિક્ષકોની ક્ષમતા વધારવા માટે □

૪. શિક્ષણ પ્રણાલી ગુણવત્તાયુકત બનાવવા □

૧.૨ જો "ના" તો શા માટે ?

૧. સમય બગડવાના કારણે □

૨. વિદ્યાર્થીનો અભ્યાસ બગડવાથી □

૩. નાણાંનો બગાડ અટકાવવા □

૪. યોગ્ય તજ્જ્ઞોના અભાવને લીધે □

૫. ભૌતિક સુવિધાઓના અભાવને લીધે □

૬. ગુણવત્તાયુકત તાલીમ ન હોવાને લીધે □

(૨) તજ્જ્ઞો દ્વારા અપાતી તાલીમ તમને કેવી લાગે છે ?

૧. વિષયવસ્તુ ઉત્તમ □

૨. વ્યાખ્યાનની કક્ષા સારી □

૩. શીખવવાની શૈલી સારી □

૪. શૈક્ષણિક સાધનોનો યોગ્ય ઉપયોગ □

(૩) તાલીમ આપનાર તજ્જ્ઞ પોતાના વિષયને કેટલે અંશે ન્યાય આપી શકે છે ?

૧. સંપૂર્ણ રીતે □

૨. થોડે ઘણે અંશે □

૩. નહીંવત □

૪. બિલકુલ નહીં □

(૪) તજ્જ્ઞો દ્વારા અપાતા શિક્ષણમાં નીચેના પૈકી કયા વિજાણયુકત ઉપકરણનો સૌથી વધારે ઉપયોગ થાય છે ?

૧. રેડિયો અને ટેપરેકોર્ડર ☐

૨. ટી.વી. અને વીડિયો ☐

૩. ટ્રાન્સ્પરન્સીઝ અને ઓવરહેડ પ્રોજેકટ ☐

૪. સ્લાઈડ અને સ્લાઈડ પ્રોજેકટર ☐

૫. કમ્પ્યુટર અને ઈન્ટરનેટ ☐

(૫) તાલીમ દરમિયાન શિક્ષકોને પોતાના વિચારો પ્રગટ કરવાનો કેવો અવકાશ રહે છે ?

૧. હમેશાં ☐

૨. પ્રસંગોપાત ☐

૩. કયારેક ☐

૪. કયારેય નહીં ☐

(૬) સેવાકાલીન તાલીમ યોજિત કયા કાર્યક્રમમાં તમને વધુ રસ પડે છે ?

૧. વિષયવસ્તુ તાલીમ ☐

૨. વિજ્ઞાન મેળા મોડેલ નિર્માણ અને સ્વનિર્મિત શૈક્ષણિક ☐
સાધન નિર્માણ તાલીમ.

૩. તરંગ ઉલ્લાસ અને શાળા તત્પરતા તાલીમ ☐

૪. યોગ શિક્ષણ ☐

(૭) અહીં મેળવેલ તાલીમનો તમે શાળામાં ઉપયોગ કરો છો ? હા ☐ ના ☐

૭.૧ જો "ના" તો શા માટે કરતા નથી ?

૧. સમય મળતો નથી ☐

૨. પૂરતી સગવડ મળતી નથી. ☐

૩. આચાર્યનો સહકાર મળતો નથી. ☐

૪. અન્ય શિક્ષકોનો સહકાર મળતો નથી. ☐

૫. મને રસ પડતો નથી. ☐

૬. તાલીમમાં કંઈ સમજાતું નથી. ☐

(૮) તાલીમી કાર્યક્રમમાં આવવા માટેની જાણ કેવી રીતે થાય છે ?

૧. આચાર્ય દ્વારા □

૨. સહકાર્યકરો દ્વારા □

૩. સમયસર જાણ થતી નથી. □

(૯) તાલીમમાં શિષ્યભાવે જોડાવવામાં તમને કઈ–કઈ મુશ્કેલીઓ નડે છે ?

૧. અહ્મ ભંગની લાગણી અનુભવાય છે. □

૨. લઘુતાગ્રંથિનો ભાવ આવે. □

૩. શરમ–સંકોચ થાય. □

૪. કોઈ મુશ્કેલી પડતી નથી. □

(૧૦) આપને અપાતી તાલીમ પર્યાપ્ત છે ? હા □ ના □

૧૦.૧ જો "ના" તો તાલીમને વધુ સઘન બનાવવા માટે શું કરવું જોઈએ ?

૧. શૈક્ષણિક સાધનોનો વધુ ઉપયોગ થવો જોઈએ. □

૨. **જૂથ ચર્ચા માટે વધુ સમય ફાળવવો જોઈએ.** □

૩. વિષય નિષ્ણાંત તજ્જ્ઞો દ્વારા તાલીમ આપવી. □

૪. વૈવિધ્યસભર નિદર્શન પૂરું પાડવું જોઈએ. □

(૧૧) તાલીમમાં જોડાવા પાછળનું કારણ શું છે ?

૧. ફરજિયાત હોવાથી □

૨. દબાણ હોવાથી □

૩. સ્વેચ્છાએ કંઈક નવું જાણવા □

૪. આર્થિક રીતે ફાયદારૂપ હોવાથી □

(૧૨) સેવાકાલીન તાલીમ બાદ તેના અસરકારક અમલીકરણ માટે કેવી વ્યવસ્થા જરૂરી છે ?

૧. યોગ્ય નિરીક્ષકો દ્વારા શાળાઓમાં નિરીક્ષણ કાર્ય થવું જોઈએ. □

૨. શિક્ષકોએ વર્ષ દરમ્યાન કરેલા કાર્યનો રીપોર્ટ મેળવવો. □

૩. વર્ગ શિક્ષણના પરિણામ અંગેની માહિતી મેળવવી. □

૪. નિદાન અને ઉપચારાત્મક શિક્ષણ કરવું. □

(૧૩) શિબિર સંચાલકો કે સ્થાનિક આયોજકોનો શિક્ષકો સાથેનો સહયોગ કેવો હોય છે ?

(૧) સંતોષકારક □ (૨) અસંતોષકારક □

(૧૪) તાલીમ માટેના સ્થળની પસંદગી કેવી હોવી જોઈએ ?

૧. તાલુકા કક્ષાએ □

૨. ગાંધીનગર ડાયેટમાં □

૩. સી.આર.સી. માં □

૪. શાળાની નજીકની સંસ્થામાં □

(૧૫) તાલીમનું સ્થળ અને બેઠક વ્યવસ્થા કેવા લાગ્યા ?

૧. અસંતોષકારક □ ૨. સંતોષકારક □

(૧૬) તાલીમ માટે કેટલો સમય યોગ્ય છે ?

૧. ૩ દિવસ □ ૩. ૫ દિવસ □

૨. ૪ દિવસ □ ૪. અત્યારનો સમય યોગ્ય □

(૧૭) તાલીમ આપનાર તજ્જ્ઞોનો વર્ગવ્યવહાર કેવો લાગ્યો ?

૧. પ્રેરણાદાયી □ ૨. સાધારણ □

(૧૮) તાલીમવર્ગમાં તમે અનુભવેલી સારી બાબતો જણાવો.

૧. ............................................................

૨. ............................................................

૩. ............................................................

(૧૯) તાલીમ કાર્યક્રમની ઊણપો હોય તો જણાવો.

૧. ............................................................

૨. ............................................................

૩. ............................................................

(૨૦) તાલીમને વધુ ફળદાયી બનાવવા આપનાં સૂચનો જણાવો.

૧. ............................................................

૨. ............................................................

૩. ............................................................

## પરિશિષ્ટ–૬

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની ભૌતિક સુવિધા અંગેનું માહિતી પત્રક

ખાસ નોંધ : જે વસ્તુમાં ઉપયોગનું ખાનું લાગુ પડતું હોય ત્યાં યોગ્ય ખાનામાં √ કરવી.

| સુવિધા | ભવન સ્થાપના વખતે સંખ્યા | હાલની સંખ્યા |
|---|---|---|
| ભવનની કુલ જમીન (એકરમાં) | | |
| ભવનના મકાનનું ભોંયતળિયાનું ક્ષેત્રફળ | | |
| વિશિષ્ટ ખંડો | | |
| ❀ **લાયબ્રેરી** | | |
| – વાચનાલય | | |
| – ટેબલ ખુરશી | | |
| – પંખા | | |
| – પુસ્તકો | | |
| – સામયિકો | | |
| ❀ **પ્રયોગશાળા** | | |
| – ટેબલ ખુરશી | | |
| – ધો. ૫, ૬, ૭ના વિજ્ઞાનના સાધનોના સેટ | | |
| – વિજ્ઞાનના ચાર્ટ્સ | | |
| – વોટર કનેકશન | | |
| – ડ્રેનેજ કનેકશન | | |
| – વોશ–બેઝિન | | |
| – પંખા | | |
| – જરૂરી રસયાણો | | |
| ❀ **મનોવિજ્ઞાન પ્રયોગશાળા** | | |
| – પ્રયોગનાં સાધનો | | |
| – સંદર્ભ સાહિત્ય | | |
| – ચાર્ટ | | |
| – મનોવૈજ્ઞાનિક કસોટીઓ | | |
| ❀ **સમાજ વિદ્યાખંડ** | | |
| – પૃથ્વીના ગોળા | | |
| – વિવિધ પ્રકારના નકશા | | |
| – સ્થાનિક | | |
| – રાજ્ય | | |
| – રાષ્ટ્ર | | |
| – આંતરરાષ્ટ્રીય | | |

| | | | |
|---|---|---|---|
| – | રાજકીય | | |
| – | ભૂપૃષ્ઠ | | |
| – | રેખાંકિત | | |
| – | ઉપસાવેલા (ત્રિપરિમાણ) | | |
| ❀ | **ભાષાખંડ** | | |
| – | શબ્દ કાર્ડ | | |
| – | ભાષા રમતો | | |
| – | ટેપ રેકોર્ડર | | |
| – | સી.ડી. | | |
| ❀ | **Indoor-Games Room** | | |
| – | બેડમિંટન કોટ | | |
| – | ટેબલ ટેનિસ ટેબલ | | |
| – | અન્ય રમતો માટેના સાધનો | | |
| ❀ | **શારીરિક શિક્ષણ માટેનું જિમ્નેશિયમ તથા મેદાન** | | |
| – | ખો–ખોનું મેદાન | | |
| – | કબડ્ડીનું મેદાન | | |
| – | વોલીબોલનું મેદાન | | |
| – | ફૂટબોલનું મેદાન | | |
| – | ક્રિકેટનું મેદાન | | |
| – | રમતગમતના સાધનો | | |
| – | બેટ | | |
| – | બોલ | | |
| – | વોલીબોલ | | |
| – | ફૂટબોલ | | |
| – | લેઝીમ | | |
| – | રેકેટ | | |
| – | અન્ય (દર્શાવો) | | |
| ❀ | **સેમીનાર ખંડ** | | |
| – | ક્ષેત્રફળ | | |
| – | ટેબલ ખુરશીની સંખ્યા | | |
| – | માઈક વ્યવસ્થા | | |
| – | બોર્ડ | | |
| – | A.C.ની સુવિધા | | |
| ❀ | **દશ્ય–શ્રાવ્ય ખંડ** | | |
| – | ક્ષેત્રફળ | | |

| | | | |
|---|---|---|---|
| – | ખુરશી–ટેબલ | | |
| – | સાધન–સામગ્રી | | |
| – | ટેપરેકોર્ડર | | |
| - | T.V. | | |
| - | V.C.R. | | |
| - | Micro projector | | |
| - | Audio Cassette | | |
| - | Video Cassette | | |
| - | O.H.P. | | |
| - | Slide Projector | | |
| ❀ | કમ્પ્યુટર ખંડ | | |
| – | ક્ષેત્રફળ | | |
| – | કમ્પ્યુટરની સંખ્યા | | |
| - | Printer | | |
| | Dot Metric | | |
| | Lazer | | |
| | Injeck | | |
| - | A.C. ની સુવિધા | | |
| - | Scanner | | |
| - | C.D. Writer | | |
| - | Educational Programme (C.D.) | | |
| - | Internet | | |
| - | Web Camera | | |
| - | L.C.D. | | |
| - | M.M. Projector | | |
| – | અન્ય (જણાવો) | | |
| ❀ | વિકલાંગના શિક્ષણ માટેની સાધન સામગ્રી ગણિત પાટી બ્રેઈલર વગેરે | | |
| ❀ | પ્રૌઢ તથા અશાલેય શિક્ષણને લગતી સાધન સામગ્રી | | |
| – | સંખ્યા કાર્ડ | | |
| – | મૂળાક્ષર કાર્ડ | | |
| – | વાકય પટ્ટી | | |
| – | ચાર્ટસ, પોસ્ટર્સ | | |
| – | બાળવાર્તાના પુસ્તકો | | |
| – | સ્લેટ, પેન | | |

| | | | |
|---|---|---|---|
| – | અન્ય (દર્શાવો) | | |
| ❀ | છાત્રાલય | | |
| – | છાત્રોની સંખ્યા | | |
| – | ઓરડાની સંખ્યા | | |
| – | ઓરડા દીઠ છાત્ર સંખ્યા | | |
| – | ટ્યુબલાઈટ | | |
| – | પંખા | | |
| – | ટેબલ, ખુરશી, પલંગ પ્રત્યેક ઓરડામાં | | |
| – | અલગ વાંચનાલય | | |
| – | રસોઈ ઘર | | |
| – | ડાઈનીંગ હોલ | | |
| – | ક્ષેત્રફળ | | |
| – | ટેબલ, ખુરશી | | |
| – | પાથરણાં | | |
| – | ટોયલેટ | | |
| – | બાથરૂમ | | |
| – | ગીઝર | | |
| – | સોલર વોટર હીટર | | |

## પરિશિષ્ટ–૭

### ભવન (Development Grant) (વર્ષ 1998-99 થી અત્યાર સુધીની માહિતી)

| વર્ષ | ફાળવેલ ગ્રાંટ | વપરાયેલ ગ્રાંટ | વધેલ ગ્રાંટ | ઘટેલ ગ્રાંટ | મુખ્ય ખરીદી |
|---|---|---|---|---|---|
| ૧૯૯૮–૧૯૯૯ | | | | | |
| ૧૯૯૯–૨૦૦૦ | | | | | |
| ૨૦૦૦–૨૦૦૧ | | | | | |
| ૨૦૦૧–૨૦૦૨ | | | | | |
| ૨૦૦૨–૨૦૦૩ | | | | | |

અન્ય ખાસ પ્રકારની ગ્રાંટ ફાળવવામાં આવી હોય તો તેની વિગત : ................

### *તાલીમ કાર્યક્રમ અંગેની વિગત*
### *(જરૂર જણાય ત્યાં અલગ કાગળ જોડવો) (વર્ષવાર અલગ બનાવવું)*
### *(વર્ષ : 1998-99 થી અત્યાર સુધી)*

| ગ્રાંટનો પ્રકાર | થયેલી તાલીમ કાર્યક્રમની વિગત | | | | |
|---|---|---|---|---|---|
| | તાલીમ વર્ગનો વિષય | તાલીમ વર્ગની સંખ્યા | લાભાર્થી સંખ્યા | સમયગાળો | વિશેષ |
| EDN | | | | | |
| જનરલ | | | | | |
| SOPT | | | | | |
| ગણિત–વિજ્ઞાન સુધારણા | | | | | |
| અધ્યયન | | | | | |

# સંદર્ભ સૂચિ

# સંદર્ભ સૂચિ


- Buch, M.B., Fifth Survey of Research in Education, New Delhi : N.C.E.R.T. (Ed.) (2000).
- દેસાઈ. એચ.જી. અને કે.જી. દેસાઈ., સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ, ગુજરાત રાજ્ય, છઠ્ઠી આવૃત્તિ : ૧૯૯૭.
- .............અને એમ.ડી. ત્રિવેદી, શૈક્ષણિક સંશોધનની રૂપરેખા, રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, પ્રથમ આવૃત્તિ : ૧૯૮૨, પૃ. ૩૨૭.
- ગુજરાત શૈક્ષણિક, સંશોધન અને તાલીમ પરિષદ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો માર્ગદર્શક સૂચનાઓ, સરકારી મુદ્રણાલય, વડોદરા, ૧૯૮૯, પૃ. ૧૯૮.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *વાર્ષિક અહેવાલો,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, રાજકોટ.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *પરિણામ પત્રકની ફાઈલો,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, રાજકોટ.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *પગાર બીલ રજીસ્ટર્સ,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, રાજકોટ.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *આવક રજીસ્ટર્સ,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, રાજકોટ.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *જાવક રજીસ્ટર્સ,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, રાજકોટ.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *તાલીમ કાર્યક્રમની ફાઈલો,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, રાજકોટ.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *વ્યાખ્યાતા દ્વારા લેવાયેલ તાલીમ કાર્યક્રમની ફાઈલો,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, રાજકોટ.

- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***વાર્ષિક અહેવાલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***પરિણામ પત્રકની ફાઈલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***પગાર બીલ રજીસ્ટર્સ,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***આવક રજીસ્ટર્સ,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***જાવક રજીસ્ટર્સ,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***તાલીમ કાર્યક્રમની ફાઈલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***વ્યાખ્યાતા દ્વારા લેવાયેલ તાલીમ કાર્યક્રમની ફાઈલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***વાર્ષિક અહેવાલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, વડોદરા.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***પરિણામ પત્રકની ફાઈલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, વડોદરા.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***પગાર બીલ રજીસ્ટર્સ,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, વડોદરા.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***આવક રજીસ્ટર્સ,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, વડોદરા.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***જાવક રજીસ્ટર્સ,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, વડોદરા.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***તાલીમ કાર્યક્રમની ફાઈલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, વડોદરા.

- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *વ્યાખ્યાતા દ્વારા લેવાયેલ તાલીમ કાર્યક્રમની ફાઈલો,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, વડોદરા.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *વાર્ષિક અહેવાલો,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સંતરામપુર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *પરિણામ પત્રકની ફાઈલો,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સંતરામપુર .
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *પગાર બીલ રજીસ્ટર્સ,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સંતરામપુર .
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *આવક રજીસ્ટર્સ,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સંતરામપુર .
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *જાવક રજીસ્ટર્સ,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સંતરામપુર .
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *તાલીમ કાર્યક્રમની ફાઈલો,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સંતરામપુર .
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *વ્યાખ્યાતા દ્વારા લેવાયેલ તાલીમ કાર્યક્રમની ફાઈલો,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સંતરામપુર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *વાર્ષિક અહેવાલો,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સુરત.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *પરિણામ પત્રકની ફાઈલો,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સુરત.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *પગાર બીલ રજીસ્ટર્સ,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સુરત.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *આવક રજીસ્ટર્સ,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સુરત.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *જાવક રજીસ્ટર્સ,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સુરત.

- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***તાલીમ કાર્યક્રમની ફાઈલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સુરત.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *વ્યાખ્યાતા દ્વારા લેવાયેલ તાલીમ કાર્યક્રમની ફાઈલો,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સુરત.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***વાર્ષિક અહેવાલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, જૂનાગઢ.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***પરિણામ પત્રકની ફાઈલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, જૂનાગઢ.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***પગાર બીલ રજીસ્ટર્સ,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, જૂનાગઢ.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***આવક રજીસ્ટર્સ,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, જૂનાગઢ.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *જાવક રજીસ્ટર્સ,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, જૂનાગઢ.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***તાલીમ કાર્યક્રમની ફાઈલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, જૂનાગઢ.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *વ્યાખ્યાતા દ્વારા લેવાયેલ તાલીમ કાર્યક્રમની ફાઈલો,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, જૂનાગઢ.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***વાર્ષિક અહેવાલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, પાટણ.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***પરિણામ પત્રકની ફાઈલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, પાટણ.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***પગાર બીલ રજીસ્ટર્સ,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, પાટણ.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***આવક રજીસ્ટર્સ,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, પાટણ. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *જાવક રજીસ્ટર્સ,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, પાટણ.

- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***તાલીમ કાર્યક્રમની ફાઈલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, પાટણ.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *વ્યાખ્યાતા દ્વારા લેવાયેલ તાલીમ* ***કાર્યક્રમની ફાઈલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, પાટણ.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***વાર્ષિક અહેવાલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, પાલનપુર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***પરિણામ પત્રકની ફાઈલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, પાલનપુર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***પગાર બીલ રજીસ્ટર્સ,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, પાલનપુર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***આવક રજીસ્ટર્સ,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, પાલનપુર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***જાવક રજીસ્ટર્સ,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, પાલનપુર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***તાલીમ કાર્યક્રમની ફાઈલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, પાલનપુર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *વ્યાખ્યાતા દ્વારા લેવાયેલ તાલીમ* ***કાર્યક્રમની ફાઈલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, પાલનપુર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***વાર્ષિક અહેવાલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સુરેન્દ્રનગર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***પરિણામ પત્રકની ફાઈલો,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સુરેન્દ્રનગર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***પગાર બીલ રજીસ્ટર્સ,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સુરેન્દ્રનગર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ***આવક રજીસ્ટર્સ,*** વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સુરેન્દ્રનગર.

- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *જાવક રજીસ્ટર્સ,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સુરેન્દ્રનગર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *તાલીમ કાર્યક્રમની ફાઈલો,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સુરેન્દ્રનગર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *વ્યાખ્યાતા દ્વારા લેવાયેલ તાલીમ કાર્યક્રમની ફાઈલો,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, સુરેન્દ્રનગર.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *વાર્ષિક અહેવાલો,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, અમરેલી.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *પરિણામ પત્રકની ફાઈલો,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, અમરેલી.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *પગાર બીલ રજીસ્ટર્સ,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, અમરેલી.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *આવક રજીસ્ટર્સ,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, અમરેલી.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *જાવક રજીસ્ટર્સ,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, અમરેલી.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *તાલીમ કાર્યક્રમની ફાઈલો,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, અમરેલી.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, *વ્યાખ્યાતા દ્વારા લેવાયેલ તાલીમ કાર્યક્રમની ફાઈલો,* વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૩, અમરેલી.
- સોરઠિયા, અનસૂયા, સૌરાષ્ટ્રમાં સ્ત્રી કેળવણીના વિકાસમાં મહિલા સંસ્થાનું પ્રદાન (બાર્ટન ટ્રેનિંગ કોલેજ ફોર વિમેન), વાસુકી પ્રિન્ટીંગ પ્રેસ, રાજકોટ, પ્રથમ આવૃત્તિ : ૨૦૦૨, પૃ. ૯૧.
- શાહ, વિમળ, પી. સંશોધન અહેવાલ લેખન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ગુજરાત રાજ્ય. પ્રથમ આવૃત્તિ : ૧૯૮૮, પૃ. ૮૫.
- .............., સંશોધન ડિઝાઈન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ગુજરાત રાજ્ય. દ્વિતીય આવૃત્તિ : ૧૯૯૭, પૃ. ૬૬.

- વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, સોનલ અનડા અક્ષરા પ્રકાશન, ખાડિયા, અમદાવાદ, તૃતીય આવૃત્તિ ૨૦૦૨, પૃ. ૩૫૬.
- ઉચાટ, ડી.એ., સંશોધનના પ્રારંભે, અક્ષર ભવન, પંચવટી સોસાયટી, રાજકોટ, પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી, ૧૯૮૮, પૃ. ૩૬.
- .............., શૈક્ષણિક સંશોધનો, અક્ષર ભવન, પંચવટી સોસાયટી, રાજકોટ, પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી, ૧૯૯૧, પૃ. ૫૫.


❀❀❀